વૈષ્ણવ પરિવાર

જાન્યુઆરી - ૨૦૦૬
વર્ષ : ૨૨
અંક : ૧૦
સળંગ અંક : ૨૬૮



હમારો દેવ ગોવર્ધનરાનો

આદ્યતંત્રી
શ્રી રમેશભાઈ પરીખ

તંત્રી
વસંતબહેન ર. પરીખ

॥ શ્રીહરિઃ ॥
॥ શ્રીવાક્પતયે નમઃ ॥

વૈષ્ણવ પરિવાર

હમારો દેવ ગોવર્ધનરાનો

વાર્ષિક વિશેષાંક - ભેટપુસ્તક

સંસ્થાપક અને આદ્યતંત્રી : **શ્રી રમેશભાઈ વિ. પરીખ**
તંત્રી અને સંકલનકાર : **વસંતબહેન ર. પરીખ**
પરામર્શક : **ભગવાનદાસ દલાલ**
વિજયભાઈ દેસાઈ
વ્યવસ્થાપક : **અમિત ર. પરીખ**

વર્ષ : ૨૨ ■ અંક : ૧૦ ■ સળંગ અંક : ૨૬૮
જાન્યુઆરી-૨૦૦૬ : પોષ-મહા - ૨૦૬૨ : શ્રીવલ્લભાબ્દ - ૫૨૮

શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ

(ટ્રસ્ટ ર. નં. ઈ/૨૯૭૦ (મહેસાણા) તા. ૩૧-૧-૧૯૮૭)

[ઈન્કમટેક્ષ મુક્તિ નં. : CIT/GNR/80G(5)/MHN-48/2004-2005 : Valid up to 31-3-2008]

ટ્રસ્ટની પ્રવૃત્તિઓ

- ❖ વૈષ્ણવ પરિવાર (માસિક)
- ❖ બાલપુષ્ટિ (બાલમાસિક)
- ❖ પુસ્તક - ઓડિયો કેસેટ પ્રકાશન અને વિતરણ.
- ❖ શ્રીબેઠકજી નવનિર્માણ સેવા.
- ❖ ગૌસેવા.
- ❖ અશક્ત - આર્થિક તકલીફવાળાઓને વૈદકીય સહાય.
- ❖ સામાન્ય સ્થિતિવાળા તેજસ્વી વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય.
- ❖ સત્સંગ સત્રોનું આયોજન.
- ❖ કુદરતી આપત્તિના પ્રસંગે આપદ્ગ્રસ્તોને સહાય.

વૈષ્ણવ પરિવાર - ખાસ સૂચના

■ વાર્ષિક લવાજમ દર વર્ષે ફક્ત ડીસેંબરથી ૨૮મી ફેબ્રુઆરી સુધી જ સ્વીકારાય છે. વર્ષની અધવચ્ચે સ્વીકારાતું નથી. ■ લવાજમનો પાવતી નંબર જ જે તે વર્ષનો ગ્રાહક નંબર છે. તે અંક પરના સરનામા સાથે છપાય છે. ■ અંક દર મહિનાની ૧લી તારીખે પોસ્ટ થાય છે. ■ દર મહિનાની ૨૦મી તારીખ સુધીમાં અંક ન મળે તો, મહેસાણા કાર્યાલયને જ જાણ કરવાથી બીજી નકલ મોકલાશે. ■ અંક ન મળવા અંગે પ્રતિનિધિને ફરિયાદ ન કરવી. ■ સરનામું બદલાય તો ગ્રાહક નંબર સાથે જૂનું અને નવું સરનામું તાત્કાલિક મહેસાણા કાર્યાલયને જણાવવું. ■ બધો જ પત્રવ્યવહાર મહેસાણા કાર્યાલય સાથે જ કરવો. ■ પત્રમાં ગ્રાહક નંબર અને પૂરું સરનામું લખવું.

મહેસાણા કાર્યાલય

શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
હરસાનીજી હાઉસ, ૪૧-૪૪, ઊર્મિ
શોપીંગ સેન્ટર, બી. કે. સિનેમાની સામે,
મહેસાણા -૩૮૪૦૦૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૩૯૬૩૫૩
ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
Email : shpct@hotmail.com

મુંબઈ કાર્યાલય

શ્રી વિજયભાઈ એમ. દેસાઈ
કેમિ ઈક્વિપ, દેવકરણ મેન્શન,
૧લા માળે, ૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ.
ફોન:(ઓ) ૨૨૦૧૦૦૮૪, ૨૨૦૬૦૮૫૮
(ઘર) ૨૩૬૯૩૮૨૧ ફેક્સ : ૯૧-૨૨-૨૨૦૬૦૮૫૮
(સમય : સવારે ૧૧ થી સાંજે ૫ સુધી)
Email : chemi@vsnl.com

અંધેરી કાર્યાલય

શ્રી વિનયભાઈ મહેતા
ડીલાઈટ એન્ટરપ્રાઈઝ, ૧, સાવિત્રી
સદન રાધિકા નિવાસ પાછળ,
સર એમ. વી. રોડ, અંધેરી(ઈ), મુંબઈ.
ફોન : ૨૬૮૩૭૦૪૭, ૨૬૮૩૦૪૮૩
Email : delight@vsnl.com

અમેરિકા સંપર્ક કેન્દ્ર

Shri Navnitbhai C. Shah
3,Christy Lane, Ocean,
NJ - 07712-2604
Phone : 732-493-9096
Email : ncshahllc@yahoo.com

Shri Rajendra K. Patel
1707, Edington, Portage,
MI - 49024 (U.S.A.)
Phone : 616-323-1880

આ પુસ્તકના મનોરથી

શ્રીમતી કુસુમબેન અરુજીસ

શ્રી બકુલાબેન પટેલ



શ્રીમતી કુસુમબેન અરુજીસ અને શ્રી બકુલાબેન પટેલના
સૌને સદૈન્ય જયશ્રીકૃષ્ણ.

આ ગ્રંથના મનોરથી

ત્રણેય સ્વરૂપોની ભગવત્કૃપાથી
અમારી જીવનશૈલીના પતિ-પત્ની તરીકેનાં
૫૦ વર્ષ પૂર્ણ કર્યાં અને મારી જીંદગીના
૭૫ વર્ષ પૂર્ણ કર્યાં એની
આનંદ ખુશાલીમાં **એક પરીખ પરિવાર**
મનોરથી તરીકે સેવા (**મુંબઈ**)ના
જયશ્રીકૃષ્ણ.

સુરેન્દ્રભાઈ, કુમુદ, પ્રિયેશ,
કૃપા, મીલન અને **પરમ ઠકરાર (યુ. કે.)**ના
જયશ્રીકૃષ્ણ.

શ્રીમતી પન્નાબેન આર. પટેલ
(યુ.એસ.એ.)ના
જયશ્રીકૃષ્ણ.

પ્રસ્તાવના

હઁસ હઁસ બાત કહત મનમોહન હમારો દેવ ગોવર્ધનરાઈ ।
જાકે આશ્રય હમ ગૌ ચારે સુરપતિકો કહા આવે જાઈ ॥

મનમોહન પ્રભુ શ્રીનંદનંદન વ્રજવાસીઓને સમજાવે છે: આપણો દેવ શ્રીગોવર્ધન છે. શ્રીગિરિરાજ છે. જેના આશરે આપણે આપણી ગાયો ચરાવીએ છીએ. સુરપતિ ઈન્દ્ર અહીં આપણું કયું કામ કરવા આવે છે કે આપણે તેની પૂજા કરીએ?

વ્રજવાસીઓને સમજાવી નંદનંદને સુરપતિ ઈન્દ્રની પૂજાને બદલે શ્રીગોવર્ધનગિરિની પૂજા શરૂ કરાવી. પોતે જ સહસ્રભુજા ધારણ કરી અન્નકૂટ આરોગ્યા. શ્રીગિરિરાજજી ઉપર બિરાજમાન થઈ ભક્તોને દર્શન આપ્યાં. ઈન્દ્ર કોપ્યો ત્યારે શ્રીગિરિરાજ ધારણ કરી ભક્તોનું રક્ષણ કર્યું. ઈન્દ્રનો ગર્વ ઉતાર્યો.

આ લીલા દ્વારા પ્રભુએ પોતાનું અને શ્રીગિરિરાજજીનું સ્વરૂપ એક જ છે એવું બતાવ્યું. શ્રીગિરિરાજજીનું અદ્‌ભુત માહાત્મ્ય દર્શાવ્યું.

આવા અતુલ પ્રતાપવાળા શ્રીગિરિરાજજીનાં ગુણગાન ગાતું આ પુસ્તક છે. હરિદાસવર્ય અને સ્વયં ભગવદ્ સ્વરૂપ એવા શ્રીગિરિરાજબાવા વ્રજમાં બિરાજે છે. લાખો વૈષ્ણવો તેમનું પૂજન અને તેમની પરિક્રમા કરવા વ્રજમાં જાય છે. પરિક્રમા કરનાર વૈષ્ણવો ઉપર કૃપા કરી ક્યારેક શ્રીગિરિરાજજી તેમને ગ્વાલ, સર્પ, ગાય કે સિંહ સ્વરૂપે દર્શન પણ આપે છે. ઘણા વૈષ્ણવોને શ્રીગિરિરાજજીના અલૌકિક સામર્થ્યના અનુભવો પણ થાય છે. આપ કૃપા કરીને આવા અનુભવો દ્વારા ભક્તોને પોતાના સ્વરૂપનો આશ્રય દૃઢ કરાવે છે.

વૈષ્ણવોને શ્રીગિરિરાજબાવાનાં અલૌકિક સ્વરૂપનું અને માહાત્મ્યનું જ્ઞાન હોય, શ્રીગિરિરાજજીની પરિક્રમા કરતાં માર્ગમાં આવતાં લીલાસ્થાનો વિશે અને તેમના માહાત્મ્ય વિશે જાણકારી હોય તો તેમને વ્રજમાં જાય ત્યારે શ્રીગિરિરાજજીનાં પૂજન અને પરિક્રમામાં વિશેષ આનંદ આવે. વળી ઘણા વૈષ્ણવોને ઘેર ગૃહસેવામાં શ્રીગિરિરાજજી બિરાજતા હોય છે. તેમને પણ સેવામાં વિશેષ આનંદ આવે. આ હેતુથી શ્રીગિરિરાજજીના પ્રાકટ્ય, સ્વરૂપ,

પરિક્રમા, માહાત્મ્ય વગેરે દર્શાવતુ આ પુસ્તક તૈયાર કરી 'વૈષ્ણવ પરિવાર'ના સૌ ગ્રાહકોને તે ભેટપુસ્તક તરીકે આપવાનું વિચારવામાં આવ્યું છે.

'વૈષ્ણવ પરિવાર' આ વર્ષે તેના પ્રકાશનનાં ૨૨ વર્ષ પૂર્ણ કરી ૨૩મા વર્ષમાં પ્રવેશી રહ્યું છે. આ વર્ષો દરમ્યાન પ્રભુકૃપાથી 'વૈષ્ણવ પરિવાર'ના સર્વ ગ્રાહકોને એક સુંદર અને ઉપયોગી પુસ્તક ભેટ આપવાની પરંપરા શ્રીહરસાનીજી પ. ચે. ટ્રસ્ટ દ્વારા નભી રહી છે. આ પરંપરામાં આ વર્ષે શ્રીગિરિરાજજી વિષયક આ પુસ્તક, મનોરથી વૈષ્ણવોની ઉદાર આર્થિક સહાયથી, અપાઈ રહ્યું છે.

આ પુસ્તક બે વિભાગમાં છે. પ્રથમ વિભાગમાં શ્રીગિરિરાજજીની માનસિક પરિક્રમા છે. શ્રી રમેશભાઈએ મહેસાણામાં શ્રીગિરિરાજ ગુણગાન મહોત્સવ પ્રસંગે શ્રીગિરિરાજ ગુણગાન દરમ્યાન વૈષ્ણવોને કરાવેલી આ માનસિક પરિક્રમા છે. જે 'વૈષ્ણવ પરિવાર'ના અંકોમાં ક્રમશઃ પ્રકાશિત થઈ હતી. વૈષ્ણવો તરફથી નિત્ય શ્રીગિરિરાજજીનું ભાવન કરવા માટે તેની પુસ્તક સ્વરૂપે વારંવાર માગણી થઈ રહી હતી, તેથી આ પુસ્તકમાં તે સમાવિષ્ટ કરી છે. આશા છે તેના વાચન દ્વારા વૈષ્ણવો ઘેર બેઠાં મનથી શ્રીગિરિરાજજીની પરિક્રમા, પૂજન વગેરે કરી સ્મરણનો આનંદ લઈ શકશે.

બીજા વિભાગમાં શ્રીગિરિરાજજીના પ્રાકટ્યનો પ્રકાર, તેમના સ્વરૂપની સમજ, પ્રગટ પ્રતાપ દર્શાવતા પ્રસંગો, સ્તુતિ કરતા સ્તોત્રો, ગુણગાન ગાતાં કીર્તનો, પરિક્રમાના પ્રકારો, પરિક્રમા માર્ગમાં આવતાં અલૌકિક દર્શનીય સ્થાનો તેમજ આ સ્થાનોનું માહાત્મ્ય, શ્રીગિરિરાજ નામાવલી વગેરે સમાવિષ્ટ છે. જે શ્રીગિરિરાજજીના સ્વરૂપ અને માહાત્મ્યનો ખ્યાલ આપે છે. નિત્ય વાચન-મનન-સ્મરણ માટે આ બધી વિગતો પણ સૌને ઉપયોગી થશે.

આ પુસ્તકમાંથી વિગતો માટે જે જે પુસ્તકોનો ઉપયોગ કર્યો છે તેનો ઋણસ્વીકાર કરું છું. આ ગ્રંથના મનોરથી સૌ વૈષ્ણવોનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. અને શ્રીગિરિરાજબાવાની નામસેવાની તેમની ભાવનાને વંદન કરી વિરમું છું.

શ્રીગિરિરાજબાવાની કૃપાથી તૈયાર થયેલું તેમનાં ગુણગાનનું આ પુસ્તક તેમનાં જ ચરણકમળોમાં સદૈન્ય અર્પણ કરી કૃતાર્થ થાઉં છું.

- વસંતબેન પરીખ

■

અનુક્રમણિકા

વિભાગ : ૧

(૧) શ્રીગિરિરાજબાવાની માનસિક પરિક્રમા ૯-૬૩

વિભાગ : ૨

(૨) શ્રીગિરિરાજજીનું પ્રાગટય - ગોલોકધામમાં ૬૪
(૩) શ્રીગિરિરાજજીનું પ્રાકટય - પૃથ્વી ઉપર ૬૬
(૪) શ્રીગોવર્ધનનું આગમન - વ્રજમાં ૬૬
(૫) શ્રીગિરિરાજજીનું સ્વરૂપ ૬૮
(૬) વેણુગીતમાં શ્રીગિરિરાજજીના સ્વરૂપનું વર્ણન ૭૧
(૭) શ્રીગિરિરાજજીનાં આઠ દ્વારની ભાવના ૭૪
(૮) શ્રીગોવર્ધનલીલાનું રહસ્ય ૭૫
(૯) શ્રીગિરિરાજજીની પરિક્રમા ૭૭
(૧૦) શ્રીગિરિરાજજીની પરિક્રમાના માર્ગમાં આવતાં લીલાસ્થાનો ૭૮
(૧૧) શ્રીગિરિરાજજીના શ્રીઅંગમાં બિરાજતા તીર્થો ૧૨૬
(૧૨) શ્રીગિરિરાજજીના જપનો પ્રકાર ૧૨૭
(૧૩) શ્રીગિરિરાજજીનું માહાત્મ્ય ૧૨૮
(૧૪) શ્રીગિરિરાજ ગુણગાન ૧૩૮
(૧૫) તરહટી શ્રીગોવર્ધનકી રહીયે ૧૩૯
(૧૬) શ્રીગિરિરાજ સ્તુતિ ૧૪૩
(૧૭) શ્રીગિરિરાજ નામાવલી ૧૫૦
(૧૮) હરિદાસવર્ય ગિરિરાજજી ચાલીસા સ્તુતિ ૧૫૯



શ્રી ગિરિરાજજીનો નકશો

॥ હરિદાસવર્ય શ્રીગિરિરાજ ગોવર્ધનાય નમઃ ॥

વિભાગ : ૧

શ્રીગિરિરાજબાવાની માનસિક પરિક્રમા

- પ્રવક્તા : શ્રી રમેશભાઈ વિ. પરીખ, મહેસાણા

ભક્તાભિલાષાચરિતાનુસારી
દુગ્ધાદિચૌર્યેણ યશોવિસારી ।
કુમારિતાનન્દિતઘોષનારી
મમ પ્રભુઃ શ્રીગિરિરાજધારી ॥

સાત વર્ષના શ્રીકૃષ્ણે નંદબાવાને આજ્ઞા કરી : 'બાવા, આવતીકાલે આપણે શ્રીગિરિરાજજીનો ગોવર્ધન યજ્ઞ કરવાનો છે, એ પહેલાં શ્રીગિરિરાજજીની કૃપા પ્રાપ્ત કરવા માટે આજની દિવાળીની રાત્રે સૌ વ્રજવાસીઓ શ્રીગિરિરાજજીની નવકોસની પરિક્રમા કરી આવો.'

નંદબાવાએ પૂછ્યું : 'ઘરડાં, બાળકો, સ્ત્રીઓ એ બધાં નવ કોસ ન ચાલી શકે તો?'

પ્રભુએ માર્ગ બતાવ્યો: 'ગાડામાં બેસીને એ સૌ પરિક્રમા કરે. જે ચાલી શકે તે ચાલીને કરે.'

નંદબાવાની આજ્ઞા છૂટી: 'સૌ વ્રજવાસીઓ પરિક્રમા માટે ચાલો.' બધાં વ્રજવાસીઓ પોતપોતાના જૂથમાં ભેગાં થઈને મુખારવિંદ તરફ જઈ રહ્યાં છે. સૌએ સુંદર રંગબેરંગી વસ્ત્રો પહેર્યાં છે, માથામાં ફૂલના ગજરા શોભે છે. ગ્વાલોના માથે સુંદર રંગબેરંગી પાઘડીઓ છે. એમાં ફૂલ ખોસ્યાં છે. સૌ શ્રીગિરિરાજબાવાનો જયજયકાર કરતાં મુખારવિંદ તરફ જઈ રહ્યાં છે.

આપણે પણ એ વ્રજવાસીઓની પાછળ પાછળ શ્રીગિરિરાજબાવાની પરિક્રમા કરવા જવું છે.

મનથી જવું છે. મનપંખીને આપણે જતિપુરા લઈ જઈએ. જ્યાં મન થાય ત્યાં મુકામ કરીએ. પ્રાતઃક્રિયાઓ પરવારી સ્નાનાદિ કરીએ. શક્ય એટલી અપરસમાં સ્નાન કરીએ. અપરસનાં રેશમી વસ્ત્રો પહેરીએ. ચરણામૃત

સી. સી. કે શાહ (ડભોઇ)ના જયશ્રીકૃષ્ણ.

લઈ તિલક-ચાંલ્લો કરીએ. ગળામાં તુલસીની કંઠી ગુમ થઈ ગઈ નથી તે જોઈ લઈએ.

રસ્તામાં આવતાં બેઠકજીઓએ હાથ પવિત્ર કરવા આપણે વિવિધ સામગ્રીઓ લઈને જવું છે. શરીરથી થાય કે ન થાય, મનથી જ્યારે કરવાનું છે ત્યારે નહિ શરીર નડે, નહિ સમય નડે, નહિ સંપત્તિ નડે. એટલે મન મોકળું રાખજો, મન મોટું રાખજો. થોડું થોડું કરીને ચલાવી લેવાનો મનોરથ ન રાખશો. જેમાં પૈસો નથી ખર્ચવાનો એમાં શું કામ ઉદારતા ન રાખવી? શ્રીગુસાંઈજીએ શીખવ્યું છે કે: 'મનથી ખરચશો તો ય પ્રભુ અંગીકાર કરશે. પ્રભુ એવા દયાળુ છે.'

પરિક્રમામાં કેટલાક નિયમો જરૂરી છે. શ્રીગિરિરાજબાવાની સન્મુખ' જઈશું ત્યારે આપણે એ નિયમો લઈશું. એટલે જતિપુરાના આપણા મુકામથી આપણે સૌ શ્રીગિરિરાજબાવાના ગુણગાન ગાતાં ગાતાં જતિપુરાનો ચોક વટાવી (આજુબાજુની લારીઓ ઉપર નજર કર્યા વિના, મોંમા પાણી લાવ્યા વિના ચાલજો હોં!) દૂધગરીયાની ગલીમાં થઈને મુખારવિંદે પહોંચીએ.

ગિરિરાજધરણ શ્રીજી તિહારે શરણ,
શ્રીજી તિહારે શરણ, શ્રીજી તિહારે શરણ,
ગિરિરાજધરણ શ્રીજી તિહારે શરણ.

મુખારવિંદ ઉપર આવી ગયાં છીએ. મંગળાનાં દર્શન થવાની તૈયારી છે. બરોબર મુખારવિંદની સામે શ્રીમહાપ્રભુજીનાં સુંદરલીલાના બેઠકજી બિરાજે છે. શ્રીમહાપ્રભુજીએ તો પહેલું સ્નાન કરી લીધું છે. સફેદ ધોતી ઉપરણા ધર્યા છે. દમલાજીએ શ્રીકંઠમાં સુંદર ચમેલીના પુષ્પોની માળા ધરાવી છે. આપ સંધ્યાવંદન કરી રહ્યા છે. સૌ પહેલાં આપણે શ્રીમહાપ્રભુજીને દંડવત્ કરીશું, પુરુષો સાષ્ટાંગ દંડવત કરે. બહેનો પંચાંગ દંડવત્ કરે.

દંડવત કરીને, બે હાથ જોડીને, માથું સ્હેજ નમાવી શ્રીમહાપ્રભુજીના મુખારવિંદ ઉપરના લાવણ્યામૃતને નીરખીશું. એમના નેત્રકમળોમાંથી કૃપારસ ઝરી રહ્યો છે એને ઝીલીશું.

શ્રીમહાપ્રભુજીને વિનંતી કરીશું. 'કૃપાનાથ, આપની કાનીથી આપના બોલાવ્યા વ્રજમાં આવ્યા છીએ. અમારું કોઈ સામર્થ્ય નથી. આપની કાનીથી,

ગો.વા. ચંપકલાલ શંકરલાલ ચોક્સી (પાદરા)ના જયશ્રીકૃષ્ણ.

આપની પ્રેરણાથી હૃદયમાં મનોરથ થયો છે. શ્રીગિરિરાજબાવાની નવકોસની પરિક્રમા કરવી છે.'

તમારે જે રીતે પરિક્રમા કરવાનો મનોરથ હોય તે શ્રીમહાપ્રભુજીને કહેજો - દંડવતી કરવી હોય તો તેમ, દૂધની ધારાવહી કરવી હોય તો તેમ, ચાલીને કરવી હોય તો તેમ, જેવો મનોરથ થાય તેવી વિનંતી કરજો. જરાય સંકોચ ન કરશો.

શ્રીમહાપ્રભુજી સસ્મિત વદને પૂછે છે : 'વૈષ્ણવ, શા માટે પરિક્રમા કરવી છે?'

શ્રીમહાપ્રભુજીને આપણે બે હાથ જોડી, દીનતાથી વિનંતી કરીશું: 'કૃપાનાથ, આપના સેવક છીએ. આપની પાસેથી ઉપદેશ મળ્યો છે; નિષ્કામ પ્રેમલક્ષણા ભક્તિ કરવી, સકામ ભક્તિ ન કરવી. અમારે કોઈ લૌકિક સ્વાર્થ નથી. ઈચ્છા નથી, અભિલાષા નથી. કશું મેળવવા અમારે પરિક્રમા નથી કરવી.'

'કૃપાનાથ, આ લૌકિક દેહથી તો શ્રીઠાકોરજીને ભેટવું દુર્લભ છે. આ દેહ અલૌકિક બને તો શ્રીઠાકોરજીને ભેટી શકાય. વ્રજમાં આવ્યા અને વ્રજેશને ભેટ્યા સિવાય પાછાં જઈએ તો તો અમારો મનોરથ અધૂરો રહી જાય. શ્રીગિરિરાજબાવા તો બહુ કૃપાળુ છે. અહીંના વનની ભીલ સ્ત્રીઓ પુલિંદિનીઓએ એમનો સંગ કર્યો તો શ્રીગિરિરાજજીની કૃપાથી શુદ્ર-હીન જાતની કહેવાતી પુલિંદિનીઓને સાક્ષાત શ્રીઠાકોરજીની સેવા મળી. શ્રીગિરિરાજબાવાની અમારે કૃપા જોઈએ છે. એમનો સંગ જોઈએ છે. તેઓ અમને શ્રીઠાકોરજી મેળવી આપે.'

કૃપાનાથ, આ વ્રજરજ છે. જે વ્રજરજમાં શ્રીયુગલ-સ્વરૂપનાં ચરણચિહ્નો અંકિત છે. એ ચરણચિહ્નોથી આ વ્રજરજ જડ રહ્યાં નથી. **સ્ફૂરદમંદરેણુત્કટામ્**-એ સાક્ષાત્ ભગવદ્સ્વરૂપ બની ચૂક્યાં છે. પ્રભુમાં જે સામર્થ્ય છે એ આ વ્રજરજમાં છે. અમારી આગળ ભગવદીયો ચાલે, શ્રીગિરિરાજબાવા ચાલે, એ સૌની ચરણરજ અમારા શરીરને લાગે. એ ચરણરજના સ્પર્શથી અમારું શરીર તનુનવત્વ અને દિવ્યતા પામે. કૃપાનાથ, આ શરીરથી તો અમે પ્રભુને ભેટવા લાયક નથી પણ આ વ્રજરજ એ પ્રભુનું સ્વરૂપ છે. તો વ્રજરજ રૂપે પ્રભુ અમને ભેટે બસ એ મનોરથથી અમારે પરિક્રમા કરવી છે.

ગો.વા. કમળાબેન ચંપકલાલ ચોક્સી (પાદરા)ના જયશ્રીકૃષ્ણ.

રસિકચરણ શરણ સદા રહત હૈ બડભાગી જન. અપનો કરી શ્રીગોકુલપતિ ભરત તાહી બાથેં - શ્રીહરિરાયજીએ આજ્ઞા કરી જે વૈષ્ણવ દીનતાથી શ્રીઠાકોરજીના ચરણનું શરણ ગ્રહણ કરીને રહે છે એના ઉપર શ્રીગોકુલપતિ એટલી કૃપા કરે છે કે એને પોતાનો બનાવીને એને પોતાની ભુજાઓના આલિંગનમાં બાંધી લે છે. પોતાના હૃદય સાથે લગાવી દે છે.

બસ, શ્રીઠાકોરજીને અમારા હૃદય સાથે અમારે ચાંપી દેવા છે. વ્રજરજ સ્વરૂપે શ્રીઠાકોરજીને ભેટવું છે.

શ્રીમહાપ્રભુજી પૂછે છે: 'વૈષ્ણવ, બીજું કંઈ કારણ ખરું?'

'હા કૃપાનાથ, સારસ્વત કલ્પમાં પ્રભુએ જે લીલાઓ કરી તે તે સ્થાનનાં દર્શન થાય, ત્યાં શ્રીપ્રભુએ જે લીલાઓ કરી એનું થોડું સ્મરણ કીર્તન થાય. હજારો વર્ષ પહેલાંના સારસ્વત કલ્પમાં અમારું મન પહોંચી જાય અને આપની અને શ્રીગિરિરાજબાવાની કૃપા થાય તો એની અમને ઝાંખી પણ થઈ જાય.

માર્ગમાં આપ વિવિધ સ્થાનોમાં બિરાજો છો, અનેક અલૌકિક ચરિત્રો આપે ત્યાં કર્યાં છે. ત્યાં આપના ચરણારવિંદમાં અમે મસ્તક ટેકવીએ. અમારી પાસે બીજું તો કંઈ અમારું કહેવાય એવું છે નહીં, બધું આપનું છે. પણ અમારી પાસે થોડાં અમારાં આંસુ છે. વિરહનાં, વિયોગનાં એ આંસુઓથી અમે આપના ચરણારવિંદને કેસરસ્નાન કરાવીએ. આપના ચરણારવિંદમાં મસ્તક મૂકીને નાનાં બાળક જેવાં બનીને અમે મોકળા મને રડી લઈએ, અને અમારા દાદાજી બનીને, અમારા માથે હાથ ફેરવીને કૃપા કરીને એટલું કહો કે વૈષ્ણવ તું મારો છે. બસ આ અમારો મનોરથ છે. આપ કૃપા કરો તો એ પૂરો થશે.'

જુઓ શ્રીવલ્લભ પ્રસન્ન ચિત્તે, હસતા મુખારવિંદે આજ્ઞા કરી રહ્યા છે: 'જાઓ વૈષ્ણવ, શ્રીગિરિરાજબાવા તમારો મનોરથ પૂર્ણ કરશે.'

શ્રીમહાપ્રભુજીની આજ્ઞા માથે ચડાવીએ, એમની ચરણરજ માથે ચડાવીએ. એમની આજ્ઞા લઈને ચરણસ્પર્શ કરીએ. સાષ્ટાંગ દંડવત્ કરીએ.

અને હવે શ્રીગિરિરાજબાવાના મુખારવિંદ તરફ જઈએ.

ગો.વા. રમેશચંદ્ર ચંપકલાલ ચોક્સી (પાદરા)ના જયશ્રીકૃષ્ણ.

શ્રીગિરિરાજબાવાનાં મંગળાનાં દર્શન ખૂલ્યાં છે. સફેદ ધોતી અને કેસરી ઉપરણો ધર્યા છે. શ્રીમસ્તકે લાલ પાઘ ધર્યો છે. મુખારવિંદ પર મંદ મંદ સ્મિત મલકી રહ્યું છે. કીર્તન ગવાઈ રહ્યું છે.

આજ નંદલાલ મુખચંદ નયનન નીરખ,
પરમ મંગલ ભયો ભવન મેરે.

મુખીયાજી હાથમાં આરતી લઈને સન્મુખમાં આવે છે. આપણે શ્રીગિરિરાજબાવાની મંગલા આરતીનાં દર્શન કરીએ. મંગલમુખી સદા સુખી.

આરતીના આંટાઓની સાથે ઘંટાનાદ થાય છે. ઝાલર વાગે છે. કીર્તન ગવાય છે.

'મંગલ આરતી ગોપાલકી માઈ મંગલ આરતી ગોપાલકી.'

શ્રીગિરિરાજબાવાનું શ્યામવર્ણનું મુખારવિંદ આરતીના પ્રકાશમાં ઝગમગ ઝગમગ થઈ રહ્યું છે. એવું લાગે છે જાણે શ્યામસુંદર શ્રીઠાકોરજી અને સુવર્ણસુંદરી શ્રીરાધિકાજી એકબીજાના કપોલને સ્પર્શીને ગાઢ આલિંગનમાં શ્રીગિરિરાજબાવાના શિલાખંડમાં બિરાજ્યાં છે.

આરતી થઈ ગઈ. શ્રીગિરિરાજ-બાવાને દંડવત્ કરીએ. હાથ જોડીને વિનંતી કરીએ : 'બાવા, આપનું પૂજન કરવાની અમને આજ્ઞા આપો.'

હાથ ખાસા કરીશું કારણકે હાથ જોડ્યા હતા. શ્રીગિરિરાજપૂજન માટે આપણે માનસીગંગાથી મોટા દેગડા ભરીને જળ મંગાવ્યું છે. શ્રીગિરિરાજબાવાને દુગ્ધાભિષેક કરાવવા માટે સોનાના ૧૦૮ ચરુઓ ભરીને ગાયનું દૂધ લાવ્યા છીએ. એમાં બૂરું મિલાવ્યું છે. સ્નાન કરાવવા માટે સોનાના ઘડા અને લોટા છે. વારાફરતી સૌ શ્રીગિરિરાજજીનું પૂજન કરીએ.

સાત વર્ષના સુકોમળ પ્રભુને સોહાય તે રીતે ધીમે ધીમે સ્નાન કરાવીશું. માનસીગંગાના જળના લોટા ભરીને એમના ચરણારવિંદથી પ્રારંભ કરીને શ્રીઅંગ ઉપર અને મુખારવિંદ ઉપર સ્નાન કરાવીશું.

હાથે પહેરેલી બંગડીઓ ઊંચે ચડાવી દેજો. પ્રભુને શ્રમ ન થાય. હાથમાં વીંટી પહેરેલી હોય તો ઉતારી દેજો.

ગો.વા. જીતેન્દ્રભાઈ ચંપકલાલ ચોક્સી (કેલીફોર્નિયા)ના જયશ્રીકૃષ્ણ.

કોમળ ધારથી, કોમળ હાથે સ્નાન કરાવીશું. શ્રીકૃષ્ણે શ્રીગિરિરાજબાવાનું પૂજન શીખવ્યું છે એ રીતે સ્નાન કરાવીશું.

હવે ધોરી ગાયનું દૂધ લઈએ. નાના લોટાથી તો ક્યારે સ્નાન થશે? ૧૦૮ દેગડા ભરીને દૂધ આવ્યું છે. મોટા ઘડામાં દૂધ ભરીને દૂધથી શ્રીગિરિરાજબાવાને અભિષેક કરાવીએ.

શ્રીગિરિરાજબાવા દૂધથી સ્નાન કરી રહ્યા છે અને જુઓ તો ખરા, કેવા હસી રહ્યા છે! દુગ્ધાભિષેક એમને સૌથી વધારે પ્રિય છે.

આપ જાણે કહી રહ્યા છે : 'વૈષ્ણવ, આ માત્ર દૂધ નથી; તારા હૃદયની ભક્તિનો, પ્રેમનો રસ છે. પ્રેમના રસમાં ભીંજાવું, સ્નાન કરવું મને ખૂબ પ્રિય છે. વૈષ્ણવ, તું મારે માટે આટલો બધો ભક્તિનો રસ લઈને આવ્યો છે! કરાવ, તારી પાસે જેટલો રસ હોય તેટલા રસથી, પ્રેમથી મને સ્નાન કરાવ. કરાવ્યા જ કર, કરાવ્યા જ કર.'

શ્રીગિરિરાજબાવા પૂરા દૂધમય થઈ ગયા છે. શ્યામસુંદર શ્રીગિરિરાજબાવા શ્વેતવર્ણના બની ગયા છે. દર્શન કરતાં આંખો અપલક થઈ જાય છે.

દૂધથી અભિષેક થઈ ગયો. હવે ફરી માનસીગંગાના જલથી સ્નાન કરાવીશું. શ્રીગિરિરાજબાવાના શ્રીઅંગ પર દૂધ છે, પ્રેમ છે, પ્રેમની ચીકાશ છે. કોમળ હાથે, મુલાયમતાથી શ્રીઅંગ જમણા હાથે પોંછતા જવું છે. ડાબા હાથે જળની ધાર કરતાં સ્નાન કરાવતાં જવું છે. દૂધની ચીકાશ રહી ન જાય એવી રીતે સ્નાન કરાવીએ.

સ્નાન કરાવ્યા પછી, સરસ મજાની મુલાયમ મલમલ લઈ આવ્યાં છીએ, એ અંગવસ્ત્રથી શ્રીગિરિરાજબાવાને પોંછીએ. શ્રીઅંગ પર ક્યાંય ભીનાશ ન રહે તે રીતે અંગવસ્ત્ર કરીએ.

હવે અત્તર લઈએ. ઋતુઅનુસાર અત્તર સમર્પાય. હજી તો વર્ષાકાલ ચાલે છે. કેવડાનું મઘમઘતું અત્તર સાથે લઈ આવ્યાં છીએ. આખી શીશી હથેળીમાં ઠાલવી દઈ, બે હાથ અત્તરવાળા કરી, પ્રેમથી શ્રીગિરિરાજબાવાના શ્રીઅંગ પર ચરણારવિંદ સુધી અત્તર સમર્પીએ.

કાન્તિલાલ કસ્તુરચંદ પરીખ પરિવાર (પાટણ)ના જયશ્રીકૃષ્ણ.

શ્રીગિરિરાજબાવાનું શ્રીઅંગ મઘમઘી રહ્યું છે. હવે એમને વસ્ત્ર ધારણ કરાવવાં છે. એમને લાલ વસ્ત્રો ઘણાં પ્રિય છે. માટે આપણે એમને માટે લાલ રંગની ધોતી અને લાલ રંગનો ઉપરણો સિદ્ધ કરીને લાવ્યાં છીએ. સફેદ લેસ મૂકેલી લાલ રંગની કોમળ મુલાયમ ધોતી અને એવા જ લાલ રંગનો મોટો સફેદ લેસ મૂકેલો ઉપરણો શ્રીગિરિરાજબાવાને અંગીકાર કરાવવાં છે.

ચાલો, ધોતીની સરસ મજાની ઘડી કરીને ધોતી ધરીએ. ઉપરણો ધરીએ. હવે કંકુથી તિલક કરીશું. સીન્થેટીક કંકુ ન લેશો. સુંદર કંકુ લઈ એને જલથી ભીંજવીએ; કારણ કે કોરું કંકુ વ્રજમાં અશુભ ગણાય છે. ભીંજવેલા કંકુથી અંગૂઠાના ટેરવાથી ચરણારવિંદના આકારનું તિલક કરવાનું છે. તિલક કરવાની એક રીત છે. મધ્યમાંથી શરૂ કરીને ઉપર જવાય અને ફરીથી મધ્યમાંથી શરૂ કરીને બીજી બાજુ ઉપર જવાય. તિલક કરીએ. વચમાં ચંદનનો ટીકો કરીએ. કમલપત્ર કરીએ.

કમલપત્ર એટલે કેસર લસોટીને એ ભીંજયેલા કેસરથી કપોલ ઉપર બે બાજુએ અર્ધગોળાકાર આકૃતિ થાય તે. જે લગ્ન વખતે કન્યાને થાય છે તે.

શ્રીગિરિરાજબાવાને તિલક, કમલપત્ર કરીને હવે પુષ્પોનાં સુંદર માળાજી ધરીશું. ગુલાબની, જૂઈની, ચમેલીની, પારસની સુંદર માળાજી સિદ્ધ કરીને લાવ્યાં છીએ. આજે શ્રીગિરિરાજબાવાને ભલે બધાં શૃંગાર ફૂલનાં થઈ જતાં. શૃંગાર થયા પછી દર્પણ લઈ ગયાં હોઈએ તો સારું, ન લઈ ગયાં હોઈએ તો હાથની હથેળીનું દર્પણ બનાવીને ભાવનાથી પ્રભુને દર્પણ બતાવીશું.

આ બધું કરતાં સેવાના પદ અચૂક ગાઈએ. દર્પણ બતાવતાં ગાઈએ,

તેરો મુખ નીકો કે મેરો મુખ પ્યારી,
લેકર દર્પન પીયૂહી દીખાવત,
સાંચી કહો વૃષભાનદુલારી.

શ્રીઠાકોરજી પૂછે છે : 'આપણા બેમાં કોનું મુખ વધારે સુંદર છે તે સાચું કહો.' શ્રીવૃષભાનદુલારીજી જવાબ આપે છે.

મનહરબેન જશવંતલાલ પરીખ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

તુમતો નંદમહરકે ઢોટા,
હમ ગુજરીયાં દાસી તિહારી.

'પ્રભુ, આપણી સરખામણી થાય?' જુઓ કેવી દીનતા છે! શ્રીરાધિકાજી કહે છે : 'આપ તો નંદરાયજીના કુંવર છો અને હું તો એક ભરવાડણ તમારી દાસી છું.'

એમ કહીને પરોક્ષમાં કહી દીધું હું ગમે તેટલી સુંદર હોઉં પણ મારાથી કેમ કહેવાય કે હું તમારા કરતાં વધારે સુંદર છું!

આવી ભાવનાનાં પદ ગાતાં ગાતાં દર્પણ બતાવીએ.

અપરસમાં છીએ. ગદ્યમંત્ર બોલીને શ્રીગિરિરાજ બાવાનાં ચરણસ્પર્શ કરી લઈએ. ફરી હાથ ખાસા કરીએ.

હવે ઝારીજી ભરવાં છે. ખાસ ગોકુળથી યમુનાજળ પધરાવી લાવ્યાં છીએ. સોનાનાં મોટાં ઝારી છે. ત્રસ્ટી છે. નેવરા છે.

રાજભોગ ધરવો છે માટે બે બાજુ બે ઝારીજી ભરીને પધરાવીએ.

હવે જેટલી સામગ્રી સિદ્ધ કરીને લાવ્યાં છીએ તે બધાંનો ભોગ ધરવો છે. પહેલાં ચરણારવિંદ પાસેની જગ્યા જલથી ખાસા કરીએ કારણકે ત્યાં આપણા પગ પડ્યા છે.

શ્રીઠાકોરજીને સૌથી પ્રિય માખણ છે. માખણનું મોટું કૂંડું પહેલાં વચમાં ધરીશું. એમાં મિસરી પધરાવીશું. બાજુમાં દૂધ ધરીએ. દાનના દિવસો છે. સફેદ અને કેસરી દૂધ ગાઢું ઉકાળેલું - અંદર સૂકોમેવો અને એલચી તેમજ બૂરું પધરાવીને ધરીએ.

મોટી મોટી ગોરસીમાં જમાવેલાં દહીં છે. મીઠું દહીં છે, જીરું અને લૂણ કરેલું દહીં છે. વિવિધ પ્રકારનાં દહીંની મોટી મોટી ગોરસીઓ ધરીએ. જરાક જરાક ન ધરીએ. બાજુમાં મોટું કૂંડું ભરીને મલાઈ સિદ્ધ કરી છે તે ધરીએ.

તેની આગળ રબડી, શ્રીખંડ વગેરે દૂધની સામગ્રીઓ ધરીએ. આગળ એક બાજુ લીલા મેવાની છાબો અને બીજી બાજુ સૂકા મેવાની છાબો ધરીએ. સૂકા મેવા સાદા, તળેલા અને પાયેલા પણ છે તે બધા આગળ ધરીએ.

હિમાંશુ હિતેશ આશર (મુંબઇ)ના જયશ્રીકૃષ્ણ.

હવે દૂધગરની સામગ્રીઓ ધરીએ. સફેદ અને કેસરી બરફી, મેવાબાટી, પેંડા - સફેદ અને કેસરી, ગુલાબજાંબુ, જલેબી, રસગુલ્લાં, રાજભોગ, જાળીની સામગ્રી જે કંઈ સિદ્ધ કરાવી છે તે બધાંની છાબો આગળ ધરીએ. ખૂબ સામગ્રી સિદ્ધ થઈ છે. શ્રીમહાપ્રભુજીના બેઠકજી સુધી ભોગ લાગી ગયો છે.

હવે શ્રીગિરિરાજબાવાને આરોગવાની વિનંતી કરવી છે. શ્રીમહાપ્રભુજીને પણ આરોગવાની વિનંતી કરવી છે. શ્રીગિરિરાજબાવા શ્રીમહાપ્રભુજીની ગોદમાં બિરાજીને કેમ ન આરોગે?

શ્રીમહાપ્રભુજીને વિનંતી કરીએ : 'કૃપાનાથ, દમલાજી, ૮૪-૨૫૨ ભગવદીયો અને અમારા શ્રીગુરુદેવની કાનીથી શ્રીગિરિરાજબાવાને ગોદમાં પધરાવીને અમારાથી જે કંઈ રંચક બન્યું છે તે આપ કૃપા કરીને યુગલ સ્વરૂપે, સર્વ વ્રજભક્તો સહિત, આરોગવાની કૃપા કરો.'

આરોગવાની વિનંતી કરી. હવે સાષ્ટાંગ દંડવત્ કરીને શ્રીગિરિરાજબાવાની પરિક્રમા કરવા માટેની આજ્ઞા લઈશું: 'હે પ્રભુ, શ્રીમહાપ્રભુજીએ અમને આપની પરિક્રમા કરવાની આજ્ઞા આપી છે. આપ પણ અનુજ્ઞા આપો. આપની નવકોશી પરિક્રમા થાય.'

'કરીએ' ન કહેતાં હોં! આપણી શક્તિથી પરિક્રમા નહિ થાય. આપની કૃપાથી થશે.

'અમે પરિક્રમા કરતાં પહેલાં પ્રતિજ્ઞા લઈએ છીએ કે પરિક્રમા કરતાં લૌકિક વાતો નહિ કરીએ. ભગવદ્ ગુણગાન સિવાયનો કોઈ શબ્દ નહિ ઉચ્ચારીએ. અમે કોઈના ઉપર ગુસ્સે નહિ થઈએ. મન શાંત અને સ્વસ્થ રાખીશું.

અમારા આંખ, કાન આપનાં દર્શન અને કીર્તનમાં જ વાપરીશું. કંઈ લૌકિક જોવા સાંભળવાની ચેષ્ટા નહિ કરીએ. અમે રસ્તામાં અમારા માટે વિશ્રામ કરવા બેસીશું નહિ. 'હે પ્રભુ, આપ એવી કૃપા કરો કે અમે સાત્વિક હૃદયથી, સાત્વિક બુદ્ધિથી, ભગવદ્ બુદ્ધિથી પરિક્રમા કરીએ.'

શ્રીગિરિરાજબાવાએ આજ્ઞા આપી છે. ભોગ ધરેલી સામગ્રીની ચિંતા ન કરશો. એ તો વ્રજવાસીઓ ભલે લૂંટી જતા, શ્રીમહાપ્રભુજી આરોગે, શ્રીગિરિરાજજી આરોગે અને વ્રજવાસીઓ આરોગે એ તો આપણા ધન્ય ભાગ્ય.

ત્રિવેદી માલતીબેન એચ. (મહેસાણા)ના જયશ્રીકૃષ્ણ.

હવે આપણે પરિક્રમા કરવા નીકળવું છે. પરિક્રમા કરવા જઈએ ત્યારે એવી રીતે ચલાય કે જેથી જેમની પરિક્રમા આપણે કરતાં હોઈએ તે આપણા જમણા હાથ તરફ હંમેશા બિરાજે. માટે શ્રીગિરિરાજજી આપણા જમણા હાથ તરફ બિરાજે એ રીતે આપણે ચાલવાનું છે.

સૌથી પહેલાં શ્રીગિરિરાજજીના શિખર તરફ દૃષ્ટિ કરીએ. ત્યાં શ્રીજીબાવાનું મંદિર બિરાજે છે. નજીકમાં જ એમનું જૂનું મંદિર પણ છે, જેના અવશેષો ઉપર દેખાય છે. શ્રીજીબાવાને જ્યારે શ્રીમહાપ્રભુજીએ ગિરિરાજજીમાંથી બહાર પધરાવ્યા ત્યારે વ્રજવાસીઓએ ઝડપથી ઈંટમાટીનું જે મંદિર ચણી દીધું તે મંદિરના એ અવશેષો છે. તેમાં શ્રીજીબાવા ઘણાં વર્ષો બિરાજ્યા છે.

પછી પૂર્ણમલ્લ ક્ષત્રિયને શ્રીજીબાવાએ નવું મંદિર સિદ્ધ કરવાની આજ્ઞા કરી. એમણે આવીને શ્રીમહાપ્રભુજી પાસેથી આજ્ઞા મેળવીને જે નવું મંદિર સિદ્ધ કર્યું તે મંદિર આજે પણ દર્શન આપે છે. એ શ્વેત રંગનું મંદિર છે. એના ઉપર સાત ધજા ફરકે છે.

શ્રીગિરિરાજબાવા તો ભગવદ્ સ્વરૂપ છે. એમના ઉપર પગ મૂકીને આપણે ઉપર જવાનો અપરાધ નહિ કરીએ. અહીંથી ત્યાં ભાવાત્મક રીતે બિરાજતાં શ્રીજીબાવાને દંડવત્ કરી લઈશું. નેત્રો મીંચીને એમના સ્વરૂપનું ધ્યાન ધરીશું. શ્રીજીબાવાના ચરણચોકી ત્યાં બિરાજે છે. એમ કહેવાય છે કે શ્રીમહાપ્રભુજીનાં ગુપ્ત બેઠકજી પણ ત્યાં બિરાજે છે. એ બેઠકજીએ પણ આપણે અહીં તળેટીમાંથી જ દંડવત્ કરી લઈએ. શ્રીજીબાવાના અને શ્રીમહાપ્રભુજીના ચરણારવિંદમાં મસ્તક ટેકવીને આપણે પરિક્રમાનો પ્રારંભ કરીશું.

આનંદથી, પ્રસન્ન ચિત્તથી, હસતાં હસતાં કરજો હોં કારણ થાકવાનો કોઈ સવાલ નથી.

ગિરિરાજધરણ શ્રીજી તિહારે શરણ...(૨)
તિહારે શરણ શ્રીજી તિહારે શરણ...(૨)

ઉષાબેન શાહ (મુંબઇ)ના જયશ્રીકૃષ્ણ.

થોડાંક જ ડગલાં હજી તો ચાલ્યાં છીએ. ડાબા હાથે એક સરસ, નવું બનેલું ગ્રેનાઈટનું મકાન દેખાય છે. તેના ઉપર સોનેરી અક્ષરે નામ લખેલું છે; ‘શ્રીસર્વોત્તમ કુંજ’ હવે તો એ ગેસ્ટ હાઉસ બની ગયું છે; પણ એક જમાનામાં એ શ્રીમથુરાનાથજીનું મંદિર હતું. શ્રીગુસાંઈજીના સમયમાં એ શ્રીગુસાંઈજીનું નિવાસસ્થાન હતું. શ્રીગુસાંઈજી અને સાત બાળકો જતિપુરા પધારે ત્યારે અહીં બિરાજતા. શ્રીગુસાંઈજીના જ્યેષ્ઠ કુમાર શ્રીગિરધરજીના બેઠકજી અહીં છે.

એક દિવસ શ્રીગુસાંઈજીએ એમની પાસે બિરાજેલાં શ્રીગિરધરજી અને શ્રીશોભાબેટીજીને શ્રીમહાપ્રભુજીએ શ્રીજીબાવાને આરોગાવેલા પ્રથમ અન્નકૂટની વાત કરી, એક રૂપિયામાં તે સમયે સવામણ ચોખાનો અન્નકૂટ થયો હતો. બંને બાળકોને બહુ આશ્ચર્ય થયું. બંનેએ વિનંતી કરી: ‘અમને એ દર્શન કરાવોને?’

આપણે ત્યાં ભૂતકાળ છે જ નહિ. પહેલાં થઈ ગયું અને હવે નથી એવું નથી. જે કંઈ છે તે શાશ્વત છે. એને નિત્યલીલાવાદ કહેવામાં આવે છે.

શ્રીગુસાંઈજીએ બંને બાળકોનાં નેત્રો ઉપર જળ છાંટ્યું અને બંનેને શ્રીમહાપ્રભુજીએ અંગીકાર કરાવેલા અન્નકૂટનાં સાક્ષાત દર્શન કરાવ્યાં. એ આ શ્રીગુસાંઈજીના બેઠકજીનું સ્થાન છે.

ભલે આજે એ સ્થાન હોય કે ન હોય આપણે અહીં શ્રીગુસાંઈજી મહારાજ અને શ્રીગિરધરજી મહારાજને સાષ્ટાંગ દંડવત્ કરી, એમના ચરણોમાં મસ્તક ટેકવી વિનંતી કરીશું : ‘હે પ્રભુ! જે કૃપા આપે શ્રીગિરધરજી અને શોભાજી ઉપર કરી એવી અમારા ઉપર પણ કરોને! અમને પણ એ દર્શન કરાવોને! શ્રીગુસાંઈજી ક્યારેક કૃપા જરૂર કરશે કારણ - પરમ કૃપાલ શ્રીવલ્લભનંદન, કરત કૃપા નિજ હસ્ત દે માથે.

દંડવત્ કરી આગળ ચાલીએ.

દંડવતી શિલાએ આવી ગયાં છીએ. બધું નજીક નજીક જ છે. આ શિલા દંડવતી શિલા એટલા માટે કહેવાય છે કે શ્રીમહાપ્રભુજીના સમયથી શ્રીવલ્લભ અને વલ્લભકુલ, વૈષ્ણવો વગેરે જેને સેવા કે દર્શન માટે શ્રીગિરિરાજજી ઉપર જવાનું હોય, તે સૌ પહેલાં અહીં આવે; દંડવત્ કરે, ઉપર જવાની આજ્ઞા લે, પછી ધીમા, કોમળ પગલે ઉપર જાય.

દિનેશ એન. કડકીયા (મુંબઇ)ના જયશ્રીકૃષ્ણ.

દંડવતી શિલા એ શ્રીગિરિરાજબાવાના ચરણકમલ છે. જેમનાથી કોઈ કારણસર શ્રીગિરિરાજબાવાની પરિક્રમા ન થાય એ અહીં દંડવતી શિલાની પરિક્રમા કરે છે. ભાવના હોય એટલી કરી લો. ત્રણ, પાંચ, સાત, ચરણારવિંદ એટલે ભક્તિ. શ્રીગિરિરાજબાવાનાં આ ચરણકમલોમાં દંડવત્ કરીએ તો તેઓ ભક્તિનું, દીનતાનું દાન કરે. દાસભાવનું દાન કરે. માટે આવો, આપણે શ્રીગિરિરાજબાવાના દંડવતી શિલાએ દંડવત્ કરીએ. અને વિનંતી કરીએ, 'હે પ્રભુ! અમારામાં બહુ અભિમાન છે, કામ છે, ક્રોધ છે, મોહ મદ મત્સર છે. એ બધાં અમને છોડાવવાની કૃપા કરજો. અહીં આપણે પરિક્રમા કરી. ચરણસ્પર્શ કરી લઈએ. શ્રીમહાપ્રભુજીના સમયમાં આ દંડવતી શિલા સાડાપાંચ ફૂટ ઊંચાં હતાં પરંતુ શ્રીગિરિરાજબાવાને રોજ તલ જેટલા ઘટતા જવાના મળેલા શાપને કારણે આજે આ શિલા બહુ જ નાના સ્વરૂપે દર્શન આપે છે.

અને હવે સામે જ શ્રીગોકુળનાથજીનું મંદિર બિરાજે છે ત્યાં દર્શન કરવા જઈએ. શ્રીગોકુલનાથજીપ્રભુ આમ તો શ્રીગોકુલમાં બિરાજે છે. એમની લીલા શ્રીગિરિરાજ-ધારણની લીલા છે. ચતુર્ભુજ સ્વરૂપ છે. જમણા શ્રીહસ્તની અંગુલિથી ગિરિરાજ ધારણ કર્યો છે. બે હસ્તથી વેણુવાદન કરે છે. ડાબા શ્રીહસ્તમાં શંખ ધારણ કરીને એમાં ઈન્દ્રના વરસાદનું બધું જળ શોષી લે છે. વ્રજ રૂપી કમળ ઉપર આપ ઠાડા છે. બે બાજુએ શ્રીરાધિકાજી અને ચંદ્રાવલીજી બે સ્વામિનીજી છે. શ્રીરાધિકાજીના એક શ્રીહસ્તમાં ચમ્મર અને બીજા શ્રીહસ્તમાં વીણા છે. શ્રીચંદ્રાવલિજીના એક શ્રીહસ્તમાં ચમ્મર અને બીજા શ્રીહસ્તમાં છડી છે. બંને સ્વામિનીજીઓ પોતાના પ્રાણપ્રેષ્ઠના ગોવર્ધન ધારણ કરવાના શ્રમનું નિવારણ કરવા ચમર ઢોળે છે.

આવા શ્રીગોકુલનાથજી પ્રભુનો ગિરિરાજજીમાં ગોવર્ધનપૂજન કરવાનો પ્રથમ અધિકાર છે; કારણકે એ લીલાનું આ સ્વરૂપ છે. ગોવર્ધનપૂજન માટે દિવાળીના દિવસોમાં શ્રીગોકુલનાથજી પ્રભુ ગોકુલથી જતીપુરા પધારે છે. આ મંદિરમાં બિરાજે છે. શ્રીગોવર્ધનપૂજન કરે છે અને અન્નકૂટ આરોગે છે. અત્યારે તો શ્રીપ્રભુ અહીં બિરાજતા નથી પણ ભાવાત્મક રીતે તો સદા બિરાજમાન છે.

માટે મંદિરના ચોકમાં જઈ નિજમંદિરના દ્વાર પાસે શ્રીગોકુલનાથજી પ્રભુને આપણે દીનતાથી સાષ્ટાંગ દંડવત્ કરીએ. વિનંતિ કરીએ : 'હે પ્રભુ! આપે આ વ્રજવાસીઓના સાત પ્રકારના અન્યાશ્રય દૂર કર્યા છે. અમારા ઉપર પણ કૃપા કરીને અમારા અન્યાશ્રયો પણ દૂર કરીને અમને અનન્યતાનું દાન કરજો.'

ઈન્દ્રદમન વી. શાહ (ન્યૂ જર્સી)ના જયશ્રીકૃષ્ણ.

આજ મંદિરમાં ચતુર્થકુમાર શ્રીગોકુલેશપ્રભુનાં બેઠકજી બિરાજે છે. આવો ત્યાં દંડવત્ કરીએ. બેઠકજીના ઉંબરા ઉપર મસ્તક ટેકવીને સાષ્ટાંગ દંડવત્ કરીને એમની સ્તુતિ કરીએ.

વંદે શ્રીગોકુલાધીશં લીલા માનુષ વિગ્રહં ।
વ્રજાધીશં વિશ્વવિભું પાર્વતીપ્રાણવલ્લભમ્ ॥

શ્રીગોકુલેશ પ્રભુને વૈષ્ણવો સૌથી વધારે પ્રિય હતા. વૈષ્ણવ ઉપર અનન્ય ભાવ. વૈષ્ણવને જુએને એમનું હૈયું હરખાઈ જાય. દ્રવી જાય. વૈષ્ણવના અલૌકિક સ્વરૂપને સદા માણે. એકવાર એક વૈષ્ણવ દર્શન કરવા આવી ઊભા છે. પોતે સ્નાન કરીને સેવામાં પધારી રહ્યા છે. ઝડપથી ચાલે છે. ઉપરણાના બે છેડા હવામાં લહેરાય છે. એમાં એક છેડો પેલા વૈષ્ણવને અડી ગયો. આમ તો અપરસ છીવાઈ ગઈ. પણ આપ જરાય ક્રોધ કર્યા વિના કરુણામય નેત્રોથી વૈષ્ણવને પૂછે છે : 'અરે તું કોન હૈ?' વૈષ્ણવ ડરી ગયા. મારે કારણે મારા સ્વામીને શ્રમ થયો. ધ્રુજતાં ધ્રુજતાં હાથ જોડીને કહે છે : 'જે રાજ, વૈષ્ણવ છું' બીજી વાર પૂછયું. એ જ જવાબ. ત્રીજી વાર પૂછયું. એ જ જવાબ. આપ હસી પડ્યા, 'વૈષ્ણવથી મારી અપરસ નહિ છીવાય.'

શ્રીગોકુલેશ પ્રભુ કાશ્મીર પધાર્યા હતા. ત્યાં સખત ઠંડી. ૮૦ વર્ષનું વય, સ્નાન કરી વસ્ત્ર ધારણ કરતાં ખવાસને આજ્ઞા કરી, 'ગદલ લાઓ' ખવાસે હાથ જોડી કહ્યું : 'જે રાજ, ગદલ કાલે છીવાઈ ગયો છે. અપરસમાં ધરવા લાયક રહ્યો નથી.' આપે કરુણાભરેલી દૃષ્ટિથી આજ્ઞા કરી, 'યહાં આસપાસ કોઈ વૈષ્ણવ નહિ હૈ? જાઓ, ગદલકો વૈષ્ણવકો સ્પર્શ કરવા લાઓ. ગદલ શુદ્ધ હો જાયગો.'

વૈષ્ણવના સ્પર્શથી ગદલ શુદ્ધ થાય અને અપરસમાં પહેરવા લાયક બને એવો ભાવ શ્રીગોકુલેશપ્રભુને વૈષ્ણવમાં હતો.

આપ રોજ ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તા કરે. કરે એટલું જ નહિ પણ કોઈ કહે કે આજે સુબોધિનીજી ન વંચાયા. તો એમ કહે કે આજે તો

વાડાશિનોર વૈષ્ણવ સમાજ (વાડાશિનોર)ના જયશ્રીકૃષ્ણ.

સુબોધિનીજીનું ફળ મેં તમને કહ્યું. આવા વૈષ્ણવોમાં અનન્ય ભાવવાળા શ્રીગોકુલેશપ્રભુના ચરણારવિંદમાં દંડવત્ કરવા સિવાય આપણે બીજું શું કરી શકીશું? હાથ જોડીને એટલી વિનંતી કરીશું : 'હે પ્રભુ, આ સ્થળે ભલે આપ આપની મર્યાદા સાચવીને બિરાજો. આપના ચતુર્થ ઘરના સેવકોની સેવા અંગીકાર કરો પણ ક્યાંક તો આ વ્રજમાં અમારા પણ હાથ આપની સેવામાં પવિત્ર થાય એવી કૃપા કરજો. હે પ્રાણનાથ! આપનું બીજું નામ શ્રીવલ્લભ છે. અમે કોઈ જેવા તેવાના તો સેવક નથી. પ્રાણવલ્લભ શ્રીવલ્લભના સેવક છીએ. અમને તરછોડી ન દેશો. અમને પણ તમારા ગણજો.' આવી રીતે કાલાવાલા કરીને હવે આપણે આગળ વધીશું.

ગોવર્ધનગામની દિશામાં ભગવન્નામ લેતાં લેતાં આપણે આગળ વધી રહ્યા છીએ. જમણી બાજુ શ્રીગિરિરાજબાવાનાં દર્શન થઈ રહ્યા છે. પુરાણોમાં શ્રીગિરિરાજબાવાના સ્વરૂપનું, એમનાં અંગોનું બહુ સુંદર વર્ણન છે.

અહો ગોવર્ધનો સાક્ષાત્ ગિરિરાજો હરિપ્રિયઃ ।
તત્ સમાન ન તીર્થો હિ વિદ્યતે ભુતલે દિવીઃ ॥

પુરાણો કહે છે શ્રીહરિને પ્રિય, સાક્ષાત્ શ્રીગોવર્ધન ગિરિરાજ સમાન પૃથ્વી ઉપર કે સ્વર્ગમાં બીજું કોઈ તીર્થ નથી.

આવા શ્રીગિરિરાજબાવાનાં શ્રીઅંગોનું પણ સ્મરણ કરતાં કરતાં આપણે ચાલીએ.

માનસીગંગા એમનાં નેત્ર છે. ચંદ્રસરોવર નાસિકા છે. કૃષ્ણકુંડ દાઢી છે. ગોવિંદકુંડ અધર છે. રાધાકુંડ જીવ્હા છે. લલિતાકુંડ કપોલ છે. કુસુમસરોવર કપોલ છે. ગોપકુંડ કર્ણપ્રદેશ છે. વાજનીશીલા કંઠ છે. દ્રોણતીર્થ પીઠ છે. કોકિલાવન ઉદર છે. કદમખંડી હૃદય છે. ચીરઘાટ કમર છે. કંદૂકતીર્થ કૂખ છે. અપ્સરાકુંડ ચરણ છે. પૂછરી પૂચ્છ છે. સુરભીકુંડ હસ્ત છે. ઐરાવતકુંડ મન છે. અને શૃંગારશીલા એમના પ્રાણ-આત્મા છે.

આવા શ્રીગિરિરાજબાવાનાં સઘન નિકુંજોની વચ્ચેથી દર્શન થઈ રહ્યાં છે. શ્યામરક્ત વર્ણ છે. શ્યામ વર્ણ સ્નેહનો વર્ણ છે. અનુરાગનો વર્ણ છે. શ્રીગિરિરાજબાવાથી દૃષ્ટિ ક્યાંય આઘીપાછી કરશો નહિ; કારણ કે શ્રીઠાકોરજી કૃપા કરશે તો અહીંયા જ સખાઓની સાથે ખેલતાં દર્શન આપી દેશે.

એક વૈષ્ણવ (વાડાશિનોર)ના જયશ્રીકૃષ્ણ.

શ્રીઠાકોરજી ગિરિરાજજી ઉપર ચડતા હશે. સખાઓ પાછળ પકડવા દોડતા હશે. અરે ક્યાંક શ્રીરાધિકાજી છટકીને ઉપર દોડતાં હશે અને પ્રભુ પાછળ તેમને પકડવા દોડતા હશે. શ્રીરાધિકાજીનો ચરણારવિંદ પ્રભુના હાથમાં આવી ગયો. તેમાં ધરેલું નૂપુર પ્રભુએ સેરવી લીધું. આવી અનેક લીલાઓ ગિરિરાજજી ઉપર આપણા ઠાકોરજી કરી રહ્યા છે. દર્શન ન થાય તો ચિંતન કરતાં કરતાં તો ચાલીએ.

જાન અજાન વૃક્ષ પાસે આવી ગયાં છીએ. શ્રીગિરિરાજજીની સામે આપણા જમણા હાથે સુંદર મજાનો ચોતરો છે. એના ઉપર નજીક નજીક બે વૃક્ષો છે. બાજુમાં બીજાં બે વૃક્ષો એમ કુલ ચાર વૃક્ષો છે.

બે વૃક્ષો જાન વૃક્ષ અને બે વક્ષો અજાન વૃક્ષ. ચોતરા ઉપર ચઢવાનાં પગથીયાં છે. આવો ઉપર ચડીએ. એ વૃક્ષોને બે હાથ જોડી ભગવદ્સ્મરણ કરી દંડવત્ કરીએ. એને ભેટીએ; કારણ કે એ ભગવદીય છે. વનસ્પતયઃ વૈ વૈષ્ણવાઃ

અહીં એક સુંદર લીલા થઈ છે. રાસમાંથી પ્રભુ અંતર્ધ્યાન થયા છે. ગોપીજનો પ્રભુને શોધવા નીકળ્યા છે. સામે મળી જશે હોં ક્યાંક ગોપીજનો! કારણ કે ચંદ્રસરોવરથી આ સામેની દિશામાંથી જ ગોપીજનો પ્રભુને શોધવા પધારી રહ્યા છે. આ વૃક્ષો પાસે આવ્યાં છે. ક્યાંય શ્રીઠાકોરજીનો અણસાર મળ્યો નથી. બહુ ખેદ છે. આંખોમાં વિયોગનાં આંસુ છે. મન ઉદાસ છે. શ્વાસમાંથી ઊનાં ઊનાં નિશ્વાસ નીકળે છે.

આ વૃક્ષો પાસે ગોપીજનો અટકી ગયાં. એક સખી કહે છે: 'બેન, આ વૃક્ષોને જરૂર શ્રીઠાકોરજીનાં દર્શન થયાં હશે. તેઓ પૂર્વજન્મના ઋષિઓ છે. સુકૃત કર્યાં તો આ વ્રજમાં એમને વૃક્ષરૂપ મળ્યું છે. અહીં પણ એક પગે ઊભાં રહીને પ્રભુનાં દર્શન માટે તપ કરે છે. શ્રીઠાકોરજીની સેવા કરે છે. એમની શીતળ છાયામાં શ્રીઠાકોરજીને વિશ્રામ કરાવે છે. પોતાની ડાળીઓ હલાવી ઠંડો પવન ઢોળે છે. શ્રીઠાકોરજી એ વૃક્ષો ઉપર ચડીને ખેલે છે. તેથી તેઓ શ્રીઠાકોરજીના ચરણકમળોથી અંકિત થયેલાં છે. આપણે એમને પૂછીએ. બેન, ભગવદીયો બહુ દયાળુ હોય છે. એ જરૂર બતાવશે. છુપાવશે નહિ.'

ગોપીજનોએ પૂછ્યું: 'હે વૃક્ષરાજ, આપે શ્યામસુંદરને જોયા છે? અહીં થઈને તેઓ પધાર્યા છે? સાથે કોઈ સખી હતી?'

સુશીલા પટેલ (યુ.એસ.એ.)ના જયશ્રીકૃષ્ણ.

જાનવૃક્ષોએ હકારમાં મસ્તક ધૂણાવીને એમની ભાષામાં કહ્યું: 'હા, અમે દર્શન કર્યાં છે. અહીંથી પધાર્યા છે.'

અજાન વૃક્ષોએ નકારમાં મસ્તક ધૂણાવીને ના કહી: 'અમને દર્શન નથી થયાં.'

શ્રીમહાપ્રભુજી સુબોધિનીજીમાં સમજાવે છે. બધો સમૂહ બેઠો હોય અને શ્રીઠાકોરજી પ્રગટ થાય તો બધાંને દર્શન થાય એવી કોઈ ખાત્રી નહિ. જેને દર્શન આપવાં હોય એને આપે અને ન આપવાં હોય એને ન પણ આપે.

આપણે એ વૃક્ષોને પૂછીએ: 'વૃક્ષરાજ, અમે અમારા શ્યામસુંદરને શોધવા નીકળ્યાં છીએ. એ કયાં બિરાજતા હશે એ બતાવશો?'

જાનઅજાન વૃક્ષો મૌન છે. નથી માથું હામાં ધૂણાવતાં નથી ના માં. સમજી લેવાનું કે એ ભગવદીયો કહે છે કે હજી આપણને અધિકાર મળ્યો નથી.

એ વૃક્ષો મૌનથી સમજાવે છે: પ્રભુના દર્શનનો અધિકાર મેળવીને આવો. વાણીથી સર્વસ્વ સમર્પણ કરવાની પ્રતિજ્ઞા તો કરી પણ હજી એને કાયાથી સિદ્ધ કરી નથી. અસમર્પિત જીવન જીવવાનું છોડીને સમર્પિત જીવન જીવવાનું કરીને આવો. પછી કહીશું કે શ્રીઠાકોરજી કયાં બિરાજે છે.

આ ભગવદીયોની આજ્ઞાને માથે ચડાવીએ. આગળ વધીએ. બરોબર સામી દિશામાં, ડાબે હાથે થોડે દૂર, પરિક્રમાનો માર્ગ છોડીને જવાનું છે. પોણા કિ.મીનું અંતર છે. ત્યાં બિલછુ કુંડ છે. બિલછુ વન છે.

અહીં જલવિહાર કરતાં શ્રીસ્વામિનીજીના ચરણારવિંદનો બિલછુ(વિંછીયો) ખોવાઈ ગયેલો. શ્રીઠાકોરજીએ તે શોધી આપેલો; માટે આ કુંડનું નામ બિલછું કુંડ પડ્યું છે. આ લીલાનું ચિંતન કરતાં કરતાં આપણે આ કુંડના જળનું આચમન કરી મસ્તકે ચડાવીશું.

અહીં શ્યામતમાલના વૃક્ષ નીચે અધિકારીજી કૃષ્ણદાસજી રહેતા હતા. અહીં તેમને શ્રીનાથજીની જે અલૌકિક લીલાનાં દર્શન થાય તેના પદ રચતા હતા. અહીં શ્રીગિરિરાજજીનું પ્રથમ દ્વાર છે. એના મુખીયા કૃષ્ણદાસજી છે. અહીં આપણે એમનું સ્મરણ કરીએ અને એમને દંડવત્ કરીએ.

વિમળાબેન રવજીભાઈ પટેલ (યુ.એસ.એ.)ના જયશ્રીકૃષ્ણ.

અહીં શ્રીજીબાવાની એક બીજી લીલાનું પણ સ્મરણ થાય છે. શ્રીજીબાવા રોજ અહીં ખેલવા પધારે ત્યારે એક ચહૂડો એટલે કે ભંગી સફાઈનું કામ કરતો હોય. શ્રીજીબાવાએ એના ઉપર કૃપા કરી. એની સાથે ખેલે અને વાતો કરે. એક દિવસ એને આમંત્રણ આપ્યું: 'તું મારા મંદિરે મારા દર્શન કરવા આવજેને! કેમ નથી આવતો?

ચહૂડો કહે: 'મહારાજ, મને કોણ પેસવા દે? હું તો શૂદ્ર છું.' શ્રીજીબાવાએ શ્રીગુંસાઈજીને આજ્ઞા કરી: 'આ ચહૂડાને મંદિરમાં આવવા દેજો.' શ્રીગુંસાઈજીએ વ્યવસ્થા કરી. રાજભોગનાં દર્શન ખૂલે એ પહેલાં એને એકલાને દર્શન કરાવતા.

કૃષ્ણદાસજી એ વખતે શ્રીજીબાવાના મંદિરના અધિકારી હતા. તેમને આ વાતની ખબર પડી; એટલે એમણે દર્શન બંધ કરાવી દીધાં. શ્રીઠાકોરજી આ ચહૂડા વિના રહી નથી શકતા. નિજમંદિરમાં એક બારી હતી. બિલછુ કુંડ એ બારીમાંથી દેખાતો. શ્રીજીબાવા એ બારીમાંથી ચહૂડાને દર્શન આપતા. જુઓ, ભગવાનનો ભક્ત તરફનો નિરોધ. આ બિલછુ કુંડ એ નિરોધ બતાવે છે.

અહીં શ્રીજીબાવાએ એક બીજી લીલા કરી છે. શ્રીગુંસાઈજીને ત્યાં આન્યોરનો એક વ્રજવાસી બ્રાહ્મણ જલઘરાની સેવા કરે. એને નાનો દીકરો. મા વિનાનો- અબુધ-બહુ ભોળો- બધાં એની બહુ મશ્કરી કરે. પિતા સેવામાં હોય. છોકરો એકલો ત્યાં રમ્યા કરે.

શ્રીગુંસાઈજી બેઠકમાં બિરાજે ત્યારે એય ત્યાં આવીને બેસી જાય. શ્રીગુંસાઈજી એની સાથે હસીમજાકની વાતો કરીને એને ખીલવે.

એ રોજ જોયા કરે કે વૈષ્ણવો શ્રીગુંસાઈજી પાસે આવે છે. એમને શ્રીગુંસાઈજી ઠાકોરજી પધરાવી આપે છે. વૈષ્ણવો પૂછે છે: 'અમારા ઠાકોરજીનું નામ શું?'

શ્રીગુંસાઈજી દરેકને એમના ઠાકોરજીનું નામ કહે છે. આપણે આપણા ઠાકોરજીનું નામ પાડીએ છીએને? ન પાડયું હોય તો પાડી લેજો હોં, નહિ તો ક્યા નામથી બોલાવશો? શ્રીજીબાવા તો જગવિખ્યાત નામ છે પણ આપણું કોઈ પર્સનલ નામ તો જોઈએને? દીકરાનું દુનિયામાં પ્રસિદ્ધ નામ હોય પણ એનું ઘરનું લાડનું નામ પણ હોય! પતિનું પણ એવું હશે!

શિવાની અને પ્રિયા પટેલ (યુ.એસ.એ.)ના જયશ્રીકૃષ્ણ.

તો તમારા ઠાકોરજીનું તમારું કોઈ પર્સનલ નામ છે? જે નામથી તમે શ્રીઠાકોરજીને બોલાવો. એમની સાથે વાતો કરો. પણ આપણને તો શ્રીઠાકોરજી સાથે વાતો કરવાનો ટાઈમ જ ક્યાં છે!

એક દિવસ આ ભોળા વ્રજવાસીને થયું કે શ્રીગુંસાઈજી બધાંને ઠાકોરજી પધરાવી આપે છે. નામ પાડી આપે છે પણ મને તો કોઈ દિવસ કંઈ કહેતા નથી. એનાથી રહેવાયું નહિ. એણે શ્રીગુંસાઈજીને પૂછયું: 'મહારાજ, મેરે ઠાકોરકો કહા નામ?'

શ્રીગુંસાઈજીએ ધ્યાન ન આપ્યું. વૈષ્ણવો સાથે વાત કરતા રહ્યા, એમને લાગ્યું કે આ તો બાળકબુદ્ધિથી પૂછે છે. જવાબ ન આપ્યો.

આ વ્રજવાસીને તો એમ કે શ્રીગુંસાઈજી મારા મિત્ર છે. ગાદી પાસે જઈને આપના સાથળ ઉપર હાથ દબાવી, ચરણારવિંદ હલાવીને પૂછયું: 'મહારાજ મેરે ઠાકુરકો નામ તો બતાઓ.'

શ્રીગુંસાઈજીએ એને દૂર જવા આજ્ઞા કરી: 'પરે, પરે' એટલે આઘો રહે, આઘો રહે.

પણ આ બાળકે તો માની લીધું કે મેરે ઠાકોરજીકો નામ 'પરે' બસ, એને તો એટલું જ જોઈતું હતું. શ્રીગુંસાઈજીના શબ્દોમાં ભરપૂર શ્રદ્ધા હતી. એ તો મંદિરમાં દોડયો અને બધાંને કહી વળ્યો: 'મેરે ઠાકુરકો નામ પરે.'

ગયો ભંડારી પાસે જઈને કહે છે: 'આજથી તારે મને બે સીધાં આપવાનાં. રોજ એક આપે છે ને રસોઈ માટે, પણ આજથી બે આપજે.'

ભંડારીએ મશ્કરી પણ કરી હશે: 'અલ્યા, પરણીને આવ્યો કે શું? લુગાઈ લાયો કયા?'

'મેરે ઠાકુરકો નામ શ્રીગુંસાઈજીને દીયો હૈ 'પરે'. એક મેરે લીયે ઔર દૂસરો પરેકે લીયે.'

શ્રીગુંસાઈજીના દરબારમાં શું ખોટ હોય? ભંડારીએ કહ્યું: 'લઈ જા ભઈ બે સીધાં બસ!'

આ વ્રજવાસી છોકરો બે સીધાં લઈ બિલછુ કુંડ ઉપર પહોંચ્યો. રોજ તો એમને એમ રસોઈ બનાવી લેતો. આજે એને થયું કે મારો પરે આરોગવાનો છે. રસોઈ બનાવતાં પહેલાં નહાવું પડશે.

પ્રતિમા એ. પટેલ (યુ.કે.) ના જયશ્રીકૃષ્ણ.

જુઓ આવી સમજ આપણામાં આવી જાય તે તો આપણે પણ નાહ્યા વિના રસોડામાં ન જઈએ.

બિલછુ કુંડમાં ડૂબકી મારી લીધી, એના એ ભીનાં કપડાં પહેરી રાખ્યાં. પવનથી સૂકાઈ જશે.

બનાવવામાં તો હતી દાળ અને બાટી. બની ગઈ. બે પતરાળાં અને બે પડિયા લીધાં. બંનેમાં સરખે સરખું પીરસ્યું. પછી ઊભો થઈને મંદિરની ધજા સામે જોઈને બૂમ પાડે છે. 'અરે ભૈયા પરે, બેગી આઈઓ, બેગી આઈઓ યે પત્તલ સીરી વ્હે જાત હૈ- પાતળ ઠંડી થઈ રહી છે- જલ્દી આવી જા પરે. જલ્દી આવી જા.'

બહુ બૂમો પાડી, પણ પરે કંઈ પધાર્યા નહિ. આ વ્રજવાસી તો ચિડાયો. સખ્ય ભકિત છે ને?

ઊઠાવી બે પાતળ અને બૂમ પાડી: 'અરે ભૈયા પરે, તું નહિ આયો તો યે દોનો પત્તલ કુંડમેં ડાલ દેઉંગો ઔર યે બ્રાહ્મણકા છોરા ભૂખે મર જાયગો તો પાપ તેરો.'

શ્રીજીબાવા તરત નાના સાત વર્ષના વ્રજવાસીનું સ્વરૂપ લઈને ત્યાં પ્રગટ થઈ ગયા: 'અરે ભૈયા, મૈં આયો, મૈં આયો. પત્તલ ધર દે.'

વ્રજવાસી કહે છે : 'જોઈ લે, બે પાતળમાં એકસરખું પીરસ્યું છે. તારે જે જોઈએ તે લે પછી ફરી નહિ મળે.'

બંને સાથે બેઠા. હસીમજાક કરતાં કરતાં આરોગ્યા. પછી શ્રીઠાકોરજી પાછા પધારવા લાગ્યા. વ્રજવાસી પૂછે છે; 'ભૈયા પરે, કલ આયેગો?'

શ્રીજીબાવા કહે છે: 'હા ભૈયા, કલ તો એક હી બૂમ પર આ જાઉંગો.'

રોજ શ્રીજીબાવા પરે બનીને આ વ્રજવાસીની દાળબાટી આરોગવા બિલછુ કુંડ ઉપર પધારતા એ આ સ્થળ છે.

આપણે અહીં શ્રીઠાકોરજીને દાળબાટી આરોગાવવી છે? તો બનાવવા માંડો. બિલછુ કુંડમાં ડૂબકી મારી દો. સરસ મજાની દાળબાટી બનાવી દો. પાતળ પીરસી દો. પ્રેમથી બૂમ પાડો. 'અરે ભૈયા પરે, બેગી આઈઓ.'

શ્રીઠાકોરજી જરૂર પધારશે. આપણી દાળબાટી આરોગશે. આવા બિલછુ કુંડની લીલાનું સ્મરણ કરીને હવે આપણે ગોવર્ધન ગામ તરફ જઈશું.

ગં.સ્વ. દમયંતીબેન દામોદરદાસ રામૈયા (મુંબઇ)ના જયશ્રીકૃષ્ણ.

આપણે ગોવર્ધન ગામ તરફ જઈ રહ્યા છીએ. ભગવન્નામ લેતાં લેતાં જઈએ છીએ. ગોવર્ધન ગામનું ગોંદરું આવી ગયું. આપણને ખબર પણ ન પડી. જુઓ, અહીંથી એક રસ્તો ડાબે હાથે જાય છે. એ રસ્તો નવકોશી પરિક્રમાનો છે. બીજો જમણા હાથે જાય છે. આપણે ડાબા હાથ તરફના રસ્તે જવું છે. આ રસ્તે જતાં ઉદ્ધવકુંડ અને રાધાકુંડ આવે છે.

ગિરિરાજધરણ શ્રીજી તિહારે શરણ
શ્રીજી તિહારે શરણ, શ્રીજી તિહારે શરણ
રાધે તિહારે શરણ, રાધે તિહારે શરણ
ગિરિરાજધરણ શ્રીજી તિહારે શરણ.

ઉદ્ધવકુંડ આવી ગયો. લાલ પથ્થરોથી કલાત્મક રીતે બાંધેલો સુંદર કુંડ છે. અહીં ઉદ્ધવનારાયણ ભગવાનનું મંદિર છે. ઉદ્ધવજીનું મંદિર છે. ઉદ્ધવજી અહીં બિરાજે છે.

આપણે પહેલાં ઉદ્ધવનારાયણ ભગવાનને અને પછી ઉદ્ધવજીને વંદન કરીએ. વ્રજમાં જેટલાં દેવી-દેવતાનાં મંદિર આવે એ સૌને વંદન કરવા. એમાં અન્યાશ્રય નહિ થાય.

ઉદ્ધવજીનાં ચરણોમાં મસ્તક ટેકવીને ઉદ્ધવજીએ વ્રજભક્તોની જે સ્તુતિ કરી છે તે સ્તુતિ આપણે કરીએ.

વંદે નંદ વ્રજસ્રીણાં પાદરેણું અભિક્ષ્ણશઃ ।
યાસાં હરિ કથોદ્ ગીતં પુનાતિ ભુવનત્રયં ॥

ઉદ્ધવજી વ્રજમાં આવ્યા. જ્ઞાનનું અભિમાન લઈને આવ્યા. વ્રજની વ્રજવનિતાઓએ એમનું જ્ઞાનનું અભિમાન ચૂર ચૂર કરી નાખ્યું. એમને પ્રેમલક્ષણા ભક્તિની દીક્ષા આપી દીધી.

પાછા જતાં ઉદ્ધવજીએ ગોપીજનોની ચરણરજ માથે ચડાવીને વિનંતી કરતાં કહ્યું: ''તમે મારાં ગુરુ થયાં. તમારી પાસે એટલું જ માગું છું કે હવે પછીનો મારો બીજો જન્મ જ્યાં તમારા ચરણની રજ સદા બિરાજમાન છે એવા આ વ્રજમાં ગુલ્મ એટલે નાના છોડ, લતા એટલે વેલ અને ઔષધિ એટલે અનાજના થોડા મોટા છોડ એવી ગુલ્મ લતા ઔષધિ રૂપે થાય. હું સદા વ્રજમાં રહું અને તમારા ચરણની રજ મારા ઉપર સદાય ઊડતી રહે.

દીપિકાબેન રજતકુમાર પટેલ (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

આજે પણ આ વિસ્તારમાં ઉદ્ધવજી વનસ્પતિ સ્વરૂપે સદા બિરાજે છે. ભક્તોની ચરણરજથી પ્રસન્ન બને છે. એમના અલૌકિક સ્વરૂપથી શ્રીકૃષ્ણનું નામસંકીર્તન કરે છે.

ભગવાનના પરમસખા, મંત્રી અને ગોપીજનો પાસેથી પ્રેમલક્ષણા ભક્તિના પાઠ શીખેલા, શ્રીભાગવતજીએ જેમને હરિદાસવર્ય કહ્યા છે એવા મહાભાગવત, પરમભક્ત ઉદ્ધવજીને આપણે વંદન કરીએ.

અહીં બેસીને આપણે ઉદ્ધવગીત અને ભ્રમરગીત ગાઈએ. એ લીલાનું ચિંતન કરીને ઉદ્ધવકુંડના જલનું પાન આચમન કરીએ.

જતાં જતાં ઉદ્ધવજીને વિનંતી કરતા જઈએ: 'આપને ગોપીજનોએ આપેલી પ્રેમલક્ષણા ભક્તિના થોડાક અંશનું અમને પણ દાન કરજો.'

ઉદ્ધવકુંડ પછી રાધાકુંડ આવે. ગામનું નામ રાધાકુંડ. અહીં બે કુંડ બહુ વિખ્યાત છે. એકબીજાને અડીઅડીને છે. જુઓ, દર્શન કરો. આ રાધાકુંડ છે. બીલકુલ બાજુમાં કૃષ્ણકુંડ છે. રાધાકુંડ સરસ લંબચોરસ છે, રાધાજીના જેવો. કૃષ્ણકુંડ વાંકોચૂંકો છે, કૃષ્ણજી જેવો. 'ગિરિધર સબહી અંગકો બાંકો.'

બન્યું એવું કે એક દિવસ શ્રીઠાકોરજી અને શ્રીરાધિકાજી અહીં પધાર્યા. બિરાજ્યા. પ્રેમથી વાતો ચાલતી હતી. વાતો કરતાં કરતાં રમતરમતમાં શ્રીઠાકોરજીએ એમની વેણુથી ભૂમિ ખોદી અને કુંડ બની ગયો તે કૃષ્ણકુંડ.

શ્રીરાધિકાજી હસ્યાં : 'આપ ભી બાંકે બિહારી ઔર આપકા કુંડ ભી બાંકા'. શ્રીઠાકોરજીએ કહ્યું : 'આપ સૂધે હો તો બનાઈએ સૂધાકુંડ.'

સૂધા એટલી સીધો. શ્રીરાધિકાજીએ પોતાના અંગૂઠાના નખથી કુંડ ખોદ્યો. સરસ સમચોરસ વિશાળ કુંડ બની ગયો. શ્રીઠાકોરજીએ બે કાન પકડીને કહ્યું : 'માન ગયે!'

કુંડ ઉપરથી બે જુદા દેખાય છે પણ ભીતરથી જલ્ એક છે. વચ્ચે કોઈ દીવાલ નથી. જેમ બહારથી 'વપુ દો' શ્રીઠાકોરજી જુદા અને શ્રીસ્વામિનીજી જુદા પણ 'પ્રાણ એક' તેમ ભીતરથી તો બંને એક જ છે. અંદર રત્નજડિત સુંદર નિકુંજ છે. એમાં યુગલસ્વરૂપ બિરાજે છે.

આવા આ રાધાકૃષ્ણકુંડને કિનારે ઘડીક ઊભાં રહીને એનાં દર્શન કરીએ. મસ્તક નમાવીએ. બંને કુંડના જલનું પાન, આચમન કરીએ.

ગો.વા. નટવરલાલ માધવલાલ શાહ (બાલસણા, હાલ : મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

આ ગામમાં આ કુંડોની ચોમેર, થોડે થોડે અંતરે અષ્ટ સખીઓનાં આઠ કુંડ હતા. આજે તો એ બધાં લુપ્ત થઈ ગયા છે. નામશેષ થઈ ગયા છે પણ એમાંનો એક લલિતા કુંડ છે. ત્યાં જઈ લલિતાજીને દંડવત્ કરીએ. કુંડના જલનું પાન અને આચમન કરીએ.

રાધાકુંડ ઉપર શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી છે. ત્યાં આપણે શ્રીમહાપ્રભુજીને સન્મુખ થવા જઈશું. અપરસમાં જ છીએ એટલે ફરી સ્નાન કરવાની જરૂર નથી.

અંદર જતાં જમણા હાથે બરોબર કુંડના પગથિયાં ઉપર શ્રીમહાપ્રભુજીનાં સંધ્યાવંદનનાં બેઠકજી છે. પ્રાતઃકાળનો સમય છે. આજ્ઞા માગીએ કે અમારે આવવામાં તો વિલંબ થયો છે પણ કૃપા કરો તો કેસરસ્નાન કરાવવાં છે.

શ્રીમહાપ્રભુજીએ બંને ચરણકમળ આગળ ધર્યા છે. સુંદર મેઘશ્યામવર્ણના કમળ જેવાં આરંક્ત, ૧૫ ચરણ-ચિન્હોથી શોભતા સુકોમળ એ ચરણારવિંદ છે.

હૂંફાળું કેસરમિશ્રિત જળ, બરાસ વગેરે પધરાવીને લાવ્યાં છીએ. શ્રીમહાપ્રભુજીને કેસરસ્નાન કરાવીએ. કોમળ અંગવસ્ત્રથી ચરણારવિંદ પોંછીએ.

વિનંતી કરીએ : કૃપાનાથ, આપ તો ભક્તોના મનોરથપૂરક છો. રોજ તો આપ સફેદ, સુતરાઉ ધોતી ઉપરણો ધારણ કરો છો પણ આજે ઉત્સવનો દિવસ છે. વામનજયંતી છે. કેસરી રંગના રેશમી ધોતી-ઉપરણો લાવ્યાં છીએ. આપ અંગીકાર કરવાની કૃપા કરો.

ધોતીઉપરણો ધરીએ. અત્તર સમર્પીએ. પુષ્પમાળા ધરીએ. ઝારીજી ભરીએ. સાથે લાવેલી સામગ્રીનો ભોગ ધરીએ.

ચરણસ્પર્શ કરી દમલાજી અને ભગવદીઓની કાનીથી આરોગવાની વિનંતી કરીએ. દંડવત્ કરી બહાર આવી દ્વાર આડું કરીએ.

ડાબી બાજુ બીજાં ત્રણ બેઠકજીનું સ્થાન છે. શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી અને શ્રીગોકુલનાથજી બિરાજે છે. ત્રણ પેઢી અહીં એક સાથે બિરાજે છે.

આવો, ત્રણે સ્વરૂપોની રંચક ટહેલ કરીએ. કેસર-સ્નાન કરાવી, ધોતી ઉપરણો ધરીએ. અત્તર સમર્પીએ, તીલક કરીએ. માળાજી ધરી ઝારીજી

ગં.સ્વ. મંજુલાબેન ખેરાજભાઈ કોટેચા (જામરાવલ)ના જયશ્રીકૃષ્ણ.

ભરીએ અને ચરણસ્પર્શ કરીએ. ભોગ ધરીએ. બહાર બેસીને ત્રણે સ્વરૂપોની સ્તુતિ કરીએ.

નિઃસાધન જનોદ્ધાર કરણ પ્રગટીકૃતઃ ।
ગોકુલેશ સ્વરૂપ શ્રીવલ્લભઃ શરણં મમ ॥
મુકં કરોતિ વાચાલં પંગું લંઘયતે ગિરિમ્ ।
યત્કૃપા તમહં વંદે શ્રીમદ્ વલ્લભનંદનમ્ ॥
વંદે શ્રીગોકુલાધીશં લીલામાનુષ વિગ્રહમ્ ।
વ્રજાધીપં વિશ્વવિભું પાર્વતી પ્રાણવલ્લભમ્ ॥

અહીં શ્રીમહાપ્રભુજીએ બિરાજી ભાગવતજીનું પારાયણ કર્યું છે.

એક દિવસ સવારે એમના સેવકો ઊઠ્યા ત્યારે જોયું કે શ્રીમહાપ્રભુજી એમની પથારીમાં પોઢેલા નથી. સૌને ચિંતા થઈ. ચારે બાજુ તપાસ કરી. ક્યાંય દર્શન થતાં નથી. ત્રણ દિવસ આમ વીત્યા. ચોથા દિવસે આપશ્રી શ્રીગિરિરાજજી ઉપરથી પધાર્યા. આપે કહ્યું : 'મને શ્રીઠાકોરજીએ શ્રીગિરિરાજજી ઉપર બોલાવ્યો હતો માટે ત્યાં ગયો હતો.'

એમના સેવકોએ કહ્યું : 'મહારાજ, અમને પણ શ્રીગિરિરાજજીના શિખર ઉપર શ્રીયુગલસ્વરૂપનાં દર્શન ન કરાવો?' શ્રીમહાપ્રભુજીએ એમને દર્શન કરાવ્યાં. આપણે પણ વિનંતી કરીએ. કૃપા હશે તો થઈ જશે.

શ્રીગુસાંઈજીએ પણ અહીં બિરાજી શ્રીભાગવતનું પારાયણ કર્યું છે.

એક દિવસ શ્રીકૃષ્ણચૈતન્યના એક સેવક આવ્યા. એમણે શ્રીગુસાંઈજીને પૂછ્યું: 'શ્રીરાધિકાજીને આપ સ્વકીયા ગણો છો કે પરકીયા?'

સ્વકીયા એટલે જેમની સાથે શ્રીઠાકોરજીનું લગ્ન થયું હોય તે. પરકીયા એટલે જેમની સાથે લગ્ન ન થયું હોય પણ શ્રીઠાકોરજી એમને પ્રિયતમા માનતા હોય તે.

શ્રીગુસાંઈજીએ કહ્યું : 'અમારાં શ્રીરાધિકાજી સ્વકીયા છે.'

'તેનું પ્રમાણ શું?'

'શ્રીરાધિકાજીને જ પૂછીએ.' શ્રીગુસાંઈજીએ કહ્યું.

આપશ્રીએ એક કોરો કાગળ રાધાકુંડના જળ ઉપર પધરાવ્યો. આમ તો કાગળ જળમાં તરે પરંતુ આ કાગળ તો જળની અંદર ઉતરી ગયો. થોડા

જીનલ પારેખ, રેખા પારેખ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

સમયમાં પાછો બહાર આવ્યો. તેના ઉપર સુંદર અક્ષરોમાં શ્રીરાધિકાજીએ લખ્યું હતું : 'હું સ્વકીયા છું.'

આ લીલા અહીં થયેલી.

શ્રીગોકુલનાથજીએ પણ અહીં વૈષ્ણવોને અલૌકિક લાભ આપેલો. આ બધાં બેઠકજીએ દંડવત્ કરીએ. પ્રભુને સામગ્રી ધરી છે. ભલે, જે કોઈ વ્રજવાસી આવશે તે સરાવી લેશે. આપણે તે લેવા રોકાવું નથી.

આપણે કુસુમસરોવર તરફ જઈ રહ્યાં છીએ. નજીકમાં જ છે. લો આ આવી ગયું. બહુ સુંદર સરોવર છે. એની બાંધણી ભવ્ય છે.

ભરતપુરના રાજા વ્રજેન્દ્રસિંહ મોગલ લશ્કરને હરાવીને, મોગલોનો ખજાનો લૂંટીને પાછા આવ્યા ત્યારે એમની માતાની આજ્ઞાથી એ બધું દ્રવ્ય એમણે વ્રજપ્રદેશના જીર્ણોદ્ધારમાં વાપરેલું. કુસુમસરોવર ઉપર સુંદર છત્રીમહેલ બનાવેલો. સમય હોય તો અંદર જઈને જોઈ આવવા જેવો છે.

આપણે આ કુસુમ સરોવરને કાંઠે બેસીએ. જલનું પાન-આચમન કરીએ. અહીંની પ્રભુની બે લીલાઓનું ચિંતન કરીએ.

રાસમાંથી પ્રભુ અંતર્ધ્યાન થયા ત્યારે રાધાસહચરીજીને અભિમાન નહોતું થયું, તેથી એમને સાથે લઈને અંતર્ધાન થયા હતા. એ યુગલ સ્વરૂપ ચંદ્રસરોવર આદિ વૃંદાવનથી અહીં કુસુમસરોવર પધાર્યાં હતાં. નામ પ્રમાણે અહીં ચારે બાજુ પુષ્પોનું વન હતું રમણીય સ્થાન જોઈને બંને સ્વરૂપ અહીં બિરાજ્યા.

શ્રીઠાકોરજીએ રાધાસહચરીજીના કેશમાં પુષ્પોની વેણી ગૂંથી. પુષ્પના શૃંગાર કર્યા. શ્રીઠાકોરજીએ પોતાને શૃંગાર કર્યા તેથી શ્રીરાધાસહચરીજીને અભિમાન થયું. 'જોયું, મને એકલીને લઈને શ્રીઠાકોરજી પધાર્યા. મારા સમાન બીજી કોઈ છે?'

શ્રીઠાકોરજી મનમાં કહે: 'હવે તું ય મારા કામથી ગઈ.' જેને અભિમાન આવે એને પ્રભુ કેવો દંડ આપે છે તે હવે જોઈએ.

બંને સ્વરૂપ આગળ પધાર્યાં. શ્રીરાધાસહચરીજીથી બોલાઈ ગયું: 'મહારાજ, હવે હું થાકી ગઈ છું. મારાથી ચલાતું નથી.'

સુભાષ પારેખ, રીટા પારેખ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

શ્રીઠાકોરજી કહે: 'હવે શું કરીશું?'

'મને ખભા ઉપર તેડી લો ને!' શ્રીરાધાસહચરીજીએ કહ્યું. આપણે પણ શ્રીઠાકોરજીને આવો જ શ્રમ આપીએ છીએ હોં. 'મારું આટલું કામ કરી દોને!'

શ્રીઠાકોરજીએ કહ્યું: 'ભલે એમાં શું છે! ચાલો તેડી લઉં.' મનમાં કહે છે: આખા જગતનો ભાર માથે ઊંચકીને ફરું છું ને!'

પ્રભુએ રાધાસહચરીજીને ખભે બેસાડ્યાં કહે છે : 'તમે જરા પેલા વૃક્ષની ડાળી પકડી લો. બરોબર બેલેન્સ રહે. પકડાઈ જાય એટલે કહેજો હું આગળ ચાલીશ.'

રાધાસહચરીજીએ ડાળી બરોબર પકડી લીધી. શ્રીઠાકોરજી પૂછે છે : 'બરાબર પકડી છે ને?' કહે છે: 'હા બરાબર પકડી છે.'

તરત શ્રીઠાકોરજી નીચેથી સરકી ગયા. શ્રીરાધાસહચરીજી બૂમો પાડે છે: 'પ્રભુ કયાં છો? ક્યાં ગયા? મને એકલી મૂકીને કેમ જતા રહ્યા?'

પણ કોણ જવાબ આપે?

આપણે પણ જ્યારે શ્રીઠાકોરજીના ખભે બેસવા જઈએને ત્યારે આપણને પણ આવી કોઈ ડાળ ઉપર લટકતાં મૂકી શ્રીઠાકોરજી સરકી જાય છે.

આ કુસુમ સરોવર ઉપર બીજી પણ એક લીલા થઈ છે. ભગવાન શ્રીકૃષ્ણ પ્રભાસપાટણમાં નિત્યલીલામાં પધાર્યા. એમના અષ્ટપટરાણીઓ પણ એમની સાથે સદેહે લીલામાં પધાર્યાં. પાછળ રહી ગયાં ભગવાનનાં એક હજાર રાણીઓ અને ભગવાનના પ્રપૌત્ર વજ્રનાભજી.

વજ્રનાભજીને યુધિષ્ઠિરે મથુરાના રાજા તરીકે રાજતિલક કર્યું. ભગવાનનાં એક હજાર રાણીઓને, એમના દાદીમાઓને લઈને વજ્રનાભજી મથુરા આવ્યા.

પરીક્ષિતના માર્ગદર્શનથી યાત્રા કરવા નીકળ્યા. યાત્રા કરતાં કરતાં અહીં કુસુમસરોવર ઉપર આવ્યાં. અહીં તેમને ઉદ્ધવજીનો ભેટો થયો. કૃષ્ણવિયોગથી બધાં બહુ દુ:ખી હતાં. ઉદ્ધવજીએ તેમને સાંત્વન આપતાં કહ્યું: 'મને ભગવાન શ્રીકૃષ્ણે આજ્ઞા કરી છે કે એમણે પોતાનું તેજ

શ્રી અને શ્રીમતી ચુનીલાલ ચાવલા (થાણા)ના જયશ્રીકૃષ્ણ.

શ્રીભાગવતજીમાં પધરાવ્યું છે. માટે હું તમને શ્રીભાગવતની કથા કહીશ. તમે સૌ અહીં બેસો.

ઉદ્ધવજીએ વજ્રનાભજી અને ભગવાનનાં રાણીઓને અહીં આ સ્થાનમાં ૬ મહિના સુધી શ્રીમદ્ ભાગવતની કથા સંભળાવી.

તે સમયે નારદજી પણ અહીં આવ્યા છે. કથા સાંભળતા આનંદ વિભોર થઈને નારદજીએ અહીં નૃત્ય કર્યું છે.

પછીતો નારદજી સદાય વ્રજમાં રહી ગયા. નારદજીનું સ્થાન એટલે ત્યાં સામે જ આવેલો નારદકુંડ.

અહીં છ મહિના સુધી ભગવદ્ નામ સંકીર્તનનો બહુ મોટો મહોત્સવ થયો છે માટે આવો, આપણે પણ અહીં બેસી થોડું ભગવન્નામ લઈએ.

જુઓ, નારદજી ગાઈ રહ્યા છે. ગવડાવી રહ્યા છે. ઉદ્ધવજી, ભગવાનનાં રાણીઓ વગેરે સૌ નાચતાં કૂદતાં ભગવાનનું નામસ્મરણ કરી રહ્યાં છે.

ગિરિરાજધરણ શ્રીજી તિહારે શરણ
શ્રીજી તિહારે શરણ શ્રીજી તિહારે શરણ
ગિરિરાજધરણ શ્રીજી તિહારે શરણ.

હવે આપણે જવું છે ગોવર્ધનગામ. કુસુમસરોવરથી ગોવર્ધનગામ જતાં પરિક્રમાના માર્ગથી ડાબે હાથે થોડે દૂર જતાં કિલ્લોલ કુંડ આવશે. કિલ્લોલ બિહારીનું મંદિર આવશે. આ કુંડ લાલ રંગના પાકા પથ્થરનો બાંધેલો છે. કુંડ પાસે રાસચોતરો છે. અહીં શ્રીકૃષ્ણભગવાને ગોપીજનો સાથે રાસવિલાસ કરી ઘણો કિલ્લોલ કર્યો હતો. તેથી આ કુંડનું નામ કિલ્લોલકુંડ પડ્યું છે. અહીંથી આપણે એમને વંદન કરી લઈશું.

આગળ ગ્લાલ પોખરા આવશે. પોખરા એટલે નાનું તળાવ. આ તળાવ ગ્લાલબાલોએ પોતાની બંસીથી બનાવ્યું હતું એમ કહેવાય છે. શ્રીઠાકોરજીની ગાયો અહીં જળ પીવા આવતી. અહીં શ્રીગિરિરાજજીનાં રત્નસિંહાસન શિલા છે. તેના પર બિરાજી શ્રીકૃષ્ણે ગ્લાલ-બાળકો સાથે છાક આરોગવાની લીલા કરી હતી. તે સમયે બધા ગ્વાલોને તેમણે શ્રીગિરિરાજજીની શિલાનાં રત્નજડિત સ્વરૂપે દર્શન કરાવ્યાં હતાં. એ ગ્વાલ પોખરાને પણ આપણે અહીંથી વંદન કરી લઈએ.

શ્રી વ્રજલાલ એન. ગાંધી (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

હવે આપણે ભગવદ્નામ લેતાં લેતાં ગોવર્ધન માનસીગંગા પહોંચવાનું છે.

માનસીગંગા શ્રીહરદેવ, ગિરિવરકી પરક્રમા દેવ.

ગોવર્ધન ગામમાં માનસીગંગા બિરાજે છે. ભગવાને વત્સાસુરને માર્યો ત્યારે સખાઓએ કહ્યું : 'લાલા, તેં ગોવંશનો વધ કર્યો છે. ભલે એ હતો રાક્ષસ પણ રૂપ તો વાછરડાનું હતું ને? લાલા, આપણે તો ગોપાલકો રહ્યા. અમે વડીલો પાસેથી સાંભળ્યું છે કે ગોવંશની હત્યા કરીએ તો બહુ મોટું પાપ લાગે. હત્યા કરનારને અડીએ તો પણ નહાવું પડે. અમે તને અડવાના પણ નથી. અમારાથી આઘો રહે!

શ્રીઠાકોરજીને થયું : 'ખરા છે આ લોકો તો!'

શ્રીરાધિકાજીની પાસે ગયા. તેમણે પણ કહ્યું : 'ગોવંશની હત્યા કરીને આવ્યા છો. અડશો નહિ.'

ગોપીજનોએ પણ આમ જ કહ્યું.

શ્રીઠાકોરજી કહે : 'તમે બધાં મને આનું પ્રાયશ્ચિત બતાવો. હવે મારે શું કરવું?'

બધાંએ કહ્યું : 'અમે એવું સાંભળ્યું છે કે આવા પાપના પ્રાયશ્ચિત માટે દેશમાં જેટલાં તીર્થો છે એ બધામાં તમારે સ્નાન કરી આવવું પડે.' શ્રીઠાકોરજીએ કહ્યું : 'ભલે, હું તીર્થસ્થાન કરવા જાઉં છું. તમને મારા વિના ગમશે ને?'

બધાંનાં મ્હોં પડી ગયાં : 'ના લાલા, તારા વિના તો અમને ગમશે નહિ. બીજો કોઈ રસ્તો શોધી કાઢીએ.' શ્રીરાધિકાજીએ કહ્યું: 'ગંગાજી બધાં પાપ ધુએ. તમે ગંગાસ્નાન કરી આવો.'

શ્રીઠાકોરજી કહે છે : 'પણ ગંગાજી જ અહીં પધારે તો ચાલે?'

'તો તો બહુ સારું. તમારો વિયોગ પણ ન થાય અને પાપ પણ જાય.' સૌએ સંમતિ આપી.

શ્રીઠાકોરજીએ એમનાં મનમાંથી ગંગાજી પ્રગટ કર્યાં. એ આ માનસીગંગા.

શ્રીમતી જશોદાબેન વી. ગાંધી (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

એમાં શ્રીઠાકોરજીએ તો સ્નાન કર્યું પણ બધાંને કહ્યું કે તમે પણ કોઈને કોઈ પાપ તો કર્યું જ હશે માટે તમે સૌ પણ સ્નાન કરી લો. ઘેર બેઠાં ગંગા આવ્યાં છે. ભગવાને સૌને સ્નાન કરાવ્યું.

આપણને પણ ઘેર બેઠાં ગંગા છે. ચાલો, એક ડૂબકી મારી લઈએ.

જુઓ, ત્રણ બાજુ સરસ ઘાટ બાંધેલા છે. ચોથી બાજુ શ્રીગિરિરાજજી બિરાજે છે. બહુ રમણીય અલૌકિક સ્થાન છે. ત્યાં પીપળનાં વૃક્ષ નીચે નંદદાસજીનું દ્વાર છે. આપણે નંદદાસજીને દંડવત્ કરીએ.

અહીં વલ્લભઘાટ ઉપર શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી બિરાજે છે. આપણે સ્નાન કરી, રેશમી વસ્ત્રો પહેરી ત્યાં જઈએ. કોઈ ભીનાં વસ્ત્રો પહેરી બેઠકજીમાં ન જશો.

શ્રીમહાપ્રભુજીને કેસરસ્નાન કરાવીએ. ધોતી ઉપરણો ધરીએ. અત્તર સમર્પી, માળાજી ધરી, ઝારીજી ભરી, ચરણસ્પર્શ કરી ભોગ ધરીએ.

બાજુમાં ચક્રેશ્વર મહાદેવ છે. શ્રીમહાપ્રભુજી અહીં ભાગવતની કથા કરતા ત્યારે મહાદેવજી રોજ સાંભળવા પધારતા. મહાદેવજી એમના એક સેવકને રોજ દર્શન આપતા. સાત દિવસ દર્શન ન થયાં ત્યારે તે સેવકે પૂછ્યું: 'પ્રભુ, આટલા દિવસ ક્યાં હતા તમે?' ત્યારે મહાદેવજીએ કહ્યું : 'હું સાત દિવસ શ્રીવલ્લભની કથા સાંભળવા જતો હતો.'

બેઠકજીની બાજુમાં જ શ્રીકૃષ્ણચૈતન્યનું મંદિર છે. અહીં શ્રીમહાપ્રભુજી સાથે તેમનો મેળાપ થયેલો.

શ્રીકૃષ્ણચૈતન્યે કહ્યું : 'વલ્લભ, હું એક વર્ષથી અહીં રહું છું. શાસ્ત્ર એમ કહે છે કે જે છ મહિના સુધી માનસીગંગામાં રોજ સ્નાન કરે તેને દૂધમય માનસીગંગાનાં દર્શન થાય. પણ મને હજી થયાં નથી.'

શ્રીમહાપ્રભુજીએ એમની અને વૈષ્ણવોની આંખો ઉપર જલ છાંટીને સૌને માનસીગંગાનાં દૂધમય દર્શન કરાવ્યાં.

શ્રીકૃષ્ણચૈતન્ય સાથે અહીં ભગવદ્ ચર્ચા થઈ. કલિયુગમાં ભગવદ્ નામ કેટલું લેવું? શ્રીમહાપ્રભુજીએ કહ્યું : 'ગાયના શિંગડા ઉપર રાઈનો દાણો ટકે એટલી વાર પણ ભગવદ્ નામ ચૂકી ન જવું. જો ચૂકી જઈએ તો બહિર્મુખ થઈ જવાય.'

અમૃતલાલ પુંજાલાલ શાહ (મોડાસા)ના જયશ્રીકૃષ્ણ.

અહીં માનસીગંગામાં દિવાળીના દિવસે દીપદાન કરવાનો મોટો મહિમા છે. માનસીગંગા દીવાઓના પ્રકાશથી ઝળહળતાં જાણે સોનાનાં બની જાય છે.

માનસીગંગાના કિનારે શ્રીકૃષ્ણભગવાનના પ્રપૌત્ર વજ્રનાભજીએ શ્રીહરદેવજીનું મંદિર બનાવી તેમાં શ્રીહરદેવજીની પ્રાણ પ્રતિષ્ઠા કરી હતી. ત્યાં બાજુમાં શ્રીગિરિરાજજીનું મંદિર છે. શ્રીગિરિરાજજીની શિલા મુકુટ સ્વરૂપે દર્શન આપે છે. મર્યાદા ભક્તો અહીંથી શ્રીગિરિરાજજીની પરિક્રમાનો પ્રારંભ કરે છે; અને શ્રીગિરિરાજજીના મંદિરમાં દુગ્ધાભિષેક કરે છે.

ત્યાં બાજુમાં શ્રીગુસાંઈજી મહારાજનાં બેઠકજી છે. શ્રીગુસાંઈજીએ અહીં બિરાજીને શ્રીભાગવતજીનું પારાયણ કર્યું છે. આપણે ત્યાં જઈએ. શ્રીગુસાંઈજી મહારાજને કેસર સ્નાન કરાવીએ. ધોતી ઉપરણા ધરી અત્તર સમર્પીએ. તિલક કરી પુષ્પમાળા ધરીએ. ઝારીજી ભરીએ. સાથે લાવેલી સામગ્રીનો ભોગ ધરીએ. ચરણસ્પર્શ કરી દંડવત્ કરીએ.

શ્રીગિરિરાજજીના મંદિરમાં જઈ ત્યાં એમને દંડવત્ કરીએ. શ્રીહરદેવજીના મંદિરે પણ વંદન કરી આવીએ.

ગોવર્ધનગામમાં બીજા પણ ઘણા કુંડ છે. બ્રહ્મકુંડ, નિવર્તક કુંડ, પાપ મોચનકુંડ, રણમોચન કુંડ, ગોરોચન કુંડ અને ધર્મકુંડ. બધે જઈએ અને તેમના જલનું આચમન કરી આવીએ.

ગોવર્ધનની યાત્રા પરિપૂર્ણ કરીને હવે આપણે દાનઘાટી તરફ જઈએ. આનંદથી પ્રભુનું નામ લેતાં ચાલીએ. ગોવર્ધન મોટું શહેર છે. અહીં ઘણી બધી વસ્તુઓ મળે છે પણ બજારમાં શોપીંગ કરવા ઊભા નથી રહેવું. મીઠાઈઓની સુવાસથી ભૂખ લાગી હોય તો પણ, મોંમા પાણી લાવ્યા વિના આગળ જઈએ. શ્રીગિરિરાજજીનું સ્મરણ કરતાં ચાલીએ.

દાનઘાટી આવી પહોંચ્યા છીએ. અહીં શ્રીગિરિરાજજીનું બહુ મોટું મંદિર છે. આ મંદિર પણ શ્રીગિરિરાજજીના મુખારવિંદના મંદિર તરીકે પ્રસિદ્ધ છે. અહીં દાનવિહારીજી બિરાજે છે. દર્શન કરી લઈએ.

ગોવર્ધનથી રાધાકુંડ થઈને કુસુમ સરોવર આવ્યાં ત્યાં સુધી શ્રીગિરિરાજબાવાનાં દર્શન નહોતાં થયા. શ્રીગિરિરાજજી લુપ્ત થઈ ગયેલા

નિશા એજન્સીઝ (નાસિક) ના જયશ્રીકૃષ્ણ.

હતા. કુસુમસરોવરથી ફરી પ્રારંભ થયો છે. અહીં દાનઘાટીમાં પૂરા શ્રીગિરિરાજબાવાનાં દર્શન થાય છે.

જમણા હાથે ઊંચા ઊંચા શ્રીગિરિરાજજી બિરાજે છે. તળેટીમાં વૃક્ષોની રમણીય નિકુંજો છે. ડાબે હાથે વૃક્ષોની હારમાળા છે. વચ્ચેથી સુંદર મજાનો સાંકડો રસ્તો પસાર થાય છે. ઘાટી એટલે રસ્તો. અહીં શ્રીઠાકોરજીએ દાનના દિવસોમાં દાની બિહારીજી બનીને ગોપીજનો પાસેથી દાન લીધાં છે.

શ્રીગિરિરાજજીના સૌથી ઊંચા શિખર પર શ્રીદાનીબિહારીજી ખડા છે. લાલ સૂથન છે. કોયલી અને લાલ રંગની કાછની છે. લાંબી બાંયોની લાલ રંગની ચોળી છે. લાલ પટકો હવામાં ઊડી રહ્યો છે. ચરણારવિંદથી શ્રીમસ્તક સુધી હીરાના શૃંગાર ઝગમગી રહ્યા છે. શ્રીમસ્તકે મોટો ઝગમગતો હીરાનો મુગટ, હડપચીએ હીરલો, કર્ણમાં કુંડળ શોભે છે. શ્યામ સ્વરૂપ, લાલ વસ્ત્રો અને સફેદ હીરાનાં શૃંગાર.

સુંદર છબી કહત ન બની આવે, દેખત હી બન આવે.

કમરે બાંધેલા પટકામાં મોરલી ખોસી છે. હાથમાં લાલ છડી લીધી છે. નેત્રો નચાવતા ગોપીજનોની વાટ જોતા ઠાડા છે. બાજુમાં બલદાઉજી છે. સુબલ, તોક, શ્રીદામા, અર્જુન આદિ સખાની મંડળી ઊભી છે. દૂરથી ગોપીઓને આવતી જોઈ સખાઓને શ્રીઠાકોરજી સાવધાન કરે છે.

‘જાઓ, સખાઓ દોડો, આ બધી ગોપીઓ આવી રહી છે તેમને રોકી લો. આજે એક પણ છટકીને જવી ન જોઈએ.’

સખાઓ ધડબડ ધડબડ કરતા નીચે ઉતરી આવ્યા. જુએ છે તો સૌથી આગળ શ્રીરાધિકાજી છે. ચંદ્રાવલિજી છે. બીજી સખીઓના યૂથો છે. મસ્તક ઉપર રત્નજડિત ઉઢાણીઓ અને દૂધ દહીં ભરેલી ગોરસીઓ છે. સખાઓ રોકવા પ્રયત્ન કરે છે પણ મદમાતી, જોબનવંતી ગ્લાલિનીઓ કોઈને ગાંઠતી નથી. સખાઓને ધક્કો મારીને દૂર કરીને આગળ વધતી જાય છે.

શ્રીરાધિકાજીએ બધી સખીઓને કહી દીધું છે : ‘આજે કોઈએ નરમાઈ બતાવવાની નથી. દાન આપવાનું નથી. રોજ સવાર પડેને આ વળી કેવું દાન!’

સખાઓએ બૂમ પાડી : ‘અરે લાલા, આ ગોપીઓ તો અમને નથી ગાંઠતી. તું જલદી આવી જા.’

હસુમતીબેન વિઠ્ઠલદાસ કાળીદાસ મજમુદાર (કાલોલ)ના જયશ્રીકૃષ્ણ.

શ્રીઠાકોરજીએ બલદેવજીને કહ્યું : ‘મોટાભાઈ, તમે જરા પેલી ગાયોનું ધ્યાન રાખજો. હું હમણાં આવ્યો.’ બલદેવજી તો ધર્મનું સ્વરૂપ. એમને લઈને તો આ દાનલીલા કરવા અવાય નહિ. મોટાભાઈની આમન્યા રાખવી પડે.

પોતે તરત ધડબડ ધડબડ કરતા નીચે પધારે છે. જુઓ કેવા ઠેકડા મારતા અને કૂદકા મારતા નીચે પધારી રહ્યા છે!

નીચે આવીને શ્રીરાધિકાજીનો જમણો શ્રીહસ્ત પોતાના જમણા શ્રીહસ્તથી પકડી લે છે. નેત્રોમાં નેત્રો પરોવે છે. સત્તાવાહી સ્વરમાં કહે છે: ‘હમારો દાન દેહો ગુજરેટી’ અમારો કર આપી દો.

શ્રીરાધિકાજીએ આંખો કાઢી, ‘શાનો કર? આજે કોઈ કર-બર નહિ મળે. જાઓ.’

‘ઘણા દિવસોથી આ વ્રજમાં તમે ચોરી છૂપીથી દહીં વેચ્યું છે. હવે એ બધું નહિ ચાલે. આજે દાન લીધા વગર છોડીશ નહિ. આજે અમારું ઓક્ટ્રોય નાકું પાકું છે. આજે અચાનક આમને સામને આવી ગયાં છીએ. દાન આપ્યા વગર અહીંથી જઈ શકશો નહિ.

બહુત દિનન ચોરી દધિ બેચ્યો
આજ અચાનક ભેટી, હમારો દાન દેહો ગુજરેટી.

શ્રીરાધિકાજી શ્રીઠાકોરજીનો હાથ છોડાવવા ગયા પણ શ્રીઠાકોરજીએ બળથી પકડી રાખ્યો. શ્રીરાધિકાજીના મુખ ઉપર ગુસ્સો છે. શ્રીઠાકોરજી સત્તાવાહી સ્વરે આજ્ઞા કરે છે: ‘અતિ સતરાત કહાંધો કરેગી, બડે ગોપકી બેટી’ તું મોટા ગોપ વૃષભાનજીની બેટી છે એટલે આટલું બધું જોર કરે છે? આટલી આંખો નચાવે છે ને આંખો કાઢે છે?’

પછી શું થયું? કુંભનદાસજી એટલું જ કહે છે :

કુંભનદાસ પ્રભુ ગોવર્ધનધર, ભુજ ઓઢની લપેટી.

પ્રભુએ પોતાની ભુજા ઉપર શ્રીરાધિકાજીની ઓઢણીનો પાલવ લપેટી લીધો. જાઓ હવે, કેવી રીતે જશો?

તોય શ્રીરાધિકાજી નમ્યાં નહિ. ટસના મસ થતાં નથી. શ્રીઠાકોરજીને થયું : આ તો ભારે થઈ. દમ માર્યો તોય ચાલ્યો નહિ. બધા સખાઓના દેખતાં આબરૂ જવાનો ભય ઊભો થયો છે.

જ્યોત્સના તથા બ્રિજેશ પટેલ (રાજકોટ)ના જયશ્રીકૃષ્ણ.

સખાઓને કહે છે : 'ભાઈઓ, જરા જુઓને આપણી ગાયો ક્યાં ભાગી ગઈ? આ ગોપીઓને તો હું પહોંચી વળીશ.'

અને જયાંને સખાઓ ગયા ત્યાં શ્રીઠાકોરજી શ્રીરાધિકાજીના ચરણમાં ઝૂકી ગયા.

દાન દેહો મહાદાની.

વિનંતીના સ્વરમાં કહે છે : 'હું હાર્યો. તમે જીત્યાં.' રોજતો ગોપીઓ કહેતી હતી : 'હમ હારે, તુમ જીતે.' આજે શ્રીઠાકોરજી કહે છે : 'હું હાર્યો અને તમે જીત્યાં. બસ મારે બીજું કંઈ જોઈતું નથી. તમારા હૃદયના પૂર્ણ પ્રેમનું, તમારા સર્વસ્વનું દાન જોઈએ. તે મને આપી દો.'

શ્રીરાધિકાજી કહે છે : 'આમ સરખા રહીને માગોને! કોણ ના પાડે છે! દાદાગીરી કરો તો કાંઈ ન મળે.'

આ દાનલીલા આ દાનઘાટીમાં થઈ. આ દાનના દિવસોમાં થઈ. શ્રીઠાકોરજી આપણને પણ જુએ છે. જુઓ ધડબડ ધડબડ કરતાં નીચે પધારી રહ્યા છે. હમણાં આવીને આપણો પાલવ પકડશે અને દાન માગશે હોં : 'બોલ સખી, દાનમેં કહા દેગી?' નક્કી કરી રાખજો શું આપવું છે.

દાગીના ય માગશે હોં, ન આપવા હોય તો સંતાડી દેજો. પણ એનાથી કશું છૂપું રહેવાનું નથી, અરે એ માગે એ દિવસ આપણે માટે ક્યાંથી? સર્વસ્વનું ન્યોછાવર કરી દઈએ. આ દિવસોમાં શ્રીઠાકોરજીને રંચક ગોરસની કટોરી ધરીને કહેવું જોઈએ : 'હે પ્રભુ, આ દાનના દિવસોમાં તો કંઈક માગી લો. પછી જુઓ અમારી ભક્તની ખુમારી, અમારું સર્વસ્વ તમને ન્યોછાવર કરી દઈએ છીએ કે નહિ! એકવાર અમારી કસોટી કરી જુઓ.'

શ્રીદાનીરાયજી પ્રભુને દંડવત્ કરીએ. દાનઘાટીમાંથી વ્રજભક્તોની ચરણરજ માથે ચડાવીએ. પ્રભુએ આરોગેલા દહીંના છીંટાઓ ક્યાંક ક્યાંક હોય તો એમાંથી એ દહીં રૂપી પ્રભુનું અધરામૃત લઈએ.

આપણે ચંદ્રસરોવર તરફ જઈ રહ્યાં છીએ. પ્રભુનામ લેતાં લેતાં ઝડપથી ચાલીએ.

સ્વ. વડીલોની સ્મૃતિમાં. હસ્તે. હર્ષદભાઈ શાહ (ભરુચ)ના જયશ્રીકૃષ્ણ.

ગિરિરાજધરણ શ્રીજી તિહારે શરણ.
તિહારે શરણ શ્રીજી તિહારે શરણ.
ગિરિરાજધરણ શ્રીજી તિહારે શરણ.

જુઓ, સામે સુંદર સરોવર દેખાય છે. અષ્ટદલ કમલના આકારનું, સફેદ પથ્થરોથી બંધાયેલું ચંદ્રસરોવર હવાની લહરોથી શોભી રહ્યું છે. એની એક બાજુએ રાસચોતરો છે. અહીં રાસ વખતે શ્રીયુગલસ્વરૂપ બિરાજે છે. આજ આદિ વૃંદાવન છે. પ્રભુએ અહીં છ માસની રાત્રિ કરીને રાસ કર્યો હતો.

આ સરોવરના કાંઠા ઉપર સૂરદાસજી, કુંભનદાસજી અને ચતુર્ભુજદાસજીના સ્વરૂપો બિરાજમાન છે. આ ત્રણે ભગવદીયોનાં દર્શન કરી દંડવત્ કરીએ. એમની કૃપાથી રાસમાં આપણને પ્રવેશ મળશે.

ચંદ્રસરોવરના જળનું પાન કરીએ. માર્જન કરીએ. મહારાસ વખતે છ માસની રાત્રિ બની. ભગવાનના મનમાંથી જન્મેલા દિવ્ય ચંદ્રના કિરણો આ સરોવર ઉપર પડવાથી તેનું નામ ચંદ્રસરોવર પડ્યું છે.

આ સરોવરના કિનારે છોંકરનાં વૃક્ષ નીચે શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી, અને શ્રીગોકુલનાથજીનાં બેઠકજી બિરાજે છે. શ્રીગુસાંઈજીનાં વિરહના બેઠકજી બિરાજે છે. અને શ્રીદાઉજી મહારાજનાં બેઠકજી બિરાજે છે.

અહીં યાદવેન્દ્રકૂપ છે. જે યાદવેન્દ્રદાસજીએ એક રાતમાં ખોદેલો. શ્રીનાથજીબાવાને આરોગવા માટે મીઠું જળ અહીંથી જતું, માટે તે શ્રીનાથજીનો જલઘરો કહેવાતો.

બહુ સુંદર, એકાંત, રમણીય સ્થાન છે.

આપણે સૌથી પહેલાં જમણા હાથે શ્રીગુસાંઈજી મહારાજના વિપ્રયોગનાં બેઠકજીએ જઈએ. બહુ શાંત રહીને, શ્વાસ પણ થંભાવી દઈને જઈએ. અહીં શ્રીગુસાંઈજી મહારાજ વિપ્રયોગમાં બિરાજે છે. શ્રીનાથજીબાવાનાં દર્શન છ મહિનાથી બંધ છે. સેવા પણ બંધ છે. પાછળ એક બારી છે તેમાંથી દર્શન કરવા પ્રયત્ન કરે છે. સામે દૂર દૂર શ્રીજીબાવાનું મંદિર છે. મંદિરની બારીમાંથી શ્રીજીબાવા દર્શન આપે છે.

અર્ચના દેવાંગ શાહ (મુંબઈ)ના જય જય ગોકુલેશ.

શ્રીગુસાંઈજી મહારાજ અહીં ભોજન છોડીને બિરાજ્યા છે. નેત્રોમાંથી વિરહનાં અશ્રુઓની ધારા વહી જાય છે. સંયોગ રસનું આ સ્વરૂપ અહીં વિપ્રયોગરસમાં લીન છે.

શ્રીનાથજીના મુખીયાજી રામદાસજી રોજ માળાબીડાં લઈ આવે છે. તેમાં શ્રીનાથજીબાવાનો પત્ર સંતાડીને લાવે છે. તે પત્ર શ્રીગુસાંઈજી વાંચીને જળમાં ઘોળીને પી જાય છે.

બીડાંના પાન ઉપર પોતાનાં નેત્રોના કાજળથી શ્રીનાથજીને એનો જવાબ લખીને મોકલે છે. એ વિજ્ઞપ્તિઓ છે. વિનવણીઓ છે. હૃદયનો સંતાપ અને વ્યથા છે.

બીજા દિવસે શ્રીજીબાવા એનો જવાબ આપતાં ધીરજ બંધાવે છે. આ રીતે છ માસ સુધી શ્રીગુસાંઈજી મહારાજે અહીં વિપ્રયોગ કર્યો છે.

આપણે અહીં શ્રીગુસાંઈજી મહારાજને કેસરસ્નાન કરાવી સફેદ ધોતી ઉપરણા ધરીશું. વિપ્રયોગમાં બિરાજે છે એટલે અત્તર વગેરે નહિ સમર્પીએ. તિલક કરી, માળાજી ધરી, ઝારીજી ભરી ભોગ ધરીશું. વિનંતી કરીશું : 'કૃપાનાથ, આપ ભોજન નથી કરતા પણ આ રંચક મિસરી આરોગો.' ચરણસ્પર્શ કરી દંડવત્ કરીશું. એક ઘડી ત્યાં બેસી હાથ જોડીને વિનંતી કરીશું : 'પ્રભુ, ક્યારેક ક્યારેક અમને પણ આપ આવા વિપ્રયોગરસનું દાન કરજો.'

હા નાથ રમણપ્રેષ્ઠ ક્વાસિ ક્વાસિ મહાભુજઃ ।

હે પ્રભુ, આપ ક્યાં છો? ક્યાં છો?

બાજુમાં શ્રીદાઉજી મહારાજનાં બેઠકજી છે. ત્યાં જઈએ. સેવા પહોંચી દંડવત્ કરી લઈએ.

આગળ જતાં સૂરદાસજીની કુટિર છે. સૂરદાસજી અહીં બિરાજતા. અહીંથી તેમણે નિત્ય લીલામાં પ્રવેશ કરેલો. શ્રીગિરિરાજજીનું આ ત્રીજું દ્વાર છે. સૂરદાસજી એના મુખીયા છે. અહીં બિરાજીને સૂરદાસજીએ સવા લાખ પદ રચેલાં.' દઢ ઈન ચરણન કેરો ભરોસો' પદ અહીં સૂરબાવાએ ગાયેલું.

આપણે અહીં સૂરદાસજીને વિનંતી કરીએ : 'જો સુખ હોત ગોપાલે ગાયે' ગોપાલના ગુણગાનથી તમને જે સુખ મળ્યું એ ગુણગાનના સુખનું દાન અમને પણ કરજો.'

ગો.વા. રસિકલાલ તુલસીદાસ મણિયાર (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

હવે આપણે અંદર જઈએ. ત્યાં શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી, શ્રીગિરધરજી, શ્રીગોકુલનાથજી બિરાજે છે. એ સૌને કેસરસ્નાન કરાવી, ધોતી ઉપરણા ધરી, અત્તર સમર્પી, પુષ્પમાળા ધરીએ. ઝારીજી ભરી ભોગ ધરીએ. ચરણસ્પર્શ કરી દંડવત્ કરીએ.

પાછળના ભાગમાં શ્રીગિરિરાજજી બિરાજે છે. એમને પણ અત્તર સમર્પી, ઝારીજી ભરી, ભોગ ધરી દંડવત્ કરીએ.

બેઠકજીની પરિક્રમા કરી લઈએ. બધા સ્વરૂપોને વિનંતી કરીએ કે આપ અમને ક્યારેક પણ આ ચંદ્રસરોવર ઉપર આપના ચરણારવિંદમાં બોલાવજો. ક્યારેક એક રાત્રે અહીં અમારા પ્રાણપ્રેષ્ઠ પ્રભુની રાસલીલાનાં દર્શન કરાવજો. વધુ કૃપા કરો તો અમને રાસલીલાનું સુખ પણ આપજો.

હવે આપણે અહીંથી આન્યોર જઈશું.

ચંદ્રસરોવરથી હવે આપણે આન્યોર જવું છે. પ્રભુનામ લેતાં લેતાં જઈએ.

ગિરિરાજધરણ શ્રીજી તિહારે શરણ
શ્રીજી તિહારે શરણ શ્રીજી તિહારે શરણ
ગિરિરાજધરણ શ્રીજી તિહારે શરણ.

આન્યોર આવી ગયું છે. નાનકડું રળિયામળું ગામ છે. સફેદ રંગના નીચા ઘાટનાં ઘર છે. વ્રજવાસીઓની વસ્તી છે. ગામમાંથી પસાર થઈને આપણે સદુપાંડેજીના ઘરમાં જઈએ. અહીં શ્રીવલ્લભ પહેલીવાર પધાર્યા ત્યારે સદુપાંડેજીના ઘેર બિરાજ્યા છે. અહીંથી જ શ્રીનાથજીને મળવા શ્રીગિરિરાજજી ઉપર પધાર્યા છે. અહીં શ્રીવલ્લભે સદુપાંડે, એમના ભાઈ માણેકચંદ પાંડે, એમના માતા, એમનાં પત્ની ભવાની અને દીકરી નરોને શરણે લઈ સેવક કરી શ્રીનાથજીને સોંપ્યા છે.

શ્રીગિરિરાજજી ઉપર બિરાજતા શ્રીજી અહીંથી નરોને બૂમ પાડી કહેતા: 'અરી નરો, મોકો ભૂખ લગી હૈ. બેગી દૂધ લાઈઓ.' નાનકડી નરો બાલસુલભ સ્વરે શ્રીજીબાવાને કહેતી : 'બાવા, આજ મેરે ઘર પાહુને આયે હૈ. મૈં અભી લે કે આઈ.'

અહીં શ્રીગિરિરાજબાવાની તળેટીમાં શ્રીગિરિરાજજીની તદ્દન નજીક સદુપાંડેજીના ઘેર આપણે આવી ગયા છીએ.

ગો.વા. સુશીલાબેન મોહનલાલ દેસાઈ (બાલાસિનોર) (મુંબઈ)ના જય જય ગોકુલેશ.

શ્રીમહાપ્રભુજીના સેવકોના બે વંશ આજ સુધી ચાલ્યા છે. એક ખેરાળુમાં જગન્નાથ જોષીનો અને બીજો અહીં આન્યોરમાં સદુપાંડેજીનો. આજે ય આ બે ઘરમાં આ બે ભગવદીયોના વંશજો શ્રીવલ્લભની સેવા કરે છે. અહીં અપરસ કડક છે. વ્રજની અપરસ અહીં ચાલશે નહિ.

બાજુમાં કૂવો છે. ત્યાં ઝટપટ સ્નાન કરી લઈએ. શ્રીમહાપ્રભુજી અને શ્રીનાથજી અહીં સદુપાંડેજીના ઘરમાં બિરાજે છે. એમની ટહેલ કરવા તૈયાર થઈએ.

આ એ ગામ છે જ્યાં શ્રીઠાકોરજીએ શ્રીગિરિરાજબાવાને વ્રજવાસીઓને કહીને અન્નકૂટ આરોગાવ્યો હતો. આ એ જ ગામ છે જ્યાં શ્રીગિરિરાજજીમાંથી શ્રીઠાકોરજી સ્વયં પ્રગટ થઈને, એક હજાર ભુજાઓ ધારણ કરીને અન્નકૂટ આરોગ્યા હતા. આ એ જ ગામ છે જ્યાં સકલ વ્રજવાસીઓની સામગ્રી આરોગ્યા પછી ભૂલેચૂકે કોઈ વ્રજવાસીના તંબુમાં કોઈ સામગ્રી રહી ગઈ હોય એ આરોગવા માટે ભગવાને આજ્ઞા કરી હતી: 'આન ઓર, આન ઓર' હજી વધારે લાવો, હજી વધારે લાવો. આમ જે સ્થળે 'આન ઓર' એવી આજ્ઞા થઈ એ સ્થળનું નામ પડ્યું આન્યોર.

અહીંથી શ્રીઠાકોરજીએ પોતાનો જમણો શ્રીહસ્ત ઠેઠ બરસાના સુધી લંબાવી વૃષભાનજીની બીલોવનહારી બદરોલાની સામગ્રી માગીને આરોગી હતી.

આ સદુપાંડેજીના ઘરના ઓટલો છે. શ્રીમહાપ્રભુજી અહીં બિરાજ્યા હતા. સદુપાંડેજી પાસેથી શ્રીનાથજીના પ્રાગટ્યની વાત સાંભળી હતી. બીજા દિવસે આપશ્રીએ ગોવિંદકુંડમાં સ્નાન કરી શ્રીજીબાવાને શ્રીગિરિરાજજીની કંદરામાંથી બહાર પધરાવવા માટે શ્રીગિરિરાજજી ઉપર જવાની તૈયારી કરી હતી. સાથે આપના સેવકો અને વ્રજવાસીઓ હતા.

સદુપાંડેજીના ઘરની પાછળ જ શ્રીગિરિરાજજી બિરાજે. શ્રીવલ્લભ ત્યાં પધાર્યા. બે શ્રીહસ્ત જોડી શ્રીગિરિરાજબાવાને વંદન કર્યાં. દંડવત્ કર્યાં. 'શ્રીગિરિરાજધાર્યાષ્ટકમ્' સ્તોત્રથી સ્તુતિ કરી.

ભક્તાભિલાષાચરિતાનુસારી
દુગ્ધાદિચૌર્યેણ યશોવિસારી ।

ગો.વા. પ્રભુદાસ વિઠ્ઠલદાસ પલાણ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

કુમારિતાનન્દિતઘોષનારી
મમ પ્રભુઃ શ્રીગિરિરાજધારી ॥૧॥

વિનંતી કરે છે : 'હે શ્રીગિરિરાજબાવા, તમારા પ્રાણપ્રેષ્ઠ એ જ મારા પ્રાણપ્રેષ્ઠ છે. તમારી ભીતર બિરાજે છે એમની આજ્ઞાથી આવ્યો છું. હું જાણું છું કે મારા કઠોર ચરણ આપના શ્રીઅંગ ઉપર મૂકીશ તો આપને શ્રમ થશે. આપ આજ્ઞા આપો તેમ કરું.'

શ્રીગિરિરાજબાવાએ શ્રીમહાપ્રભુજીને સાક્ષાત્ દર્શન આપીને આજ્ઞા આપી : 'હે શ્રીવલ્લભ, ભલા કોઈને પોતાના સ્વામીના ચરણકમલના સ્પર્શથી શ્રમ થાય ખરો? હું તો આ દિવસની ક્યારનો રાહ જોઈ રહ્યો છું. ક્યારે શ્રીવલ્લભ પધારે અને એમના ચરણારવિંદ મારા ઉપર પધરાવે. આપ સુખેન ઉપર પધારો.'

શ્રીવલ્લભ શ્રીજીબાવાને મળવા માટે બહુ કોમળ ચરણારવિંદથી ઉપર પધારી રહ્યા છે.

શ્રીગિરિરાજબાવાએ વિચાર કર્યો. મારા શિલાખંડ બહુ કઠોર છે. શ્રીવલ્લભ સુકોમળ છે. એમના ચરણારવિંદને શ્રમ થશે. એમણે એમના શિલાખંડોને માખણ જેવા કોમળ કરી દીધા.

શ્રીમહાપ્રભુજીની દૃષ્ટિ તો ઊંચે શિખર ઉપર મંડાયેલી છે. જ્યાંથી ગઈકાલે સાંજે ભગવદ્‌વાણી સંભળાઈ છે : 'નરો મોકો ભૂખ લગી હૈ.'

એક ડગલું શ્રીવલ્લભ ઉપર પધાર્યા ત્યાં તો ગિરિશિખર ઉપરથી પીળું પીતાંબર અને લાલ ઉપરણો ધરીને, મોતીના આભૂષણોથી સજ્જ થઈને, પીળી પાઘ અને મોરપિચ્છના મુગટમાં શોભતા શ્રીગોવર્ધનનાથજી સામે પધાર્યા. શ્રીવલ્લભના આગમનને વધાવવા મધુર સ્વરે વેણુ વગાડી. બંનેની દૃષ્ટિ મળી. શ્રીઠાકોરજી વલ્લભને મળવા એક ડગલું નીચે પધાર્યા. બંનેના અધર હસી ગયા. બંનેને એક જ અભિલાષા છે; પરસ્પરના અધરામૃતનું પાન કરવાની. વલ્લભ એ સ્વામિનીજી સ્વરૂપ છે. શ્રીરાધા અધરસુધા વિના પિયૂને બીજું તે કંઈ નવ ભાવેજી.

શ્રીઠાકોરજી એક ડગલું નીચે પધાર્યા અને શ્રીમહાપ્રભુજી એક ડગલું ઉપર પધાર્યા. પ્રસન્ન થયેલાં બંને સ્વરૂપો એકસાથે ગાય છે : 'અધરં મધુરં'. બંને એકબીજાના અધરોનું દર્શન કરે છે. અધરોની મધુરતા માણે છે.

ગો.વા. વિજયાબેન પ્રભુદાસ પલાણ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

અહીં બંનેએ પરસ્પરને માટે મધુરાષ્ટક ગાયું છે. શ્રીવલ્લભે શ્રીઠાકોરજી માટે અને શ્રીઠાકોરજીએ શ્રીવલ્લભ માટે. બંને પરસ્પરને કહે છે : 'તમારા અધર બહુ મધુર છે!'

શ્રીવલ્લભ બીજું ડગલું ઉપર પધાર્યા અને શ્રીઠાકોરજી બીજું ડગલું નીચે પધાર્યા. હવે નેત્રો માત્ર અધર ઉપર મંડાયા નથી. પૂરા મુખચંદ્ર ઉપર મંડાયા છે. પૂરા મુખચંદ્રની સુંદરતા. કોમળતા, શીતળતાનાં દર્શન કરીને લાવણ્યામૃતનું પાન કરતાં કરતાં બંને સ્વરૂપ એક સાથે કહે છે : 'વદનં મધુરં'. આપનું વદન મધુર છે!

શ્રીવલ્લભ ત્રીજું ડગલું ઉપર પધાર્યા. શ્રીઠાકોરજી ત્રીજું ડગલું નીચે પધાર્યા. હવે બંનેની ગતિમાં ઝડપ આવી છે. બંનેને એકબીજાને જલદી મળવાનો તલસાટ છે. હવે ચાર નેત્રો એક થયાં. પરસ્પરનાં નેત્રોમાં નેત્રો પરોવાયાં. કમળ જેવાં નેત્રો ખીલી ઊઠ્યાં. હસી ઊઠ્યાં. એ નેત્રોમાંથી વરસતા પ્રેમરસનું પાન કરતાં બંને સ્વરૂપોએ કહ્યું : 'નયનં મધુરં' આપનાં નયન બહુ મધુર છે!

શ્રીવલ્લભ ચોથું ડગલું ઉપર પધાર્યા અને શ્રીઠાકોરજી પણ ઠેકડો મારીને નીચે પધાર્યા. બહુ નજીક આવી ગયા છે. વચ્ચે થોડું જ અંતર રહ્યું છે. બંને ખડખડાટ હસી પડ્યા. દંતપંક્તિઓ દેખાય એવું એ હાસ્ય છે. બંને ગાઈ ઊઠ્યાં : 'હસિતં મધુરં' આપનું હાસ્ય મધુર છે!

શ્રીવલ્લભ પાંચમું ડગલું ઉપર પધાર્યા. શ્રીજીબાવા પાંચમું ડગલું નીચે પધાર્યા. બંનેના શ્રીઅંગ ઉપરનો ઉપરણો ચઢવાઉતરવાના શ્રમને કારણે નીચે સરકી રહ્યો છે. ઉપરણાના છેડા હવામાં લહેરાઈ રહ્યા છે. વિશાળ હૃદયપ્રદેશનાં દર્શન કરીને બંને સ્વરૂપોને આલિંગનની ઉત્કટતા થઈ આવી છે અને તેથી બંને સ્વરૂપ સાથે ગાય છે : 'હૃદયં મધુરં' આપનું હૃદય મધુર છે!

છઠ્ઠું ડગલું શ્રીવલ્લભ ઉપર પધાર્યા. શ્રીજીબાવા છઠ્ઠું ડગલું નીચે પધાર્યા. એટલા નિકટ આવી ગયા છે કે બસ હવે એક જ ડગલું બાકી છે મળવા માટે. બંનેએ એવી છલાંગ મારીને છઠ્ઠું ડગલું ભર્યું છે કે બંને સ્વરૂપો આનંદથી ગાય છે 'ગમનં મધુરં' આપનું ગમન કેટલું મધુર છે! મળવાની ઉત્કટતા કેટલી બધી છે!

શ્રીમતી રમાબેન રમણીકલાલ ગણાત્રા (થાણા) (નૌપાડા)ના જયશ્રીકૃષ્ણ.

શ્રીવલ્લભે સાતમું ડગલું ભર્યું ને જે શિલાખંડ ઉપર પધાર્યા ત્યાં જ શ્રીજીબાવા પણ સાતમું ડગલું ભરી કૂદકો મારીને પધાર્યા. હવે બંને સ્વરૂપો શ્રીગિરિરાજબાવાના એક જ શિલાખંડ ઉપર આવી ગયાં છે. હવે વાર શેની, વિલંબ કેવો? રાહ કોની જોવાની? બંને સ્વરૂપોએ શ્રીહસ્ત લંબાવ્યા અને પરસ્પરના આલિંગનમાં સમાઈ ગયાં.

પ્રથમ મધુર મિલન થયું. પરસ્પરના અધરરસનું પાન કરતાં. એકબીજાને સ્પર્શ કરતાં ગાય છે :

મધુરાધિપતેરખિલં મધુરમ્, મધુરાધિપતેરખિલં મધુરમ્.

હે મધુરના અધિપતિ આપનું બધું જ મધુર છે. આપનું બધું જ મધુર છે.

અહીં મધુર એટલે શ્રીઠાકોરજી અને એમના અધિપતિ એટલે શ્રીવલ્લભ.

બીજાં મધુર એટલે શ્રીસ્વામિનીજી અને એમના અધિપતિ એટલે શ્રીઠાકોરજી.

એટલે મધુરાધિપતિથી શ્રીઠાકોરજી પણ સમજાય અને શ્રીસ્વામિનીજી સ્વરૂપ શ્રીવલ્લભ પણ સમજાય.

અખિલં એટલે બધું જ. આપનું બધું જ મધુર છે. અહીં આન્યોરમાં આ પ્રથમ મધુર મિલન થયું.

ઉપર પધારીને શ્રીવલ્લભે ગિરિકંદરામાં બિરાજતા શ્રીજીબાવાને વ્રજવાસીઓની મદદથી બહાર પધરાવ્યા. આજ્ઞા કરી : 'શ્રીજીબાવા માટે જલ્દી એક નાનકડું મંદિર સિદ્ધ કરી દો.'

આ વ્રજવાસીઓ બધા શ્રીરામાવતારના સમયમાં વાનરો હતા. જેમણે રામાવતારમાં સેતુબંધન કર્યું એમને મંદિર બનાવતાં શું વાર લાગે? એમણે ફટાફટ ઈંટ, માટી, ગારાથી નાનકડું સુંદર મંદિર સિદ્ધ કર્યું. આજે પણ એ પ્રાચીન મંદિરના અવશેષો શ્રીગિરિરાજજી ઉપર બિરાજે છે. ત્યાં શ્રીમહાપ્રભુજીએ શ્રીજીબાવાને પાટ પધરાવ્યા. દૂધ, દહીં, ઘી, ખાંડ, મધથી પંચામૃત સ્નાન કરાવ્યું. અભ્યંગ કરાવ્યું. જલથી સ્નાન કરાવ્યું.

શ્રીજીબાવાને ધરવાના વસ્ત્ર શૃંગાર જોઈએ. શ્રીવલ્લભ સાથે તો કંઈ લાવ્યા નથી. કૃષ્ણદાસ મેઘનને આજ્ઞા કરી : 'મારી કોઈ કોરી ધોતી હોય તો

એક વૈષ્ણવ (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

લાવો.' કૃષ્ણદાસજી કેસરી કિનારની કોરી ધોતી લાવ્યા. આપશ્રીએ ધોતીના બે ટૂક કર્યા. એક ટૂકની ધોતી બનાવીને ધરી. બીજા ટૂકમાંથી બે ટૂક કરીને એકનો ઉપરણો અને બીજાનો પાઘ બનાવીને ધર્યો.

આ દિવસ અખાત્રીજનો હતો. શ્રીજીબાવાને કેસરી કિનારના સફેદ ધોતી ઉપરણા અને પાઘનો શૃંગાર થયો.

વ્રજવાસીઓને આજ્ઞા કરી : 'વનમાંથી ગુંજા (ચણોઠી) વીણી લાવીને એની માળા બનાવો. સુંદર મોરપીચ્છ લાવો. ગુંજાની માળા અને મોરપીચ્છ આવ્યાં. શ્રીજીબાવાને ગુંજામાળા અને પાઘમાં મોરપીચ્છ ધરાવ્યું. વ્રજવાસીઓ પુષ્પમાળા સિદ્ધ કરી લાવ્યા. શ્રીજીબાવાને વનમાળા ધરી. શ્રીહસ્તમાં બંસી ધરી.

શ્રીમહાપ્રભુજીએ સ્વયં સામગ્રી સિદ્ધ કરી શ્રીજીબાવાને ભોગ ધર્યો. ભોગ ધરીને શ્રીમહાપ્રભુજી બહાર બિરાજ્યા છે. સામે સદુપાંડે વગેરે વ્રજવાસીઓ બેઠા છે. આપ આજ્ઞા કરે છે : 'પાંડેજી, તમારા સૌનું મહાન ભાગ્ય છે. અહીં શ્રીઠાકોરજી પ્રગટ થયા છે. તમારી સાથે ખેલે છે. માગી માગીને આરોગે છે.'

વ્રજવાસીઓ પૂછે છે : 'મહારાજ, આ સ્વરૂપ કયું?'

'જેમણે સારસ્વત કલ્પમાં ગિરિરાજ ધારણ કર્યો હતો તે.'

'મહારાજ, અમને તો એમણે પોતાનું નામ દેવદમન કહ્યું છે. અમે સૌ એમને દેવદમન કહી બોલાવીએ છીએ.'

'એમનું નામ આજથી શ્રીગોવર્ધનનાથ. આ પ્રભુ શ્રીગોવર્ધનનાથ છે. ગોવર્ધન એટલે ભક્ત. ભગવદીયોના નાથ એટલે ગોવર્ધનનાથ.'

'મહારાજ, આટલું લાંબુ નામ તો અમને બોલતાં નહિ આવડે. અમે તો એમને શ્રીનાથજી કહીશું; અથવા શ્રીજી કહીશું.'

'અમે શ્રીજીબાવા કહીશું' વ્રજવાસીઓએ જુદાં જુદાં નામ આપ્યા છે.

'તમે એમને જે ગમે તે નામથી બોલાવજો પણ હવે તમારે બધાંએ આ શ્રીજીબાવાની સેવા કરવાની છે. તમારે ત્યાં પ્રગટ થયા છે. તમારી જવાબદારી છે.' શ્રીવલ્લભે સમજાવ્યું.

કોકીલા, તેજસ, તૃષા અને જીત (શિકાગો)ના જયશ્રીકૃષ્ણ.

સદુપાંડેજી હાથ જોડીને કહે છે : 'મહારાજ, એ ન બને. અમે તો બધા સંસારી લોકો. અમારી ઘરગૃહસ્થી બહુ મોટી. અમે આચારવિચાર કાંઈ ન જાણીએ. ક્યાંક અમારાથી અપરાધ થઈ જાય.'

શ્રીવલ્લભે કહ્યું : 'હું કાયમ અહીં રહી શકીશ નહિ. સેવાની કોઈ કાયમી વ્યવસ્થા કરવી જોઈશે.'

માણેકચંદ પાંડેએ કહ્યું : 'અહીં ગુફામાં રામદાસ કરીને એક વિરકત એકાંતવાસ કરીને રહે છે. એમને બોલાવી લાવીએ. એ કદાચ સેવા કરવા તૈયાર થાય.

'ભલે, બોલાવી લાવો.'

રામદાસજી આવ્યા. શ્રીવલ્લભે એમને બ્રહ્મસંબંધ આપ્યું. શ્રીનાથજીની સેવા શીખવી. રામદાસજી શ્રીનાથજીના પહેલા મુખીયાજી બન્યા. તેમણે શ્રીજીબાવાની સેવા કરવાની જવાબદારી લીધી.

શ્રીમહાપ્રભુજીએ કહ્યું : 'કીર્તનીયા જોઈશે. કીર્તન વિના તો શ્રીઠાકોરજી ભોગ આરોગશે નહિ. જાગશે નહિ. પોઢશે નહિ.'

તે વખતે શ્રીકુંભનદાસજી ત્યાં બેઠા હતા. તેઓ શ્રીવલ્લભથી ૧૦ વર્ષ મોટા હતા. વ્રજવાસીઓએ કહ્યું : 'મહારાજ, આ કુંભન સરસ કીર્તન ગાય છે. દેવદમન રોજ એની સાથે ખેલે છે.'

શ્રીવલ્લભે પૂછ્યું : 'કુંભનદાસ, તમે વૈષ્ણવ થશો?'

'હા મહારાજ, જરૂર થઈશ.'

શ્રીવલ્લભે તેમને બ્રહ્મસંબંધ કરાવ્યું. તે સાથે જ તેમને પ્રભુની લીલાનો અલૌકિક અનુભવ થયો. ત્યાં ને ત્યાં એમણે એક પદ ગાયું.

'સાંજકે સાંચે બોલ તિહારે ।
રજનીભર અનત જાગે આયે નિપટ સવારે ॥

શ્રીઠાકોરજી સાથે ઝગડો શરૂ કરી દીધો. 'વાહ પ્રભુ! તમે તો બહુ સત્યવાદી છો. કાલે કહેતા હતા કે હું રાતે આવીશ. તે છેક અત્યારે સવારે આવ્યા? સાંજના આવવાનું વચન અત્યારે સવારે સાચું પાડ્યું? રાત બીજે જાગ્યા અને લો સવારના પહોરમાં અહીં આવી ગયા. શું કરવા આવ્યા છો?

શ્રીમતી ચંદનબેન જયંતિલાલ સોની (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ.

શ્રીવલ્લભ પ્રસન્ન થયા. કહે છે : 'કુંભનદાસ, તમને ધન્ય છે. અલૌકિક લીલાનો અનુભવ થયો. તમે હવે કીર્તનની સેવા કરજો.' આમ શ્રીમહાપ્રભુજીએ કુંભનદાસને કીર્તનની સેવા સોંપી. સદુપાંડે વગેરે વ્રજવાસીઓને આજ્ઞા કરી : 'તમે સૌ શ્રીજીબાવાનું ધ્યાન રાખજો. ભોગ ધરવાની સામગ્રીની વ્યવસ્થા કરજો.' 'જરૂર મહારાજ, સામગ્રી તો બધી અમે જરૂર પહોંચાડીશું.' વ્રજવાસીઓએ ખાત્રી આપી.

શ્રીમહાપ્રભુજી સદુપાંડેના ઘરમાં સાત દિવસ બિરાજ્યા. શ્રીભાગવત પારાયણ કર્યું. શ્રીજીબાવા રોજ શ્રીમહાપ્રભુજીની ગોદમાં બિરાજીને શ્રીભાગવત સાંભળે છે.

શ્રીજીબાવાએ સદુપાંડેના અંધ માતા ઉપર પણ કૃપા કરી. ઘરનાં બધાં બાળકોને મા રોટલો ને માખણ સવારમાં આપે. બધાં છોકરાં લાઈનમાં ઊભા રહે. દરેકને મા હાથ પકડીને પૂછે : 'બેટા, તારું નામ શું છે?' પેલો નામ બોલે એટલે મા રોટલા ઉપર માખણ મૂકીને આપે. માને આંખે ઓછું દેખાય પણ હાથના સ્પર્શથી અને અવાજથી બધાં છોકરાંને ઓળખે.

એક દિવસ એક અજાણ્યો હાથ માના હાથમાં આવી ગયો. માને થયું: 'આ નવો છોકરો કોણ આવ્યો આજે આન્યોરમાં?'

માએ પૂછયું : 'બેટા, તેરો નામ કહા?' બાળક કહે છે: 'મા, મેરો નામ દેવદમન.'

'અરે દેવદમન, તું આયો બેટા!' મા તો રાજી થઈ ગયાં. રોટલા ઉપર બધાંના કરતાં બમણું માખણ મૂકીને આપ્યું. કહે છે : 'બેટા, દેવદમન, રોજ આયો કર.'

આ પરિવારને દેવદમન ઉપર આવો વાત્સલ્યભાવ છે. દેવદમને પણ આખા કુટુંબને પોતાનું ગણ્યું છે. નરો સાથે ખૂબ ખેલ્યા છે. સદુપાંડેના પત્ની ભવાનીની ખૂબ સેવા અંગીકાર કરી છે. આજ સુધી આ કુટુંબ શ્રીનાથજી અને શ્રીમહાપ્રભુજીની કૃપાથી પરિપૂર્ણ છે.

ચંદ્ર સુભાષ કાલરા (થાણા)ના જયશ્રીકૃષ્ણ.

આ પરિવારના ઘરમાં બિરાજતા શ્રીમહાપ્રભુજી અને શ્રીનાથજીનાં બેઠકજીએ આપણે આવ્યાં છીએ. બંને સ્વરૂપોને કેસરસ્નાન કરાવીએ, ધોતી ઉપરણા ધરીએ, અત્તર સમર્પીએ. તિલક કરી, માળાજી ધરી, ઝારીજી ભરીએ. ભોગ ધરી દંડવત્ કરીએ.

સદુપાંડેના વંશજો આજે પણ છે તે સૌને ભગવદ્સ્મરણ કરીએ. સૌ ભગવદીયોનું સ્મરણ કરી, દંડવત્ કરી આજ્ઞા લઈ હવે આપણે આગળ ચાલીએ. ગોવિંદકુંડ તરફ જઈએ.

આપણે આન્યોરથી ગોવિંદકુંડ તરફ જઈ રહ્યાં છીએ. ગામ છોડ્યું નથી કે ગોવિંદકુંડ આવ્યો નથી. સરસ મજાનો કુંડ છે. દર્શન કરીએ. પગથિયાં ઉતરીને નીચે જઈ જલપાન કરીએ.

આ એ કુંડ છે જ્યાં ઈંદ્રે ભગવાનનો જલથી અભિષેક કરીને પ્રભુને ગોવિંદની પદવી પ્રદાન કરી હતી. ભગવાનની ક્ષમા માગી હતી.

શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી અને સૌ બાલકો શ્રીનાથજીની સેવામાં જતાં પહેલાં આ કુંડમાં સ્નાન કરતા.

આ ગોવિંદકુંડ વિરહનું સ્થાન છે. કુંભનદાસને એમના પુત્ર કૃષ્ણદાસના હરિશરણ થવાથી સૂતક લાગ્યું ત્યારે અહીં બેસીને તેમણે ૧૫ રાત વિરહના પદો ગાઈ પ્રભુનો વિરહ કર્યો છે.

આ એ ગોવિંદકુંડ છે કે જ્યાં ચતુર્ભુજદાસજીએ મહાવદ ૭ થી વૈશાખ સુદ ૧૪ સુધી જ્યારે શ્રીનાથજીબાવા મથુરા પધાર્યા ત્યારે ભોજનની પણ પરવા કર્યા વિના શ્રીનાથજીનો વિરહ કર્યો છે.

ચતુર્ભુજદાસજી રોજ સાંજે ગાયોને પાછી આવતાં જુએ. એમાં ન શ્રીનાથજી દેખાય ન સખાઓ દેખાય. ત્યારે તેમની આંખમાંથી ખળખળ અશ્રુઓ વહેતાં હોય, ગદ્ ગદ્ બનીને વાણી કુંઠિત થઈ જતી હોય છતાંય તેઓ હૃદયનો બધો જ વિયોગ ઠાલવીને ગાતા હોય.

ગોવર્ધનવાસી સાંવરે લાલ, તુમ બીન રહ્યો ન જાય હો.
બ્રજરાજ લડેતે લાડિલે, તુમ બીન રહ્યો ન જાય હો.

આવા ચતુર્ભુજદાસજીને શ્રીજીબાવાએ મહિનાઓના વિરહ પછી કહ્યું: 'હવે હું જલદી પાછો આવીશ.'

અહીં રસખાનજી આવ્યા છે. આ પઠાણ યુવાને આગ્રાના એક વૈષ્ણવ પાસેથી શ્રીનાથજીના ચિત્રજીનાં દર્શન કર્યાં. એક લૌકિક બાળકના રૂપમાં

સોહિણીબેન યોગેશ કડકીયા (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

મોહેલો એ યુવાન શ્રીનાથજીનાં દર્શનથી લૌકિક રૂપને ભૂલી અલૌકિક રૂપનો દિવાનો બની ગયો. ઘેર કોઈને કહેવા જવા ય ઊભો ન રહેતા એણે સીધી વ્રજની વાટ પકડી. શ્રીનાથજીને શોધતાં શોધતાં અહીં આવી ગયો.

રસખાનજી મંદિરમાં જવા માટે શ્રીગિરિરાજજી ઉપર ચડ્યા. દ્વારપાળે એમનાં મેલાંઘેલાં યવન વસ્ત્રો જોઈને રોક્યા. મંદિરમાં પ્રવેશ ન મળ્યો તેથી વિરહમાં બેભાન થઈ ગબડતા ગબડતા નીચે આવ્યા. ખાનપાન છોડીને ૭૨ કલાક સુધી, આંખમાંથી આંસુ વરસાવતાં, 'હે સાંવરિયા, હે સાંવરિયા' પોકારતા બેઠા. ૧૨ કલાક પછી શ્રીજીબાવાએ દર્શન આપવાની કૃપા કરી.

એ દિવસે શ્રીજીબાવાનો શૃંગાર તો થયો હતો મલ્લકાછ ટિપારાનો, પણ તેમણે વિચાર્યું : 'મારા રસખાને તો મારું એક જ ચિત્ર જોયું છે. મુગટ-કાછનીનાં શૃંગારનું. આ શૃંગારમાં કદાચ તે મને ઓળખશે નહિ.'

ભક્તવત્સલ પ્રભુએ મુગટ કાછનીનો શૃંગાર ધારણ કરી ગોવિંદકુંડની સામે શ્રીગિરિરાજજીના શિખર પર પધારી વેણુ વગાડી ધ્યાન ખેચ્યું અને રસખાનના વિયોગ નિતરતા હૃદયને શાતા આપી.

રસખાનની આંખો ઓળખી ગઈ. આ એજ મારો સાંવરિયો. મૂઠીઓ વાળીને દોડ્યા. લાવ, પ્રભુના ચરણારવિંદ પકડી લઉં.

પણ ત્યાં તો શ્રીઠાકોરજી અંતર્ધ્યાન. ફરી બેભાન થયા. ફરી પટકાયા. શ્રીઠાકોરજીએ ફરી દર્શન આપીને આજ્ઞા કરી : 'શ્રીગુસાંઈજીનો સેવક થા. પછી હું સ્પર્શ કરવા દઈશ. કાલે શ્રીગુસાંઈજી પધારશે.'

શ્રીગુસાંઈજીના પધારવાની વાટ જોઈને રસખાન બેઠા છે. નજર રસ્તા ઉપર છે. દૂરથી ઘોડાનાં ડાબલાં સંભળાયાં. રેતી ઊડતી જણાઈ. સચેત થઈ ગયા. ઊભા થઈ ગયા. શ્રીગુસાંઈજી ઘોડેસ્વાર થઈને નજીક પધાર્યા. રસ્તામાં રસખાનજીએ ઘોડો રોકી લીધો : 'મહારાજ, મને સેવક કરો.'

'રસખાન, આપણે કદી મળ્યા નથી. તમે મને કેવી રીતે ઓળખ્યો?'

'મહારાજ, તમને કેમ ન ઓળખું? હું જોયા કરું છું કે આપ ઘોડા ઉપર બેસીને પધારો છો ત્યારે આપની નજર રસ્તા ઉપર નથી હોતી. આપની નજર આ પર્વત પરના મંદિરની ધજા ઉપર લાગેલી હોય છે. આવી આસક્તિ આપના સિવાય બીજા કોને હોય?'

ગો.વા. નવનીતલાલ ઓચ્છવલાલ મોદી (ચૌધરી) (મુંબઈ)ના જય જય ગોકુલેશ.

'મને શ્રીનાથજીબાવાની આજ્ઞા થઈ છે. મને સેવક કરો.'

શ્રીગુસાંઈજી ત્યાં જ ઘોડા પરથી નીચે પધાર્યા. ગોવિંદકુંડમાં સ્નાન કર્યું. રસખાનજીને પણ સ્નાન કરાવી સેવક કર્યા.

'ચાલો રસખાન, તમને દર્શન કરાવું.' રસખાનજીનો હાથ પકડી શ્રીગુસાંઈજી ઉપર લઈ ગયા. ઉત્થાપનનાં દર્શન કરાવ્યાં.

દર્શન કરતાં રસખાનજી ફરી મૂર્છા પામી ગયા. શ્રીગુસાંઈજી તેમને ભાનમાં લાવ્યા.

'મહારાજ, આજે મારું જીવન સફળ થયું. બસ હવે એટલી કૃપા કરો કે આ વ્રજ છોડીને હું ક્યાંય ન જાઉં.' રસખાનજીએ શેષ જીવન વ્રજમાં વિતાવ્યું.

વ્રજની કુંજ નિકુંજોમાં શ્રીઠાકોરજીને શોધતા રસખાનજી ફર્યા કરે છે. અહીં ગોવિંદકુંડથી આગળ શ્રીગિરિરાજજીની તળેટીમાં સુંદર સુંદર નિકુંજો છે. એક દિવસ આવી એક નિકુંજમાં રસખાનજી બપોરે એક વૃક્ષ નીચે બેઠા છે. શ્રીઠાકોરજીનો વિયોગ છે. મળવાની અભિલાષા છે. એક કીર્તન ગાઈ રહ્યા છે - વેદમેં ઢૂંઢ્યો, પુરાનનમેં ઢૂંઢ્યો -

ભગવાનને મેં વેદમાં, પુરાણોમાં, ઉપનિષદોમાં બધે શોધ્યો પણ ક્યાંય મળતો નથી. હવે ક્યાં શોધવો? ત્યાં તો એમની દૃષ્ટિ સઘન નિકુંજના એક વૃક્ષ તરફ ગઈ. લીલાંછમ વૃક્ષોથી આચ્છાદિત એ નિકુંજમાં નીચે લીલું લીલું ઘાસ પથરાયેલું છે. ઘાસ ઉપર શ્રીરાધિકાજી પોઢ્યાં છે. શ્રીઠાકોરજી શ્રીરાધિકાજીનાં ચરણ દબાવી રહ્યા છે. ચરણસેવા કરી રહ્યા છે.

રસખાનજી આનંદથી ઉછળી પડ્યાં. 'અરે! જેમની સેવા માટે તો સ્વયં શ્રીલક્ષ્મીજી, શારદા વગેરે લાલાયિત છે, છતાં જેમને એ મળતી નથી તેવો મારો આ ત્રિભુવનનો નાથ શ્રીરાધિકાજીની ચરણસેવા કરી રહ્યો છે!

આશ્ચર્યપૂર્ણ આનંદ સાથે એમનાથી ગવાઈ ગયું. 'વે દેખો પલોટત પાયન રાધાકે' જુઓ, આવાં દર્શન કદી નહિ થાય. વાહ પ્રભુ! શું તમારી લીલા છે! જેમના ચરણારવિંદની સેવા માટે નંદાલયમાં સોળ હજાર

ગોવિંદલાલ એમ.શાહ (ગાંધીનગર)ના જયશ્રીકૃષ્ણ.

કુમારિકાઓ છે, જેમની ચરણ સેવા કરવા વ્રજમાં અનેક વ્રજવાસિની ગોપીકાઓ છે તેવા આપણા આ શ્યામસુંદર ત્રિભુવનમોહન શ્રીરાધિકાજીની ચરણ સેવા કરે છે!

પ્રભુ કેવા વિપરીત લીલા કરનારા છે! તેમણે કોઈ લીલા બાકી નથી રાખી. શ્રીઠાકોરજી કહે છે : તમે પણ આવું જ કરજો. પરસ્પરનો પ્રેમ તોજ વ્યક્ત થશે.

અહીં આ સ્થળે રસખાનજીને, એમને થયેલાં દર્શનને યાદ કરી ધન્ય બનીએ.

એક દિવસ વૃદ્ધાવસ્થામાં શ્રીનાથજીના મંદિરની ધજાનાં દર્શન કરતાં કરતાં રસખાનજી ગાઈ રહ્યા છે. પ્રભુને કહે છે :

'હે પ્રભુ, બીજું તો કંઈ જોઈતું નથી. આપનાં દર્શન થયા પછી બધું જ મળી ગયું છે. પણ હવે બીજો જન્મ આપો અને એ જો મનુષ્યનો આપવો હોય તો ગોકુલમાં નંદબાવાને ત્યાં એક ગ્વાલનો આપજો.'

'હે પ્રભુ, મનુષ્યનો જન્મ ન આપો અને પશુનો આપો તો નંદબાવાની ગૌશાળાની એક ગાય બનાવજો.'

'હે પ્રભુ, ગાય ન બનાવવી હોય અને પક્ષીનો જન્મ આપવો હોય તો શ્રીયમુનાજીના કિનારે કદંબના વૃક્ષ ઉપરનું એક પક્ષી બનાવજો. મહારાજ, હું પક્ષી યોની માટે લાયક ન હોઉં, મને જડ પથ્થર બનાવવો હોય તો શ્રીગિરિરાજજીનો એક નાનકડો શિલાખંડ બનાવજો. પણ રાખજો તો વ્રજમાંજ.'

પરમાનંદદાસજીએ પણ માગ્યું હતું :

માનુષજન્મ ઔર હરિસેવા, બ્રજ બસવો કિજે મોહિ સુલભ. આવા રસખાનજીને અહીં વંદન કરીએ.

બાજુમાં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી બિરાજે છે. મોટું સુંદર પથ્થરનું પ્રવેશદ્વાર છે. ત્યાંથી અંદર બેઠકજીમાં જઈએ.

અહીં શ્રીમહાપ્રભુજીએ શ્રીમદ્ ભાગવત પારાયણ કર્યું છે. અહીં અચ્યુતદાસ નામના એક વિરકત વૈષ્ણવ રહેતા હતા. તેઓ શ્રીમહાપ્રભુજીનાં દર્શન કરવા આવ્યા. સેવક થયા. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી : બ્રહ્મસંબંધ થયું છે. હવે સેવા કરો.'

પિયૂષભાઈ અંબાલાલ શાહ (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ.

અચ્યુતદાસ કહે : 'મહારાજ, હું તો વિરકત છું. ભોજન કરવા કોઈ પાત્ર પણ નથી. આ ખોબાથી જળ પીઉં છું અને ભોજન કરું છું. પહેરેલાં વસ્ત્ર સિવાય કોઈ વસ્ત્ર પણ મારી પાસે નથી. હું કેવી રીતે સેવા કરું?'

શ્રીમહાપ્રભુજીએ એવી કૃપા કરી કે અચ્યુતદાસને માનસી સેવા સિદ્ધ થઈ. આપે અહીં આ બેઠકજીના સ્થાનમાં અચ્યુતદાસને 'સિદ્ધાંત મુક્તાવલી' નામનો ગ્રંથ રચીને સંભળાવ્યો.

અચ્યુતદાસ અહીં શ્રીમહાપ્રભુજીનું ધ્યાન કરતા. માનસી સેવામાં તત્પર રહેતા.

શ્રીગુસાંઈજી ગોવિંદકુંડમાં સ્નાન કરીને શ્રીગિરિરાજજી ઉપર શ્રીજીબાવાની સેવામાં પધારતા પહેલાં અહીં આવી અચ્યુતદાસને વંદન કરતા. અચ્યુતદાસ કહેતા : 'મહારાજ, આપ આ શું કરો છો?'

ત્યારે શ્રીગુસાંઈજી આજ્ઞા કરતા કે : 'અચ્યુતદાસ તમારા નેત્રોમાં મને શ્રીમહાપ્રભુજીનાં દર્શન થાય છે. હું તેમને વંદન કરું છું.'

આવા અચ્યુતદાસજીનું સ્મરણ કરીને આપણે એમને વંદન કરીએ. એમને વિનંતી કરીએ : 'હે ભગવદીય, આપના જેવી માનસી સેવા તો અમારા માટે દૂરની વાત છે; પરંતુ જે સિદ્ધાંત મુક્તાવલી ગ્રંથનું આપને દાન થયું છે. એ ગ્રંથની આજ્ઞા તનુવિત્તજા સેવાની છે. એ સેવા કરવા માટે અમે તત્પર બનીએ એ માટે અમને શક્તિ, ગતિ, રતિ અને મતિનું દાન કરજો.'

અહીં ગોવિંદકુંડના બેઠકજીએ શ્રીમહાપ્રભુજી બિરાજે છે. આવો, કેસરસ્નાન કરાવી, ધોતી ઉપરણા ધરીએ. અત્તર સમર્પીએ. તિલક કરીએ. માળાજી ધરીએ. ચરણસ્પર્શ કરી, ભોગ ધરી, દંડવત્ કરીએ.

શ્રીમહાપ્રભુજીને વિનંતી કરીએ : અચ્યુતદાસના ઉપર આપે જે કૃપા કરી એવી રંચક કૃપા અમારા ઉપર પણ કરજો. અમને માનસી સેવાનું દાન કરજો.

અહીંથી આપણે હવે પૂછરી તરફ જવું છે.

એન જે. નાયક (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

આપણે હવે પૂછરી તરફ જઈ રહ્યાં છીએ. રસ્તામાં શ્રીગિરિરાજજીની તળેટીમાં અનેક કુંજ-નિકુંજો છે. નજર બીજે ક્યાંય ફેરવશો નહિ. આ નિકુંજોમાં શ્રીઠાકોરજીને શોધતાં ચાલજો.

આ નિકુંજોમાં જ વહેલી સવારે ફૂલ વીણવા આવેલા ચતુર્ભુજદાસજીને શ્રીયુગલસ્વરૂપે દર્શન આપ્યાં હતાં. દર્શન કરી તેમણે ગાયું હતું -

ગોવર્ધન ગિરિ સઘન કંદરા, રેન નિવાસ કીયો પિયપ્યારી,
ઊઠ ચલે ભોર સૂરતરસભીને, નંદનંદન વૃષભાનદુલારી.

આ લીલાનું આપણે સ્મરણ કરીએ. શ્રીઠાકોરજી અહીં કુંજ-નિકુંજોમાં ખેલતા હશે. શ્રીગિરિરાજબાવાની કૃપા થઈ જશે તો અહીં ગાય, સર્પ કે સિંહ સ્વરૂપે દર્શન પણ થઈ જશે.

એકવાર કેટલાક વૈષ્ણવો પરિક્રમા કરતાં અહીંથી પસાર થયેલાં ત્યારે તેમને શ્રીગિરિરાજબાવાના સર્પ સ્વરૂપે દર્શન થયેલાં. ફેણ માંડીને બિરાજેલા. આમ તો સર્પનો સ્વભાવ એવો કે પગરવ સાંભળે એટલે સરકી જાય; પણ ભક્તોને દર્શન આપવા માટે શ્રીગિરિરાજબાવા સર્પ સ્વરૂપે પ્રસન્નતાથી ડોલતા ડોલતા ઘણા સમય સુધી બિરાજ્યા અને સૌ વૈષ્ણવોએ પાસે જઈ દંડવત્ કરેલા. દર્શન કરી ભાવવિભોર બનેલાં.

આ એક એવું સ્થાન છે કે જ્યાં શ્રીગિરિરાજબાવા જેના ઉપર કૃપા કરે તેને ગાય, સર્પ કે સિંહ સ્વરૂપે દર્શન આપે.

આગળ જતાં નવલકુંડ પાસે રામદાસજીની ગુફા છે. આ ગુફા શ્રીગિરિરાજજીની અંદર છે. અંદર જઈ શકાતું નથી. એટલે રસ્તામાંથી જ તેમને દંડવત્ કરીશું. આ ગુફામાં રામદાસજી એકાંતવાસ કરીને વિરક્ત અવસ્થામાં રહેતા હતા. તેઓ શ્રીનાથજીના પહેલા મુખિયાજી હતા.

આગળ અપ્સરાકુંડ છે. સ્વર્ગમાંથી ઈન્દ્રની સાથે આવેલી અપ્સરાઓએ અહીં મુકામ કરેલો. આ કુંડમાં સ્નાન કરી એમના નૃત્યથી શ્રીઠાકોરજીને રીઝવ્યા હતા. બાજુમાં નવલકુંડ છે. બંને નજીક નજીક છે. અત્યંત સુંદર રમણીય સ્થાન છે. સુંદર વૃક્ષાવલીઓ છે. બાજુમાં શ્યામતમાલના વૃક્ષ નીચે છીતસ્વામીજીનું સ્થાન છે. છીતસ્વામીજીનું શ્રીગિરિરાજજીનું દ્વાર છે.

ચંપાબેન ભૂલાભાઇ કોટક (થાણા)ના જયશ્રીકૃષ્ણ.

નવલકુંડ ઉપર શ્રીનવલબિહારીજીનું મંદિર છે. અપ્સરા કુંડ ઉપર શ્રીઅપ્સરાબિહારીજીનું મંદિર છે.

આ અલૌકિક સ્થાન છે. અહીં ચારે બાજુ વૃક્ષોની સઘન ઘટા અને શ્રીગિરિરાજજીની તળેટી છે. અહીંની વનશ્રી અલૌકિક આનંદ અને સાત્ત્વિક ભાવનો ઉદય કરે છે. અહીંથી આપણે પાછા શ્રીગિરિરાજજીની સન્મુખ આવી ગયાં છીએ.

સારસ્વતકલ્પમાં ગોવર્ધન યજ્ઞ કરવા માટે આવેલ નંદરાયજી અને વ્રજવાસીઓના ડેરા અહીં થયા હતા. શ્રીકૃષ્ણે તે સમયે અહીં અપ્સરાકુંડમાં સ્નાન કર્યું હતું.

સમય હોય તો અહીં બેસીને શ્રીઠાકોરજીની લીલાઓનું ચિંતન કરવા જેવું છે. જ્યારે જ્યારે અહીં આવવાનું થાય ત્યારે ત્યારે મને તો એમ થાય કે સાથેના સૌને કહી દઉં , 'આગળ જાઓ, હું આવું છું.'

આપણે અહીં બેસીને શ્રીઠાકોરજીનું થોડું ગુણગાન કરી લઈએ. નૃત્ય આવડે તો નૃત્ય કરીને પ્રભુને રીઝવી લઈએ.

પ્રેમથી ગુણગાન કરજો. કદાચ દિવાળીને દિવસે બધું ગુમાવીને તનીયાભેર અપ્સરાકુંડમાં સ્નાન કરતા શ્રીઠાકોરજીનાં દર્શન થઈ જશે.

શ્રીગિરિરાજજીની સન્મુખ ચાલી રહ્યાં છીએ. પૂછરીના લોઠા પાસે આવી ગયા છીએ. અહીં તેમને આદર આપવા માટે વ્રજવાસીઓ બૂમ પાડે છે. એક જણ બોલે - પૂછરીના લોઠા, એટલે બીજા બધા બોલે 'હૂપ હૂપ હૂપ'.

આપણે પણ પ્રેમથી એમનું સન્માન કરીએ. કોણ છે આ લોઠાજી? લોઠા એટલે મજબુત, કદાવર માણસ. એ ભગવાનના સખા છે - મિત્ર છે. ઉંમરમાં તેમનાથી મોટા છે. આજના શબ્દોમાં કહીએ તો ભગવાનના બોડીગાર્ડ છે. ભગવાનના સ્પેશ્યલ પ્રોટેક્ષન ગ્રુપના ઓફિસર છે.

જ્યારે શ્રીગિરિરાજજીને ઊંચકવાનો સમય આવ્યો ત્યારે આ લોઠાજીને વાંકું પડ્યું. મોટાંઓને વાંકું જલ્દી પડે. એટલે એમણે શ્રીગિરિરાજજી ઉપર એક બાજુ બેસીને એવું વજન વધાર્યું કે શ્રીગિરિરાજજી ઊંચા જ ન થાય.

ગો.વા. વામનરાય મુળજીભાઇ વળીયા (વેરાવળ)ના જયશ્રીકૃષ્ણ.

શ્રીઠાકોરજી બહુ દયાળુ છે. મિત્રોની કાની રાખનારા છે. જઈને કહે છે : 'તું લોઠો છે. હું તારા બળની પ્રશંસા કરું છું. આ વ્રજને તારે ડૂબાડવું છે? નામોશી તારા ઉપર આવશે. તારે તો આ કાર્યમાં મદદ કરવી જોઈએ. તું ખસી જા. હું તને વચન આપું છું કે અહીં દેવ તરીકે તારી પૂજા થશે.

લોઠાજી ખસી ગયા. આજે પણ તેમનું મંદિર શ્રીગિરિરાજજીની બાજુમાં છે. શ્રીગિરિરાજજીની ઉપર નથી. પછી પ્રભુએ શ્રીગિરિરાજ ધારણ કર્યો.

આમ તો આ લોઠાજી બીક લાગે એવા દેવ છે. પણ આપણે એમનાથી બીવાનું નથી. આપણે એમની પાસે જઈને પ્રભુ ક્યાં મળશે તેમ પૂછવાનું છે.

ગોપીજનો પ્રભુને શોધતાં શોધતાં અહીં સુધી આવ્યાં હતાં પરંતુ લોઠાજીને અહીં બેઠેલા જોઈને મૂંઝાઈ ગયાં.

એ જમાનામાં મોટાનો મલાજો બહુ રખાતો. સસરા કે જેઠને ઓળંગીને જવાય નહીં. લોઠાજી તો ભગવાનથી મોટા એટલે જેઠ જેવા. એમને ઓળંગીને પાછળની બાજુ આન્યોર તરફ જવું છે તો કેમ જવાય? બધાં અટકી ગયાં.

એક સખીએ બીજીના કાનમાં કહ્યું : 'આ ભગવાનના ખાસ મિત્ર છે. અલિ, તું એમને પૂછને!' બીજીએ ખભા ઊંચા કરીને કહ્યું : 'ના સખી, જેઠજીને પૂછાય?' હું તો ના પૂછું.' એણે ત્રીજીને કહ્યું : 'તું પૂછને! મને તો શરમ આવે છે!' ત્રીજી ચોથીને કહે છે : 'તું પૂછને!'

આમ સૌ એકબીજાના કાનમાં કહે છે. 'તું પૂછ!' પણ કોઈએ પૂછવાની હિંમત કરી નહિ.

પૂછરીનો અર્થ થાય : 'અલિ, તું પૂછ.' આમ, જે સ્થળમાં ગોપીજનોએ લોઠાજીની શરમ રાખી એકબીજાને પૂછવાનું કહ્યું તે સ્થાન તે 'પૂછરી'.

પણ આપણે તો પૂછીશું. આપણને ક્યાં માન મર્યાદા નડે છે? આજે તો ક્યાં એવું રહ્યું છે કે જેઠજીની સામે ન જવાય? આજે તો જેઠજીની સામે બેસીને વાતો પણ થાય. ચાલો, આપણે જઈને લોઠાજીને બે હાથ જોડીને પૂછીએ. જરા શાંતિથી પૂછજો હોં! જો લોઠાજી ગુસ્સે થઈ ગયા તો ઉપાધિ.

'લોઠાજી, જરા અમને બતાવશો કે તમારા મિત્ર શ્રીઠાકોરજી અમને ક્યાં મળશે?'

ગો.વા. લીલાવતીબેન વામનરાય વળીયા (વેરાવળ)ના જયશ્રીકૃષ્ણ.

લોઠાજી કહે છે : 'હું પણ એને જ શોધી રહ્યો છું. તમારી વિનંતી હું એને જરૂર પહોંચાડીશ.'

આપણે લોઠાજીને જયશ્રીકૃષ્ણ કરી આગળ વધીએ.

એક બીજી માન્યતા પ્રમાણે શ્રીગિરિરાજજીનું એક સ્વરૂપ ગાયનું છે. ગાય સ્વરૂપે તેમનું મુખારવિંદ માનસીગંગામાં છે. અને અહીં પૂચ્છ છે. તેથી પણ આ સ્થાન પૂછરી કહેવાય છે.

અહીંથી થોડે દૂર કૃષ્ણદાસજીએ બનાવેલો કૂવો છે. હવે આપણે સુરભિ કુંડ તરફ જઈશું.

આપણે સુરભિ કુંડ તરફ જઈ રહ્યાં છીએ. પરિક્રમાના માર્ગથી જુદા માર્ગમાં થોડે દૂર શ્યામઢાક છે. ત્યાં શ્રીજીબાવા બહુ પધારતા. ત્યાં ગૌચારણ કરે, છાક આરોગે. બાજુમાં શ્યામ તલૈયા છે.

ત્યાં જે ઢાક એટલે કે ખાખરાનાં વૃક્ષો છે તે બધા શ્યામ રંગનાં છે. એના પાંદડાં પડિયાના આકારના છે. બહુ સુંદર રમણીય સ્થળ છે.

અહીં શ્યામઢાકમાં શ્રીનાથજીનાં બેઠકજી છે. ઠાકોરજી અહીં છાક આરોગે છે. આપણે અહીંથી તેમને દંડવત્ કરી લઈએ. શ્રીઠાકોરજી સખાઓ સાથે છાક આરોગવા બિરાજ્યા હશે. આપણે તેમને ડિસ્ટર્બ કરવા જવું નથી.

હવે આપણે સુરભિકુંડ પહોંચવું છે. ઈંદ્રની સાથે સ્વર્ગમાંથી સુરભિ ગાય આવી હતી. તેણે શ્રીઠાકોરજીને દુગ્ધાભિષેક કરવા માટે પોતાના દૂધથી આ કુંડ ભરી દીધો હતો માટે કુંડનું નામ સુરભિકુંડ છે.

બહુ મોટો સુંદર કુંડ છે. અહીં પરમાનંદદાસજીનું દ્વાર છે. અહીં શ્યામતમાલના વૃક્ષ નીચે બાંધેલી પર્ણકુટિમાં તેઓ રહેતા હતા.

કુંડના જલનું પાન કરીએ, આચમન કરીએ, માર્જન કરીએ. કુંડની બાજુમાં મુંબઈના મોટામંદિરવાળા શ્રીબાલકૃષ્ણલાલજીનું મંદિર છે. મંદિર ખંડેર હાલતમાં છે પણ વ્રજપરિક્રમા વખતે સુરભિકુંડની સામે શ્રીગિરિરાજજીનો છપ્પનભોગ થાય છે ત્યારે આ મંદિરમાં છપ્પનભોગની સામગ્રી સિદ્ધ થાય છે.

સુરભિકુંડની બરોબર સામે શ્રીગિરિરાજજીનું છપ્પનભોગનું સ્થાન છે. બહુ સુંદર બનાવ્યું છે. નીચે આરસ મઢીને, ઉપર ચારેબાજુ જાળીઓ

ગિરીશભાઈ એસ ઠક્કર (એડવોકેટ) (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

નંખાવી છે. પગથીયાં ચડીને જવાય છે. ત્યાં શ્રીગિરિરાજબાવા બિરાજે છે. મુખારવિંદ ઉપર પૂજન ન કરવું હોય એ સૌ અહીં આવીને પૂજન કરે છે.

અહીં આપણે શ્રીગિરિરાજબાવાનું પૂજન કરીએ. પ્રથમ જળથી, પછી દૂધથી અને ફરી પાછા જળથી સ્નાન કરાવીએ. અંગવસ્ત્ર કરી અત્તર સમર્પીએ. ધોતી ઉપરણા ધરી માળાજી ધરીએ. ઝારીજી ભરી ભોગ ધરીએ. અહીં આપણે શાનો ભોગ ધરીશું?

શ્રીગિરિરાજબાવા દૂધ અને દૂધઘર તો રોજ આરોગે છે. આખા દિવસમાં કેટલીયે વાર આરોગે છે. આપણે શ્રીગિરિરાજબાવાને જ પૂછીએ: 'બાવા, દૂધઘર સિવાયની બીજી કોઈ સામગ્રી આપને પ્રિય ખરી? તો આપને આજે એ સામગ્રી આરોગાવીએ.'

'હા, મને બેજરની રોટી અને ટેંટીનું શાક-સંધાણું બહુ ભાવે છે.' ઘઉં અને ચણાના લોટને ભેગા કરીને બનાવેલી રોટીને વ્રજમાં બેજરની રોટી કહે છે.

ચાલો, આપણે જલ્દીથી બેજરની રોટી સિદ્ધ કરી દઈએ. એના ઉપર ચમચીથી જરા જરા ઘી ન લાગડશો હોં, ઘીના તપેલામાં જ રોટી બોળી દેજો.

આપણે જેને કેર કહીએ છીએ તેને અહીં વ્રજમાં ટેંટી કહે છે. ભગવદીયોએ ગાયું છે : વ્રજમેં બડો મેવા ટેંટી, એનું શાક સિદ્ધ કરીએ.

આપણે અહીં સુરભીકુંડ ઉપર શ્રીગિરિરાજબાવાને બેજરની રોટી અને ટેંટીના શાક-સંધાનાનો છપ્પનભોગ આરોગાવીએ. ડબરા ભરી ભરીને તાજું જમાવેલું દહીં અને માખણ આરોગાવીએ.

શ્રીગિરિરાજબાવાને ભોગ ધરી, ચરણસ્પર્શ કરી દંડવત્ કરીએ. વ્રજવાસીઓને ભોગ સરાવી લેવાનું કહી પરિક્રમામાં આગળ વધીએ.

થોડુંક ચાલીને સ્હેજ ઉપર નજર કરીશું તો શ્રીગિરિરાજજી ઉપર વૃક્ષોની વચ્ચે એક નાનકડું સફેદ મંદિર દેખાશે.

આ મંદિર ઢૂંકે દાઉજીનું મંદિર કહેવાય છે. દાઉજી એટલે ભગવાનના મોટા ભાઈ બળદેવજી. ઢૂંકે એટલે કમરમાંથી નીચે વળેલા.

કેમ દાઉજી કમરમાંથી નીચા વળ્યા છે? એનું કારણ છે. દાઉજીને શ્રીઠાકોરજીની રસાત્મક લીલાઓમાં પ્રવેશ નથી. એટલે તેઓ શ્રીગિરિરાજજી ઉપરથી વૃક્ષોની ઓથે સંતાઈને, વાંકા વળીને સુરભીકુંડ ઉપર ખેલતા

માલતીબેન અને જયંતિભાઈ શાહ પરિવાર (કેનેડા)ના જયશ્રીકૃષ્ણ.

શ્રીઠાકોરજીને જુએ છે. માટે તેઓ અહીં ઢૂંકે દાઉજી કહેવાયા. તેમને વંદન કરી આગળ જઈએ.

ઢૂંકે દાઉજીને વંદન કરી આપણે આગળ વધવાની તૈયારી કરીએ છીએ. મંદિર પાસેથી પસાર થતા વ્રજવાસીઓને જોઈને થોડું કુતૂહલ થાય છે. આ વ્રજવાસીઓ આમ શ્રીગિરિરાજજીની ઉપર થઈને ક્યાં જતા હશે? જવાબ મળે છે : વ્રજવાસીઓ જતિપુરાથી આન્યોર જવા માટે અહીં થઈને જાય છે. તેઓ આ સ્થાનને તેથી જ ચરણઘાટી કહે છે.

અહીંથી આગળ કદંબના વૃક્ષોનું સઘન વન છે. લાલ મ્હોંવાળાં બંદરો હૂપાહૂપ કરે છે. ત્યાં ઐરાવત કુંડ છે. ઈંદ્ર જેના ઉપર બેસીને શ્રીકૃષ્ણની માફી માગવા આવેલો તે ઐરાવત હાથી પોતાની સાત સૂંઢમાં સ્વર્ગગંગાનું જળ ભરી લાવેલો. તે જળથી તેણે શ્રીકૃષ્ણનો અભિષેક કરેલો અને એનાથી આ કુંડ બન્યો માટે ઐરાવત કુંડ કહેવાય છે. તે કુંડ ત્રણ બાજુથી પાકા પથ્થરથી બાંધેલો છે. ચોથી બાજુથી હાથી પાણી પીવા કુંડમાં ઉતરી શકે તેવો છૂટો છે. વ્રજવાસીઓ તેને હાથીયાપદ કુંડ પણ કહે છે.

શ્રીકૃષ્ણે સાત દિવસ શ્રીગિરિરાજ ધારણ કર્યા પછી વરસાદ બંધ થયો. ભગવાને વ્રજવાસીઓનું રક્ષણ કર્યું તેથી સૌ વ્રજવાસીઓએ શ્રીકૃષ્ણની ગિરિરાજ ધારણ કરનારી જમણી ભુજાનું અહીં દૂધ-દહીંથી પૂજન કર્યું હતું. તેઓએ અહીં શ્રીકૃષ્ણને આશીર્વાદ આપ્યા હતા. આ સ્થાન ઘણું અલૌકિક છે.

આ કુંડ પાસે ગોવિંદસ્વામીની કદંબખંડી છે. કદંબનાં વૃક્ષોની સઘન ઘટા છે. અહીં ગોવિંદસ્વામીનું દ્વાર છે. ગોવિંદસ્વામીની સમાધિની ગુફા છે. તે પ્રત્યક્ષ દેખાય છે પરંતુ તેમાં કોઈ જઈ શકતું નથી.

અહીં ગોવિંદ બિહારીજીનું મંદિર છે. રાસનો ચોતરો છે. ગોવિંદસ્વામીની બેઠક છે. શ્રીઠાકોરજીનું હિંડોળાઝૂલનનું સ્થાન છે.

ગોવિંદસ્વામી અને શ્રીનાથજીની સખ્યભક્તિથી પાવન બનેલી આ ભૂમિ છે. અહીં શ્રીનાથજી ગોવિંદસ્વામી સાથે ખૂબ ખેલ્યા છે. ઝૂલા અને હિંડોળા ઝૂલ્યા છે. ડોલ ઉત્સવ તો અહીંનો જ. અહીં હોરીખેલ થાય ત્યારે ઢીંચણ સુધી આવે તેટલો ગુલાલ પથરાઈ જાય તેવો ભારે ખેલ થાય.

હીરાબેન શાંતિલાલ શાહ પરિવાર (કેનેડા)ના જયશ્રીકૃષ્ણ.

કીર્તનમાં ગોવિંદસ્વામીનો જોટો નહિ. તાનસેનને પણ હાર માનવી પડેલી. ગોવિંદસ્વામી એટલે લીલામાં શ્રીદામા સખા. શ્રીરાધિકાજીના કાકાના દીકરા ભાઈ. શ્રીરાધિકાજી અને શ્રીઠાકોરજી વચ્ચે સંદેશાની આપ લે કરનાર. બંનેના પ્રિય. જેમને સાથે લઈને શ્રીગુસાંઈજી સદેહે શ્રીગિરિરાજજીની કંદરામા પધારેલા.

આવી આ પાવન ભૂમિને અને ગોવિંદસ્વામીને આપણે અહીં દીનતાપૂર્વક દંડવત્ કરીએ. એની ચરણરજ માથે ચડાવીએ. આવી સખ્યભક્તિ અને કીર્તનભક્તિનું દાન પ્રભુ આપણને થોડું પણ કરે તેવી વિનંતી કરીએ.

શ્રીગોવિંદસ્વામીને દંડવત્ કરી આપણે પરિક્રમાના માર્ગમાં આગળ વધીએ છીએ. થોડેક આગળ પરિક્રમાના માર્ગથી ડાબા હાથે હરજી કુંડ છે. શ્રીગુસાંઈજીના સેવક હરજી ગ્વાલે શ્રીનાથજીની ગાયોને જળ પીવાની તકલીફ પડતી હતી માટે આ કુંડ બનાવેલો. શ્રીનાથજીની ગાયો ત્યાં પાણી પીતી. આજે વ્રજવાસીઓ આ કુંડના જળનો ઉપયોગ પોતાને માટે કરે છે.

અહીંથી આગળ જતાં આવે છે તુલસીક્યારા. શ્રીવલ્લભ-કુલના બાલકો નિત્યલીલામાં પધારે છે ત્યારે તેમના તુલસીક્યારા અહીં સિદ્ધ થાય છે. શ્રીગિરિરાજજીની અંદર નિત્યલીલામાં પધારવાનું તેમનું એ પ્રવેશદ્વાર છે એવી ભાવના છે. અહીંથી તેઓ નિત્યલીલામાં પધાર્યા છે એ ભાવનાથી એ સર્વ તુલસીક્યારાએ આપણે અહીં શ્રીવલ્લભકુલના સર્વ બાળકોને દંડવત્ કરીએ.

અને લો, હવે આપણે આવી ગયાં છીએ પાછાં મુખારવિંદની સન્મુખ. અહીં જમણી બાજુએ શ્યામ ગ્રેનાઈટનો તુલસીક્યારો છે. શ્રીગુસાંઈજી મહારાજનું નિત્યલીલાનું એ પ્રવેશદ્વાર છે. અહીં આપણે શ્રીગુસાંઈજી મહારાજને દંડવત્ કરીએ.

સાંજનો સમય છે. હવે શ્રીગિરિરાજબાવાને સાંજના શૃંગાર થવાની તૈયારી છે. હમણાં અહીં બધું ખાસા થઈ જશે. પછી આપણને ત્યાં કોઈ જવા નહિ દે; માટે આવો, શ્રીગિરિરાજબાવાને, એમની કૃપાથી પરિક્રમા પરિપૂર્ણ થઈ છે તો, મુખારવિંદ પાસે જઈ દંડવત્ કરીએ. એમની થોડી

શ્રી નવનીતલાલ મગનલાલ શાહ (હૈદ્રાબાદ)ના જયશ્રીકૃષ્ણ.

ચરણસેવા કરીએ. એમને વિનંતી કરીએ કે અમે આપને બહુ શ્રમ આપ્યો છે. આપ અમને ક્ષમા કરજો.

પ્રભુને પરિશ્રમ થાય ત્યારે પરિશ્રમ ભોગ ધરવાનો પ્રકાર છે. ચાલો આપણે પ્રભુને અનેક પ્રકારની દૂધગરની સામગ્રીઓનો ફરી ભોગ ધરીએ. વિનંતી કરીએ કે શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી અને શ્રીગુરુદેવની કાનીથી આરોગજો. શ્રીમહાપ્રભુજીના બેઠકજીએ દર્શન કરી દંડવત્ કરીએ. આપને વિનંતી કરીએ કે આપની કૃપાથી અમારી આ પરિક્રમા પરિપૂર્ણ થઈ છે. આપની કૃપાથી અમને પરિક્રમાના માર્ગમાં શ્રીગરિરાજબાવાનાં અલૌકિક સ્વરૂપે દર્શન થયાં છે. હે પ્રભુ, સદાય એવી કૃપા રાખજો કે અમે ઘેર બેઠાં માનસીમાં રોજ શ્રીગિરિરાજબાવાની પરિક્રમા કરીએ.

શ્રીગિરિરાજબાવાને પુનઃ પુનઃ દંડવત્ કરી પ્રેમથી એમની સ્તુતિ કરીએ.

ભક્તાભિલાષા ચરિતાનુસારી,
દુગ્ધાદિચૌર્યેણ યશોવિસારી ।
કુમારિતાનંદિત ઘોષનારી,
મમ પ્રભુઃ શ્રીગિરિરાજધારી ॥

શ્રીગિરિરાજધરણકી જય.

■

તમે અમારા કુલદેવતા

તમે અમારા કુલદેવતા વ્રજરાજ ગોવર્ધનદેવ,
ગોલોકથી ભૂતળ પધાર્યા કરવા નંદનંદન સેવ.
તમે અશકુટ આરોગ્યા વિશાળ રૂપ, હજાર હાથ,
ઈન્દ્ર કોપ્યો પ્રલય થયો ધર્યું છત્ર વ્રજ માથ.
પુલિંદી અબળા ને વળી શૂદ્ર કર્યાં તમે સનાથ,
ભક્તો દૂધ ચઢાવે કરે પરિક્રમા, ધન્ય તમારી ગાથ,
સૌની મનમાની પૂરણ કરો, અનાથોના તમે નાથ.

પટેલ વિમળાબેન પોપટલાલ (હિંમતનગર)ના જયશ્રીકૃષ્ણ.

વિભાગ : ૨

શ્રીગિરિરાજજીનું પ્રાગટ્ય - ગોલોકધામમાં

અહો ગોવર્ધનો સાક્ષાત્ ગિરિરાજો હરિપ્રિય:
તત્સમાન ન તીર્થોહિ વિદ્યતે ભૂતલે દિવિ
(ગર્ગસંહિતા-ગિરિરાજખંડ-અધ્યાય-૯)

શ્રીગોવર્ધન પર્વતોના રાજા છે અને હરિના વહાલા છે. એમના સમાન પૃથ્વી કે સ્વર્ગમાં બીજું એક પણ તીર્થ નથી.

આ ગિરિ ગોવર્ધન આજે લલિત મનોહર એવા વ્રજદેશમાં બિરાજે છે. અહીં શીતલ મંદ વાયુ વાય છે. સુખદ ઝરણાં ઝરે છે. રમણીય વૃક્ષો ઉપર ફળ-ફૂલ ઝૂમે છે. આવા રમ્ય સ્થાનમાં શ્રીરાધિકાજી સાથે શ્યામસુંદર નિત્ય વિહાર કરે છે. આ ગિરિ ગોવર્ધન આપણા પ્રાણપ્રેષ્ઠ શ્રીગોવર્ધનધર પ્રભુનું પ્રાગટ્યસ્થાન અને નિત્ય વિહારધામ છે.

તેમનું માહાત્મ્ય અપરંપાર છે. દર વર્ષે લાખો વ્રજવાસીઓ અને હજારોની સંખ્યામાં વૈષ્ણવો દૂરદૂરથી એમના દર્શનાર્થે આવે છે. શ્રીગિરિરાજજીનું પૂજન કરી, ભોગ ધરી તેમની પરિક્રમા કરે છે.

સૌ પ્રથમ આ ગિરિ ગોવર્ધનનું પ્રાકટ્ય ગોલોકધામમાં થયેલું. ગોલોકધામ એટલે આપણા પુષ્ટિ પુરુષોત્તમ પ્રાણપ્રિય પ્રભુનું મૂળ નિવાસસ્થાન, પ્રભુ ત્યાં નિત્ય બિરાજે અને શ્રીસ્વામિનીજી, શ્રીયમુનાજી તથા વ્રજભક્તો સાથે નિત્ય વિહાર કરે.

'ગર્ગસંહિતા'ના ગિરિરાજખંડના નવમા અધ્યાયમાં નારદજીએ બહુલાશ્વ નામના રાજાને આ પ્રાકટ્યનો પ્રકાર સુંદર રીતે સમજાવ્યો છે.

પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણચંદ્ર પ્રભુએ પોતાના રમણ માટે, પોતાના સ્વરૂપમાંથી શ્રીગોલોકધામ પ્રગટ કર્યું ત્યારે સૌપ્રથમ કમળના તંતુ સમાન ગૌર વર્ણના શ્રીશેષજીને પ્રકટ કર્યા. શ્રીશેષજીના મધ્ય ભાગમાં ગોલોકધામ પ્રકટ થયું, પ્રભુનાં ચરણારવિંદમાંથી ત્રણ પ્રવાહે વહેનારાં ગંગાજી પ્રકટ થયાં, પ્રભુના ડાબા હૃદયપ્રદેશમાંથી શ્રીયમુનાજી પ્રકટ થયાં, પ્રભુનાં બે ઘૂંટણોમાંથી સમસ્ત રાસમંડળ પ્રકટ થયું. આમ, પ્રભુનાં વિવિધ અંગોમાંથી સકળ લીલાસૃષ્ટિ પ્રકટ થઈ. પ્રભુ પૂર્ણપુરુષોત્તમ સ્વરૂપે પોતાની સમગ્ર લીલાસૃષ્ટિ સાથે ગોલોકધામમાં બિરાજી, રાસવિલાસ કરવા લાગ્યા.

એક દિવસ રાસલીલામાં પ્રસન્ન થયેલા પોતાના પ્રિયતમ પ્રભુને નીરખીને શ્રીરાધિકાજીએ વિનંતી કરી : 'આપ આજ્ઞા કરો તો આપની પાસે એક માગણી કરું.'

'હે શ્રીરાધે, તમે જે માગશો તે હું અવશ્ય આપીશ.'

'પ્રભુ! અહીં શ્રીયમુનાજીને કિનારે, વૃન્દાવનની નિકુંજોની સમીપમાં આપણા રાસવિલાસને યોગ્ય એક મનોહર એકાંત સ્થળ આપ સિદ્ધ કરો.'

'તમારો મનોરથ જરૂર પૂર્ણ થશે.' પ્રભુએ વચન આપ્યું.'

પ્રભુ આવા એકાંત સ્થળનો વિચાર કરતા, શ્રીયમુનાજીના કિનારે બિરાજ્યા. આ રાસભૂમિને યોગ્ય સ્થાનનો વિચાર કરતા, ચિંતન કરવા લાગ્યા.

તે જ સમયે શ્રીકૃષ્ણના હૃદયમાંથી ગોપિકાઓના પ્રેમરૂપી રસના પ્રવાહ સાથે અત્યંત પ્રકાશિત તેજનો પુંજ પ્રકટ થયો. આ તેજપુંજ પર્વત-સ્વરૂપે વધવા અને વિસ્તરવા લાગ્યો. ત્યાં સુંદર ઝરણાં વહેવા લાગ્યાં, મનોહર ગુફાઓ નિર્માણ પામી. કદંબ, આસોપાલવ, આંબા જેવાં વૃક્ષો અને લતાઓ શોભવા લાગ્યાં. તેનો વર્ણ અને તેજ રત્નો જેવાં શોભતાં હતાં. તે વિવિધ ધાતુઓથી યુક્ત હતો.

ક્ષણભરમાં તે અનેક માઈલ લાંબો, પહોળો, ઊંચો થયો. જેમ મહેલ ઉપર સુવર્ણના કળશ શોભે તેમ તેના ઉપર સો શિખરો શોભવા લાગ્યાં. ગોલોકધામના વાસીઓ તેને 'ગોવર્ધન' અને 'શતશૃંગ'ના નામે ઓળખવા લાગ્યા.

આમ, અચાનક તેને પ્રકટ થયેલ જોઈ ગોલોકવાસીઓને આશ્ચર્ય થયું. પ્રભુએ પોતાનો હસ્ત તેને લગાડી, તેને શાન્ત બનવાની આજ્ઞા કરી.

આવા શ્રીગોવર્ધનનાં દર્શન કરી શ્રીરાધિકાજી અત્યંત પ્રસન્ન થયાં. તેઓ પ્રભુ સાથે ત્યાં એકાંત વિહાર કરવા લાગ્યાં.

ગો.વા. ચંપાબેન ચીમનલાલ શાહ. હસ્તે. વર્ષાબેન ઉપેન્દ્રકુમાર શાહ (સેવાલીયા)ના જયશ્રીકૃષ્ણ.

શ્રીમતી દમયંતીબેન મથુરદાસ લાખાણી (પોંડીચેરી)ના જયશ્રીકૃષ્ણ.

૨. શ્રીગિરિરાજજીનું પ્રાકટ્ય - પૃથ્વી ઉપર

જ્યારે સારસ્વત કલ્પમાં પ્રભુએ પૃથ્વી પર પ્રકટ થવાનો નિર્ણય કર્યો, ત્યારે આપે શ્રીરાધિકાજીને પણ પૃથ્વી ઉપર પધારવા આજ્ઞા કરી. શ્રીરાધિકાજીએ કહ્યું : જ્યાં વૃંદાવન નથી, જ્યાં શ્રીયમુનાજી નથી, જ્યાં શ્રીગોવર્ધન નથી ત્યાં મારા મનને સુખ નથી.' તેથી પ્રભુએ સમસ્ત ગોલોકધામને ભૂતળ પર વ્રજમંડળમાં પ્રકટ થવાની આજ્ઞા કરી.

ભારત દેશની પશ્ચિમ દિશામાં, અત્યંત પ્રાચીન કાળમાં શાલ્મલી દ્વીપ આવેલો હતો. તે દ્વીપ ઉપર દ્રોણ પર્વત તેની પત્ની સાથે રહેતો હતો. તેના ત્યાં ગોવર્ધન પર્વતનો પુત્રરૂપે જન્મ થયો, ત્યારે દેવતાઓએ પુષ્પની વૃષ્ટિ કરી. હિમાલય, સુમેરુ વગેરે સર્વ પર્વતો તેમના દેવ સ્વરૂપે ત્યાં આવ્યા. તેમણે ગોવર્ધન પર્વતને નમસ્કાર કરી, તેની પ્રદક્ષિણા કરી, તેનું વિધિપૂર્વક પૂજન કરી, તેની સ્તુતિ કરતાં કહ્યું : 'હે શ્રીગોવર્ધન! તમે ગોલોકમાં વૃંદાવનમાં પ્રસિદ્ધ રીતે બિરાજો છો. તમે પ્રભુના અત્યંત પ્રિય છો, માટે તમે અહીં પણ અમારા સર્વ પર્વતોમાં શ્રેષ્ઠ છો, તેથી અમે આપને આજથી 'ગિરિરાજ' કહીશું. વૃંદાવનનાં ચિહ્નોથી શોભતા અને ગોલોકના મુગુટરૂપ એવા તમને નમન કરીએ છીએ. પૂર્ણપુરુષોત્તમના છત્રરૂપ એવા તમને વંદન કરીએ છીએ.'

ત્યારથી શ્રીગોવર્ધન પર્વત પૃથ્વી પર 'શ્રીગિરિરાજજી'ના નામે પ્રસિદ્ધ થયા.

૩. શ્રીગોવર્ધનનું આગમન - વ્રજમાં

એક વખત પુલસ્ત્ય ઋષિ તીર્થયાત્રા કરતા કરતા શાલ્મલી દ્વીપમાં આવ્યા. તેમણે દ્રોણ પર્વતને કહ્યું : 'હે દ્રોણ, તમે સર્વ પર્વતોના પતિ છો, સર્વ દેવો તમારું પૂજન કરે છે. હું તમારી પાસે તમારા પુત્ર ગોવર્ધનને માગવા આવ્યો છું. ભારતમાં કાશીનગરીમાં વિશ્વનાથ ભગવાન બિરાજે છે. ત્યાં સાક્ષાત્ ગંગાજી છે, ત્યાં મૃત્યુ પામનારનો તરત જ મોક્ષ થાય છે, પરંતુ ત્યાં કોઈ પર્વત નથી. હું ગોવર્ધનને કાશીનગરીમાં ગંગાજીના કિનારે રાખીશ અને તેની એકાંત કંદરામાં બેસી હું તપ કરીશ. માટે તમે મને ગોવર્ધન પર્વત આપો.'

રંજનબેન એચ. શાહ (મુંબઇ)ના જયશ્રીકૃષ્ણ.

દ્રોણે કહ્યું : 'હે મહામુનિ! મારો પુત્ર ગોવર્ધન મને અત્યંત પ્રિય છે, પરંતુ હું તમારો સ્વભાવ જાણું છું. તમારા શાપના ડરથી હું તમને ગોવર્ધન આપું છું.'

ગોવર્ધને પૂછયું : 'હે મુનિ! હું આઠ ગાઉ લાંબો છું, બે ગાઉ ઊંચો છું અને પાંચ ગાઉ પહોળો છું. તમે મને કેવી રીતે લઈ જશો?'

'હે ગોવર્ધન, તું મારા જમણા હાથની હથેળીમાં બેસી જા. મારા તપના તેજથી તને સુખ થાય તેવી રીતે હું તને કાશી સુધી લઈ જઈશ.'

'હે મુનિ! તમે જે સ્થળે પૃથ્વી પર મને મૂકશો, ત્યાંથી પછી હું ઊઠીશ નહીં, આ મારી પ્રતિજ્ઞા છે.'

'ગોવર્ધન, મારી પણ પ્રતિજ્ઞા છે કે હું કાશીનગરી પહોંચું ત્યાં સુધી તને નીચે મૂકીશ નહીં.'

પુલસ્ત્ય મુનિ તેમના જમણા હાથની હથેળીમાં ગોવર્ધન પર્વતને ધારણ કરી કાશીની દિશામાં ચાલ્યા. રસ્તામાં વ્રજમંડળ આવ્યું. ગોવર્ધન પર્વતને પોતાના ગોલોકધામના સ્વરૂપનું અને પ્રભુની આજ્ઞાનું સ્મરણ થયું. તેમણે વિચાર કર્યો : 'સાક્ષાત્ પ્રભુ અહીં પ્રકટ થશે. આ વ્રજમંડળમાં બાળલીલા, કિશોરલીલા, દાનલીલા, રાસલીલા, માનલીલા એમ અનેકવિધ લીલાઓ કરશે, માટે હું પણ અહીં જ રોકાઈ જાઉં.'

ગોવર્ધન પર્વતે પોતાના દેહનો ભાર ખૂબ જ વધાર્યો, તેથી પુલસ્ત્ય મુનિ પોતાની પ્રતિજ્ઞાને ભૂલી જઈ, થાક ખાવા માટે ગોવર્ધન પર્વતને તે વ્રજમંડળની ભૂમિ ઉપર મૂકી, સ્નાન-જપ કરવા ગયા.

મુનિએ પાછા આવી ગોવર્ધનને ઉઠાડવા માંડયો, પરંતુ તે જરાય ચસકયો નહીં. મુનિએ ખૂબ બળ વાપર્યું ત્યારે ગોવર્ધને મુનિને યાદ અપાવી કે 'મેં પ્રતિજ્ઞા કરી હતી - તમે પૃથ્વી પર જ્યાં મૂકશો ત્યાંથી હું ઊઠીશ નહીં.'

પુલસ્ત્ય મુનિ ખૂબ ગુસ્સે થયા. તેમણે ગોવર્ધન પર્વતને શાપ આપ્યો: 'તેં મારી ઈચ્છા પૂરી કરી નથી, માટે તું દરરોજ એક તલ જેટલો ઘટતો જઈશ.'

આમ શાપ આપી, પુલસ્ત્ય મુનિ કાશી તરફ ગયા. ગોવર્ધન પર્વત સદાકાળ વ્રજમાં જ રહ્યા.

મનહરભાઈ સરૈયા. હસ્તે. કંચનબેન (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

૪. શ્રીગિરિરાજજીનું સ્વરૂપ

ગોવર્ધન પર્વત હરિદાસવર્ય-મહાન ભક્ત છે. તેમનાં પાંચ સ્વરૂપ છે: ગૌર ભુજંગ સ્વરૂપ, ગાય સ્વરૂપ, ગ્વાલ સ્વરૂપ, સિંહ સ્વરૂપ અને સ્થૂલ સ્વરૂપ. શ્રીગિરિરાજજીનું મુખારવિંદ માનસીગંગામાં છે અને પૂંછ પૂંછરીના લોંઠા આગળ છે. ત્યાં શ્રીગિરિરાજજીની સમાપ્તિ થાય છે.

શ્રીગિરિરાજજીનાં ત્રણ શિખર છે : ૧. રાધાકુંડથી દાનઘાટી સુધી આદિ શિખર, ૨. ગોવર્ધનથી સુરભિકુંડ સુધી મધ્ય શિખર અને ૩. સુરભિકુંડથી અપ્સરા કુંડ સુધી બ્રહ્મશિખર.

કૃષ્ણાવતાર વખતે ભગવાને આદિ શિખર ઉપર ક્રીડા કરી છે, મધ્ય શિખર ઉપર અત્યારે ક્રીડા કરે છે અને બ્રહ્મ શિખર ઉપર હવે પછી ક્રીડા કરશે.

શ્રીગિરિરાજજીનું અંગ પદ્મરાગ, મરકતમણિ સ્ફટિક જેવું છે. તેઓ અનેક પ્રકારનાં વૃક્ષાદિકથી શોભાયમાન છે. તેમાં અનેક જાતની લીલાનાં સ્થળ છે. શ્રીગોપાલદાસજીએ 'શ્રીવલ્લભાખ્યાન'માં વર્ણન કર્યું છે કે -

'પદ્મરાગ મરકત મણિ સ્ફાટિક, શ્રીગોવર્ધન સોહે,
બ્રહ્મા રુદ્ર ત્યાં કોણ બાપડા, શ્રીહરિનું મન મોહે.
નાના પક્ષીની શબ્દ માધુરી, શોભાતણો નહિ પાર,
વિવિધ પ્રકારે જૂજવાં કહેતાં, ગ્રંથ થાય વિસ્તાર.'

શ્રીઠાકોરજી શ્રીગિરિરાજ ઉપર પધારે છે ત્યારે શ્રીગિરિરાજ માખણ જેવા કોમળ થઈ જાય છે, તેથી જ તેમાં પ્રભુનાં ચરણારવિંદ, મુકુટ, લકુટી તથા શ્રીહસ્તનાં ચિહ્ન છે. તેઓ શ્રીઠાકોરજીનું સ્વરૂપાત્મક રૂપ છે.

એક વખત શ્રીગુસાંઈજીનાં ચતુર્થ પુત્ર શ્રીગોકુલનાથજી અને પંચમ પુત્ર શ્રીરઘુનાથજીના પુત્ર શ્રીગોપાલલાલજી (જેમણે 'જય ગોપાલ' નામનો આંતર સંપ્રદાય ચલાવ્યો છે.) શ્રીનાથજીનાં દર્શન કરવા માટે શ્રીગોવર્ધન પર્વત ઉપર વાતો કરતા કરતા પધારી રહ્યા હતા. સાથે એક ખવાસ હતો. તેની ગોદમાં શ્રીગોપાલલાલજીના પુત્ર શ્રીગોપેન્દ્રજી બિરાજતા હતા. બન્ને સ્વરૂપોની વાતચીતમાં રસ લઈ રહેલા ખવાસે ચાલતાં ચાલતાં પૂછયું : 'મહારાજ! શ્રીગિરિરાજજી નવનીતસમા છે, એમ સાંભળ્યું છે. પણ અત્યારે એવો અનુભવ કેમ નહીં થતો હોય, એ સમજાવવા કૃપા કરો.' હજી તો પ્રશ્ન પૂરો થયો ન થયો, ત્યાં તો શ્રીગોપેન્દ્રજીએ ખવાસની ગોદમાંથી ઠેકડો માર્યો અને ઉપરથી કઠોર લાગતા શ્રીગિરિરાજજીમાં આપશ્રીનાં બન્ને ચરણો ઘૂંટી સુધી ખૂંચી ગયાં! આ પ્રત્યક્ષ પ્રમાણ જોઈને ખવાસ આપશ્રીનાં ચરણારવિંદમાં નમી પડયો.

નરસાણા હિરાબેન નરોતમભાઈ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

પુરાણોમાં શ્રીગિરિરાજ સંબંધી એવું લખાણ મળી આવે છે કે સારસ્વત કલ્પમાં શ્રીગિરિરાજજી ૧૪ ગાઉ લાંબા, ૭ ગાઉ ઊંચા અને ૪ ગાઉ પહોળા હતા. આ વિસ્તારને લઈને શ્યામ ઢાક, ગુલાલકુંડ, બિલછૂકુંડ, ટોડનો ઘનો, રાધાકૃષ્ણ કુંડ, જમનાવતા ગામ, ચંદ્ર સરોવર અને પૂછરી-આ બધાં સ્થાનો લીલામધ્યપાતી શ્રીગિરિરાજજીની તળેટીમાં ગણાય છે.

હાલ શ્રીગિરિરાજજી મથુરાથી પશ્ચિમમાં તેર માઈલ દૂર આવેલ છે, અને દક્ષિણ-પૂર્વ દિશામાં રહેલ છે. અત્યારે તેમની ભૌતિક લંબાઈ લગભગ ૭ કોસ અને ઊંચાઈ ૧૦૦ ફૂટ છે. પ્રાચીન કિંવદંતિ પ્રમાણે શ્રીવૃંદાવન અને શ્રી યમુનાજીની સાથે શ્રીગિરિરાજ પણ પોતાનું ભૌતિક સ્વરૂપ થોડું થોડું તિરોહિત કરતા જાય છે. શ્રીનાથજી જ્યારે અહીંથી મેવાડમાં પધાર્યા, ત્યારે દંડોતી શિલાની ઊંચાઈ માણસપૂર હતી. અત્યારે તે ઊંચાઈ ઘટી ગયેલ પ્રત્યક્ષ દેખાય છે.

આવા ગિરિરાજજીનાં ત્રણ સ્વરૂપો છે : ૧. આધિદૈવિક ૨. આધ્યાત્મિક અને ૩. આધિભૌતિક સ્વરૂપ.

નિત્યલીલામાં શ્રીગિરિરાજજી આધિદૈવિક સ્વરૂપે બિરાજે છે. સારસ્વત કલ્પમાં જ્યારે નંદરાયજી વગેરે ગોપો ઈન્દ્રયાગ કરતા હતા, ત્યારે શ્રીકૃષ્ણની આજ્ઞાથી તેમણે ઈન્દ્રયાગ છોડી, ગોવર્ધનયાગ કર્યો ત્યારે 'હું જ પર્વત છું' એવી આજ્ઞા કરતા શ્રીગિરિરાજજીમાંથી સાક્ષાત્ પ્રભુ પ્રકટ થયા અને તેમણે એક હજાર હસ્ત ધારણ કરી, વ્રજભક્તોનો ભોગ અંગીકાર કર્યો હતો.

આમ, આધિદૈવિક સ્વરૂપે શ્રીગિરિરાજજી નિત્યલીલામાં બે સ્વરૂપો ધારણ કરીને બિરાજે છે. શ્રીગિરિરાજજીનું એક સ્વરૂપ ભગવદ્ભક્તનું છે. તેઓ સૌ ભગવદ્ભક્તોમાં શિરોમણિ ગણાય છે, તેથી તેઓ 'હરિદાસવર્ય' કહેવાય છે. આ સ્વરૂપે તેઓ સદાકાળ પ્રભુની સેવામાં તત્પર રહે છે.

વસંતબેન નટવરલાલ શેઠ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

ગૌચારણ માટે પધારેલા પ્રભુને બિરાજવા માટે નિકુંજો સિદ્ધ કરે છે, ગાયો માટે લીલું ઘાસ, જળ અને વૃક્ષોનો છાંયો સિદ્ધ કરે છે. પ્રભુને આરોગવા માટે પુલિંદીઓ દ્વારા લીલો મેવો સિદ્ધ કરી, પ્રભુને અંગીકાર કરાવે છે. પોતાની ભીતર એકી સાથે છએ ઋતુઓ પ્રકટ કરી, પ્રભુના વિહાર માટે દ્વાદશ નિકુંજો સિદ્ધ કરે છે.

શ્રીચતુર્ભુજદાસજીએ 'ખટ ઋતુની વાર્તા'માં હરિદાસવર્ય શ્રીગિરિરાજજીના આધિદૈવિક સ્વરૂપનાં દર્શન કરી તેમનું સુંદર વર્ણન કર્યું છે. શ્રીગિરિરાજજીનું વય બાર વર્ષના બાળક જેવું છે, તેમનું સ્વરૂપ શ્યામ છે, તેમણે લાલ ધોતી, લાલ ઉપરણો અને લાલ પાઘ ધારણ કર્યાં છે. તેમના શ્રીહસ્તમાં લાલ છડી છે.

શ્રીગિરિરાજજીનું બીજું સ્વરૂપ ભક્તના હૃદયમાં બિરાજતા વિપ્રયોગધર્મી પૂર્ણ પુરુષોત્તમનું છે, કારણ કે તેમના હૃદયમાં લીલાપરિકર સહિત સાક્ષાત્ પ્રભુ સદાકાળ બિરાજે છે. માટે આપણે ત્યાં શ્રીઠાકોરજીની સાથે શ્રીગિરિરાજજીની પણ સેવા થાય છે.

શ્રીગિરિરાજજી ભક્તોને વિવિધ સ્વરૂપે દર્શન આપે છે. શ્રીમહાપ્રભુજીના ૮૪ કૃપાપાત્ર વૈષ્ણવમાં અચ્યુતદાસ ગૌડ નામના વૈષ્ણવ થઈ ગયા. તેમને શ્રીગિરિરાજજી ઉપર ખૂબ શ્રધ્ધા હતી. તેઓ દર મહિને શ્રીગિરિરાજજીની બે ચાર પરિક્રમા કરતા. એક વખત શ્રીમહાપ્રભુજીએ તેમને આજ્ઞા કરી : 'તમે એક સાથે શ્રીગિરિરાજજીની ત્રણ પરિક્રમા કરો.' ઘણી વાર પ્રયત્ન કર્યા પછી જ્યારે એક વખત તેમણે એક સાથે ત્રણ પરિક્રમા કરી ત્યારે તેમને શ્રીગિરિરાજજીએ ગ્વાલ સ્વરૂપે, પછી સિંહ સ્વરૂપે અને અંતમાં ગાય સ્વરૂપે દર્શન આપ્યાં. શ્રીમહાપ્રભુજીએ આ ત્રણે સ્વરૂપોનો ભાવ સમજાવતાં તેમને આજ્ઞા કરી : 'ગ્વાલ સ્વરૂપે શ્રીઠાકોરજી પોતે હતા. સિંહ સ્વરૂપે શ્રીગિરિરાજજી હતા. તમે તેમનાથી ડર્યા નહીં એટલે તેઓ ગાય સ્વરૂપ બની ગયા.' ઘણા વૈષ્ણવોને શ્રીગિરિરાજજીનાં દર્શન નાગ સ્વરૂપે પણ થાય છે.

શ્રીગિરિરાજજીનું આધ્યાત્મિક સ્વરૂપ ગોલોકધામમાં પ્રત્યક્ષ બિરાજે છે. પૃથ્વી ઉપર પણ કૃપાપાત્ર વૈષ્ણવોને તે સ્વરૂપે શ્રીગિરિરાજજી દર્શન આપે છે. શ્રીગિરિરાજજીના આધ્યાત્મિક સ્વરૂપનાં દર્શન કરી

પ્રેમિલાબેન શાંતિલાલ પટેલ (વ.વિદ્યાનગર)ના જયશ્રીકૃષ્ણ.

'શ્રીવલ્લભાખ્યાન'માં શ્રીગોપાલદાસભાઈ ગાય છે : 'પદ્મરાગ મરકત મણિ સ્ફાટિક, શ્રીગોવર્ધન સોહે.'

આમ, શ્રીગિરિરાજ પોખરાજ, ઈન્દ્રનીલમણિ એમ વિવિધ મણિ અને સ્ફટિકથી શોભી રહ્યા છે. શ્રીમહાપ્રભુજીએ પણ પોતાના કૃપાપાત્ર વૈષ્ણવોને આ સ્વરૂપનાં દર્શન કરાવ્યાં છે.

આ સ્વરૂપે શ્રીગિરિરાજજી ભક્તમનોરથપૂરક પણ છે. તેઓ પોતાના ભક્તોનું દુ:ખ સહન કરી શકતા નથી. તેમનું હૃદય અત્યંત સુકોમળ છે, તેથી તે ભક્ત જેવી ઈચ્છા કરે છે, તેવું ફળ શ્રીગિરિરાજજી તરત જ કૃપા કરીને આપે છે. શ્રીગિરિરાજજીનો આવો પ્રકટ પ્રતાપ આજે પણ ઘણા વૈષ્ણવો અનુભવે છે.

આધિભૌતિક સ્વરૂપે શ્રીગિરિરાજજીનાં દર્શન આજે પણ આપણને વ્રજમંડળમાં થાય છે. તેમના આધિભૌતિક શિલાખંડને આપણે સાક્ષાત્ ભગવદ્સ્વરૂપના ભાવથી સેવીએ છીએ, તેમને દૂધથી સ્નાન કરાવીએ છીએ, ભોગ ધરીએ છીએ અને પરિક્રમા કરીએ છીએ. જો ભૂલેચૂકે પણ તેમના આધિભૌતિક સ્વરૂપનો કોઈ અપરાધ કરે, તો તેને શ્રીગિરિરજજીનો કોપ સહન કરવો પડે છે.

આમ, શ્રીગિરિરાજજી ત્રણ સ્વરૂપે બિરાજે છે. આપણી સેવા અંગીકાર કરે છે અને આપણને દર્શન આપે છે.

કોઈ એક કાળમાં શ્રીગિરિરાજજીની ઊંચાઈ એટલી બધી હતી કે તેમની છાયા ત્યાંથી ૧૩ માઈલ દૂર આવેલા મથુરા શહેર ઉપર પડતી હતી. શ્રીનાથજી જ્યારે વ્રજમાંથી મેવાડ પધાર્યાં ત્યારે દંડવતી શિલાની ઊંચાઈ લગભગ છ ફૂટ જેટલી હતી. અત્યારે તે શિલા જમીનની અંદર છે. આથી પુલસ્ત્ય મુનિનો શાપ સમજાય છે કે કોઈક કાળ એવો આવશે, જ્યારે સમગ્ર શ્રીગિરિરાજજી પૃથ્વીમાં લુપ્ત થઈ જશે.

૫. વેણુગીતમાં શ્રીગિરિરાજજીના સ્વરૂપનું વર્ણન

હંતાયમદ્રિરબલા હરિદાસવર્યો યત્ રામકૃષ્ણ ચરણસ્પર્શ-પ્રમોદ: ।
માનં તનોતિ સહ ગોગણયોસ્તયોર્યત્ પાનીયસૂયવસ - કન્દરકન્દમૂલૈ: ॥
(વેણુગીત-શ્લોક : ૧૮)

નિરંજના રજનીકાંત શેઠ (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

પદ્યાનુવાદ :

હરિદાસનમેં સિરતાજ અહો, ગિરિરાજ ઈહાં જે બિરાજત હૈ ।
પરસાઈ પદાંબુજ રામમુકુંદ કે આલિ! હિયે હુલસાવત હૈ ॥
જલ, કંદ, સુમૂલ, તૃણાદિક, વ્યંજન, કંદર-વાસ સજાવત હૈ ।
ઈહિ ભાંતિ ઈન્હેં સહ ધેનુ સખાન કે માન સોં લાગિ સભાજત હૈં ॥

- (શ્રી. આર. કે ભટ્ટ)

ભાવાર્થ : અહો! હે વ્રજાંગનાઓ! કેટલા હર્ષની વાત છે કે આ શ્રીગોવર્ધન શ્રીહરિના ભક્તોમાં ચોક્કસ શ્રેષ્ઠ છે. તેનું કારણ એ છે કે તેઓ શ્રીબલરામ અને શ્રીકૃષ્ણના ચરણસ્પર્શથી આનંદિત થયા છે. તેઓ ગાયો, ગોપગણ અને આ બંને ભાઈઓનો જળ, કોમળ તૃણ, કંદરા અને કંદમૂળના સમર્પણથી આતિથ્ય-સત્કાર કરે છે.

વિવેચન : આ શ્લોકમાં શ્રીગિરિરાજજીના ચરિત્રનું નિરૂપણ નિર્ગુણ ગોપીજન કરે છે : હે બહેનો! આ પુલિંદિનીઓને ભગવદ્ભાવની પૂર્ણતા કેવી રીતે થઈ, તેનો જવાબ એ છે કે તેમને ભગવદ્ભાવની પ્રાપ્તિ ભગવદ્ભક્તના સંગથી થઈ છે, શ્રીગોવર્ધન ગિરિરાજજી આ પ્રકારના ભગવદ્ભક્ત છે. વનમાં રહેનારાં પુલિંદિનીઓએ અનન્યતાપૂર્વક શ્રીગિરિરાજજીનો જ દૃઢ આશ્રય કર્યો છે. તેમની પ્રેરણાથી આ વનવાસિનીઓ પ્રભુ માટે કંદ, મૂળ, ફળ વગેરે લઈ જાય છે.

આનું કારણ ભગવદીયોનો સત્સંગ છે. તે વિના વિવેક આવવો દુર્લભ છે. આ વનવાસિનીઓએ પ્રભુના સુખ માટે લીલો મેવો લઈ જવાનો જે વિવેક કર્યો, તે વિવેક તેમને પ્રભુ-સન્મુખ કરવામાં કારણરૂપ બન્યો છે. તેના પરિણામે ફળ, ફૂલ શોધવા જ્યારે તેઓ શ્રીગિરિરાજજીની તળેટીમાં આવેલાં વનોમાં ફરતાં હતાં, ત્યારે ત્યાંના ઘાસ પર લાગેલ પ્રભુનાં ચરણારવિંદના દિવ્ય કુમકુમની તેમને પ્રાપ્તિ થઈ. તેમણે આ કુમકુમ પોતાના અંગ પર લગાવ્યું, તેથી તેઓ ભગવદ્ભાવમાં પરિપૂર્ણ બની ગયાં. આ બધું તેમને ભગવદીયરત્ન શ્રીગિરિરાજજીના સત્સંગથી જ સિદ્ધ થયું.

પરંતુ હે સખીઓ! આપણા માટે એ ખેદની વાત છે કે આપણે શ્રીગિરિરાજજીનો સંગ સાધ્યો નહીં. જો આપણે પણ આ પુલિંદિનીઓની જેમ અહીં વૃંદાવનમાં જ શ્રીગિરિરાજજીની સમીપે રહ્યાં હોત, તો આપણી પીડાનું નિવારણ થઈ જાત, પરંતુ આપણે અબળાઓ છીએ, તેથી આપણે અહીં રહેવા અસમર્થ છીએ.

સુધાબેન તથા રજનીકાંત એમ. શાહ (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

આ શ્રીગિરિરાજજી ભગવદીયોમાં શ્રેષ્ઠ છે. તેઓ ભગવદીયસૃષ્ટિનું રત્ન છે, કારણ કે, શ્રીબલરામ અને શ્રીકૃષ્ણનાં ચરણારવિંદના સ્પર્શથી તેમને પરમ આનંદ થયો છે. તેમનું રોમરોમ સ્પર્શમાત્રથી પુલકિત થયું છે, કારણ કે પ્રભુનાં ચરણ સાક્ષાત્ ભક્તિમાર્ગરૂપ છે. ભક્તિમાર્ગના સ્પર્શથી જેમને આનંદનો અનુભવ થાય છે, તે ભગવદીયોમાં શ્રેષ્ઠ ગણાય છે.

આવા ભગવદીયોમાં શ્રેષ્ઠ શ્રીગિરિરાજજી પરમ સાત્ત્વિક જ નહીં, ગુણાતીત પણ છે. તેમણે પોતાના સર્વસ્વનો વિનિયોગ શ્રીહરિનાં ચરણોમાં કરી દીધો છે. અપરિગ્રહ (કશું પણ એકઠું ન કરવું) એ તેમનો ધર્મ છે. હરિદાસની નિર્ધનતામાં જ તેની અખૂટ સમૃદ્ધિ છે, તેથી આ સ્થિતિમાં પણ શ્રીગિરિરાજજી શ્રીરામકૃષ્ણ સાથે ગાયો અને ગોપમંડળીનો સત્કાર કરે છે. હરિના દાસની સિદ્ધિ એમાં છે કે તે બધાંનું સન્માન કરે. સમૃદ્ધિવાન વ્યક્તિ બીજાનો સત્કાર કરે તેમાં નવાઈ નથી. વ્રજ સાધનસંપત્તિથી સંપન્ન છે, પરંતુ શ્રીગોવર્ધન ગુણાતીત હોવાથી નિર્ધન છે. જળ, તૃણ અને કંદમૂળ સિવાય તેમની પાસે બીજું કશું નથી. તેનો તેઓ પોતાના માટે સંગ્રહ ન કરતાં પ્રભુનાં ચરણમાં અંગીકાર કરાવે છે, તેથી તેઓ 'હરિદાસવર્ય' છે.

સામાન્ય ગૃહસ્થના ત્યાં પણ પીવા માટે પાણી, શયન માટે તૃણ, નિવાસ માટે કંદરા અને ભોજન માટે કંદમૂળ તો હોય જ છે.

શૈયા, આસન, જલપાન તથા સત્ય અને વિનમ્ર વાણી-આ ચાર વસ્તુઓનો અભાવ ગૃહસ્થમાં ઘરમાં કદી હોતો નથી. કોઈને આપવા માટે કશું પણ ન હોય ત્યારે મીઠી વાણી દ્વારા જ સત્કાર કરવામાં આવે છે. અતિથિસત્કાર કરવો તે એક વાત છે, પરંતુ અતિથિસત્કાર કરીને પોતાની જાતને કૃતાર્થ માનવી તે ભક્તનું લક્ષણ છે. અતિથિ-સત્કાર ગૃહસ્થનો ધર્મ છે. આ ધર્મ શ્રીગિરિરાજજીમાં છે, પરંતુ શ્રીગિરિરાજજી ભક્ત હોવાથી તેમનામાં ગૃહસ્થ ધર્મની સાથે દાસત્વની ભાવના છે. તેથી તેમણે પોતાને ઉપયોગી બધી વસ્તુઓ પ્રભુને અંગીકાર કરાવી દઈ, પોતાની ભગવદીયતા સિદ્ધ કરી છે.

સ્વ. તેજસ શશીકાંત છોટાલાલ શાહ (ધનસુરાવાળા) (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

આવા આ હરિદાસવર્ય શ્રીગિરિરાજજીના સત્સંગના ફળરૂપે પુલિંદિનીઓના મનોરથ પૂર્ણ થયા છે. શ્રીગિરિરાજજી ખરેખર કામરૂપ છે. તેઓ કોઈપણ રૂપ ધારણ કરી આ ભક્તોને દર્શન આપે છે અને પ્રભુની સેવામાં કંદમૂળ, ફળફૂલ લઈ જવા પ્રેરે છે.

૬. શ્રીગિરિરાજજીનાં આઠ દ્વારની ભાવના

શ્રીગિરિરાજજીમાં પ્રભુના નિત્યલીલાસ્થાનમાં જવા માટે આઠ દ્વાર છે. દરેક દ્વાર અષ્ટછાપ ભક્તકવિઓ પૈકી એક એક ભક્તકવિના ભાવનું છે. આપણે તેમનું સ્મરણ કરીએ :

(૧) સુરભિ કુંડ ઉપર શ્યામતમાલનું વૃક્ષ : આ દ્વારના મુખિયા શ્રીપરમાનંદદાસજી છે, તેઓ નિત્યલીલામાં તોકસખા અને ચંદ્રસખીનું સ્વરૂપ છે. તેમની બાલલીલામાં વિશેષ આસક્તિ છે. આ સ્થાન શ્રીગિરિરાજજીનું શ્રવણસ્થાન છે.

(૨) માનસી ગંગા પર પીપળનું વૃક્ષ : આ સ્થાનના મુખિયા શ્રીનંદદાસજી છે. તેઓ ભોજસખા અને ઈન્દુલેખા સખીનું પ્રાકટ્ય છે. તેમની વિશેષ આસક્તિ રાસલીલામાં છે. આ સ્થાન શ્રીગિરિરાજજીનું ઉદર-સ્થાન છે.

(૩) ઐરાવત કુંડ પાસેની ગોવિંદસ્વામીની કદમખંડી : આ દ્વારના મુખિયા શ્રીગોવિંદસ્વામી છે. તેઓ શ્રીદામાસખા અને ભામા સખીનું પ્રાકટ્ય છે. તેમની વિશેષ આસક્તિ હિંડાળાલીલામાં છે.

(૪) આન્યોરમાં સદુપાંડેજીનું ઘર : આ સ્થાનના મુખિયા શ્રીકુંભનદાસજી છે. તેઓ અર્જુનસખા અને વિશાખા સખીનું પ્રાકટ્ય છે. તેમની વિશેષ આસક્તિ નિકુંજલીલામાં છે.

(૫) ચંદ્ર સરોવર : આ સ્થાનના મુખિયા શ્રીસૂરદાસજી છે. તેઓ કૃષ્ણસખા અને ચંપકલતા સખીનું પ્રાકટ્ય છે. તેમની વિશેષ આસક્તિ ગૌચારણલીલામાં છે.

(૬) રુદ્રકુંડ ઉપર આંબલીનું વૃક્ષ : આ સ્થાનના મુખિયા શ્રી ચતુર્ભુજદાસજી છે. તેઓ સુબાહુસખા અને સુશીલા સખીનું પ્રાકટ્ય છે. તેમની અન્નકૂટલીલામાં વિશેષ આસક્તિ છે.

અ.સૌ. હંસાબેન પ્રકાશભાઈ કારીયા (થાણા)ના જયશ્રીકૃષ્ણ.

(૭) અપ્સરા કુંડ પર શ્યામતમાલનું વૃક્ષ : આ સ્થાનના મુખિયા શ્રીછીતસ્વામી છે. તેઓ સુબલસખા અને પદ્મા સખીનું પ્રાકટ્ય છે. પ્રભુની રસયુક્ત લીલામાં તેમની વિશેષ આસક્તિ છે.

(૮) બિલછુ કુંડ ઉપર શ્યામતમાલનું વૃક્ષ : આ સ્થાનના મુખિયા શ્રીકૃષ્ણદાસજી છે. તેઓ ઋષભસખા અને લલિતા સખીનું પ્રાકટ્ય છે. તેમને રાસલીલામાં સવિશેષ આસક્તિ છે.

૭. શ્રીગોવર્ધનલીલાનું રહસ્ય

શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધના પૂર્વાર્ધના અધ્યાય-૨૪ થી ૨૭માં શ્રીશુકદેવજી રાજા પરીક્ષિતને શ્રીગોવર્ધનલીલાની કથા કહે છે. તે કથાથી આપણે સૌ સુપરિચિત છીએ, એટલે તે કથાની વિગતો ફરીથી યાદ કરવાને બદલે તેના રહસ્યનો જ વિચાર કરીશું.

શ્રીગોવર્ધનલીલા કરવા પાછળનો પ્રભુનો હેતુ શો? એવો પ્રશ્ન આપણને સહજ રીતે થાય. પ્રભુની પ્રત્યેક લીલા પાછળ અનેક હેતુઓ રહેલા હોય છે, કારણકે પ્રભુના પ્રાકટ્ય પાછળ વિવિધ હેતુઓ છે. દશમ સ્કંધ પ્રભુની નિરોધલીલાનો સ્કંધ છે, તેથી તે પ્રભુનું હૃદય છે. માટે દશમ સ્કંધની બધી જ લીલાઓનો મૂળભૂત હેતુ ભગવલ્લીલા અને ભગવદ્કથા દ્વારા ભક્તોનો ભગવાનમાં નિરોધ કરાવવાનો છે. શ્રીનંદનંદને શ્રીગોવર્ધન લીલા દ્વારા સર્વ વ્રજભક્તોનો પોતાના સ્વરૂપમાં નિરોધ કરાવ્યો છે. શ્રીગોવર્ધનલીલામાં પ્રભુ વિરાટ સ્વરૂપે શ્રીગિરિરાજજીમાંથી પ્રકટ થયા અને સહસ્ર ભુજાઓ ધારણ કરી, વ્રજવાસીઓના દેખતાં અન્નકૂટ આરોગ્યા. એ લીલા દ્વારા પ્રભુએ વ્રજવાસીઓને અલૌકિક દર્શન આપી તેમની ક્રિયા અને તેમના મનનો નિરોધ પોતાનામાં કર્યો છે. ત્યાર બાદ, ઈન્દ્રદમનના પ્રસંગમાં શ્રીગોવર્ધનને પોતાના કરપલ્લવ પર સાત દિવસ સુધી ધારણ કરી, ઈન્દ્રનો મદ ઉતારી, વ્રજને જળપ્રલયમાં ડૂબતું બચાવી, પ્રભુએ વ્રજવાસીઓના મનમાં પ્રકટેલા નિરોધને સુદૃઢ કર્યો છે. આ લીલાની કથાના શ્રવણ, કીર્તન અને સ્મરણથી આપણા ચિત્તનો પણ પ્રભુમાં નિરોધ સહજ રીતે થઈ શકે છે. એટલે આ લીલાનો મૂળભૂત હેતુ ભક્તોનો નિરોધ કરવાનો છે.

કિશોર પારેખ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

આ લીલાનો એક બીજો હેતુ પણ શ્રીમહાપ્રભુજી સમજાવે છે. જ્યાં પ્રભુ સાક્ષાત્ બિરાજતા હોય ત્યાં ભગવદ્ધર્મ સિવાય અન્ય કોઈ ધર્મો સંભવી શકે નહીં. છતાં, પ્રભુના પ્રાકટ્ય પછી પણ વ્રજમાં ઈંદ્રયાગ ચાલુ રહ્યો. ત્યારે પોતાના સ્વજન સમા વ્રજવાસીઓને અન્ય ધર્મનું પાલન કરતાં રોકવા માટે અને ભગવદ્ધર્મના માર્ગે વાળવા માટે પ્રભુએ આ લીલા કરી છે. વ્રજવાસીઓએ ભગવદ્-આશ્રય છોડી, ઈંદ્ર જેવા દેવનો આશ્રય ચાલુ રાખ્યો. જ્યાં સુધી અન્યાશ્રય હોય ત્યાં સુધી ભગવદ્-આશ્રયમાં દૃઢતા થાય નહીં, ભગવદ્-આશ્રયમાં દૃઢતા વિના નિરોધ સિદ્ધ થાય નહીં. વ્રજવાસીઓને ઈંદ્રયાગના અન્યાશ્રયમાંથી છોડાવવા માટે પ્રભુએ લીલા પ્રકટ કરી.

શ્રીગોવર્ધનલીલાનો વિચાર ત્રણ સ્વરૂપે કરવો જોઈએ : આધિભૌતિક સ્વરૂપે આ લીલાનું રહસ્ય વિચારીએ, તો પ્રભુએ એક મોટી સામાજિક અને ધાર્મિક ક્રાન્તિ કરી બતાવી છે. ગોવર્ધનપૂજન દ્વારા પ્રકૃતિ-પૂજનનો માર્ગ બતાવવામાં આવ્યો છે. પ્રકૃતિ ભગવદ્સ્વરૂપ છે, કારણ કે જગતમાં પ્રકટ થયેલી પ્રકૃતિ જગતની જેમ પ્રભુનું આધિભૌતિક સ્વરૂપ છે. પ્રકૃતિના સંરક્ષણ દ્વારા જ લૌકિક જીવનનું સંરક્ષણ શકય છે. તેથી પ્રભુએ વ્રજવાસીઓને શ્રીગોવર્ધનપૂજનનો પ્રકાર અનુસરવા સમજાવ્યા. આજે પણ આપણે જોઈએ છીએ કે પર્યાવરણ દૂષિત થવાથી આપણું જીવન કેવું દૂષિત અને મુશ્કેલીઓથી ભરપૂર બન્યું છે? પર્વતથી વૃક્ષો છે, વૃક્ષોથી વૃષ્ટિ છે. પર્વત અને વૃક્ષો બંને સારી વૃષ્ટિ લાવનારાં છે, એમ વૈજ્ઞાનિક રીતે પણ સિદ્ધ થયેલી બાબત છે.

આ લીલાનું આધ્યાત્મિક રહસ્ય પણ સમજવા જેવું છે. આ લીલા દ્વારા પ્રભુએ પોતાના ભક્તોને શ્રીગિરિરાજજીનું અદ્ભુત માહાત્મ્ય સમજાવ્યું છે. પ્રભુ પોતે અને શ્રીગિરિરાજજી એક જ છે એવું આપે પ્રત્યક્ષ વ્રજભક્તોને બતાવ્યું છે. સાથે સાથે પોતે પણ પ્રભુ હોવા છતાં અન્ય વ્રજવાસી જેવા બનીને શ્રીગિરિરાજજીનું સેવન કેવી રીતે કરવું તે જાતે કરી બતાવે છે. શ્રીગિરિરાજજીના માહાત્મ્ય દ્વારા પ્રભુએ પોતાનું જ માહાત્મ્ય વ્રજભક્તોના હૃદયમાં પ્રકટ કર્યું છે. અને તેથી, વ્રજભક્તોની પ્રભુમાં પ્રીતિ વધી છે. આ લીલા દ્વારા પ્રભુએ એમ પણ સૂચવ્યું કે હું ભક્તના હૃદયમાં રહેલો છું અને ભક્ત હમેશાં મારા હૃદયમાં વસેલા છે. આમ, ભક્ત અને ભગવાનની અભેદતા આ લીલા દ્વારા પ્રભુએ સમજાવી છે.

કોકિલાબેન રસિકલાલ મોદી (દિવ) (મુંબઇ)ના જયશ્રીકૃષ્ણ.

આ લીલાનું આધિદૈવિક રહસ્ય આપણે ઉપર જોઈ ગયા છીએ. તેનાથી ભક્તોનો ભગવાનમાં નિરોધ થયો છે, ભક્તોની ભગવાનમાં આસક્તિ પ્રકટ થઈ છે. ભગવાન ભક્તોનો સ્નેહ માગી માગીને અંગીકાર કરે છે. આમ, આ લીલા ભક્તોના શરણ, સ્નેહ અને સમર્પણના અંગીકારની લીલા છે. પ્રભુ આ લીલા દ્વારા એમ સૂચવે છે કે જે સ્નેહથી પોતાનું સર્વ મને સમર્પણ કરી દે છે અને મારો બનીને રહે છે તેને હું અભય આપું છું. આ લીલા દ્વારા પ્રભુએ ભક્તોની 'ગો' એટલે ઈંદ્રિયો પોતાનામાં જોડીને તે ઈંદ્રિયોને ભગવદ્ગામી બનાવી, તેમનું વર્ધન એટલે કે પોષણ કર્યું છે. તેથી આ ગોવર્ધનલીલા ભક્તોના નિરોધની લીલા છે. આથી, પ્રતિ વર્ષે આપણે ત્યાં શ્રીગોવર્ધનપૂજન અને અન્નકૂટના ઉત્સવો શ્રીપ્રભુને અંગીકાર કરાવવામાં આવે છે. આ લીલા પછી જ ભગવદ્સ્વરૂપે શ્રીગિરિરાજજીનું સેવન શરૂ થયું છે.

૮. શ્રીગિરિરાજજીની પરિક્રમા

શ્રીગિરિરાજજીની પરિક્રમા કરવાનું માહાત્મ્ય ઘણું જ છે. શ્રીગિરિરાજજીની પરિક્રમા કરવાથી અનિષ્ટ દૂર થાય છે અને ઈચ્છિત ફળની પ્રાપ્તિ થાય છે. વૈષ્ણવો સિવાય અન્ય ધર્મવાળાઓ પણ શ્રીગિરિરાજજીની પરિક્રમા કરે છે. શ્રીગિરિરાજજીની પરિક્રમા નવ કોસી, સાત કોસી અને પાંચ કોસી એમ ત્રણ પ્રકારની થાય છે.

નવ કોસની પરિક્રમા : શ્રીગિરિરાજજીની દંડોતી શિલાએ દંડવત્ કરીને ગોવર્ધન, માનસી ગંગા, ઉદ્ધવ કુંડ, રાધાકૃષ્ણ કુંડ ત્યાંથી પાછા ગોવર્ધન, ત્યાંથી ચંદ્ર સરોવર, આન્યોર, ગોવિંદ કુંડ, પૂંછરી, સુરભિ કુંડ થઈને દંડોતી શિલાએ આવવાથી નવ કોસ થાય છે.

સાત કોસની પરિક્રમા : દંડોતી શિલાથી પ્રારંભ કરી ઉપર મુજબનાં સ્થળોની પરિક્રમા કરતાં, એક ચંદ્ર સરોવર(બે કોસ)નો ભાગ છોડી દેવાથી સાત કોસ થાય છે.

પાંચ કોસની પરિક્રમા : દંડોતી શિલાથી ગોવર્ધન, આન્યોર, પૂંછરી, સુરભિ કુંડ થઈ દંડોતી શિલાએ આવતાં પાંચ કોસ થાય છે.

મનાલી, હિરલ અને અભિજીત પટેલ (ચાર્લોટ, યુ.એસ.એ.)ના જયશ્રીકૃષ્ણ.

ઉપરના ત્રણ પ્રકારોમાં સાત કોસની પરિક્રમા વિશેષ પ્રચલિત છે. કેટલાક દૂધની ધારા કરતા કરતા પરિક્રમા કરે છે અને કેટલાક દંડવતી પરિક્રમા પણ કરે છે. ઘણા શ્રીગિરિરાજજીની માનતા-બાધા રાખે છે. તેમની મનોકામના પૂર્ણ થતાં તેઓ સ્વયં પગે ચાલીને કે દંડવતી પરિક્રમા કરે છે, અથવા દંડવતી પરિક્રમાની બાધા હોય તો સાધુઓ કે વ્રજવાસીઓને કંઈક આપીને તેમની પાસે દંડવતી પરિક્રમા કરાવે છે, પરંતુ બીજા પાસે પરિક્રમા કરાવવા કરતાં પોતે પગે ચાલીને, માનસિક અષ્ટાક્ષર મહામંત્રનો જાપ કરતાં કરતાં જે પરિક્રમા થાય છે તે ઉત્તમ પ્રકાર છે.

૯. શ્રીગિરિરાજજીની પરિક્રમાના માર્ગમાં આવતાં લીલાસ્થાનો

(૧) **જતીપુરા :** ચૈતન્ય સંપ્રદાયવાળા માધવેન્દ્ર યતિ વ્રજમાં આવી શ્રીગિરિરાજની તળેટીમાં નિવાસ કરતા હતા અને તેમણે થોડોક વખત શ્રીનાથજીના સેવા પણ કરી હતી. બધા વ્રજવાસીઓ તેમને 'જતિબાવા' કહેતા અને ધીમે ધીમે કરતાં તેમની કુટિની આસપાસ વ્રજવાસીઓ આવીને વસવા લાગ્યા. આ ઉપરથી ગામનું નામ જતિપુરા પડયું છે.

શ્રીગુસાંઈજીના જયેષ્ઠ પુત્ર શ્રીગિરિધરજી 'યતિજી' નામથી પ્રસિધ્ધ હોવાથી, એમના નામ ઉપરથી ગામનું નામ 'યતિપુરા' અથવા 'જતિપુરા' પડયું છે.

શ્રીનાથજીને ગાયો બહુ વહાલી હોવાથી તેમનું એક નામ 'ગોપાલ' પણ છે. ભક્ત સૂરદાસજીએ પોતાનાં પદોમાં 'ગોપાલ' નામનો બહુ જ ઉપયોગ કર્યો છે. આ ઉપરથી જતિપુરાનું નામ 'ગોપાલપુર' તરીકે પણ પ્રસિધ્ધ થયું છે.

હવે, જતિપુરામાં આવેલ સ્થાનોનું અવગાહન કરીએ.

(૨) **શ્રીનાથજીનું મંદિર :** શ્રીગિરિરાજ ઉપર અંબાલાના પૂર્ણમલ્લે લગભગ ચાર લાખ રૂપિયા ખર્ચીને બંધાવેલા આ ભવ્ય મંદિરમાં શ્રીનાથજી ૧૫૧ વર્ષ સુધી બિરાજ્યા હતા અને વૈષ્ણવોને દર્શન દ્વારા અનેક પ્રકારનાં સુખો આપ્યાં હતાં. શ્રીનાથજી હાલ મેવાડમાં બિરાજે છે. આ મંદિરમાં શ્રીનાથજીની ચરણચોકી છે.

શ્રીગિરિરાજજી સ્વરૂપાત્મક અને લીલાસ્થાન હોવાથી ભાવિક વૈષ્ણવો ઉપર જતા નથી, પરંતુ કેટલાક વૈષ્ણવો શ્રીનાથજીના પ્રાચીન મંદિરનાં અને ચરણ ચોકીનાં દર્શન કરવા માટે ગોસ્વામી બાળકની આજ્ઞા લઈને ઉપર જાય છે. સર્વ પ્રથમ દંડવતી શિલાએ દંડવત્ કરી, ભાવનાથી શ્રીગિરિરાજજીની આજ્ઞા લઈને વૈષ્ણવો ઉપર જાય છે.

પારુલ કમલ પટેલ (ચાર્લોટ, યુ.એસ.એ.)ના જયશ્રીકૃષ્ણ.

ઉપર જતાં સિંહપોળ આવે છે. ત્યાંથી પચાસેક પગથિયાં ચડતાં મંદિરનો પડી ગયેલો ભાગ આવે છે. અનુભવી વ્રજવાસીઓ આ ભાગને 'કૃષ્ણ ભંડાર' તરીકે ઓળખાવે છે.

અહીંથી આગળ ચાલતાં મણિકોઠા, ડોલતીબારી અને જગમોહન વગેરે આવે છે. નીચે ટાંકા જેવું છે. તે અનાજ તેમજ ઘી-તેલના ભંડારો હોવાનું કહેવાય છે. નિજ મંદિરમાં શ્રીનાથજીને બિરાજવાનો ભાગ અને શૈયા મંદિર આવેલું છે. શૈયા મંદિરમાં ગુફા છે. તેમાં થોડેક દૂર સુધી જવાય છે. પણ પછી કશી ગમ નથી પડતી. તે ગુફા વાટે ઠેઠ મેવાડ જવાતું હતું. હાલ મેવાડમાં જ્યાં શ્રીનાથજી બિરાજે છે, ત્યાં સુધી રસ્તો હતો. અજબકુંવરીની પાસે આ રસ્તે શ્રીનાથજીબાવા પધારતા.

પ્રાચીન વૈષ્ણવો આને 'સઘન કંદરા' પણ કહે છે. ચતુર્ભુજદાસજીએ 'ગોવર્ધનગિરિ સઘન કંદરા રેન નિવાસ કિયો પિય પ્યારી' - એ કીર્તનમાં જે સઘન કંદરાનું વર્ણન કર્યું છે, તે આ જ છે.

અહીં શ્રીમહાપ્રભુજીનાં ગુપ્ત બેઠકજી તથા તેની બાજુમાં 'આંજની' તથા 'સિંદૂરી' શિલા છે.

શ્રીનાથજીના આ પ્રાચીન મંદિરમાં સર્વ સ્થળે ભાવનાપૂર્વક દર્શન કરીને નીચે ઊતરી, દંડોતી શિલાએ પાછા દંડવત્ કરી, શ્રીગિરિરાજ ઉપર પગ મૂકવાના અપરાધની દીનતાપૂર્વક ક્ષમા માગવાની સાંપ્રદાયિક પરિપાટી છે.

(૩) **શ્રીગિરિરાજજીનું મુખારવિંદ :** શ્રીગિરિરાજજીના આ દિવ્ય શિલાખંડને 'મુખારવિંદ' કહેવામાં આવે છે. સારસ્વત કલ્પમાં શ્રીનંદરાયજીએ ઈંદ્રપૂજા બંધ કરીને શ્રીગિરિરાજજીના મુખારવિંદની પૂજાનું આયોજન આ સ્થાન ઉપર જ કર્યું હતું. આ પવિત્ર સ્થાન ઉપર શ્રદ્ધા-ભક્તિથી દૂધ ચડાવવામાં આવે છે તેમજ નિત્ય સાંજના મનોહર શૃંગાર ધરાવીને આરતી કરવામાં આવે છે. મુખારવિંદનું બીજું નામ 'પૂજન શિલા' છે. તેની પાસે 'સુંદર શિલા' છે, જે શ્રીકૃષ્ણને ખેલવાની છે. વ્રજ પરિક્રમા વખતે અહીં ગોસ્વામી બાળકો તરફથી કુનવારો આરોગાવાય છે.

કમલેશ અને ટીના શાહ (યુ.એસ.એ.)ના જયશ્રીકૃષ્ણ.

દૂધથી સ્નાન કરાવ્યા પછી માનસીગંગાના જળથી સ્નાન કરાવવામાં આવે છે. ત્યાર પછી શ્રીમુખારવિંદને અંગવસ્ત્ર કરી, અત્તર સમર્પી શૃંગાર ધરાવાય છે. શૃંગાર એવા સુંદર ધરાવાય છે કે શબ્દોમાં તેનું વર્ણન કરવું જ અશકય છે. તે વખતે જાણે શ્રીનાથજી સાક્ષાત્ બિરાજ્યા હોય તેમ દર્શન થાય છે. ત્યાર પછી કુનવારાની સામગ્રીનો ભોગ ધરાવાય છે. વિવિધ પ્રકારની અનસખડી અને દૂધઘરની સામગ્રીનો ભોગ ધરાય છે. દર્શન લગભગ રાતના ૮ થી ૧૨ વાગ્યા સુધી થાય છે.

(૪) શ્રી સુંદરશીલાનાં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજીનું ચરિત્ર: શ્રીગિરિરાજજીના મુખારવિંદની સામે છોંકરના વૃક્ષ નીચે શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી બિરાજે છે. સેવાનો પ્રકાર ચાલે છે. અહીં શ્રીમહાપ્રભુજીએ પોતાના સેવકોને આજ્ઞા કરી કે 'હવે દીવાળી અને અન્નકૂટનો ઉત્સવ પણ અહીં કરીશું. અન્નકૂટના દિવસે આપશ્રીએ શ્રીગિરિરાજજીને દૂધથી અને માનસીગંગાના જળથી સ્નાન કરાવી, ધોતી-ઉપરણા ધરી, પૂજન કરી કુનવારાનો ભોગ ધર્યો અને શ્રીનાથજીને સવામણ ચોખાની સખડીનો અન્નકૂટ સિધ્ધ કરી આરોગાવ્યો. તે વખતે ખૂબ જ અલૌકિક આનંદ આવ્યો. કહે છે કે આ અન્નકૂટ શ્રીમહાપ્રભુજીએ એક રૂપિયામાં આરોગાવ્યો હતો.

ત્યાર બાદ આપશ્રી અહીં લાંબો સમય બિરાજ્યા અને શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું.

એક દિવસ બપોરના સમયે શ્રીમહાપ્રભુજી શ્રીદામોદરદાસ હરસાનીજીની ગોદમાં પોઢયા હતા ત્યારે શ્રીનાથજી બાવા ત્યાં પધાર્યા. શ્રીનાથજી બાવાનાં નૂપુરનો રણકાર સાંભળીને દામોદરદાસજીએ વિચાર કર્યો કે, મારા સ્વામી હમણાં જ પોઢયા છે. પ્રભુ નજીક પધારતાં નૂપુરના રણકારથી તેઓ જાગી જશે અને તેમને પરિશ્રમ થશે. માટે દામોદરદાસજીએ હાથના સંકેત દ્વારા શ્રીનાથજીને નજીક ન પધારવા વિનંતી કરી. તેથી શ્રીનાથજી શ્રીગિરિરાજજી ઉપર જ ઠાડા રહ્યા. થોડા સમય પછી શ્રીમહાપ્રભુજીએ જાગીને જોયું, તો શ્રીનાથજી પોતાની રાહ જોતા દૂર ઊભા છે. શ્રીમહાપ્રભુજીએ પ્રેમથી તેમને પોતાની પાસે બોલાવ્યા અને પોતાની ગોદમાં પધરાવ્યા. શ્રીમહાપ્રભુજીએ વિનંતી કરી : 'બાવા! તમે ત્યાં કેમ ઠાડા હતા?' શ્રીનાથજીએ આજ્ઞા કરી : 'તમારા સેવકે મને ન

જયવદન, હેમેન્દ્ર, ઈન્દિરા, જિજ્ઞા, ચિંતન અર્પિત શાહ (ચાર્લોટ, યુ.એસ.એ.)ના જયશ્રીકૃષ્ણ.



સુંદરશિલાનાં બેઠકજી

આવવાની વિનંતી કરી હતી.' આ સાંભળીને શ્રીમહાપ્રભુજી શ્રીદામોદરદાસજી ઉપર ગુસ્સે થયા. શ્રીનાથજીબાવાએ દામોદરદાસજીનો પક્ષ લઈને આજ્ઞા કરી: 'તમે તેના ઉપર ગુસ્સે ન થશો, કારણ કે તેણે તો પોતાનો સેવકધર્મ બજાવ્યો છે. તેથી હું તેના ઉપર પ્રસન્ન છું.' પછી શ્રીનાથજી પાછા પધાર્યા.

શ્રીમહાપ્રભુજીએ દામોદરદાસજીને ઠપકો આપતાં આજ્ઞા કરી કે 'દમલા! તેં આજે પ્રભુને પરિશ્રમ આપી, ભગવદ્અપરાધ કર્યો છે. તેથી હું તારા ઉપર અપ્રસન્ન થયો છું. તેં આવું શા માટે કર્યું?'

ત્યારે દામોદરદાસજીએ હાથ જોડી વિનંતી કરી : 'મહારાજ! દાન મોટું કે દાતા મોટો? દાન કરતાં દાનનો આપનાર હંમેશા મોટો હોય છે. દાતા ઉદાર હોય તો જ પોતાનું સર્વસ્વ દાનમાં આપી શકે. માટે મારી દષ્ટિએ તો આપ શ્રીનાથજી કરતાં મોટા છો. શ્રીનાથજી પ્રભુ છે, તો આપ મહાપ્રભુ છો! ગુરુ ગોવિંદ બંને સાથે ઊભા હોય, તો પહેલાં ગુરુને જ પ્રણામ કરું, કારણ કે ગુરુની કૃપાથી જ ગોવિંદની પ્રાપ્તિ થાય છે - થઈ છે, તેથી મારે મન આપ જ શ્રેષ્ઠ છો.'

આ સાંભળી શ્રીઆચાર્યચરણે આજ્ઞા કરી 'તારી ભાવના શુદ્ધ

સ્વ. શ્રી દેવચંદ નાનજી જીવાણી (અકોલા)ના જયશ્રીકૃષ્ણ.

હોવા છતાં પણ તેં ભગવદ્ અપરાધ તો કર્યો જ છે. માટે તને ભગવદ્ પ્રાપ્તિમાં દસ જન્મનો વિલંબ થશે, અને તારે દસ જન્મ પૃથ્વી ઉપર લેવા પડશે.'

શ્રીમહાપ્રભુજીના હૃદયને જાણનાર દામોદરદાસજીએ આનંદપૂર્વક આ આજ્ઞા પણ વધાવી લીધી.

શ્રીહરિરાયચરણ 'ભાવ-પ્રકાશ'માં આ પ્રસંગનું રહસ્ય સમજાવતાં આજ્ઞા કરે છે : 'શ્રીમહાપ્રભુજીનો શાપ પણ જીવોના કલ્યાણ માટે જ હોય છે. શ્રીદામોદરદાસજી સૌ પુષ્ટિમાર્ગીય જીવોમાં અંશી સ્વરૂપ છે અને આપણે બધા એમના અંશ છીએ. એક રૂપિયો અંશી કહેવાય, અને પાંચ, દસ, વીસ વગેરે પૈસા તેના અંશ કહેવાય. આમ, શ્રીમહાપ્રભુજીએ આ માર્ગ દામોદરદાસજી માટે જ પ્રકટ કર્યો છે. તેથી જ્યાં સુધી દામોદરદાસજી ભૂતળ પર બિરાજે ત્યાં સુધી શ્રીમહાપ્રભુજી પણ ભૂતળ પર બિરાજી, દામોદરદાસની કાનિથી દૈવી જીવોનો ઉદ્ધાર કરશે. આમ, ભૂતળ પરના દૈવી જીવોના ઉદ્ધાર માટે શ્રીમહાપ્રભુજીએ આ પ્રસંગથી દામોદરદાસજીને વારંવાર ભૂતળ પર પ્રકટ થવાની આજ્ઞા કરી.

(૫) શ્રીગિરિરાજજી ઉપરનાં બેઠકજીનું ચરિત્ર : શ્રીમહાપ્રભુજી શ્રીગિરિરાજજીના ઉપર બિરાજતા શ્રીનાથજીના મંદિરમાં સેવા કરવા પધારતા, ત્યારે અવકાશના સમયમાં મંદિરના દક્ષિણ ભાગમાં આવેલા એક ચોતરા ઉપર બિરાજતા અને ત્યાં શ્રીમદ્ ભાગવતનું પારાયણ કરતા. એક દિવસ આપશ્રી શ્રીનાથજીને શૃંગાર કરીને અહીં ચોતરા ઉપર બિરાજતા હતા. પાસે દામોદરદાસ હરસાનીજી પણ હતા. શ્રીનાથજીને રાજભોગ ધરવા માટે સામગ્રી તૈયાર થવામાં આજે વિલંબ થયો હતો. તેથી આપશ્રી સામગ્રી તૈયાર થાય, તેની રાહ જોતા બિરાજતા હતા. તેટલામાં શ્રીસ્વામિનીજી સ્વયં સુવર્ણના થાળમાં પ્રભુને આરોગાવવા માટે સામગ્રી પધરાવી ત્યાં પધાર્યાં. શ્રીસ્વામિનીજીનાં ચરણારવિંદનાં નૂપુરનો રણકાર સાંભળી શ્રીમહાપ્રભુજીએ શ્રીદામોદરદાસ હરસાનીજીને આજ્ઞા કરી, 'દમલા' આજે સમયસર સામગ્રી તૈયાર ન થતાં પ્રભુને પરિશ્રમ થયો. તેથી શ્રીસ્વામિનીજી પ્રભુને આરોગાવવા માટે પરિશ્રમ લઈને પધાર્યાં છે. આમ, આજે બંને સ્વરૂપોને આપણે કારણે પરિશ્રમ થયો છે. તેથી હવેથી દરરોજ શૃંગાર પછી સીધો રાજભોગ ન ધરતાં પ્રભુને ગોપીવલ્લભ ભોગ આરોગાવવાનો પ્રકાર શરૂ કરીશું.' આપની આ આજ્ઞા પ્રમાણે ત્યારથી શ્રીગોપીવલ્લભ ભોગનો પ્રકાર સેવામાં શરૂ થયો. આ પ્રકાર મંદિરોમાં યોજાય છે, પરંતુ વૈષ્ણવોને ત્યાં તે પ્રકાર હોતો નથી.



શ્રી ગિરિરાજજી ઉપર શ્રીનાથજીનું મંદિર

એક વૈષ્ણવ પરિવાર તરફથી (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ.

આમ, અહીં પ્રબોધિની એકાદશી સુધી બિરાજી પછી શ્રીગિરિરાજજીની પરિક્રમા કરી, આપશ્રી વ્રજયાત્રા કરવા આગળ પધાર્યા.

આજે શ્રીગિરિરાજજીની ઉપર શ્રીનાથજીનું મંદિર જીર્ણ સ્થિતિમાં છે, ત્યાં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી પ્રગટ બિરાજતાં નથી, સેવાનો પ્રકાર ચાલુ નથી. શ્રીગિરિરાજજીની ઉપર જવું હોય તો શ્રીવલ્લભકુળની આજ્ઞા લઈને જ જઈ શકાય.

(૬) શ્રીગુસાંઈજીનો તુલસી-ક્યારો : પૂજની શિલા(મુખારવિંદ) પાસે આ તુલસી-ક્યારો આવેલ છે. એ શ્રીગુસાંઈજીનું નિત્યલીલાનું દ્વાર છે. અહીંથી શ્રીગુસાંઈજી સદેહે લીલામાં પધારી ગયા હતા.

(૭) દંડોતી શિલા : જતિપુરામાં શ્રીગિરિરાજજીના મુખારવિંદથી આગળ ચાલતાં રસ્તામાં દંડોતી શિલા આવે છે. નાભિકમળનું ચિહ્ન શિલામાં છે, તેને શ્રીગિરિરાજજીની ડૂંટી કહે છે. શ્રીમથુરેશજીના મંદિર (શ્રીગિરિધર નિવાસ)ની બાજુમાં દરવાજો છે. તે દરવાજાની સામે દંડોતી શિલા

સૌ. નિરૂપાબેન જિતેન્દ્રકુમાર શાહ (પુના)ના જયશ્રીકૃષ્ણ.



દંડવતી શિલા

આવેલી છે. શ્રીનાથજી જ્યારે અહીંથી મેવાડમાં પધાર્યા ત્યારે આ દંડોતી શિલાની ઊંચાઈ માણસપૂર હતી. અત્યારે તે ઊંચાઈ ઘણી ઘટી ગયાનું જણાય છે. દરેક વૈષ્ણવ અહીંથી જતાં-આવતાં આ શિલાએ દંડવત્ કરીને જાય છે, કેમ કે કદાચ શ્રીગિરિરાજજીનો અપરાધ થયો હોય તો નિવૃત્ત થઈ જાય. ગોસ્વામી બાળકોની આજ્ઞા લઈ વૈષ્ણવો અહીં દંડવત્ કરી શ્રીગિરિરાજજી ઉપર ચઢે છે.

યહ તુમસોં માંગૌ દંડોતી,
શ્રીગિરિરાજ તરહટી બસિવો નિત,
નિરખોં શ્રીવલ્લભ ગોતી. ૧
નિજ મુખ અમલ છોંકર તર,
હરિદાસન સંગ પ્રેમ ઉદ્યોતી,
'રસિકદાસ' જનકી યહ પ્રતિજ્ઞા,
હંસા માનસરોવર મોતી. ૨

(૮) શ્રીમહાપ્રભુજીનો તુલસી-કયારો : આ કયારો દંડોતી શિલાની પાસે આવેલ છે. ત્યાં શ્રીમહાપ્રભુજીનું નિત્યલીલાનું દ્વાર છે.

કુસુમબેન ઉપેન્દ્રભાઈ નટવરલાલ શાહ (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ.

(૯) શ્રીમથુરેશજીનું મંદિર : દંડોતી શિલાની સામે આવેલ આ મંદિર શ્રીમથુરેશજીના મંદિર(શ્રીગિરિધરનિવાસ)ના નામે પ્રસિદ્ધ છે. તેમાં શ્રીમથુરેશજી બિરાજતા. હાલમાં કોટા બિરાજે છે. હાલ આ સ્થાને શ્રીસવોત્તમકુંજ નામનું ગેસ્ટહાઉસ બની ગયું છે!

(૧૦) શ્રીગુસાંઈજીનાં બેઠકજી : આ શ્રીમથુરેશજીના મંદિરમાં શ્રીગુસાંઈજીનાં બેઠકજી બિરાજે છે. શ્રીગુસાંઈજી દરરોજ શ્રીગોકુળથી શ્રીનવનીતપ્રિયજીની શૃંગાર સુધીની સેવા પહોંચી શ્રી ગિરિરાજ પધારતા. શ્રીનાથજીની રાજભોગની સેવા કરી, આપશ્રી અહીં બેઠકજીમાં બિરાજતા.અહીં આપશ્રીએ શ્રીમદ્ ભાગવતનું પારાયણ કરેલ. અહીં શ્રીગિરિધરજીનાં બેઠકજી પણ બિરાજે છે.

એક દિવસ શ્રીગુસાંઈજી પોતાની બેઠકમાં બિરાજતા હતા, ત્યારે આપના ચતુર્થ પુત્ર શ્રીગોકુલનાથજીએ વિનંતી કરી : 'કૃપાનાથ! આપ આજ્ઞા કરતા હતા કે શ્રીમહાપ્રભુજીએ શ્રીનાથજીને પ્રથમ અન્નકૂટ આરોગાવ્યો ત્યારે સવામણ ચોખાની સખડી અંગીકાર કરાવી હતી. તો કૃપા કરીને તે ઉત્સવનાં દર્શન કરાવો.' ત્યારે શ્રીગુસાંઈજીએ શ્રીગોકુલનાથજી અને શ્રીશોભાબેટીજીને શ્રીમહાપ્રભુજીએ અંગીકાર કરાવેલા અન્નકૂટના અલૌકિક દર્શન કરાવ્યાં અને આજ્ઞા કરી : 'શ્રીમહાપ્રભુજીની લીલા નિત્ય અખંડ સ્વરૂપે બિરાજે છે, તેથી પૂર્વે કરેલી લીલાનાં દર્શન પણ, જે ભક્ત પર કૃપા કરે તેને તે સમયે આપે છે. આ જ સિદ્ધાંત આપશ્રીએ પોતાના 'વિદ્વન્મંડન' ગ્રંથમાં 'નિત્યલીલાવાદ' નામે પ્રતિપાદિત કર્યો.

(૧૧) શ્રીગોકુલનાથજીનું મંદિર અને શ્રીગોકુલનાથજીની બેઠક : આ મંદિરમાં શ્રીગુસાંઈજીના ચતુર્થ કુમાર શ્રીગોકુલનાથજીની બેઠક છે. આપશ્રીનો એક સેવક હતો. તેનું નામ ઉદ્ધવ તિવારી હતું. તેના ઉપર આપશ્રીની ખૂબ કૃપા હતી. તે વૈષ્ણવ અષ્ટ પ્રહર આપશ્રીની સેવામાં રહેતો અને અવકાશના સમયમાં તળેટીમાં એકાંત જગ્યાએ જઈ રસોઈ કરી, ભોગ ધરી, મહાપ્રસાદ લેતો. એક દિવસ શ્રીગોકુલનાથજી બે-ચાર વખત જળ આરોગ્યા. ત્યારે આ વૈષ્ણવે વિનંતી કરી કે 'મહારાજ! આજે આપે ઉપરાઉપરી બે-ચાર વખત જળ કેમ આરોગ્યું?' ત્યારે આપે આજ્ઞા કરી કે 'આજે ખીચડીમાં લૂણ(મીઠું) વધારે પડયું હતું.' તેણે કહ્યું : 'આપની

શ્રી ડી.એમ.ધારીયા અને જમુબેન ધારીયા (દાહોદ)ના જયશ્રીકૃષ્ણ.

વાત સાચી છે. મારી તે ભૂલ થઈ છે.' આપે આજ્ઞા કરી કે 'હમેશાં રસોઈ સાવધાનીથી કરવી. ઉત્તમમાં ઉત્તમ સામગ્રી કરી પ્રભુને ભોગ ધરવો, જેથી પ્રભુને પ્રસન્નતા થાય અને પરિશ્રમ ન પડે.' આમ, સેવામાં રાખવાની સાવધાનીની શિક્ષા આપશ્રીએ આ બેઠકમાં આપી હતી.

(૧૨) જાન-અજાન વૃક્ષ : ભગવાન શ્રીકૃષ્ણ રાસ વખતે અંતર્ધાન થયા પછી શ્રીગોપીજનો શોધતાં શોધતાં અહીં આવ્યાં હતાં અને આ વૃક્ષોને પૂછ્યું હતું કે 'તમે ભગવાનને ક્યાંય જોયા છે?' ત્યારે એકે હા કહી અને એકે ના કહી. તે ઉપરથી આ વૃક્ષોનું 'જાન-અજાન' એવું નામ પડયું છે. વૃક્ષોને ફરતો ચોતરો બાંધીને વાડ કરેલી છે. ચોતરા ઉપર ચડીને વૈષ્ણવો આ વૃક્ષોની પરિક્રમા કરે છે. અહીં પરિક્રમા વખતે રાસ થાય છે.



જાન અજાણ વૃક્ષ

(૧૩) બિલછુ કુંડ : અહીં સખીઓ સાથે શ્રીરાધાજી જળક્રીડા કરે છે. તે સમયે શ્રીઠાકોરજી સખીરૂપે પધારે છે અને સાથે જળક્રીડા કરે છે. એક વખત શ્રીરાધાજીનો વિછૂઆ નીકળી ગયો, બહુ ગોત્યો પણ જડયો નહીં. તેથી શ્રીરાધાજીને બહુ દુઃખ થયું, ઉદાસ થયાં.

મહેન્દ્રકુમાર ભીખાલાલ શાહ (વિરમગામ)ના જયશ્રીકૃષ્ણ.

સખી રૂપ પ્રભુ બોલ્યા કે 'આપનો વિછૂઆ જે શોધી આપે તેને તમે શું આપશો?' જવાબ મળ્યો કે 'હે સખી! જે માગે તે આપીશ.' ભલે, કહીને સખીએ ડૂબકી મારી. ઘણા વિછૂઆ ખોબામાં લાવીને બતાવ્યા. આ જોઈ સર્વે સખીઓને બહુ જ આશ્ચર્ય થયું. પોતે શ્રીહસ્તથી શ્રીરાધાજીને વિછૂઆ પહેરાવવા લાગ્યા. કોઈ નાનો તો કોઈ મોટો થાય. બરાબર બંધબેસતો આવે નહીં. રાધાજી સમજી ગયાં, ઓળખી ગયાં અને બોલ્યાં કે 'હે સખી! માગ, તારે શું જોઈએ છે?'

સખીરૂપ પ્રભુ હસીને બોલ્યા કે 'રૈનનિવાસ.' રાધાજી બોલ્યાં, 'અરી ઓ સખીઓ, આણે તો છળ કીધો.' એમ કહી પરસ્પર મિલન થયું. તેથી આ સ્થળને વિલાસકુંજ પણ કહેવામાં આવે છે. અહીં નાનકડી ટેકરી ઉપર શ્રીબિલછુબિહારીજીનું મંદિર તથા શ્રીસ્વામિનીજીની બેઠકજી છે.

આ સ્થળે શ્રીઠાકોરજી પોતાના સખાઓ સાથે ગેંદચોગાન ખેલ્યા હતા, તેનું સ્થાન છે. પરિક્રમા વખતે આ સ્થળે 'બિલછુ' તથા 'ગેંદ ખેલ' લીલાના રાસ થાય છે.

શ્રીગુસાંઈજીનો સેવક ચહુડા ગોવર્ધનમાં રહેતો. શ્રીનાથજી નિત્ય બિલછુકુંડ ખેલવા માટે પધારતા. આ ચહુડો તે સમયે ઘાસ ખોદવા જતો. શ્રીનાથજી ત્યાં તેને દર્શન દેતા અને નિત્ય તેની સાથે વાતો કરતા. એક દિવસ ગોપાલપુર સુધી એ ચહુડો શ્રીનાથજીની સાથે વાતો કરતો કરતો આવ્યો. આ જોઈને શ્રીગુસાંઈજીએ તેને પૂછ્યું : 'અલ્યા! તારી સાથે શ્રીનાથજી શી વાતો કરતા હતા?' તેણે ઉત્તર આપ્યો : 'મહારાજ! શ્રીનાથજી વનની વાતો કરતા હતા. મને દરરોજ આપની કૃપાથી શ્રીનાથજીનાં દર્શન થાય છે. જે દિવસે મને દર્શન ન થાય તે દિવસે હું અન્નજળનો ત્યાગ કરું છું.'

આ સાંભળીને શ્રીગુસાંઈજીએ બધા માણસોને આજ્ઞા કરી : 'જ્યારે રાજભોગની માળા બોલે ત્યારે એને પ્રથમ દર્શન કરાવવાં. એ બહાર જાય ત્યાર પછીથી બીજા લોકોને દર્શન કરાવવાં.' પછી આ પ્રમાણે મંદિરમાં બંદોબસ્ત કરવામાં આવ્યો હતો.

શ્રીગુસાંઈજીની સેવક રૂપમંજરી, હિન્દુ રાજાની પુત્રી, બાદશાહને પરણી હતી. તે નંદદાસજીની સત્સંગી હતી. બાદશાહ આગળ કોઈએ નંદદાસજીનું બનાવેલ પદ 'દેખો દેખો નાગર નટ, નર્તત કાલિંદી કે તટ' ગાયું. તે પદ કેવી

ચંદ્રિકાબેન મહેન્દ્રકુમાર શાહ (વિરમગામ)ના જયશ્રીકૃષ્ણ.

રીત ગાયું તેની ખાતરી કરવા બાદશાહે પોતે નંદદાસજીને મળવા પોતાના રસાલા સાથે વ્રજમાં આવી, ગોવર્ધન આગળ પડાવ કર્યો. બીરબલને નંદદાસજીને બોલાવવા માટે જતિપુરા મોકલ્યા. નંદદાસજીએ જવાબ દીધો કે 'પરમ દિવસે માનસીગંગામાં સ્નાન કરવા જઈશ ત્યારે મળીશ.'

બીજે દિવસે નંદદાસજી બિલછુ કુંડ પર નહાવાને ગયા. ત્યાં રૂપમંજરીનો મુકામ હતો. રૂપમંજરીએ રાજભોગ ધર્યો હતો. સાક્ષાત્ શ્રીગોવર્ધનનાથજી તે આરોગતા હતા. તે વખતે નંદદાસજી વૃક્ષના થડ આડા ઊભા હતા એટલે શ્રીગોવર્ધનનાથજીએ રૂપમંજરીને કહ્યું કે 'નંદદાસજી વૃક્ષના થડ પાછળ ઊભા છે તેમને બોલાવો.' પછી નંદદાસજીએ શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કર્યાં. શ્રીગોવર્ધનનાથજીની આજ્ઞાથી મહાપ્રસાદ લીધો. પછી રૂપમંજરીની વિદાય લઈ નંદદાસજી જતિપુરા ગયા.

બીજે દિવસે માનસીગંગા નહાવા ગયા ત્યાં નંદદાસજી બાદશાહને મળ્યા. બાદશાહે તે પદ કેવી રીતે ગાયું તે બાબતમાં પૂછતાં, નંદદાસજીએ વિચાર કર્યો કે, અન્યમાર્ગીય આગળ કેવી રીતે વાત કરી શકાય? તેથી પોતે ઊંચે જોયું અને પોતાનો પ્રાણત્યાગ કર્યો. બાદશાહને ઘણું જ આશ્ચર્ય થયું અને ઉદાસ ચહેરે બિલછુકુંડ ઉપર રૂપમંજરીના મુકામ ઉપર આવીને આ બીના કહી. આ વાત સાંભળતાં રૂપમંજરીને પણ વિપ્રયોગ થયો અને દેહ છોડયો.

શ્રીગુસાંઈજીનો એક સેવક ચહુડા શ્રી ગોવર્ધનમાં રહેતો હતો. બિલછુકુંડ સામે શ્રીનાથજીનું મંદિર હતું, તેથી અહર્નિશ તે સ્થળથી તે શ્રીનાથજીને નિહાળતો.

એક દિવસ અધિકારીજીએ વચ્ચે ભીંત આડી કરવાથી તે કુંડ જોયા વગર શ્રીનાથજીને ગમ્યું નહીં. તેથી તેમણે સ્વપ્નમાં આ ચહુડાને આજ્ઞા કરી કે 'તું શ્રીગોકુળ જા અને શ્રીવલ્લભજીને કહી, આ ભીંતને પડાવી નંખાવ.' ત્યારે ચહુડાએ કહ્યું કે 'રાજ! શ્રીવલ્લભજી મારું કહ્યું શી રીતે માનશે?' ત્યારે શ્રીનાથજીએ કહ્યું, 'તમારું નામ શ્રીગોકુલનાથજી છે એમ શ્રીનાથજીએ મને કહ્યું છે એમ કહેજે.'

આ સાંભળીને ચહુડો મનમાં વિચાર કરવા લાગ્યો કે, જાઉં કે નહીં? શ્રીનાથજીએ તેને ત્રણ દિવસ લાગલાગટ સ્વપ્નમાં આજ્ઞા કરી. આથી તેણે જવાનો દૃઢ નિશ્ચય કર્યો અને શ્રીગોકુળ ગયો.

નિમુબેન જોબનપુત્રા (વેનકુવર-કેનેડા)ના જયશ્રીકૃષ્ણ.

સિંહદ્વાર આગળ પોળિયાને કહ્યું કે 'શ્રીવલ્લભજીને જઈને ખબર આપો કે એક ચહુડો આપને વિનંતી કરવા ઊભો છે.' પોળિયાએ જવાની ના પાડી. આ વખતે ઘણા લોકો ત્યાં એકઠા થયા હતા. તે બધા આ ચહુડાને ખસેડવા લાગ્યા. તે વખતે શ્રીવલ્લભજી બધા લોકો એકઠા થયાની વાત જાણીને ત્યાં પધાર્યા. તેમણે આ ચહુડાને પોતાની પાસે બોલાવીને બધો વૃત્તાંત તેની પાસેથી સાંભળ્યો.

શ્રીવલ્લભજીએ સ્વપ્નની બધી હકીકત સાંભળીને બધાંને ખાતરી કરાવવા માટે પૂછ્યું : 'શ્રીનાથજીએ મારું નામ શું કહ્યું છે?' ચહુડાએ કહ્યું કે 'આપનું નામ શ્રીગોકુલનાથજી છે, એવી આજ્ઞા શ્રીનાથજીએ મને કરી છે!' આથી શ્રીવલ્લભજી (શ્રીગુસાંઈજીના ચતુર્થ લાલજી)ના હર્ષનો પાર રહ્યો નહીં. તેઓ ઊઠીને ઘણા આનંદના આવેશમાં આવી જઈને તે ચહૂડાને ભેટયા અને મોટો ઉત્સવ મનાવ્યો.

પછી શ્રીગોપાલપુર(જતિપુરા) આવીને આપે ભીંત પાડી નંખાવી, ત્યારથી શ્રીનાથજીને બિલછુકુંડ દેખાવા લાગ્યો.

(૧૪) **શ્રીરાધાકૃષ્ણ કુંડ** : આ જોડાયેલા કુંડ છે. શ્રીકૃષ્ણકુંડ શ્રીઠાકોરજીએ વેણુથી ખોદ્યો છે. શ્રીરાધાકુંડ શ્રીસ્વામિનીજીએ નખથી ખોદ્યો છે. ગામનું નામ પણ શ્રીરાધાકુંડ છે.



રાધાકૃષ્ણ કુંડ

એક વૈષ્ણવ (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

શ્રીરાધાકુંડની ભીતરમાં શ્રીસ્વામિનીજીની નિકુંજમાં રત્નજડિત મહેલ છે. ત્યાં સદૈવ રાધાકૃષ્ણ રમણ કરે છે. દર આસો વદ-૮ ના રોજ મધ્યરાત્રિએ જો આ કુંડમાં સ્નાન કરવામાં આવે, તો સર્વ તીર્થોમાં સ્નાન કર્યાનું ફળ પ્રાપ્ત થાય છે અને મનવાંછિત ફળ મળે છે. આ સ્થળે શ્રીકૃષ્ણને આભૂષણનું અને શ્રીરાધાજીને વસ્ત્રદાન કરવાનું ઘણું માહાત્મ્ય ગણેલું છે. આ કુંડ ભરતપુર નરેશે અઢળક દ્રવ્ય ખર્ચીને બંધાવેલ છે.

ભગવાને બેલરૂપ અરિષ્ટાસુરને માર્યો તેનું પાપ લાગ્યું અને ગોવાળિયાઓએ આ પાપમાંથી મુક્ત થવા માટે તીર્થોમાં સ્નાન કરવાનું ફરમાવ્યું. તેથી પોતે ૧૦૮ તીર્થોને આજ્ઞા કરી. તે બધાં તીર્થો આસો વદ-૮ની મધ્યરાત્રિએ આ કુંડમાં આવી એકત્ર થયાં. તેમાં ગૌ, ગોપગ્વાલ, વ્રજભક્ત સમેત આપે સ્નાન કર્યું અને દોષમુક્ત થયા. દેવતાઓએ પૂજનરૂપે પુષ્પવૃષ્ટિ કરી, ત્યારથી આ કુંડનું માહાત્મ્ય વધ્યું. હાલ પણ દૂર દેશોમાંથી આવી હજારો માણસો આ મિતિએ સ્નાન કરે છે.

કુંડની ઉત્તર પાળ પર શ્રીગિરિરાજજીની જિહ્વા છે. રાધાકૃષ્ણ અને ગોવિંદદેવજીનાં મંદિરો ઉપરાંત બીજાં ઘણાં મંદિરો છે, જેમાં મોટેભાગે શ્રીરાધા-રમણ સંપ્રદાય(શ્રીચૈતન્ય)નાં છે. 'હરેકૃષ્ણ'ની ધૂન બોલતા તથા સ્મરણમાળાની સફેદ થેલીને કાંડા ઉપર બાંધી નામ-જપ-પારાયણ કરતા ઘણા બંગાળી વૈષ્ણવો અહીં જોવા મળે છે.

શ્રીરાધાકૃષ્ણ કુંડ ઉપર છોંકર(ખીજડા)ના વૃક્ષ નીચે ત્રણ બેઠક છે : ૧. શ્રીમહાપ્રભુજીની ૨. શ્રીગુસાંઈજીની ૩. શ્રીગોકુલનાથજીની.

શ્રીમહાપ્રભુજીની સંધ્યાવંદનની બીજી બેઠક, ઉપર જણાવેલી બેઠકોથી બહારના ભાગે આવેલી છે.

(૧૫) **કુસુમ સરોવર** : કલાપૂર્ણ એવું આ સરોવર સફેદ પથ્થરોથી બાંધવામાં આવેલું છે. અહીંનું દૃશ્ય અત્યંત મનોરમ છે. સરોવર ઉપરના કલાત્મક ભવન અને આસપાસમાં આવેલા ઉપવનના દેખાવથી આ સ્થાન ઘણું જ શોભાયમાન અને આકર્ષક લાગે છે. કેટલાક આ સ્થાનને 'કુસુમવન' અને 'કુસુમપોખર' પણ કહે છે. આ સરોવર બહુ જ ઊંડું છે. અત્યાર સુધીમાં ક્યારેય સુકાયું નથી.

ભાવના જીતેન્દ્ર દલાલ (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.



કુસુમ સરોવર

શ્રીમહાપ્રભુજીએ કુસુમ સરોવરમાં સ્નાન કરીને પોતાના સેવકોને કુસુમ સરોવરનું માહાત્મ્ય કહ્યું. આપે આજ્ઞા કરી : 'આ સ્થાનને કુસુમવન અથવા કુસુમ-પોખર પણ કહેવામાં આવે છે. અહીં રાસક્રીડા સમયે શ્રીરાધા-સહચરીજીને સાથે લઈને પ્રભુ પધાર્યા હતા. આ સરોવરને કિનારે બિરાજીને અહીંના વનનાં સુંદર પુષ્પોની વેણી ગૂંથી પ્રભુએ શ્રીરાધા-સહચરીજીને ધરાવી હતી. ભગવાનના પ્રપૌત્ર વજ્રનાભજી જ્યારે વ્રજયાત્રા કરવા ઉદ્ધવજી સાથે આવ્યા ત્યારે અહીં એક માસ સુધી રોકાઈ કીર્તન-મહોત્સવ કર્યો હતો, તેમાં ઉદ્ધવજીની સાથે નારદજી પણ પધાર્યા હતા. આ સ્થાનમાં ઉદ્ધવજી ગુલ્મલતા ઔષધિરૂપે સદા બિરાજમાન છે.

શ્રીમહાપ્રભુજીએ અહીં મુકામ કર્યો ત્યારે ઉદ્ધવજીએ પોતાના આધિદૈવિક સ્વરૂપે ત્યાં આવી, શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી : 'મહારાજ! મને કૃપા કરી શ્રીમદ્ ભાગવતના દસમ સ્કંધના ભ્રમરગીતનાં શ્રીસુબોધિનીજી સંભળાવો.'

ત્યારે આપે આજ્ઞા કરી : 'મારી પાસે આખાયે ભ્રમરગીતનાં સુબોધિનીજી સંભળાવવાનો સમય નથી, પરંતુ તેના એક શ્લોકના એક પદનો અર્થ હું તમને સમજાવીશ.' આપશ્રીએ ત્યાં ઊભા રહીને ત્રણ પ્રહર સુધી એક પદનો અર્થ સંભળાવ્યો. ઉદ્ધવજી રસમાં તલ્લીન બની ગયા. ત્રણ

સ્વ. જયાલક્ષ્મીબેન શાંતિલાલ શાહ (ગાંધીધામ-કચ્છ)ના જયશ્રીકૃષ્ણ.

પ્રહરના અંતે ઉદ્ધવજીએ વિનંતી કરી : 'મહારાજ! હવે આગળ હું આનું રહસ્ય હૃદયમાં ધારણ કરી શકીશ નહીં.' ત્યારે આપે આજ્ઞા કરી : 'મેં તો જેટલો અર્થ કરવાનો સંકલ્પ કર્યો છે તેટલો અવશ્ય કહીશ. તમારાથી થાય તેટલો ધારણ કરજો.' આમ આજ્ઞા કરીને આપશ્રીએ બાર પ્રહર સુધી તે શ્લોકનો અર્થ સમજાવ્યો. ત્યારે ત્યાં મહાઆનંદ વ્યાપી ગયો. શ્રવણ કરનાર સૌ વૈષ્ણવોને ભૂખતરસ પણ ન નડી.

આ કુસુમ સરોવરને અને તેના કાંઠા ઉપર આવેલા ભવ્ય ભવનને ભરતપુરનરેશ વ્રજેન્દ્ર સવાઈ મહારાજા જવાહરસિંહે લાખો રૂપિયાનો ખર્ચ કરીને બંધાવેલ છે. મહારાજાએ દિલ્હી લૂંટીને તેના દ્રવ્યમાંથી વ્રજનાં અનેક સ્થાનોનું નિર્માણ અને તેનો પુનરુદ્ધાર કરાવેલો છે.

કુસુમ સરોવરની નજીક ભરતપુરનરેશની વિશાળ છત્રી છે, તે પણ જોવાલાયક છે. અહીંથી ફરી શ્રીગિરિરાજજીનાં દર્શન થાય છે. શ્રીગિરિરાજજીનું દર્શન થતાં યાત્રાળુઓ આનંદ - પુલકિત બની જાય છે.

આ સરોવરમાં સર્વે ગોપીઓ કમલરૂપ થઈ છે, પ્રભુ ભ્રમરરૂપે થયા છે અને ચુંબન વગેરેનું દાન કર્યું છે. શ્રીરાધાજીના ફૂલોના શણગાર આપે શ્રીહસ્તે કર્યા હતા.

પ્યારીકો શૃંગાર કરત નંદલાલા,
વાર વારમેં મોતી મોતિયાકન,
બિચ બિચ ઝલકત પુષ્પન માલા. ૧
નૂતનગૂંથી કલિકો લહેંગા
લાલ કલિનકો લાલ દુશાલા.
પ્રીત પીતકો નૂપુર પાયન,
કર શૃંગાર હાર હિય ડાલા. ૨
શ્વેત ચમેલી લસત કંચુકી,
માનો મુકતનકી યહ માલા.
'નારાયણ' પ્રભુ રસિક શિરોમણિ,
યહ છબી નીરખત સબ વ્રજબાલા. ૩

શ્રીમતી છાયાબેન રોહિતકુમાર શાહ (ભરુચ) (ભાવનગર)ના જયશ્રીકૃષ્ણ.

---

(૧૬) **ગ્વાલ પોખરા :** ગોવાળિયાઓએ બંસીથી ખોદેલ છે. ત્યાંથી આગળ ચાલતાં કિલ્લોલ કુંડ અને કિલ્લોલ બિહારીજીનું મંદિર અને રાસચોતરો આવે છે. આ વિશાળ કુંડ પાકા પથ્થરનો બાંધેલો છે.

(કુસુમ સરોવરથી આગળ સખીતરા ગામ છે. તે બાજુ પર રહી જાય છે. આ સ્થળે શ્રીચંદ્રાવલીજીનું સાસરું છે, એમ કહેવાય છે.)

(૧૭) **માનસીગંગા :** શ્રીગિરિરાજજીનું આ મુખારવિંદ છે. શ્રીકૃષ્ણ ભગવાને વત્સાસુર દૈત્યને માર્યો ત્યારે ગોવાળિયાઓએ કહ્યું : 'તમારે આ દોષથી શુદ્ધ થવા સારુ શ્રીગંગાજીમાં સ્નાન કરવું પડશે,' આ ઉપરથી ભગવાને પોતાના માનસમાંથી આ માનસીગંગા ઉત્પન્ન કરી, તેમાં સ્નાન કરી, પ્રભુ પોતે દોષનિવૃત્ત થયા. આ સ્થળે કુંજના દ્વાર પર નંદદાસજી ચંદ્રલેખા સખીરૂપે બિરાજે છે.

માનસીગંગાની ત્રણે બાજુએ ઉત્તમ કોટિની કલાથી સુશોભિત પથ્થરની પાળ બનેલી છે. ચોથી બાજુએ શ્રીગિરિરાજજી છે. માનસીગંગાની વચ્ચે પણ શ્રીગિરિરાજજી બિરાજે છે, એ દૃશ્ય ઘણું જ રમણીય લાગે છે. માનસીગંગા ઉપર ભરતપુરનરેશે એક ખાસ મહેલ બનાવ્યો છે, જેને ભરતપુર રાજાની છત્રી કહે છે. આ છત્રીમાંનું પથ્થરનું નકશીકામ, ચિત્રકામ અને બાંધકામ જોવાલાયક છે. તે ભારતની પ્રાચીન કલાનો શ્રેષ્ઠ નમૂનો છે.



માનસી ગંગા

રોહિતકુમાર પ્રાણલાલ શાહ (ભરુચ) (ભાવનગર)ના જયશ્રીકૃષ્ણ.

ભરતપુર-નરેશે લાખો રૂપિયાનો ખર્ચ કરીને માનસીગંગાના ઘાટ, ખાસ મહેલ તથા બીજાં સ્થાન બંધાવેલ છે, તે તેમના વ્રજપ્રેમનું અને ઉત્તમ દાનશીલતાનું પ્રત્યક્ષ ઉદાહરણ છે.

માનસીગંગાના કિનારા ઉપર શ્રીગિરિરાજજીનું મંદિર છે, જેમાં મુકુટ આકૃતિનાં દર્શન થાય છે. અહીં દૂધથી સ્નાન કરાવી ભોગ ધરાય છે.

'માનસીગંગા શ્રીહરિ દેઉ,
શ્રીગિરિવરકી પરકમ્મા દેઉ,
કુંડ કુંડ ચરનામૃત લેઉ,
અપનો જનમ સુફલ કરિ લેઉ.'

એ ધ્વનિ અનુસાર અહીં માનસીગંગાના કિનારા ઉપર શ્રી હરિદેવજીનું એક પ્રાચીન મંદિર આવેલું છે. શ્રીકૃષ્ણના પૌત્ર વજ્રનાભે આ મંદિર બંધાવીને તેમાં શ્રીહરિદેવજીની સુંદર મૂર્તિની સ્થાપના કરી હતી, અને સં. ૧૬૩૭ના અરસામાં આમેરના રાજા ભગવાનદાસે આ મંદિરનો જીર્ણોધ્ધાર કરાવેલ. પરંતુ સં. ૧૭૨૬માં ઔરંગઝેબના ત્રાસ વખતે પ્રાચીન મૂર્તિ અન્યત્ર પ્રસ્થાન કરી જતાં, તે સ્થાને બીજી મૂર્તિ સ્થાપવામાં આવી છે. મંદિર ઘણું જ મોટું અને પ્રાચીન કલાથી યુક્ત છે.

આસો વદ અમાસ(દિવાળી)ને દિવસે અહીં મોટો મેળો ભરાય છે, ત્યારે આજુબાજુમાંથી અને દૂરદૂરથી હજારોની સંખ્યામાં દર્શનાર્થીઓ આવે છે. રાત્રે અસંખ્ય કોડિયાંમાં સેંકડો મણ ઘીના દીવા કરીને ઘાટ ઉપર મૂકવામાં આવે છે, ત્યારે તેની જ્યોતથી માનસીગંગા એને તેની આજુબાજુના સ્થળો ઝળહળી ઊઠે છે. ભરતપુર-નરેશ તરફથી દીપકો માટે ઘણા મોટા પ્રમાણમાં ઘી મળે છે. તે ઉપરાંત ગૃહસ્થો તરફથી પ્રતિવર્ષના લાગાનું અને બાધા-માનતાનું ઘી પણ સારા પ્રમાણમાં આવે છે. દિવાળીને દિવસે મધ્યરાત્રિએ માનસીગંગામાં સ્નાન કરીને ઘણા લોકો શ્રીગિરિરાજજીની પરિક્રમા કરે છે.

માનસીગંગાના વલ્લભઘાટ ઉપર, છોંકરના વૃક્ષ નીચે શ્રીમહાપ્રભુજીની બેઠક છે અને સામે કાંઠે શ્રીગુસાંઈજીની બેઠક તથા મનસાદેવીનું મંદિર છે. મનસાદેવી વ્રજની એક પ્રાચીન દેવી છે. પૌરાણિક અનુશ્રુતિ અનુસાર મનસા

મણીબેન વિઠ્ઠલદાસ બાપોદરાના સ્મરણાર્થે (ભાવનગર)ના જયશ્રીકૃષ્ણ.

દેવી જરત્કારુ ઋષિની પત્ની અને આસ્તિકાદિ સર્પોની માતા હતી, તેથી લોકમાં તે સર્પમાતાના નામથી પુજાય છે. તેનું મંદિર માનસીગંગાના કાંઠા પાસે બ્રહ્મકુંડ પર ઊંચા સ્થાને બનેલું છે, ત્યાં વ્રજની આ ઐતિહાસિક લોકદેવી બિરાજમાન છે.

(૧૮) શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી : માનસીગંગાના ચક્તીર્થના ઘાટ ઉપર એક છોંકરના વૃક્ષ નીચે શ્રીમહાપ્રભુજી બિરાજતા હતા. આપશ્રીની અહીં બેઠક આવેલી હોવાથી આ ઘાટ વલ્લભઘાટ નામે પણ જાણીતો છે. અહીં માનસીગંગામાં સ્નાન કરી શ્રીમહાપ્રભુજીએ શ્રીમદ્ ભાગવત સપ્તાહ કરી, તે સમયે બંગાળના વૈષ્ણવ આચાર્ય શ્રીકૃષ્ણ ચૈતન્ય પણ અહીં બિરાજ્યા હતા. તેમને શ્રીમહાપ્રભુજીના પધારવાના સમાચાર મળ્યા, તેથી તેમણે આવીને શ્રીમહાપ્રભુજીને પ્રણામ કર્યાં. પરસ્પર નમસ્કાર કરીને શ્રીમહાપ્રભુજીએ તેમને પૂછયું : 'અહીં કેટલા મહિનાથી છો?'

શ્રીકૃષ્ણ ચૈતન્યે કહ્યું : 'છ મહિનાથી અહીં છું. પુરાણોમાં લખ્યું છે કે માનસીગંગા દૂધથી ભરેલી છે. જે છ મહિના સુધી નિયમપૂર્વક તેમાં



માનસીગંગા ઉપરનાં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી

જયશ્રીબેન સુનંદભાઈ સોની તથા સુનંદભાઈ ભીખુભાઈ સોની (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

સ્નાન કરે છે, તેને માનસીગંગાનાં દૂધ-સ્વરૂપે દર્શન થાય છે. મને સ્વપ્નમાં આધિદૈવિક સ્વરૂપે શ્રીમાનસીગંગાએ આજ્ઞા કરી છે કે શ્રીમહાપ્રભુજી અહીં પધારશે ત્યારે તમારો મનોરથ પૂર્ણ થશે.' આ સાંભળી, શ્રીમહાપ્રભુજીએ પોતાના કમંડળમાંથી જળ લઈ, શ્રીકૃષ્ણ ચૈતન્ય અને ઉપસ્થિત સર્વ વૈષ્ણવોના નેત્ર પર છાંટયું. આથી સૌને દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત થઈ અને સૌએ માનસીગંગાનાં આધિદૈવિક દૂધમય સ્વરૂપે દર્શન કર્યાં. શ્રીકૃષ્ણ ચૈતન્ય ખૂબ પ્રસન્ન થયા.

શ્રીકૃષ્ણ ચૈતન્યે શ્રીમહાપ્રભુજી સાથે સત્સંગ કરતાં વિનંતી કરી, 'મહારાજ! હું માનું છું કે આ કળિયુગમાં બીજી કોઈ રીતે ભગવદ્પ્રાપ્તિ શક્ય નથી, ત્યારે કોઈ પણ જીવ જો એક ક્ષણ પણ પ્રભુનું નામ લે તો તેનો ઉદ્ધાર થાય.' ત્યારે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી : 'હું તમારી સાથે સંમત થતો નથી, કારણ કે આ કળિયુગ પ્રત્યેક જીવને સંગથી બહિર્મુખ બનાવે છે. માટે જ ગાયના શિંગડા ઉપર રાઈનો દાણો રહે તેટલો સમય પણ ભગવદ્નામ ચૂકી જવાય તો તે જીવ ભગવાનથી વિમુખ બની બહિર્મુખ બને છે.' આ સાંભળીને શ્રીકૃષ્ણ ચૈતન્ય મૌન રહ્યા.

આ પ્રસંગમાં શ્રીમહાપ્રભુજીએ ભગવદ્સ્મરણ હમેશાં કરવું જોઈએ તે સિદ્ધાંત બતાવ્યો. માટે તો 'નવરત્ન' ગ્રંથમાં આપશ્રીની આજ્ઞા છે : આપણે સતત 'શ્રીકૃષ્ણ: શરણં મમ'નો જપ કરવો જોઈએ. જેટલી વાર ભગવન્નામ ચૂકી જવાય તેટલી વાર આપણી એકાદશ ઈંદ્રિયો ભગવાનથી વિમુખ બનીને દુ:સંગમાં સપડાય છે અને પ્રભુથી બહિર્મુખ થાય છે. માટે ભગવદ્સ્મરણ અહર્નિશ થવું જોઈએ.'

જ્યારે આપ શ્રીમદ્ ભાગવતનું પારાયણ કરતા હતા ત્યારે અહીં બિરાજતા શ્રીચક્રેશ્વરજી મહાદેવ નિત્ય શ્રવણ કરવા પધારતા. તેમનો એક સેવક રોજ શ્રીમહાદેવજીની પૂજા કરવા જતો. તેને શ્રીમહાદેવજીનાં સાક્ષાત્ દર્શન થતાં, પરંતુ કથાના દિવસે તેને સવારમાં દર્શન ન થયાં. બપોર પછી દર્શન થતાં તેણે પૂછ્યું : 'આપ કયાં પધાર્યા હતા?' ત્યારે શ્રીમહાદેવજીએ શ્રીમહાપ્રભુજીના સર્વ સમાચાર કહીને તેને આજ્ઞા કરી, 'તું સવારે વહેલો આવ.' શ્રીમહાપ્રભુજી અહીં એક માસ સુધી બિરાજ્યા હતા. શ્રીગોવર્ધનમાં

એક વૈષ્ણવ (વૅનકુવર-કેનેડા)ના જયશ્રીકૃષ્ણ.

આવેલા સર્વ કુંડોમાં સ્નાન કરી, આપ શ્રીજમુનાવતા, અડીંગ વગેરે સ્થળે થઈ શ્રીચંદ્રસરોવર પર પધાર્યા.

શ્રીમહાપ્રભુજીના સેવક અચ્યુતદાસ સનોડિયા બ્રાહ્મણ માનસીગંગા ઉપર ચક્રતીર્થમાં રહેતા હતા. તે દરરોજ શૃંગારના સમયે શ્રીગિરિરાજજી ઉપર શ્રીનાથજીનાં દર્શન કરવા આવતા. દર્શન કરી પોતાના મુકામ ઉપર જતા. તેમણે શ્રીગિરિરાજજીની પ્રરિક્રમા દંડવત્ કરતાં-કરતાં ત્રણ વખત કરી હતી.

(૧૯) દાનઘાટી : આગળ ચાલતાં ગોવર્ધન ગામમાં નિવર્તકુંડ, બ્રહ્મકુંડ, પાપમોચન કુંડ, રણમોચન કુંડ, ગોરોચન કુંડ, ધર્મ કુંડ અને સડક ઉપર 'દાનઘાટી' તથા શ્રીદાનીરાયજીનું મંદિર આવે છે. અહીં પ્રભુ રાજા બન્યા છે. સખાઓ સિપાઈ બન્યા છે. ગોપીજનોને રોકીને દહીં દૂધનું દાન લીધું છે માટે તે દાનઘાટી કહેવાય છે. અહીં દાનલીલાનો રાસ થાય છે.

શ્રીગુસાંઈજીના સેવક રાજા આશકરણજી વ્રજમાં ફરતા હતા અને જે સ્થળે જતા ત્યાં શ્રીઠાકોરજી તેમને તેવાં દર્શન કરાવતા. એક દિવસ દાનઘાટી ઉપર શ્રી ઠાકોરજીને કામળી ઓઢીને તથા લાકડી લઈને સખામંડળી સાથે ઊભેલ જોયા. શ્રીઠાકોરજી જે વ્રજભક્તો દહીં વેચવા જાય છે, તેમને જવા દેતા નથી અને દહીંનું દાણ માગે છે. ગોપીજનો આપતાં નથી. કહે છે કે 'તમે વળી ક્યારના દાની થયા છો?' આવા દર્શન કર્યા પછી આશકરણજીએ મુગ્ધ બનીને પદ ગાયું :

કબતે ભયે હૈ દાની ।
મટુકી ફોરત હરવા તોરત યહ બાત મૈં જાની. ॥૧॥
નંદરાયકી કાન કરત હૂં ઔર જશોદા રાની ।
'આશકરણ' પ્રભુ મોહનનાગર ગુણસાગર અભિમાની ॥૨॥

અહીં દાનઘાટી ઉપર પ્રભુની છાકલીલા પણ થઈ છે.

છાકલીલાનું પદ

દાન ઘાટી છાક આઈ, ગોકુલ તે કાવર ભર,
રાવલકી રાવરેને રાખી સબ ઘેર,

---

૭ અ.સૌ. જ્યોત્સના તથા કનુભાઈ રમણીકલાલ પારેખ (રાજકોટ)ના જયશ્રીકૃષ્ણ.

જાન તો જબ હી દેહોં, નંદજીકી આન ખૈહો ।
ભોજનકી રહી કછુ, ચાખો એક બેર ॥૧॥
કનક બેલા કરમેં લિયે, રાજત ગિરિરાજ ધરન ।
બાંટત મેવા હસિ હસિ, હેરત ચહુ ફેર ॥૨॥
સકલ પાક 'પરમાનંદ', આરોગત પરમાનંદ ।
પરમાનંદ ટોક કરત સુબલ ટેર ટેર ॥૩॥

શ્રીજી દાનઘાટી પર ગાયો ચરાવતા ગ્વાલ-બાલોની સાથે પધાર્યા છે. ગોકુળથી કાવડો ભરીભરીને ભાતું આવ્યું છે. યશોદાજીએ મોકલેલી સામગ્રી લઈને ગોપીઓ આવી છે. તેમને શ્રીઠાકોરજીએ રોકી રાખી છે. અને કહે છે : 'તમે નંદરાયજીના સમ ખાઓ કે અમે ઘેરથી જમીને આવ્યાં છીએ. તો જ તમને જવા દઉં, નહીંતર અમારી સાથે જમવા બેસવું પડશે.'

ગોપીઓ સમ ખાય છે. એટલે શ્રીઠાકોરજી કહે છેઃ 'ભલે, ભોજનની વાત રહી. અમારી જોડે બેસીને બધી ચીજોમાંથી એકેક વાર તો તમારે ચાખવું જ પડશે.

ગોપીઓને જમાડીને આનંદ લેવા તથા આપવા પ્રભુ આમ આગ્રહ કરી રહ્યા છે. સૌ ગોપગોપીઓને બેસાડીને પોતે સુવર્ણપાત્ર હાથમાં લીધું અને પીરસવા લાગ્યા. હસીહસીને, સૌની સામે જોતાં જોતાં, મેવા મીઠાઈ વહેંચી રહ્યા છે.

પછી બીજું પીરસવાનું સખાઓને સોંપીને પોતે ભોજન કરવા બિરાજ્યા. જમતાં જમતાં વચ્ચે સખા સુબલને સંબોધીને ટોકી રહ્યા છે : 'બધાંને બરાબર પીરસો, કોઈ ભૂખ્યું ન રહે. તમે પીરસનારાઓ ધ્યાન રાખો....' વગેરે.

પરમાનંદદાસ ગાય છે કે, પરમ આનંદસ્વરૂપ શ્રીજી પરમ આનંદથી સર્વ સામગ્રીઓ આરોગી રહ્યા છે.

(૨૦) નિવર્તકુંડ : ગોપીઓના ગૃહસ્થાશ્રમના મોહનો નાશ કરીને ભગવત્પ્રાપ્તિમાં લગાડી(લજ્જા તો વેણુનાદથી છૂટી ગઈ હતી) ગૃહસ્થાશ્રમના મોહનો દાન-લીલાથી નાશ કર્યો. હવે ગોપીઓ અભય થઈ, પ્રભુ પ્રાપ્તિમાં લાગી ગઈ.

દલાલ લક્ષ્મીદાસ કરશનદાસ પાબારી (રાજકોટ)ના જયશ્રીકૃષ્ણ.

(૨૧) ચંદ્રસરોવર : સારસ્વત કલ્પનું ચંદ્રસરોવર છે, તે પરાસોલી ગામ છે. પરાસોલી એ 'પરમ રાસસ્થલી'નું અપભ્રંશ થયેલું નામ છે. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો આ સ્થાનને 'આદિ વૃંદાવન' તરીકે પણ આળખે છે. સારસ્વત કલ્પ વખતનું વૃંદાવન અહીં હતું. સ્કંદપુરાણમાં લખ્યું છે કે 'અહો વૃંદાવન રમ્યં યત્ર ગોવર્ધનો ગિરિઃ.'

આ શ્લોકથી સ્પષ્ટ થાય છે કે જ્યાં ગોવર્ધન પર્વત છે, ત્યાં વૃંદાવન છે. શ્રીમદ્ ભાગવતમાં પણ લખ્યું છે કે :

વૃંદાવનં ગોવર્ધનં યમુનાપુલિનાનિચ,
વીક્ષ્યાસીંદુત્તમા પ્રીતિ રામમાધયોર્નૃપઃ

વૃંદાવન નામનું હર્યું ભર્યું વન, અત્યંત મનોહર ગોવર્ધન પર્વત અને શ્રીયમુનાજીના સુંદર પુલિનો જોઈને ભગવાન શ્રીકૃષ્ણ અને બલરામના હૃદયમાં પ્રીતિનો ઉત્તમ ઉદય થયો.

આથી પણ સિદ્ધ થાય છે કે શ્રીગોવર્ધન પર્વતની સમીપમાં જ વૃંદાવન હતું. એટલે કે સારસ્વત કલ્પનું વૃંદાવન ચંદ્રસરોવર પ્રદેશ ગણાય છે અને હાલનું વૃંદાવન શ્વેતવારાહ કલ્પનું મનાય છે.



ચંદ્ર સરોવર

સ્વ. ભગવાનજી સુંદરલાલ મહેતા તથા સવિતાબેન ભગવાનજી મહેતા (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ.

મહારાસ વખતે શારદીય પૂર્ણચંદ્રનાં કિરણો આ સરોવર ઉપર પડવાથી તેનું નામ ચંદ્રસરોવર પડયું છે. આ અષ્ટકોણ સરોવરના ઘાટ અને તેનું બધું બાંધકામ ભરતપુર-નરેશે કરાવેલું છે.

આ એક પાકો કુંડ છે. અષ્ટદલ કમળના કલાત્મક આકારનો બંધાયેલ છે. આનું પુનર્નિમાણ જાટ રાજા સૂરજમલના પુત્ર જવાહરસિંહે સંવત ૧૮૧૧માં કરેલું હતું. કુંડ ઉપર ચંદ્રબિહારી અને શ્રીદાઉજીનું મંદિર છે.

ચંદ્રસરોવર પાસે એક ચોતરો છે, તે 'રાસ ચોતરા'ને નામે ઓળખાય છે. સરોવરના પૂર્વ કિનારા ઉપર કુંભનદાસજીની બેઠક તથા શ્રીચંદ્રબિહારીજીનું મંદિર છે, તેમજ પશ્ચિમ કિનારા ઉપર સૂરદાસજીની પૂર્વાભિમુખ પ્રતિમાનું કલાત્મક રીતે સ્થાપન થયેલું છે. ત્યાં શિલાલેખમાં નીચેનું લખાણ અંકિત છે :

'ચંદ્રસરોવર ઉપર મૂર્તિ સ્થાપના.

મહાકવિ મહાત્મા સૂરદાસજી કી યહ પ્રતિમા સૂરપંચશતી કે ઉપલક્ષ્ય મેં સૂરપંચશતી રાષ્ટ્રિય સમારોહ સમિતિ દ્વારા નિર્મિત કી ગઈ, જિસે ચૈત્ર સુદ-૮, સં. ૨૦૩૫ તા. ૧૫-૪-૧૯૭૮ કો ભારત કે પર્યટનમંત્રી શ્રીપુરુષોત્તમલાલજી કૌશિક ને ચંદ્રસરોવર કે તટ પર સ્થાપિત કી.

નિર્માતા કલાકાર : શ્રીમોહમ્મદ હનિફ, લખનઉ.'

ચંદ્રસરોવરની પૂર્વ દિશા તરફ ઉત્તરાભિમુખનું મહાકવિ મહાત્મા સૂરદાસ દ્વાર છે. તેમાં નીચે મુજબ શિલાલેખ અંકિત થયેલ છે:

'મહાકવિ સૂરદાસ કા શિલાન્યાસ મહામહિમ ડા. મ. ચૈન્ના રેડ્ડી, રાજ્યપાલ, ઉત્તરપ્રદેશ કે કરકમલોં દ્વારા સાનંદ સંપન્ન હુઆ. દિનાંક શ્રાવણ શુક્લા ૮, સંવત ૨૦૩૩ વિ. સૂરપંચશતી રાષ્ટ્રીય સમારોહ સમિતિ. મથુરા.'

અહીં સૂરકુટી છે. તે ભારતના મહાન ગાયક ભક્ત મહાકવિ સૂરદાસની પ્રાચીન નિવાસસ્થલી છે. ઉત્તરપ્રદેશ સરકારના પુરાતત્ત્વ વિભાગ દ્વારા સ્મારકનો એક ચોતરો માર્ચ, ૧૯૫૨માં બંધાવી, આરસના એક પથ્થર ઉપર સૂરદાસજીનું રેખાચિત્ર અને તેની નીચે 'ખંજન નૈન રૂપ રસ માતે' એ અંતિમ પદ કોતરાવી તેમનો ટૂંકો પરિચય આપેલો છે. સૂરદાસજીએ આ ભૌતિક શરીરના ત્યાગ સાથે નિત્યલીલામાં આ સ્થળે સં. ૧૬૪૦માં પ્રવેશ કર્યો હતો. તે વખતે તેમની ઉંમર ૧૦૦ વર્ષની હતી.

અહીં સૂર મહાકવિ વિદ્યાલય ચાલે છે.

શ્રીમહાપ્રભુજીના સેવક યાદવેન્દ્રદાસ કુંભારે શ્રીમહાપ્રભુજીની બેઠક પાસે કૂવો પોતાના હાથે ખોદ્યો. તેમાંથી જે માટી નીકળી તેની ઇંટો બનાવી, પકવીને, પોતાને હાથે તે કૂવો ચણીને તૈયાર કર્યો. પણ તેમાં જળ ખારું નીકળ્યું, એટલે પશ્ચાતાપ કરતાં શ્રીગંગાજીમાં જઈ જળપ્રવેશ કર્યો અને શ્રીગંગાજીનાં જળની અંજલિ ભરી ભરીને શ્રીગંગાજીમાં નાખી તર્પણ કર્યું કે તે કૂવાનું જળ આપ સમાન કરો. પછી શ્રીગંગાજીએ જણાવ્યું કે કૂવાનું જળ મીઠું થયું છે. ત્યારે તે ગંગાજીમાંથી નીકળી શ્રીગિરિરાજ આવ્યા. તે કૂવાનું નામ શ્રીનાથજીનું જલઘરું પાડયું અને જળ શ્રીનાથજીને અંગીકાર કરાવ્યું.

અહીં ચંદ્રકૂપ છે. બે મોટા વજનદાર પથ્થરો છે, જેને બજાવવાથી તેમાંથી નગારા જેવો અવાજ નીકળે છે. આ પથ્થરોને ઈન્દ્રનાં નગારાં તરીકે ઓળખાવવામાં આવે છે.

ચંદ્રસરોવર ઉપર છોંકરના વૃક્ષ નીચે શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી અને શ્રીગોકુલનાથજીની એમ ત્રણ બેઠકો છે. બેઠકોની પાછળના પરિક્રમાના માર્ગમાં શ્રીગિરિરાજજીની બેઠક છે અને બહારના ભાગમાં શ્રીગુસાંઈજીની વિપ્રયોગની તેમજ શ્રીબડે દાઉજીની બેઠક છે.

શ્રીમહાપ્રભુજીની બેઠક :

ચંદ્રસરોવરના કિનારે છોંકરના વૃક્ષ નીચે બિરાજીને શ્રીમહાપ્રભુજીએ શ્રીમદ્ ભાગવત સપ્તાહ કરી. આ સ્થળ ઉપર વૈષ્ણવોની વિનંતીથી આપશ્રીએ સૌને રાસલીલાનાં સાક્ષાત્ દર્શન કરાવ્યાં. આપશ્રી અહીં બિરાજતા હતા ત્યારે એક વૈષ્ણવે આવીને વિનંતી કરી : 'મહારાજ! શ્રીગિરિરાજજીના આધિદૈવિક સ્વરૂપનાં સાક્ષાત્ દર્શન કેવી રીતે થાય?'

ત્યારે આપશ્રીએ આજ્ઞા કરી : 'એક જ દિવસમાં, રસ્તામાં ક્યાંય રોકાયા વિના કે બેઠા વિના, સતત ચાલતા રહીને જો ગિરિરાજજીની, દીનતા અને પ્રેમપૂર્વક ત્રણ પરિક્રમા કરવામાં આવે તો શ્રીગિરિરાજજીનાં આધિદૈવિક સ્વરૂપનાં સાક્ષાત્ દર્શન થાય.' આ સાંભળી તે વૈષ્ણવે

શૈલેષ ભગવાનજી મહેતા અને અ.સૌ. ગીતા શૈલેશ મહેતા (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ.

સૌરીન શૈલેશ મહેતા તથા લીશ મહેતા અને કીષા મહેતા (યુ.એસ.એ.)ના જયશ્રીકૃષ્ણ.



ચંદ્ર સરોવર ઉપરનાં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી.

શ્રીમહાપ્રભુજીને દેડવત્ કરી, આજ્ઞા લઈ, શ્રીગિરિરાજજીની ત્રણ પરિક્રમા કરવાનો પ્રારંભ કર્યો. આ ત્રણ પરિક્રમા દરમ્યાન તેને શ્વેત ભુજંગનાં દર્શન થયા. માર્ગમાં તેને એક ગ્વાલનાં દર્શન થયાં, આગળ એક સિંહનાં દર્શન થયાં અને સિંદુરી શિલા પાસે તેને એક ગાયનાં દર્શન થયાં. આમ, ત્રણ પરિક્રમા પૂરી કરી તે પાછો આવ્યો ત્યારે મનમાં ખેદ કરવા માંડયો કે મને શ્રીઆચાર્યજીએ આજ્ઞા કરી, પણ શ્રીગિરિરાજજીનાં સાક્ષાત્ દર્શન થયાં નહીં. આપશ્રીની પાસે આવીને તેણે સર્વ સમાચાર કહ્યા.

ત્યારે આપે આજ્ઞા કરી : 'વેદમાં શ્રીગિરિરાજજીનાં ચાર સ્વરૂપોનું વર્ણન કરવામાં આવ્યું છે, જેમાંનું એક સ્વરૂપ ગાય છે, બીજું સિંહ સ્વરૂપ છે, ત્રીજું ગ્વાલ સ્વરૂપ છે, ચોથું શ્વેત સર્પ સ્વરૂપ છે અને પાંચમું સ્થૂલ સ્વરૂપ છે. તેથી તને શ્રીગિરિરાજજીએ આ પાંચેય સ્વરૂપે દર્શન આપ્યાં.'

શ્રીમહાપ્રભુજીએ દામોદરદાસજીને આજ્ઞા કરી : 'દમલા, ભગવાન આપણને સાક્ષાત્ દર્શન આપે છે, છતાં તેમની ઈચ્છા વિના ભગવદ્ સ્વરૂપને

નિશિલ તથા અર્પિતા પરીખ અને વંશ પરીખ (યુ.એસ.એ.)ના જયશ્રીકૃષ્ણ.

જાણી શકાતું નથી. અહીં આ જીવ સાક્ષાત્ ભગવદ્સ્વરૂપનાં દર્શનનો અધિકારી ન હોવાથી, તેને શ્રીગિરિરાજજીનાં પાંચેય સ્વરૂપોનાં દર્શન થવા છતાં તે શ્રીગિરિરાજજીનાં સ્વરૂપોને જાણી શકયો નહીં. 'ઉત્તમ વસ્તુ અધિકારી વિના કદી મળતી નથી.' શ્રીગિરિરાજજી તો અહીં સાક્ષાત્ રત્નમણિમય સ્વરૂપે બિરાજે છે, પરંતુ આપણને આપણાં આ ચર્મચક્ષુથી તે સ્વરૂપોનાં દર્શન થતાં નથી.'

અહીંથી શ્રીમહાપ્રભુજી આન્યોર પધાર્યા.

શ્રીગુસાંઈજીનાં બેઠક :

અહીં ચંદ્રસરોવર ઉપર શ્રીગુસાંઈજીનાં બે બેઠક બિરાજે છે. તે પૈકીનાં એક બેઠકજી શ્રીમહાપ્રભુજીનાં બેઠકજીની બાજુમાં બિરાજે છે. અહીં બિરાજીને આપશ્રીએ શ્રીમદ્ ભાગવત પારાયણ કર્યું હતું.

બીજાં બેઠકજી આગળની બાજુએ બિરાજે છે, જે વિપ્રયોગનાં બેઠકજી તરીકે પ્રસિદ્ધ છે. જ્યારે કૃષ્ણદાસ અધિકારીએ શ્રીગુસાંઈજી માટે શ્રીનાથજીનાં દર્શન પણ બંધ કર્યાં ત્યારે શ્રીગુસાંઈજીએ છ માસ સુધી આ સ્થાન પર બિરાજી પ્રભુનો વિરહ કર્યો હતો. આપશ્રી તે સમયે પોતાનો સમય પ્રભુના વિરહમાં વ્યતીત કરતા હતા, ત્યારે શ્રીનાથજી શ્રીગિરિરાજજી પરના પોતાના નિજમંદિરની એક નાની જાળીમાંથી શ્રીગુસાંઈજીને દર્શન આપતા. શ્રીકૃષ્ણદાસ અધિકારીને આ વાતની જાણ થતાં તે જાળી પણ બંધ કરાવી દીધી. ત્યારે શ્રીગુસાંઈજીનાં કૃપાપત્ર સેવક રામદાસજી રોજ રાજભોગ પછી માળા બીડાં લઈને અહીં આવતા, ત્યારે શ્રીગુસાંઈજી તેમની સાથે શ્રીનાથજીને વિજ્ઞપ્તિઓના શ્લોક લખીને મોકલતા, તેનો જવાબ શ્રીનાથજી પોતાના મુખારવિંદના પાનના રસથી બીડાનાં પાન ઉપર લખીને મોકલતા, જે રામદાસજી શ્રીગુસાંઈજીને આપતા. તે વાંચીને શ્રીગુસાંઈજી તે પત્ર જળમાં બોળીને આરોગી જતા. આમ, છ મહિના સુધી વિપ્રયોગ રસનો અનુભવ કરતાં આપશ્રી અહીં બિરાજ્યા. આપશ્રીએ શ્રીનાથજીને લખેલી વિજ્ઞપ્તિ આજે પ્રાપ્ત થાય છે, પરંતુ શ્રીનાથજીના પ્રત્યુત્તર પ્રાપ્ત થતા નથી.

આ બેઠકજી ફૂલઘરનાં બેઠકજી તરીકે પણ પ્રસિધ્ધ છે, કારણ કે અહીં બિરાજીને આપશ્રી શ્રીનાથજી માટે રોજ પુષ્પમાળા સિદ્ધ કરતા અને

ભગવાનજી મગનલાલ શાહ અને કપિલા ભગવાનજી શાહ (યુ.એસ.એ.)ના જયશ્રીકૃષ્ણ.

શ્રીનાથજીને અંગીકાર કરાવવા મોકલતા. તેથી માળાજી સમયસર પધારે તે માટે રાજભોગ સર્યા પછી 'માળા બોલી છે' એવો હેલો પાડવામાં આવતો. તેનો ભાવ એ હતો કે, જલદી માળા પધરાવો, જેથી પ્રભુને રાજભોગનાં દર્શનમાં શ્રમ ન પડે. આ હેલો સાંભળીને શ્રીગુસાંઈજી પુષ્પમાળા મોકલતા. ત્યારથી આજ સુધી દર્શન ખૂલતાં પહેલાં માળાજી પધરાવવા માટે હેલો પાડવામાં આવે છે.

શ્રીગોકુલનાથજીનાં બેઠકજી :

શ્રીગોકુલનાથજીએ રાસના મનોરથની શરૂઆત પ્રથમ અહીંથી જ કરી હતી. તે વખતે શ્રીગિરિધરજી શ્રીનાથજી સહિત ત્યાં પધાર્યા અને શ્રીગુસાંઈજીના પરમ કૃપાપાત્ર મહાનુભાવી ભગવદીય ચતુર્ભુજદાસે અત્યુત્તમ પદ ગાયાં હતાં. આપશ્રીએ 'શ્રીસર્વોત્તમસ્તોત્ર'ની ટીકા અહીં પ્રકટ કરી.

શ્રીમહાપ્રભુજીના સેવક કુંભનદાસજી રાજભોગ આરતીનાં દર્શન કરીને શ્રીગિરિરાજજીથી ચાલ્યા તે ચંદ્રસરોવર ઉપર જળ પીવાને આવ્યા. તે વખતે એક માળી મોટી મોટી બહુ સુંદર બસો કેરી ટોપલામાંથી કાઢીને, તે બધી ભૂમિ પર ધરીને, કપડાંથી લૂછી લૂછીને મેલ દૂર કરવા લાગ્યો. તે વખતે કુંભનદાસજીએ શ્રીગોવર્ધનનાથજીને લાયક બહુ સુંદર કેરી જોઈને માળીને પૂછ્યું : 'તું આ કેરી ક્યાં લઈ જઈશ?' ત્યારે એ માળીએ કહ્યું : 'મથુરા લઈ જઈશ. ત્યાં એના દસ રૂપિયા લઈશ.'

કુંભનદાસજી પાસે તો પૈસા કંઈ હતા નહીં, તેથી શું કરે? પછી શ્રીગોવર્ધનનાથજીનું સ્મરણ કરીને કહે : 'મહારાજ! આ સામગ્રી પરમ સુંદર છે અને આપના લાયક છે. કેમ કે ઉત્તમ વસ્તુના ભોક્તા આપ જ છો, તેથી આ કેરી આરોગો.' ત્યારે તુરત જ શ્રીગોવર્ધનનાથજીએ આવીને બધી કેરી આરોગી.

એક દિવસ શ્રીમહાપ્રભુજીના સેવક કૃષ્ણદાસ અધિકારીને શ્રીનાથજીએ આજ્ઞા કરી: 'તમે શ્યામ કુંભારને મૃદંગ સાથે તેડીને રાત્રે પરાસોલી આવજો, કારણ કે તે મૃદંગ ઘણું જ સુંદર વગાડે છે.' કૃષ્ણદાસજીએ કહ્યું : 'જેવી આજ્ઞા!'

પછી જ્યારે શ્રીનાથજીને શયન-આરતી બાદ અનોસર થયા ત્યારે કૃષ્ણદાસ શ્યામ કુંભારને ઘેર ગયા. જઈને કહ્યું : તમને શ્રીનાથજીએ આજ્ઞા કરી છે, તેથી મૃદંગ લઈને પરાસોલી ચાલો.'

સ્વ. પરબતભાઈ લક્ષ્મણભાઈ રાજપરા (કલાણા) (ધોરાજી)ના જયશ્રીકૃષ્ણ.

શ્યામ કુંભારે નમન કરીને કહ્યું : 'મને પણ શ્રીનાથજીએ આજ્ઞા કરી છે, તેથી ચાલો.' શ્યામ કુંભાર અને કૃષ્ણદાસજી બંને પરાસોલી આવ્યા. ત્યાં શ્રીનાથજી શ્રીસ્વામિનીજી સહિત બિરાજમાન થયા છે. શ્રીનાથજીએ શ્યામ કુંભારને આજ્ઞા કરી : 'તું મૃદંગ બજાવ.' એટલે શ્યામ કુંભારે મૃદંગ બજાવ્યું, શ્રીકૃષ્ણદાસે કીર્તન કર્યાં અને શ્રીનાથજી તથા શ્રીસ્વામિનીજીએ નૃત્ય કર્યું. તે વખતે કૃષ્ણદાસે પદ ગાયું :

રાગ : કેદારો

શ્રીવૃષભાનુ નંદિની હો નાચત લાલ ગિરિધરન સંગ
લાગડાટ સુરપતિરૂપ રાગ રંગ રાખ્યો
ઝપતાલ મિલ્યો રાગ કેદારો સપ્તસુરન અવધરવર
સુઘરતાન ગાન રંગ રાખ્યો ।।૧।।
પાઈ સુખ સુરત સિદ્ધ ભરત કામ વિવિધ રિદ્ધ
અભિનય દલ શત સુહાગ હુલાસ રંગ રાખ્યો
વનિતા શત યુથકો પીય, નીરખી થકિત સઘન ચંદ્ર
બલિહારી 'કૃષ્ણદાસ' સુઘર રંગ રાખ્યો ।।૨।।

શ્રીમહાપ્રભુજીની કૃપાથી કૃષ્ણદાસ ઉપર શ્રીનાથજીએ આવી કૃપા અહીં કરેલી.

શ્રીગુસાંઈજી શ્રીગોકુળમાં બિરાજતા હતા અને ગિરિધરજી આદિ સર્વ બાળકો શ્રીજીદ્વારમાં બિરાજતાં હતાં. ત્યાં રાસધારીઓ આવ્યા ત્યારે શ્રીગોકુલનાથજીએ શ્રીગિરિધરજીને પૂછીને પરાસોલીમાં રાસ કરાવ્યો. રાસમાં ગાન ખૂબ થતું હતું.

ત્યારે શ્રીગોકુલનાથજીએ શ્રીગુસાંઈજીના સેવક ચતુર્ભુજદાસને આજ્ઞા કરી કે 'તમે કંઈક ગાઓ.' ત્યારે ચતુર્ભુજદાસે કહ્યું કે 'મારું ગાન સાંભળનાર શ્રીનાથજી તો પધાર્યા નથી, તેથી હું કેવી રીતે ગાઉં?

ત્યારે શ્રીગોકુલનાથજીએ કહ્યું : 'તે હમણાં પધારશે.' શ્રીગોકુળનાથજીની વાત સત્ય કરવાને માટે શ્રીનાથજી જાગીને શ્રીગિરિધરજીને જગાડી પરાસોલી પધાર્યા. શ્રીગિરિધરજી પધાર્યા તેનાં સૌને દર્શન થયાં પણ શ્રીનાથજીનાં દર્શન ચતુર્ભુજદાસને અને શ્રીગોકુલનાથજીને થયાં, બીજા

ગં. સ્વ. શ્રીમતી દૂધીબેન પરબતભાઈ રાજપરા (કલાણા,ધોરાજી)ના જયશ્રીકૃષ્ણ.

કોઈને થયાં નહીં. શ્રીનાથજીનાં દર્શન કરીને ચતુર્ભુજદાસ ગાવા લાગ્યા. તેમને તેથી અધિક સુખ મળ્યું અને બધી રાત એમ જ ચાલી ગઈ.

આ ચતુર્ભુજદાસ એવા ટેકીલા હતા કે શ્રીનાથજી વિના તે બીજા કોઈની આગળ ગાતા નહીં.

(૨૨) **આન્યોર :** શ્રીઠાકોરજી સહસ્રભુજા ધરી અન્નકૂટ આરોગ્યા તે વખતે આપે શ્રીગિરિરાજ ઉપર પ્રત્યક્ષ બિરાજમાન થઈ ભક્તોને કહ્યું કે 'આન ઔર' 'આન ઔર' અર્થાત્ 'ઔર લાઓ', 'ઔર લાઓ' - તેથી સ્થળનું નામ આન્યોર પડયું છે.

રાગ : સારંગ

આન ઔર આન કહત ભેચક રહત વ્રજ નારી નર ।
કટુ તિકત ઈલ્મ મધુર ખારે સલોને ખટરસસોં,
પ્રીત રસસોં અરોગત સુંદર વર ॥૧॥
ગિરિરાજ બરન બરનો શિલા હસ્તન મોદક ।
ઠોર ઠોર બેસન ગુંજાવર
'રામરાય' પ્રભુ જલ અચવાવન કારન,
ઈન્દ્ર ઝારી ભર લાયો જલધર ॥૨॥

શ્રીમહાપ્રભુજી પૃથ્વી પરિક્રમા કરતા કરતા ઉજ્જૈન પધાર્યા. ત્યાંથી ચૈદ્યપુર(ચંદેલ) દતિયા થઈ ધવલપુર પાસે ગોપાચલ-ગ્વાલિયરમાં શ્રીમુચકુંદની ગુફામાં પધાર્યા. ત્યાં મુચુકુંદ રાજાની કથા સાંભળાવી અને પોઢયા. તે રાતે પ્રભુની સ્વપ્નમાં આજ્ઞા થઈ કે 'અમે ગોવર્ધનધારી સ્વરૂપથી ગિરિરાજની કંદરામાં બિરાજીએ છીએ, તે તમારા જાણવામાં છે. ત્યાંના વ્રજવાસી લોકોને દર્શન થયાં છે અને તેઓ અમને પ્રકટ કરવા માટે વિચાર કરે છે. પરંતુ અમે તમારી વાટ જોઈએ છીએ, માટે હવે તમે તરત ત્યાં આવીને અમને પ્રકટ કરો અને શ્રીકૃષ્ણાવતારના જે જીવો વ્રજમાં આવ્યા છે, તેઓને શરણે લઈને સેવક કરો, એટલે અમે તેઓની સાથે ક્રીડા કરીશું.'

આ આજ્ઞા અનુસાર શ્રીમહાપ્રભુજી પાંચ વૈષ્ણવોને સાથે લઈ વ્રજમાં પધાર્યા અને સંવત્ ૧૫૪૯ના વૈશાખ સુદ બીજને દિવસે સાંજના સમયે આન્યોર ગામમાં સદુ પાંડેના ચોતરા ઉપર પધાર્યા. ગામના બધા વ્રજવાસીઓએ આપશ્રીનો યથોચિત સત્કાર કર્યો. બીજે દિવસે એટલે અક્ષય તૃતીયાને દિવસે

દોશી વાડીલાલ માણેકલાલ (લુણાવાડા)ના જયશ્રીકૃષ્ણ.

શ્રીમહાપ્રભુજી ગોવિંદકુંડમાં સ્નાન કરી, દધિ કટોરા પાસે થઈને શ્રીગિરિરાજ ઉપર પધારતા હતા, ત્યારે હરિદાસવર્ય શ્રીગિરિરાજજી શ્રીમહાપ્રભુજીના ચરણસ્પર્શથી રોમાંચિત થઈ આર્દ્ર બની ગયા અને આપશ્રીના ચરણનું ચિહ્ન તે શિલા ઉપર અંકિત થઈ ગયું. (શ્રીમહાપ્રભુજીનાં ચરણારવિંદથી અંકિત થયેલી આ શિલા, સાંભળ્યા મુજબ, હાલ જતિપુરામાં શ્રીમથુરેશજીના મંદિરમાં ગુપ્તરૂપે બિરાજે છે અને તેની નિત્ય સેવા થ[illegible]છે.)

પોતાના પ્રાણવલ્લભ એવા શ્રીવલ્લભને પધારતા જોઈને શ્રીનાથજીબાવા પણ ગિરિરાજજીના શિખર ઉપરથી સામે પધાર્યા. આપશ્રીએ લાલ પિછોરા અને લાલ પાઘનો શૃંગાર ધારણ કર્યો હતો. શ્રીઅંગ ઉપર હીરામાણેકના સોળે શૃંગાર ધારણ કર્યા હતા. શ્રીહસ્તમાં લાલ કમળની છડી અને લાલ લકુટિ ધારણ કરી હતી. કોટિકંદર્પલાવણ્ય, નવઘન, ઘનશ્યામતમાલ સ્વરૂપે શ્રીનાથજીબાવાનાં દર્શન થતાં શ્રીવલ્લભના રોમરોમમાં અલૌકિક આનંદ વ્યાપી ગયો. આપશ્રીનાં ચાતક જેવાં બંને નેત્રો શ્રીનાથજીબાવાના મંદ મંદ સ્મિત કરતા ગુલાબી અધર ઉપર મંડાઈ રહ્યાં. એ અધરસુધાનું પાન કરવા આપનું હૃદય તત્પર બની ગયું અને આપનાં મુખમાંથી ફરી એક વાર 'શ્રીમધુરાષ્ટક'ના મધુર શ્લોકો સરવા માંડયા.

સુંદર અધરનાં દર્શન કરીને આપશ્રી ગાઈ ઉઠયા : 'અધરં મધુરં.' એ મધુર અધરનો આસ્વાદ માણવા આપશ્રી એક ડગલું ઉપર ચઢયા. શ્રીનાથજી એક ડગલું નીચે પધાર્યા. શ્રીમહાપ્રભુજીનાં નેત્રો પ્રભુના અધર ઉપરથી હવે આખા મુખારવિંદ ઉપર લાગી રહ્યાં છે. સુંદર મુખારવિંદના દર્શન કરતાં, એની મધુરતાનું પાન કરતાં આપે બીજું ચરણ ઉચ્ચાર્યું : 'વદનં મધુરં.'

આપશ્રી વદનને સ્પર્શ કરવા ત્રીજું ડગ ઉપર ચડયા, શ્રીનાથજીએ ત્રીજું ડગ નીચે માંડયું. બંને સ્વરૂપો નજીક આવતાં ચાર નેત્રોનું મિલન થયું. ચારેય નેત્રોમાંથી પ્રેમનો સાગર વહેવા માંડયો. પ્રભુનાં નયનાભિરામ નયનોને અપલક દૃષ્ટિએ નીરખતાં શ્રીવલ્લભના મુખારવિંદમાંથી ત્રીજું ચરણ પ્રકટ થયું : 'નયનં મધુરં.' આપશ્રી મધુર નેત્રોનું રસપાન કરતાં ચોથું ડગ ઉપર ચઢયા, શ્રીનાથજી ચોથું ડગ નીચે પધાર્યા. હવે બંનેનાં મુખથી ખડખડાટ હાસ્ય ઝરી રહ્યું છે. એ હાસ્યના પડઘા ચારે દિશામાં પડી રહ્યા છે. હાસ્યનું મન ભરીને પાન કરતાં શ્રીવલ્લભે ચોથું ચરણ ઉચ્ચાર્યું :

પ્રેમીલાબેન હસમુખલાલ સોની અને હસમુખલાલ ઓચ્છવલાલ સોની (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

'હસિતં મધુરં.' પાચમું ચરણ શ્રીવલ્લભ ઉપર ચઢયા, શ્રીનાથજી પણ પાંચમું ડગ નીચે પધાર્યા.

પ્રભુના વિશાળ હૃદયનાં દર્શન કરતાં આલિંગન આપવાના મનોરથથી શ્રીવલ્લભે પાંચમું ચરણ ગાયું : 'હૃદયં મધુરં.' આપે છઠ્ઠું ડગ ઉપર ધર્યું, શ્રીનાથજી છઠ્ઠું ડગ નીચે પધાર્યા. આપશ્રીની મલપતી ગજગતિ ચાલનાં દર્શન કરીને શ્રીવલ્લભે પ્રસન્નતાથી છઠ્ઠું ચરણ કહ્યું : 'ગમનં મધુરં.' અને હવે તો બે સ્વરૂપો એટલાં નિકટ પધાર્યાં હતાં કે એક ડગલું આગળ વધે અને પરસ્પરને આલિંગનમાં ભીડી લે.

આમેય સાત ડગલાં સાથે ચાલવાથી જીવનપર્યંતનો હૃદયમાં અતૂટ પ્રેમનો સંબંધ બંધાય છે. અહીં પણ શ્રીવલ્લભે સાતમું ડગલું ભર્યું. શ્રીનાથજી પણ સાતમું ડગલું નીચે પધાર્યા અને શ્રીગિરિરાજજીની એક વિશાળ શિલા ઉપર બંને સ્વરૂપોનું મધુરાતિમધુર મિલન થતાં પરસ્પરને આલિંગનમાં ભીડી લઈ, પ્રભુના આનંદ સ્વરૂપનું રસપાન કરતાં શ્રીઆચાર્યચરણનું પુલકિત થયેલું રોમરોમ ગાઈ ઊઠયું : 'મધુરાધિપતેરખિલં મધુરં.'

પ. ભ. શ્રી ગોપાલદાસભાઈ પોતાના બીજા 'વલ્લભાખ્યાન'માં આ સમયનું વર્ણન કરતાં ગાય છે :

'ગિરિરાજને આશ્વાસ દીધો, ધરી કોમલ ચરણ,
હરખે તે સામા આવિયા, શ્રીગોવર્ધન ઉદ્ધરણ.'

સં. ૧૫૪૯ના વૈશાખ સુદ ત્રીજ - અક્ષયતૃતીયાને દિવસે શ્રીમહાપ્રભુજીએ વ્રજવાસીઓની સહાયથી એક નાનું મંદિર સિધ્ધ કરી શ્રીનાથજીને મંદિરમાં પધરાવ્યા અને અપ્સરા કુંડ પાસેની એક ગુફામાં રહેતા રામદાસ ચૌહાણને શરણે લઈ તેમને સેવા-શૃંગારની રીત બતાવીને સેવા કરવાની આજ્ઞા આપી. આ વખતે ભગવદીય કુંભનદાસજી તથા સદુ પાંડેના કુટુંબ સહિત ઘણા વૈષ્ણવોને શરણે લઈ સેવક કર્યા.

શ્રીમહાપ્રભુજી આન્યોરમાં દસ દિવસ સુધી બિરાજ્યા હતા. વર્તમાન સમયમાં સદુપાંડેના ઘરમાં જ શ્રીમહાપ્રભુજીની બેઠક છે. બેઠકના મુખિયાજી સદુ પાંડેના વંશજ સોળમી પેઢીએ શ્રીવલ્લભદાસભાઈ હાલ સેવા કરી રહ્યા છે.

સલૌની-ચૈતાલી શ્રોફ (મુંબઇ)ના જયશ્રીકૃષ્ણ.



આન્યોર - બેઠકજી.

શ્રીમહાપ્રભુજીની બેઠક પાસે શ્રીગિરિરાજજીમાં દહીંકટોરાનું ચિહ્ન છે.

ગિરિ પર ચઢ ગિરિવરધર ટેરેં ।
અહો ભૈયા સુબલ શ્રીદામા, લાવો ગાય ખિરક કે નેરેં ॥૧॥
ભઈ અવાર છાક જો ખાયેં, કછુક ઘૈયા પિયો સવારેં ।
'પરમાનંદ' પ્રભુ બેઠ શિલાન પર, ભોજન કરત ગ્વાલ રહે ઘેરેં ॥૨॥

રાગ : સારંગ

ગોવર્ધન ગિરિ શૃંગ સિલન પર બૈઠે, વ છાક ખાત દધિ ઓદન ।
આસપાસ બ્રજબાલક મંડલી મધિ, બલ મોહન બૈઠે ।
ખાત ખવાવત પ્રેમ પ્રમોદન ॥૧॥
કાહુકો છીકો લેઈ છોરિ ડારત વે, વા પર વહ વાકી કોદન,
બાલ-કેલિ ક્રીડત 'ગોવિંદ' પ્રભુ, હસિ દુરિ જાત સુબલકી ગોદન ॥૨॥

દાઉજી સહિત ગ્વાલ બાલ સંગે પ્રભુ છાક(દહીં, ભાત, ફળફૂલ વગેરે) આરોગ્યા. અહીં ખડાઉનું ચિહ્ન છે.

આન્યોર ગામમાં દાઉજીનું શિખરબંધ મંદિર છે. પાસે સંકર્ષણ કુંડ છે. ત્યાંથી આગળ ચાલતાં જ્યાં નંદરાયજીની ગાયના કુલની એક ગાય

ઉર્જા એસ. દલાલ (મુંબઇ)ના જયશ્રીકૃષ્ણ.

શ્રીનાથજીના મુખારવિંદમાં નિત્ય દૂધસ્રાવ કરી આવતી, તે છિદ્ર શિલા છે. ત્યાં પ્રાકટ્ય સ્થળે મંદિર છે, તેની અંદર ગાજની-વાજની શિલા આવેલી છે.

શ્રીગુસાંઈજીનાં સેવક પાથો ગુજરી આન્યોરમાં રહેતાં હતાં. એક દિવસ તે પોતાના દીકરા માટે છાક લઈને જતાં હતાં. રસ્તામાં શ્રીનાથજીએ કહ્યું કે ‘આ દહીં ભાત મને આપ.’ તેથી તેમણે આપ્યું ને શ્રીનાથજી તે આરોગ્યા. આરોગી રહ્યા એટલામાં શંખનાદ થયા. તેથી શ્રીહસ્ત ધોયા વગર મંદિરમાં પધાર્યા, ત્યારે શ્રીગુસાંઈજીએ શ્રીનાથજીના શ્રીહસ્ત દહીં-ભાતવાળા જોઈને પૂછ્યું: આપ દહીંભાત ક્યાં આરોગ્યા છો?

શ્રીનાથજીએ કહ્યું કે ‘પાથો ગુજરીની પાસેથી આરોગ્યો.’ ત્યારથી શ્રીગુસાંઈજીએ પોરીઆને કહ્યું કે ‘પાથો ગુજરી આવે તો કમાડ ખોલી નાંખવાં.’ જ્યારે શ્રીગુસાંઈજી આજ્ઞા કરતા ત્યારે પાથો ગુજરી આવીને આરોગાવતાં. તે દિવસથી કુનવારામાં શ્રીગુસાંઈજીએ દહીં-ભાતની સામગ્રી રાખી છે.

આન્યોરનો એક વ્રજવાસી પોતાના દીકરાના વિવાહ કરીને વહુને ઘેર લાવ્યો. પછી તે વહુ શ્રીગુસાંઈજીની સેવક થઈ, તે દિવસથી તે વહુ નિત્ય શ્રીગોવર્ધનનાથજીનાં દર્શને જાય. તેને શ્રીગોવર્ધનનાથજીમાં એવી આસક્તિ થઈ કે દર્શન કર્યા વિના અન્નજળ પણ ન લે.

આ વહુ ઘેર આવ્યા પછી તે વ્રજવાસીની એક ભેંસ ખોવાઈ જતાં એનું આળ આ વહુ ઉપર આવ્યું. તેથી તેણે શ્રીગોવર્ધનનાથજીને વિનંતી કરી : ‘આ કલંક આપ દૂર કરશો તો હું એક દિવસનું બધું માખણ આપને આરોગાવીશ. હે દેવદમન! આ સંકટમાંથી આપ છોડાવશો તો છૂટીશ, નહીંતર મારા ઘરમાં પ્રાણત્યાગ કરીશ.’

આ વિનંતીથી તે વ્રજવાસીની ભેંસ શ્રીગોવર્ધનનાથજીએ મેળવી આપી. અને અરસપરસ વ્રજવાસીઓ બધાં વહુનાં વખાણ કરવા લાગ્યાં કે ‘વહુનાં પગલાં સારાં છે!’

પછી વહુએ શ્રીગોવર્ધનનાથજીને પોતાને ઘેર બોલાવી માખણ આરોગાવ્યું.

ત્યાંથી આગળ ચાલતાં શ્રીગોવિંદબિહારીજી તથા શ્રીદાઉજીનું મંદિર છે અને તેની પાસે ગૌરીકુંડ છે. ત્યાંથી આગળ જતાં વ્રજના સંત

કપિલા વિનોદભાઈ અમીન (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ.

ચતુરાનાગાની લાલ પથ્થરની શિખરદાર સમાધિ છે. પાસે ગંધર્વકુંડ અને ગંધર્વ વૃક્ષ છે. ત્યાંથી ગોવિંદકુંડ આવે છે.

(૨૩) ગોવિંદકુંડ : આ સ્થાન ઉપર ઈન્દ્ર રાજાએ ભગવાનનો ગોવિંદાભિષેક કર્યો હતો, ત્યારથી આ સ્થાન ઉપર થયેલા કુંડનું નામ ‘ગોવિંદકુંડ’ અને ભગવાનનું નામ ‘ગોવિંદ’ પડયું છે. શ્રીગિરિરાજજી રત્નધાતુમય છે અને ગોવિંદકુંડ દૂધથી ભરેલો છે, એવી ભાવના છે. ઘણા ભાવિક અને શ્રદ્ધાળુ વૈષ્ણવોને આ ભાવના અનુસાર દર્શન પણ થયેલાં છે. સ્કંદ પુરાણમાં એવું માહાત્મ્ય છે કે ગોવિંદકુંડમાં શુદ્ધ મનથી સ્નાન કરનારનો મોક્ષ થાય છે.

‘યત્રાભિષિકતો ભગવાન્મઘોના યદુવૈરિણા।
ગોવિંદકુંડ તજ્જાતં સ્નાનમાત્રેણ મોક્ષદમ્।।



ગોવિંદકુંડ

માનસીગંગા કરતાં પણ આ કુંડનું માહાત્મ્ય વધારે છે.

ગોવિંદકુંડ પાસે નિકુંજ પણ છે. તેના દ્વાર પર શ્રીકુંભનદાસજી વિશાખા સખીરૂપે સદા બિરાજે છે.

આન્યોરની ગાયો અહીં ગોવિંદકુંડની વૃક્ષાવલી નીચે વિશ્રામ લેતી હોય છે. તે વખતનો દેખાવ શ્રીનાથજીની ગૌશાળાને યાદ કરાવે છે.

પ્રીતિ પ્રશાંત અમીન (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ.

સંવત ૧૬૭૬માં ઓડછાના રાજા વીરસિંહદેવે આ કુંડને પાકો બનાવડાવી દીધો હતો.

અહીંથી થોડે દૂર ગોડિયા સંપ્રદાયનું શ્રીનાથજીનું મંદિર છે. તેમાં શ્રીનાથજીના જેવું જ સ્વરૂપ બિરાજે છે. બંગાળીઓ આ સ્વરૂપની ભાવપૂર્વક સેવા કરી રહ્યા છે.

આ કુંડને કિનારે શ્રીગોવિંદદેવજી અને શ્રીબલદેવજીનાં પુરાણાં મંદિરો છે. આ મંદિરો રાણી પદ્માવતીએ બંધાવેલા.

(૨૪) **શ્રીમહાપ્રભુજીની બેઠક :** ગોવિંદકુંડ ઉપર શ્રીગિરિરાજજીની અને કદંબ વૃક્ષ નીચે શ્રીમહાપ્રભુજીની બેઠક છે. અહીં શ્રીમહાપ્રભુજીએ ત્રણ દિવસ સુધી બિરાજીને શ્રીમદ્ ભાગવતની કથા કરી હતી. એ વખતે કૃષ્ણદાસ મેઘનની ઈચ્છાથી શ્રીમહાપ્રભુજીએ તેમને શ્રીગિરિરાજજીની કંદરામાં મોકલ્યા, જ્યાં તેમને વ્યાપિવૈકુંઠનાં દર્શન થયાં.

લીલાસામગ્રીનાં દર્શન કર્યા પછી આગળ ચાલતાં માધુરી કુંડ ઉપર એક પોપટ અષ્ટાક્ષર મંત્રનો ઉચ્ચાર કરી રહ્યો હતો, તેનાં દર્શન થયાં. પોતાના નામસ્મરણમાં અંતરાય ન પડે એટલા માટે તે પોપટ જળપાન પણ કરતો નહોતો.

કૃષ્ણદાસે આ જોઈને અષ્ટાક્ષર મંત્રનું સ્મરણ કર્યું, તો આ પોપટે ચાંચ બોળીને એકવાર જળપાન કર્યું. બીજીવાર નામસ્મરણ કરતાં બીજીવાર ચાંચ બોળી જળપાન કર્યું અને ત્રીજીવાર નામસ્મરણ કરતાં ત્રીજીવાર જળપાન કર્યું. તે સાથે જ તે પોપટનો દેહ છૂટી ગયો. તેનો ભગવદ્ લીલામાં પ્રવેશ થઈ ગયો.



ગોવિંદકુંડના બેઠકજી

દીપા મનીષ અમીન (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ.

કૃષ્ણદાસે ગોવિંદકુંડ ઉપર આવી શ્રીમહાપ્રભુજીને બનેલી વાતનું નિવેદન કર્યું. શ્રીમહાપ્રભુજીએ તેનું રહસ્ય સમજાવતાં કહ્યું : ‘સારસ્વત કલ્પમાં એ લીલાશુક હતો. શ્રીસ્વામિનીજીએ તેને પઢાવ્યો હતો. નામસ્મરણમાં વિક્ષેપ ન થાય તે માટે પોતાની સન્મુખ નિર્મળ નીરથી ભરેલ કુંડ હોવા છતાં તે જળપાન સુધ્ધાં કરતો નહીં. તમે ત્રણ વાર નામ લીધું, તો તેણે માત્ર ત્રણ વાર જ જળપાન કર્યું અને તે લીલામાં પ્રાપ્ત થયો. ભગવાનના નામસ્મરણમાં જીવમાત્રને આવી આસક્તિ હોવી જોઈએ.’

આ પોપટને શ્રીસ્વામિનીજીનું વરદાન હતું : ‘જ્યારે શ્રીમહાપ્રભુજીનો સેવક શ્રીકૃષ્ણસ્મરણ કરશે ત્યારે તે સાંભળીને તારો દેહ છૂટશે અને તું શ્રીગોપીજનનું સ્વરૂપ ધારણ કરી મારી સેવામાં આવી શકીશ.’ માટે તેનો ઉદ્ધાર કરવા જ તમને ત્યાં મોકલ્યા હતા.

અહીં આવીને આપશ્રીએ પોતાના સેવકોને શ્રીસ્વામિનીજીકૃત ‘શ્રીકૃષ્ણ પ્રેમામૃત’ ગ્રંથ સમજાવ્યો. આપે આજ્ઞા કરી : ‘એક વખત શ્રીસ્વામિનીજીને શ્રીઠાકોરજીનો અસહ્ય વિરહ થયો, એક ક્ષણ માટે જ થયો હોવા છતાં તે ક્ષણ યુગ સમાન લાગતાં, તે સમયે શ્રીસ્વામિનીજીએ ‘શ્રીકૃષ્ણ પ્રેમામૃત’ ગ્રંથ રચી, તેમાં શ્રીઠાકોરજીનાં ૧૧૮ નામો ગાયાં છે. આનો જપ શ્રીસ્વામિનીજી હરહંમેશ કરતાં હતાં. તેના દ્વારા પ્રભુના સંયોગરસની પ્રાપ્તિ થઈ, ત્યારે શ્રીસ્વામિનીજીએ શ્રીઠાકોરજીને પૂછ્યું : ‘આ ગ્રંથનું દાન હું કોને કરું?’

પ્રભુએ આજ્ઞા કરી : ‘જે તમારા સમાન હોય તેને આપજો.’ ત્યારે શ્રીસ્વામિનીજીએ પોતાના હસ્તાક્ષરથી આ ગ્રંથ અહીં શ્રીગિરિરાજજી ઉપર લખ્યો છે, એમ આજ્ઞા કરી આપ શ્રીગિરિરાજજીની તે શિલા પાસે પધાર્યા અને તે ગ્રંથનો પોતે પાઠ કર્યો, કારણ કે શ્રીમહાપ્રભુજી શ્રીસ્વામિનીજીનું જ સ્વરૂપ છે. તે સમયે શ્રીકૃષ્ણ ચૈતન્ય અને કેશવ ભટ્ટ કાશ્મીરી પણ ત્યાં હાજર હતા. તે સૌએ શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી : ‘આ ગ્રંથનું દાન અમને કરો.’

વૈષ્ણવ મહિલા મંડળ, શાહુપુરી (કોલ્હાપુર)ના જયશ્રીકૃષ્ણ.

તે બંનેથી શ્રીગિરિરાજજીની શિલા ઉપર અંકિત આ ગ્રંથ વાંચી શકાયો નહીં, ત્યારે શ્રીમહાપ્રભુજીએ કૃપા કરી તે વાંચી બતાવ્યો અને તે ગ્રંથ શ્રીકૃષ્ણ ચૈતન્યને આપ્યો, પરંતુ કેશવ ભટ્ટ કાશ્મીરીને ન આપ્યો, કારણ કે પૂર્વે એક સમયે શ્રીજગન્નાથજીએ શ્રીમહાપ્રભુજીને આજ્ઞા કરી હતી કે 'આપના માર્ગનો કોઈ એક ગ્રંથ શ્રીકૃષ્ણ ચૈતન્યને આપજો.' તે વાત યાદ કરી, શ્રીમહાપ્રભુજીએ આ ગ્રંથ શ્રીકૃષ્ણ ચૈતન્યને આપ્યો.

શ્રીકૃષ્ણ ચૈતન્યને શ્રીસ્વામિનીજીના સ્વરૂપમાં અતિ સ્નેહ હોવાથી શ્રીમહાપ્રભુજીએ તેમને તેના અધિકારી જાણ્યા, પરંતુ કેશવ ભટ્ટ કેવળ શાસ્ત્રના જ્ઞાતા હતા, માયાવાદી પંડિત હતા, તેથી તેમનો ભક્તિમાર્ગમાં અધિકાર ન હોવાથી તેમને તે ગ્રંથ આપ્યો નહીં.

કારણ કે શ્રીદયારામભાઈએ ગાયું છે :

ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે, તદપિ અર્થ નવ સરે,
જે કોઈ પ્રેમ અંશ અવતરે, પ્રેમરસ તેના ઉરમાં ઠરે.

આવું અલૌકિક ચરિત્ર, શ્રીગોવિંદકુંડનાં બેઠકજીમાં શ્રીમહાપ્રભુજીએ બતાવ્યું. આજે પણ અહીં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી પ્રકટ બિરાજે છે, અને સેવા-પ્રકાર ચાલે છે.

(૨૫) ગોવિંદકુંડની રહસ્યલીલા : આ કુંડ પણ માનસીગંગાની પેઠે દૂધમય છે. એક સમયે શ્રીઠાકોરજી વ્રજભક્તો સાથે અહીં પધાર્યા હતા. વ્રજભક્તોની ઈચ્છાથી પ્રભુએ એકબીજાના હાથ ઝાલી આ કુંડમાં કુંડાળામાં ઊભા રહી, સર્વેએ સાથે સ્નાન કર્યું હતું. તે સમયે શ્રીઠાકોરજીનો ડાબો હાથ શ્રીસ્વામિનીજીએ પકડયો હતો અને જમણો હાથ શ્રીચંદ્રાવલીજીએ પકડયો હતો. શ્રીસ્વામિનીજીની સખીઓ લલિતાજી વગેરે એકબીજાના હાથ પકડી શ્રીસ્વામિનીજીની સાથે ઊભી હતી અને શ્રીચંદ્રાવલીજીની સખીઓ એકબીજાના હાથ પકડી શ્રીચંદ્રાવલીજીની સાથે ઊભી હતી. શ્રીયમુનાજી શ્રીઠાકોરજીની સન્મુખ (સામે) કુંડાળામાં ઊભાં હતાં. સ્નાન કરવાને ડૂબકી મારતી વખતે શ્રીસ્વામિનીજીએ શ્રીઠાકોરજીનો હાથ છોડી દીધો. સર્વેએ સ્નાન કર્યું. શ્રીસ્વામિનીજી એકલાં રહી ગયાં. સૌ સ્નાન કરી બહાર આવ્યાં, ત્યારે સ્વામિનીજીને ઉદાસ બેઠેલાં જોયાં. શ્રીઠાકોરજીએ પૂછ્યું : 'પ્યારી! ઉદાસ કેમ છો?'

રમેશચંદ્ર છોટાલાલ શાહ (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

શ્રીસ્વામિનીજીએ કહ્યું : 'પ્યારા! ગોળાકાર મંડળમાં મારું વર્ચસ્વ રહ્યું નહીં. આપની સન્મુખ તો શ્રીયમુનાજી આવ્યાં, તેથી મેં સ્નાન કર્યું નહીં.' શ્રીમહારાણીજીની વિનંતી, શ્રીચંદ્રાવલીજીની ઈચ્છા તથા સર્વ વ્રજભક્તોના આગ્રહથી શ્રીઠાકોરજીએ શ્રીસ્વામિનીજીને ફરીથી સ્નાન કરાવ્યું.

સર્વ ભક્તોને તેમ કરવામાં બહુ રસ હોવાથી ગોવિંદકુંડનું જળ પ્રભુકૃપાથી દૂધમય થઈ ગયું. કારણ કે દૂધ એ રસ છે. દૂધમાં સર્વ રસ રહેલો છે. એકલા દૂધથી મનુષ્યનું પોષણ સારી રીતે થઈ શકે છે અને તેથી દૂધાહારી ભક્તો હાય છે. શ્રીસ્વામિનીજીને પણ આ સમયે બહુ જ આનંદ થયો, તેથી તેમની ઈચ્છાથી આ ગોવિંદકુંડનું જળ શ્રીઠાકોરજીએ સદા માટે દૂધમય બનાવ્યું. હાલ પણ રસિક ભાવિક ભક્તોને ગોવિંદકુંડનું જળ દૂધમય દેખાય છે.

શ્રીગુસાંઈજીનાં સેવક એક કણબી વૈષ્ણવ શ્રીગોવર્ધનમાં શ્રીગુસાંઈજીની સેવા-ટહેલ કરે અને સાથે જ રહી કથા સાંભળે. એક દિવસ કૃષ્ણ ભટ્ટ અને નિહાલચંદભાઈ શ્રીગોવર્ધન આવ્યા. કૃષ્ણ ભટ્ટની સાથે ઘણા વૈષ્ણવો હતા. તે સમયે કથામાં પ્રસંગ ચાલ્યો કે શ્રીગિરિરાજ રત્નખચિત-ધાતુમય છે અને ગોવિંદકુંડ દૂધથી ભરેલો છે. કથામાં આવો પ્રસંગ સાંભળી, તે કણબી વૈષ્ણવ ઊઠીને ગયા.

બીજે દિવસે શ્રીગુસાંઈજી કથા કહેવા લાગ્યા ત્યારે આ કણબી વૈષ્ણવ કથામાં આવીને બેઠા, પણ તેમનું મન કથામાં ચોંટે નહીં. તે પોતાના મનમાં કહેતા જાય કે 'શ્રીગોવર્ધન પર્વતનાં દર્શન જેનાં ભાગ્ય હશે તેને જ થશે. હું તો મહાન અપરાધી છું, મૂર્ખ છું. તેથી મને દર્શન ક્યાંથી થાય?'

પછી એક દિવસ શ્રીગુસાંઈજી સ્નાન કરી પર્વત ઉપર પધાર્યા ને શંખનાદ કરાવી, મંગળ ભોગ ધરી, બહાર પધાર્યા. અહીં આ કણબી વૈષ્ણવ કૃષ્ણ ભટ્ટને પૂછવા લાગ્યા : 'એક દિવસ શ્રીગુસાંઈજીએ કથા પ્રસંગમાં કહ્યું હતું કે 'શ્રીગિરિરાજજી રત્ન-ખચિત ધાતુમય છે ને શ્રીગોવિંદકુંડ દૂધથી ભરેલો છે.' તે તો હું અહીં કંઈ જોતો નથી!'

સ્વ. મણીબેન જમનાદાસ પ્રેમાણી (જામનગર)ના જયશ્રીકૃષ્ણ.

એ વાત શ્રીગુસાંઈજીએ સાંભળી ત્યારે આપે કૃષ્ણ ભટ્ટને આજ્ઞા કરી: ‘એ વૈષ્ણવ શું કહે છે?’ ત્યારે એ કણબી વૈષ્ણવે શ્રીગુસાંઈજીને વિનંતી કરી : ‘એક દિવસ કથામાં આપે કહ્યું હતું કે ‘શ્રીગિરિરાજ રત્નખચિત ધાતુમય છે ને ગોવિંદકુંડ દૂધથી ભર્યો છે! મહારાજ! એ તો હું કંઈ દેખતો નથી!’

તે સમયે તો આપ કંઈ બોલ્યા નહીં, કેમ કે સેવામાં પધારતા હતા. પછી સેવામાં શૃંગાર કરી, રાજભોગ આરતી કરી, શ્રીગુસાંઈજીએ પૂછ્યું : ‘પેલો કણબી કયાં છે?’ તેજ સમયે તે બોલ્યો : ‘મહારાજ! હું તો અહીં જ છું.’ ત્યારે શ્રીગુસાંઈજીએ કહ્યું : ‘તું સામે જો તો ખરો!’ તે કણબી વૈષ્ણવે જોયું તો શ્રીગિરિરાજજી રત્નખચિત ધાતુમય છે ને ગોવિંદકુંડ દૂધથી ભર્યો છે. તે વૈષ્ણવે શ્રીગુસાંઈજીને વિનંતી કરી : ‘મહારાજ! જીવ પર આવી કૃપા કોણ કરે!’

પછી આપશ્રી તો બેઠકમાં પધાર્યા. તે વૈષ્ણવ ગોવિંદકુંડ પર જઈ, ત્યાંથી એક લોટી ભરીને લઈ આવ્યા ને કૃષ્ણ ભટ્ટને કહ્યું : ‘તમારી કૃપાથી શ્રીગુસાંઈજીએ મને આ અલૌકિક દર્શન કરાવ્યાં. આજે શ્રીગુસાંઈજીએ મારા પર અનહદ કૃપા કરી.’ માટે વૈષ્ણવોએ દૃઢ વિશ્વાસ રાખવો. એક આશ્રય હોય તો સર્વ વસ્તુની પ્રાપ્તિ થાય.

ગોવિંદકુંડ ઉપરનો બીજો એક પ્રસંગ સ્મરણ કરવા જેવો છે :

શ્રીઆચાર્યજી શ્રીમહાપ્રભુજીના સેવક ભગવાનદાસ સાંચોરા બ્રાહ્મણ શ્રીનાથજીના ભીતરિયા થયા અને રસોઈ-બાલભોગની સેવા કરવા લાગ્યા. એક દિવસ સામગ્રી સિદ્ધ કરતા તે દાઝી. તે બગડેલી સામગ્રી તેમણે ભોગ ધરી. પછી જ્યારે શ્રીગુસાંઈજી ભોગ સરાવવા પધાર્યા ત્યારે બગડેલી સામગ્રી જોઈ ભગવાનદાસ ઉપર બહુ ખીજયા અને સેવામાંથી બહાર કર્યા, ત્યારે ભગવાનદાસ એક ખૂણામાં બેસી રૂદન કરવા લાગ્યા. પછી ભગવાનદાસે ગોવિંદકુંડ ઉપર અચ્યુતદાસ પાસે જઈ બધા સમાચાર કહી પૂછ્યું : ‘હવે હું શું કરું? મને સેવામાંથી બહાર કર્યો છે.’ ત્યારે અચ્યુતદાસે કહ્યું : ‘સામગ્રી સાવધાનીથી કરીએ. હવે ચિંતા ન કરો, શ્રીગુસાંઈજી પરમ દયાળુ છે, ફરી તમને સેવા દેશે, તેથી ગોવિંદકુંડ ઉપર જઈ બેસો.’

અ.સૌ. ભાનુબેન અરવિંદભાઈ સોની તથા અરવિંદભાઈ પુનમચંદ સોની (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

શ્રીગુસાંઈજી ગોવિંદકુંડ ઉપર મધ્યાહ્ન-સંધ્યા કરવા નિત્ય પધારતા. વળી, અચ્યુતદાસ વૃદ્ધ હતા અને માનસી સેવામાં મગ્ન રહેતા હતા. તેમને નિત્ય દર્શન દેવાને આપ પધારતા. તે પ્રમાણે ગોવિંદકુંડે સંધ્યા કરી, અચ્યુતદાસની પાસે શ્રીગુસાંઈજી પધાર્યા. ત્યારે અચ્યુતદાસનાં નેત્રમાંથી જળ બહુ જ વહે છે. તે જોઈને શ્રીગુસાંઈજીએ અચ્યુતદાસને કહ્યું : ‘તમને એવું મોટું શું દુ:ખ છે?’

અચ્યુતદાસે કહ્યું : ‘મહારાજ! શ્રીઆચાર્યજીએ જીવોને તમને સોંપ્યા છે, તેથી આપને ઘણા જીવો અંગીકાર કરવા પડે છે. પણ આપ હમણાંથી જીવનો દોષ જોવા લાગ્યા છો, તો જીવનો ઉદ્ધાર હવે કેમ થશે? વળી, જ્યારે શ્રીગોવર્ધનનાથજીએ બ્રહ્મસંબંધની આજ્ઞા આપી ત્યારે કહ્યું છે કે ‘જેને તમે બ્રહ્મસંબંધ કરાવશો તેના સઘળા દોષ દૂર થશે!’ છતાં આપ દોષ દેખવા લાગ્યા તેનું મને મોટું દુ:ખ છે.’

શ્રીગુસાંઈજીએ કહ્યું : ‘તમે તેની ચિંતા ન કરો. મેં ભગવાનદાસને શિક્ષા દીધી છે. વળી, આ વાત તમારા દ્વારા શ્રીઆચાર્યજીએ જ મને કહી છે. તેથી આજ પછી હું કોઈ વૈષ્ણવ ઉપર નહીં ખીજું.’ ત્યારે અચ્યુતદાસ પ્રસન્ન થયા. પછી શ્રીગુસાંઈજી ગોવિંદકુંડથી ભગવાનદાસનો હાથ પકડીને શ્રીનાથજીના મંદિરમાં લઈ ગયા ને કહ્યું : ‘સેવા-સામગ્રી સાવધાનીથી કરજે.’ ત્યારે ભગવાનદાસે પ્રસન્ન થઈને આ કીર્તન ગાયું:

શ્રીવિઠ્ઠલેશ ચરન કમલ, પાવન ત્રૈલોક્ય કરન,
દરસ પરસ સુંદર વર, વાર વાર વંદે ।
સમરથ ગિરિરાજધરન, લીલા નિજ પ્રગટ કરન,
સંતન હિત માનુષ તનુ, વૃંદાવન ચંદે ॥૧॥
ચરણોદક લેત પ્રેત, તતછન તેં મુક્ત ભયે,
કરુણામય નાથ સદા, આનંદ નિધિ કંદે ।
વારને ‘ભગવાનદાસ’ વિહરત, સદા રસિક રાસ,
જૈ જૈ જસુ બોલી, ગાવત શ્રુતિ છંદે ॥૨॥

આ કીર્તન સાંભળીને શ્રીગુસાંઈજી પ્રસન્ન થયા. પછી ભગવાનદાસ સેવામાં મન લગાડીને ભયયુક્ત સેવા કરવા લાગ્યા. કેટલાક દિવસમાં શ્રીનાથજી તેમને સાનુભાવ જતાવવા લાગ્યા.

સ્વ. વિઠ્ઠલદાસ ત્રિભોવનદાસ શાહ (પારેખ) (વાપી-જેતપુર)ના જયશ્રીકૃષ્ણ.

એક દિવસ શ્રીનાથજી અને ગોવિંદસ્વામી બંને ગોવિંદકુંડ પાસે ખેલતા હતા, તે વખતે આન્યોરથી મોહના(ચહુડો) પૂંછરી તરફ જતો હતો. શ્રીનાથજીનાં દર્શન કરીને તે ઊભો રહ્યો ત્યારે શ્રીનાથજી ખભા ઉપર ચડી બેઠા. તે જોતાં જ શ્રીગોવિંદસ્વામીએ કહ્યું : 'આપ છોવાઈ ગયા છો.' એમ કહીને શ્રીનાથજીનો શ્રીહસ્ત પકડીને ગોવિંદકુંડમાં ડૂબકી લગાવી, પોતે પણ સ્નાન કર્યું.

પછી શ્રીનાથજી ભીંજાયેલ વસ્ત્ર સાથે મંદિરમાં પધાર્યા. ઉત્થાપન સમયે શ્રીગુસાંઈજી પધાર્યા અને કહ્યું : 'બાબા! યે ક્યા?' ત્યારે શ્રીનાથજીએ કહ્યું : 'ગોવિંદસ્વામીએ ગોવિંદકુંડમાં ડૂબકી લગાવડાવી છે.' તે ઉપરથી ગોવિંદસ્વામીએ બધી વાત કરી. ત્યારે શ્રીગુસાંઈજીએ પૂછયું : 'શું બ્રહ્મ પણ છોવાઈ જાય છે?'

ત્યારે ગોવિંદસ્વામીએ કહ્યું : 'મહારાજ! શ્રીમહાપ્રભુજીની મેંડ(મર્યાદા) તો છોવાઈ જાય ને!'

એક વખત શ્રીગુસાંઈજી ગોવિંદકુંડ ઉપર સંધ્યા કરતા હતા તે વખતે ભૈયા રૂપમુરારિ શિકાર કરતા કરતા ત્યાં આવ્યા. ખભા ઉપર મારેલાં પ્રાણીઓ લટકાવેલાં, લોહીથી ખરડાયેલાં કપડાં, જાણે જીવતુંજાગતું નર્ક! એમણે શ્રીગુસાંઈજીને દીઠા તો સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમનાં દર્શન થયાં. તેમણે શ્રીગુસાંઈજીને વિનંતી કરી કે 'મારી તો આ દશા છે.' ત્યારે શ્રીગુસાંઈજીએ કહ્યું : 'જાગ્યા ત્યારથી સવાર. તમે સ્નાન કરી આવો.' પછી સ્નાન કરીને રૂપમુરારિ સન્મુખ ઊભા રહ્યા. શ્રીગુસાંઈજીએ નામ પમાવ્યું અને શ્રીનાથજીની સન્મુખ સમર્પણ કરાવ્યું. આપે ભોજન કરીને મહાપ્રસાદ પાતળ ધરાવી. રૂપમુરારિએ મહાપ્રસાદ લીધો.

એક દિવસ તેમણે શ્રીગુસાંઈજીને કહ્યું : 'મારે આપના ચરણસ્પર્શ કરવા છે, પણ મારાં કરેલાં કર્મો મને યાદ આવે છે તેથી મારું મન શંકાશીલ થાય છે.' ત્યારે શ્રીગુસાંઈજીએ કહ્યું : 'તમે વૈષ્ણવ થયા છો. તમારો નવો જન્મ થયો છે. હવે હમેશાં અપરસમાં નાહીને ખુશીથી ચરણસ્પર્શ કરો.'

આ રૂપમુરારિ ક્ષત્રિય એવા કૃપાપાત્ર ભગવદીય હતા. એમનું મન દર્શન માત્રથી પ્રભુનાં ચરણારવિંદમાં જોડાયું અને શિકાર કરવાનું છોડી દીધું.

એક વખત શ્રીગુસાંઈજી ગોવિંદકુંડમાં સ્નાન કરી, શ્રીગોવર્ધનનાથજીના મંદિરમાં શ્રીગિરિરાજ ઉપર પધારતા હતા. તે વખતે એક કૂતરો શ્રીગુસાંઈજીને જોઈને સન્મુખ આવ્યો. તે ચરણસ્પર્શની ઈચ્છા કરતો હતો, ત્યારે સાથેના વૈષ્ણવોએ તેને લાકડીથી એવો માર્યો કે તે લોહીલુહાણ થયો, પરંતુ ત્યાંથી જાય નહીં! ત્યારે શ્રીગુસાંઈજીએ કહ્યું : 'એને મારો નહીં. તમે બધા આઘા જાઓ.' પછી શ્રીગુસાંઈજીએ જ્ઞાનદૃષ્ટિથી વિચારતાં તેને ઓળખ્યો અને તે કૂતરાને ચરણસ્પર્શ કરાવી તેના મસ્તક ઉપર ચરણ ધર્યો, એટલામાં તેનો દેહ છૂટી ગયો. તે કૂતરાના મુખમાંથી તેજનો પુંજ નીકળી, શ્રીઠાકોરજીનાં ચરણારવિંદમાં લીન થયો.

શ્રીગુસાંઈજીની આજ્ઞાથી વૈષ્ણવોએ તે કૂતરાનો સંસ્કાર કરી, તે કૂતરાનો પૂર્વજન્મ બતાવવા વિનંતી કરતાં, શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : 'પૂર્વજન્મમાં શ્રીગોવર્ધનનાથજીનો સિંઘપોરિયો હતો. તેનું નામ રૂપાપોરિયા હતું.'

ગોવિંદકુંડની સામેથી શ્રીગિરિરાજ ઉપર જતાં શ્રીનાથજીની મુકુટ-ટોપી, શ્રીસ્વામિનીજીએ વિરહાવસ્થામાં શ્રીગિરિરાજની શિલા ઉપર લખેલ 'શ્રીકૃષ્ણ પ્રેમામૃત'ના હસ્તાક્ષર અને શ્રીનાથજીની ૧૪ છડીઓનાં ચિહ્નનાં દર્શન થાય છે. આગળ જતાં 'સિંદૂરી શિલા' આવે છે, જેની ઉપર આંગળી ઘસતાં તે લાલ થઈ જાય છે. અહીં શ્રીગિરિરાજ ઉપર થઈ જતિપુરા જવાનો માર્ગ છે, જે 'ગોવિંદઘાટી' ના નામથી ઓળખાય છે.

હસ્તાક્ષરની શિલાએથી પાછા ફરી, પૂછરી તરફ તળેટીમાં એક શિલા છે. તેમાં શ્રીગોવર્ધનનાથજીને શ્રીરાધાજી દહીં આપે છે. મહાદેવજી પાસે બેલ પર બેઠા છે. મનસુખા ગોપ દૂર ઊભા છે. એવું દશ્ય દૂરથી દેખાય છે. આ ચિહ્ન કુદરતી છે. ત્યાંથી આગળ દક્ષિણ દિશામાં શ્રીગિરિરાજની ૨૪ કંદરા છે. વર્ષાઋતુમાં અહીં છુપાઈને પ્રભુ ગાયોને જોયા કરતા. રાતે ત્યાં લીલા પણ કરતા.

ગોવર્ધન ગિરિ સઘન કંદરા, રૈન નિવાસ કિયો પિય પ્યારી ।
ઉઠી ચલેં ભોર સુરત રસ ભીને, નંદનંદન વૃષભાન-દુલારી ॥૧॥
ઈતિ વિગલિત કચમાલ મરગજી, અટપટે ભૂષન રગમગી સારી ।
ઉતહી અધર મસિ પાગ રહિ ધસિ, દુહું દિસ છબી લાગત અતિ ભારી ॥૨॥
ઘૂમત આવત રતિ રન જીતે કરિની સંગ ગજ વર ગિરિધારી ।
'ચતુર્ભુજદાસ નીરખી દંપતી સુખ, તન મન ધન કીનો બલિહારી ॥૩॥

શ્રીગુસાંઈજી આ સ્થળે કંદરામાં પ્રવેશી, સદેહે નિત્યલીલાધામમાં પધાર્યા હતા. તેની ઉપર શ્રીગિરિરાજની શિલામાં બુંદનાં ચિહ્ન છે.

અહીંથી આગળ ચાલતાં નવલકુંડ અને નવલબિહારીજીનાં દર્શન છે. ત્યાં પાસમાં અપ્સરાકુંડ અને અપ્સરાબિહારીજીનાં દર્શન છે. ઈન્દ્રએ શ્રીઠાકોરજીને ગોવિંદાભિષેક કર્યો તે વખતે અપ્સરાઓએ આવી નૃત્ય કર્યું હતું, તેથી કુંડનું નામ અપ્સરાકુંડ પડયું છે. આ અલૌકિક સ્થાનમાં આવેલ વૃક્ષોની સઘન ઘટા અને શ્રીગિરિરાજજીની તળેટીમાં આવેલી વનશ્રી યાત્રાળુઓના અંતઃકરણમાં સાત્ત્વિક ભાવનો ઉદય કરે છે.

નવલકુંડની એક બાજુ રામદાસજીની ગુફા અને બીજી બાજુ એક તમાલ વૃક્ષ નીચે છીતસ્વામીનું સ્થાન છે.

(૨૬) **પૂછરી :** આ સ્થાનની ભાવાત્મક વાર્તા એવી છે કે ભગવાન રાસ વખતે અંતર્ધાન થયા ત્યારે ગોપીજનો ભગવાનને શોધતાં શોધતાં શ્રીગિરિરાજ પાસે આવ્યા. ત્યાં મુનિઓ ધ્યાનસ્થ અવસ્થામાં બેઠા હતા. તેમને ભગવાનના ખબર પૂછવા માટે એક સખીજન બીજા સખીજનને કહે છે : 'પૂછરી, સખી! હમારે શ્રીઠાકોરજી દેખે હૈ?' એ ઉપરથી તે સ્થાનનું નામ 'પૂછરી' પડયું.

અહીં પૂછરીના લોઠા નામના ગોપનું મંદિર છે. તેને ત્યાંના ક્ષેત્રદેવ કહે છે. શ્રીગિરિરાજજીનું એક ગૌસ્વરૂપ પણ છે. આ ગૌસ્વરૂપને હિસાબે તેમનું મુખ માનસીગંગામાં અને પૂંછ આ સ્થાને છે. કહેવાય છે કે શ્રીકૃષ્ણે જ્યારે ગોવર્ધન પર્વતને પોતાની ટચલી આંગળી ઉપર ઉપાડવા માંડયો હતો, ત્યારે આ લોઠા ગોપ પર્વતના છેડા ઉપર પૂછરીના ભાગ ઉપર બેસી ગયો હતો.

ગો.વા. દમયંતીબેન દામોદરદાસ રામૈયા (વડોદરા) (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.



પૂછરીકે લોઠાજી

ભગવાને તેના બળની પ્રશંસા કરતાં કહ્યું : 'સખા, તું તો મહાવીર છે. ઊઠ, પર્વતને છોડી દે અને ભયભીત ગાયો તથા ગોપ-ગોપીઓની રક્ષા કરવા દે. હું તને વચન આપું છું કે આ સ્થાન ઉપર તારી પૂજા થશે.' ત્યારથી પરિક્રમા કરનાર વૈષ્ણવો અહીં દર્શન કર્યા પછી આગળ વધે છે.

પૂછરીના લોઠા માટે વ્રજમાં રસિયાના રૂપમાં ગવાતી એક ખૂબ જાણીતી લોકોક્તિ છે :

ધન તોહી યે પૂછરી કે લૌઠા
અન્ન ખાઈ ના પાની પીવે
તૂ તો વૈસેઈ પર્યો હૈ સિલૌઠા.

પૂછરીની નજીક વનમાં એક વૃક્ષ પાસે શ્રીમહાપ્રભુજીના સેવક કૃષ્ણદાસ અધિકારીનો ભૂતિયો કૂવો છે. કૃષ્ણદાસ અધિકારીએ એક વૈષ્ણવના પૈસાથી રુદ્રકુંડ આગળ કૂવો ગળાવેલ, તો જોવા જતાં કૂવામાં જઈ પડયા અને પ્રેત થઈને પૂછરી પાસે કૂવાના કાંઠે પીપળના ઝાડ ઉપર તે રહેવા લાગ્યા.

જયંત અને હસમુખ કડકીયા (ન્યુજર્સી)ના જયશ્રીકૃષ્ણ.

એક દિવસ શ્રીનાથજીની ભેંસ ખોવાઈ ગઈ હતી. તેને ગોતવા માટે ગોપીનાથદાસ ગ્વાલ તથા બીજા ચારપાંચ ગ્વાલ પૂછરીની પાસે ગયા. ત્યાં આગળ ભેંસ મળી અને શ્રીનાથજીને પૂછરીની પાસે ખેલતા જોયા. પીપળના ઝાડ ઉપર કૃષ્ણદાસ પ્રેત થઈને બેંઠા છે તેમને પણ જોયા.

કૃષ્ણદાસજીએ ગોપીનાથદાસ ગ્વાલને બોલાવીને કહ્યું : 'ભાઈ, તમે મારી વિનંતી શ્રીગુસાંઈજીને કહેજો કે કૃપાનાથ! હું આપનો અપરાધી છું, તેથી મારી આ અવસ્થા થઈ છે. જો કે હું શ્રીનાથજી પાસે છું, તે મને દર્શન આપે છે, તો પણ મારી ગતિ થતી નથી. તેથી આપ કૃપા કરી મારો અપરાધ ક્ષમા કરો તો મારી ગતિ થાય. બાગમાં આંબાનું ઝાડ છે, તેની નીચે એક માટીના ઘડામાં એકસો મુદ્રા દાટી છે, તે કાઢીને કૂવાનું મથાળું બંધાવવાનું બાકી છે તે પૂર્ણ કરાવો તો હું તે વૈષ્ણવના ૠણમાંથી છૂટું!'

ગાપીનાથદાસ ગ્વાલે તેમને શાંતિ આપી. પછી ગોવર્ધન આવીને સઘળી વાત શ્રીગુસાંઈજીને કરી. આપે તે આંબાના ઝાડ નીચેથી સો રૂપિયા કઢાવીને રુદ્રકુંડ ઉપરના કૂવાનું મથાળું બંધાવ્યું. આથી કૃષ્ણદાસજી કૂવો બનાવડાવનાર વૈષ્ણવના ૠણમાંથી છૂટયા, પણ પ્રેત-યોનિમાંથી મુક્ત થયા નહીં.

શ્રીગુસાંઈજી પરમ દયાળુ છે. કૃષ્ણદાસજી બહુ દિવસથી દુઃખી થાય છે, હવે તેનો ઉદ્ધાર થાય તો સારું, એમ જાણીને શ્રીગુસાંઈજીએ મથુરા પધારી, શ્રીયમુના કિનારે ધ્રુવઘાટ ઉપર આવી, તીર્થ ઉપાધ્યાય દ્વારા કૃષ્ણદાસજીની ઉત્તરક્રિયા વગેરે કર્મ કરાવી તેમનો ઉદ્ધાર કર્યો, અને કૃષ્ણદાસજીનું દિવ્ય શરીર લીલામાં પ્રાપ્ત થયું.

આગળ ચાલતાં ઢૂંકે દાઉજીનાં દર્શન શ્રીગિરિરાજ ઉપર મંદિરમાં છે. આ વિષે એવી આખ્યાયિકા છે કે દાઉજી આ સ્થળે બિરાજતા હતા, ત્યારે પર્વતમાં તેમણે છાનામાના સંતાઈ રહી, નીચે નમીને ડોક ઊંચી કરીને શ્રીકૃષ્ણ ભગવાનની લીલાનાં દર્શન કર્યાં હતાં. તે ઉપરથી ઝોંકા-ઢોંકા-ઢૂંકા બલદેવજી એવું નામ પડયું છે.

આ મંદિરથી આગળ ૧૪ કંદરા છે. તેમાં ઘણે દૂર લાંબે સુધી નજર પડે છે. આ કંદરામાં પ્રભુ ગોચારન વખતે બપોરના અથવા વરસાદ વખતે બિરાજતા અને સખાઓ સાથે ખેલ કરતા.

સુલોચના ચીનુભાઈ સોની અને ચીનુભાઈ એન સોની (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

(૨૭) સુરભિકુંડ : ઈંદ્રયાગ વખતે ઈંદ્રએ પોતાની સુરભિ ગાય લાવીને દૂધથી પ્રભુને અભિષેક કરાવ્યો, તેથી સુરભિકુંડ નામ પડયું છે. આ કુંડ ઉપર શ્રીબાલકૃષ્ણલાલજીનું (હાલ મુંબઈ બિરાજે છે) મંદિર છે. પરિક્રમા વખતે છપ્પનભોગ-કુનવારાની સામગ્રી આ મંદિરમાં સિદ્ધ થાય છે. સુરભિકુંડના તટ ઉપર તમાલ વૃક્ષ નીચે અષ્ટછાપના ભક્તકવિ શ્રીપરમાનંદદાસજીનું નિવાસસ્થાન છે.

શ્રીમહાપ્રભુજીના સેવક કનોજના આ પરમાનંદદાસજી, જે કાન્યકુબ્જ બ્રાહ્મણ હતા, તે સુરભિકુંડ ઉપર પર્ણકુટિ બાંધીને રહેતા. ત્યાં એક દિવસ સઘળા ભગવદીયો-રામદાસજી, કૃષ્ણદાસજી, સૂરદાસજી, કુંભનદાસજી અને અન્ય વૈષ્ણવો-મળીને આવ્યા.

ભગવદીયોને પોતાના ઘરે પધારેલા જોઈને પરમાનંદદાસજી ઘણા જ પ્રસન્ન થયા અને મહાભાગ્ય માન્યું કે આજ મારે ઘેર ભગવદીય પધાર્યા છે, કારણ કે શ્રીઠાકોરજી ભગવદીયોના હૃદયમાં સદા બિરાજમાન રહે છે. આવા કૃપાપાત્ર ભગવદીયો પધાર્યા તેથી ન્યોછાવર કરવી જોઈએ, પણ મારી પાસે કંઈ નથી, કે જેથી તેમની ન્યોછાવર કરું! આમ વિચારીને પરમાનંદદાસજીએ તે ઉદ્દેશનું પદ કરીને તેમને સંભળાવ્યું :



સુરભિ કુંડ

ગો.વા. અ.સૌ. લીલાબાઈ રણછોડદાસ ગેમાણી (મુંબઈ) પરિવારના જયશ્રીકૃષ્ણ.

રાગ : બિહાગરો

આયે મેરે નંદનંદન કે પ્યારે ।
માલા તિલક મનોહર બાનો, ત્રિભુવન કે ઉજિયારે ॥૧॥
પ્રેમ સહિત વસત ઉર મોહન, નેકહુ ટરત ન ટારે ।
હૃદયકમલકે મધ્ય બિરાજત, શ્રી વ્રજરાજ દુલારે ॥૨॥
કહા જાનું કો પુન્ય પ્રગટ ભયો, મેરે ઘરજુ પધારે ।
'પરમાનંદ' કરી ન્યોછાવરી, વારિ વારિ હૌં વારે ॥૩॥

આ પદ ગાઈ, ભગવદીયને મળીને પોતે પોતાની જાતને તેમના ઉપર ન્યોછાવર કરી. પછી કંઈક ભગવદ્‌યશ સાંભળીને તે ભગવદીયો વિદાય થયા.

પરમાનંદદાસજીનો જન્મ સંવત ૧૫૫૦ના માગસર સુદ-૭ના રોજ થયો હોવાનું મનાય છે. શ્રીગુસાંઈજીએ શ્રીનાથજીની કીર્તનસેવામાં સંવત ૧૬૦૨માં અષ્ટસખામાં નિમણુંક કરી. સંવત ૧૬૪૧ના ભાદરવા વદ-૯ના રોજ શ્રીસુરભિકુંડ ઉપર પ્રભુની નિત્યલીલામાં પધાર્યા. સ્થિતિ ૯૧ વર્ષ સુધી.

અહીંથી આગળ જતિપુરા તરફ જતાં ઐરાવત કુંડ આવે છે. આને હાથિયાપદ કુંડ પણ કહે છે આ કુંડ ઘણો ઊંડો છે. એક બાજુથી હાથી પાણી પીવા આવી શકે તેવો છૂટો છે. જ્યારે ત્રણ બાજુ પાકા પથ્થરથી બાંધેલો છે. હાથીએ પોતાની સૂંઢમાં સ્વર્ગગંગાનું જળ લાવી, તેના વડે પ્રભુને સ્નાન કરાવ્યું-અભિષેક કર્યો. ઈન્દ્ર પોતાનો ઐરાવત હાથી લઈ આ સ્થળે આવ્યો હતો, તેથી આ કુંડનું નામ ઐરાવત કુંડ પડેલું છે.

આ કુંડની સામે જ ગોવિંદસ્વામીની કદમખંડી છે. અહીં ગોવિંદસ્વામીની સમાધિની ગુફા છે. આ ગુફા હાલ પણ પ્રત્યક્ષ દેખાય છે, પણ તેમાં કોઈથી જઈ શકાતું નથી. અહીં ગોવિંદબિહારીનું મંદિર છે. આ વન કદંબનાં સઘન વૃક્ષોથી ભરપૂર છે અને લતાપતાથી શોભાયમાન બની રહ્યું છે. અહીં બંગાળી-ગોડિયા વૈષ્ણવો રહે છે. અહીં રાસનો ચોતરો છે, ગોવિંદસ્વામીની બેઠક પણ છે. હિંડોળા ઝૂલનનું સ્થળ પણ ત્યાં છે. અહીં હિંડોળા ઝૂલનનો મનોરથ પણ થાય છે.

એક વૈષ્ણવ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

શ્રીગુસાંઈજીના સેવક ખંભાતના રામદાસજી વ્રજમાં આવ્યા. તેમને એક દિવસ શ્રીનાથજી કદમખંડી ઉપર લઈ ગયા. ત્યાં રાસ કર્યો. ગોવિંદસ્વામી કીર્તન ગાતા હતા. શ્યામદાસજી મૃદંગ વગાડતા હતા. આવી અનેક લીલાઓનાં દર્શન શ્રીનાથજી રામદાસજીને કરાવતા.

અહીં ગિરિરાજ ધારણ કર્યા પછી વરસાદ બંધ થયો તે વખતે ગોપ-ગોપીઓએ મળી પ્રભુની ભુજાનું દહીં, દૂધ વડે પૂજન કર્યું હતું. અને નંદાદિ ગોપોએ પરસ્પર મળીને શ્રીનંદરાયજીના પુત્ર શ્રીકૃષ્ણને આશીર્વાદ આપ્યા હતા.

અહીંથી આગળ હરજી કુંડ આવે છે. હરજી ગ્વાલના નામ પરથી હરજી કુંડ નામ પડયું છે. આ હરજી ગ્વાલ પૂર્વજન્મમાં શ્રીવિષ્ણુસ્વામીનો શિષ્ય હતો અને સાતસો વર્ષ સુધી તેણે શ્રીમદ્ ભાગવતનો પાઠ કર્યો હતો. શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી તેનો વ્રજમાં જન્મ થયો અને શ્રીગુસાંઈજીએ તેનો ઉદ્ધાર કર્યો.


શ્રી ગિરિરાજજી મુખારવિંદ કુનવારાનાં દર્શન.

અહીંથી આગળ શ્રીગિરિરાજજીની તળેટી આવે છે. ત્યાં લીલાસ્થ ગોસ્વામી બાળકોનાં સમાધિસ્થાનની નાની-મોટી દેરીઓ છે. જે ગોસ્વામી બાળકનો વંશ બંધ થયો હોય તેની દેરી ઘુમ્મટવાળી હોય છે. અહીંયાં દરેક ગોસ્વામી બાળક, વહુજી, બેટીજી વગેરેનાં અસ્થિ દાટવામાં આવે છે. આ સ્થાનને 'તુલસી કયારા' કહે છે. અહીંથી મુખારવિંદ જતાં, પરિક્રમા પરિપૂર્ણ થાય છે.

સુશીલાબેન રસિકલાલ શાહ (વડોદરા) પરિવારના જયશ્રીકૃષ્ણ.

શ્રીગિરિરાજજીના શ્રીઅંગમાં બિરાજતા તીર્થો

શ્રીગિરિરાજજીના શ્રીઅંગમાં જે જે તીર્થો બિરાજે છે તેનું વર્ણન ગર્ગસંહિતાના શ્રીગિરિરાજ ખંડમાં નીચે પ્રમાણે કરવામાં આવ્યું છે.

તીર્થ	શ્રીઅંગ
૧. માનસીગંગા	નેત્રરૂપ છે.
૨. ચંદ્ર સરોવર	નાસિકારૂપ છે.
૩. કૃષ્ણ કુંડ	દાઢીરૂપ છે.
૪. ગોવિંદ કુંડ	અધરરૂપ છે.
૫. રાધા કુંડ	જિહ્વારૂપ છે.
૬. લલિતા કુંડ	કપોલરૂપ છે.
૭. કુસુમ સરોવર	કર્ણપ્રદેશ-કાન પાસેનો ભાગ છે.
૮. ગોપ કુંડ	કર્ણરૂપ છે.
૯. મુકુટનું ચિહ્ન	શ્રીગિરિરાજજીનો મુકુટ છે.
૧૦. વાજની શિલા	કેડરૂપ છે.
૧૧. પૂજની શિલા	મુખરૂપ છે.
૧૨. ચિત્રની શિલા	મસ્તકરૂપ છે.
૧૩. કંદૂકતીર્થ	કૂખરૂપ છે.
૧૪. ચીરઘાટ	કમરરૂપ છે.
૧૫. દ્રોણતીર્થ	પીઠરૂપ છે.
૧૬. કોકિલાવન	ઉદરરૂપ છે.
૧૭. કદંબખંડી	હૃદયરૂપ છે.
૧૮. ઐરાવત કુંડ	મનરૂપ છે.
૧૯. શૃંગાર શિલા	જીવાત્મારૂપ છે.
૨૦. સુરભિ ગાયનાં ચરણ	બે પક્ષરૂપ છે.
૨૧. ઐરાવતનાં ચરણ	ચરણરૂપ છે.
૨૨. પૂંછરી ગામ	પુચ્છરૂપ છે.

ગં.સ્વ. જશોદાબેન જયંતીલાલ શેઠ (દાહોદ) (યુ.એસ.એ.)ના જયશ્રીકૃષ્ણ.

પુરાણોમાં શ્રીગિરિરાજ સંબંધી એવું લખાણ મળી આવે છે કે સારસ્વત કલ્પમાં શ્રીગિરિરાજજી ૧૪ ગાઉ લાંબા, ૭ ગાઉ. ઊંચા અને ૪ ગાઉ પહોળા હતા. આ વિસ્તારને લઈને શ્યામ ઢાક, ગુલાલકુંડ, બિલછુકુંડ, ટોડનો ઘનો, રાધાકૃષ્ણ કુંડ, જમનાવતા ગામ, ચંદ્ર સરોવર અને પૂંછરી - આ બધાં સ્થાનો લીલામધ્યપાતી શ્રીગિરિરાજજીની તળેટીમાં ગણાય છે.

હાલ શ્રીગિરિરાજજી મથુરાથી પશ્ચિમમાં તેર માઈલ દૂર આવેલ છે, અને દક્ષિણ-પૂર્વ દિશામાં રહેલ છે. અત્યારે તેમની ભૌતિક લંબાઈ લગભગ ૭ કોસ અને ઊંચાઈ ૧૦૦ ફૂટ છે. પ્રાચીન કિંવદંતિ પ્રમાણે શ્રીવૃંદાવન અને શ્રીયમુનાજીની સાથે શ્રીગિરિરાજ પણ પોતાનું ભૌતિક સ્વરૂપ થોડું થોડું તિરોહિત કરતા જાય છે. શ્રીનાથજી જ્યારે અહીંથી મેવાડમાં પધાર્યા, ત્યારે દંડોતી શિલાની ઊંચાઈ માણસપૂર હતી. અત્યારે તે ઊંચાઈ ઘટી ગયેલ પ્રત્યક્ષ દેખાય છે.

શ્રીગિરિરાજજીના જપનો પ્રકાર

શ્રીગિરિરાજજી ભક્તમનોરથપૂરક છે. તેમનું ધ્યાન અને સ્મરણ કરવાનો પ્રકાર નીચે પ્રમાણે છે.

'હરિદાસવર્ય શ્રીગિરિરાજ ગોવર્ધનાય નમઃ ।'ના સંપુટમાં શ્રીમદ્ ભાગવતના નીચેના શ્લોકનો પાઠ કરવો:

> કૃષ્ણ કૃષ્ણ મહાભાગ, ત્વન્નાથં ગોકુલં પ્રભો ।
> ત્રાતુમર્હસિ દેવાન્નઃ કુપિતાદ્ ભક્તવત્સલ ॥

આ શ્લોકનો નીચેના પ્રકારે સંપુટમાં જપ કરવો. ૧૦૮ વખત જપ કરવાથી એક માળા થાય. રોજ ઓછામાં ઓછી એક માળા આદર અને આગ્રહપૂર્વક કરવી.

પ્રારંભમાં 'હરિદાસવર્ય શ્રીગિરિરાજ ગોવર્ધનાય નમઃ।' બોલવું. પછી ઉપરનો શ્લોક બોલવો. પછી 'હરિદાસવર્ય શ્રીગિરિરાજ ગોવર્ધનાય નમઃ।' બે વખત બોલવું. પછી ઉપરનો શ્લોક બોલવો. શ્લોક બાદ બે વખત 'હરિદાસવર્ય...' બોલવું. આમ ૧૦૮ વખત શ્લોક બોલાયા બાદ, છેલ્લે એક વખત 'હરિદાસવર્ય...' બોલવું.

શ્રીમતી સ્નેહલતાબેન ચંદ્રકાંતભાઈ ગાંધી (દાહોદ) (યુ.એસ.એ.)ના જયશ્રીકૃષ્ણ.

શ્રીગિરિરાજજીનું માહાત્મ્ય

શ્રીગુસાંઇજીના સેવક મોહનદાસ ગોપાલપુરમાં રહેતા અને ગોવિંદકુંડમાં નિત્ય નહાવા જતા. ગોપાલપુરથી શ્રીગિરિરાજ ચડીને ગોવિંદકુંડ બાજુ ઊતરતા. એક દિવસ ઊતરવાના રસ્તા ઉપર ગોબર પડ્યું હતું, તેથી તે વૈષ્ણવ બીજી બાજુ ઊતર્યા, તે શ્રીગુસાંઇજીએ જોયું. શ્રીગુસાંઈજીએ માથું હલાવ્યું. પછી મોહનદાસે શ્રીગુસાંઇજીને દંડવત કરીને માથું હલાવવાનું કારણ પૂછ્યું. શ્રી ગુસાંઈજીએ કહ્યું :'તમે શ્રીગિરિરાજ ઉપર કારણ વિના ચાલો છો અને પગથી ખૂંદો છો, તેથી તમે શ્રીગિરિરાજજીનું માહાત્મ્ય કંઇ જાણતા નથી.'

આ સાંભળીને બીજા વૈષ્ણવોએ શ્રીગુસાંઇજીને શ્રીગિરિરાજજીનું માહાત્મ્ય બતાવવાની વિનંતી કરી.

શ્રી ગુસાંઇજીએ પદ્મપુરાણની કથા કહી. એક દિવસ શ્રીઠાકોરજી તથા નારદજી વનમાં ઊભા હતા. શ્રીઠાકોરજીએ નારદજીને જળ લઇ આવવાનું કહેતાં નારદજી જળ લેવાં ગયા. ત્યાં સરોવર ઉપર બે ઋષિઓ તપસ્યા કરતા હતા અને સરોવર પાસે મનુષ્યનાં હાડકાંનો પર્વત પડેલો હતો. તે પર્વત જોઇને નારદજી વિસ્મય પામ્યા અને જળ લીધા વિના પાછા આવી, શ્રીઠાકોરજીને આનું કારણ પૂછ્યું.

શ્રીઠાકોરજીએ કહ્યું : 'એ બંને ઋષિઓ ગોવર્ધન પર્વતનાં દર્શન કરવા માટે તપસ્યા કરે છે. તપ કરતાં કરતાં દેહ છોડે છે. વળી પાછા જન્મીને તપ કરે છે. આમ, કરતાં કરતાં દેહ છોડે છે ને ફરી જન્મે છે. તેમનાં શરીર છૂટવાથી હાડકાંનો પર્વત થઇ ગયો છે, તો પણ તેમને ગોવર્ધન પર્વતનાં દર્શન થયાં નથી !'

આ સાંભળી નારદજી વિસ્મય પામ્યા. શ્રીગુસાંઇજીએ આજ્ઞા કરી : 'આપણને શ્રીમહાપ્રભુજીની કાનિથી શ્રીગોવર્ધન પર્વત દર્શન દે છે. શ્રીગોવર્ધન પર્વત સાક્ષાત લીલામધ્યપાતી છે. તેમની ઉપર પગ કેમ કરીને મૂકી શકાય? તેથી ભગવત્સેવાનું કાર્ય હોય તો જ ઉપર ચડવું, નહીંતર સર્વથા પગ મૂકવો નહીં.'

આ સાંભળીને મોહનદાસને બહુ જ પશ્ચાત્તાપ થયો. તેમણે શ્રીગુસાંઇજી પાસે પોતાનો અપરાધ ક્ષમા કરાવ્યો અને ત્યાર પછી શ્રીનાથજીનાં સેવા-દર્શન વિના કોઇ દિવસ શ્રીગિરિરાજ ઉપર તેઓ પગ મૂકતા નહીં.

ગો.વા. અ.સૌ. હીરાબેન હરિદાસ મજીઠીયા તથા મજીઠીયા પરિવાર (ખપોલી)ના જયશ્રીકૃષ્ણ.

શ્રીગિરિરાજજીના માહાત્મ્યનાં દર્શન આજે ય વ્રજમાં ઘણા વૈષ્ણવોને થાય છે. કેટલાક પ્રસંગો એવા બને છે કે શ્રીગિરિરાજજીનું માહાત્મ્ય તેનાથી સમજાય છે.

એકવાર વ્રજમાં શ્રીગિરિરાજજીની તળેટીમાં એક કથાનું આયોજન થયેલું. પહેલા દિવસે એક વૈષ્ણવે ઉત્સાહમાં આવી જઇ મનોરથ કર્યો. કથાસ્થળે શ્રીગિરિરાજજીના એક મોટા શિલાખંડને સુંદર વસ્ત્રાભૂષણ ધરાવી પધરાવ્યા.

સાંજે કથા પૂર્ણ થતાં આકાશ વાદળોથી ઘેરાવા લાગ્યું. ઉનાળાના દિવસો હતા. વરસાદ પડવાની કોઇ શક્યતા ન હતી, છતાં રાત્રે ધોધમાર વરસાદ વરસવાની શરૂઆત થઇ. આખી રાત પવનનું તોફાન, વીજળીના કડાકા અને વરસાદ ચાલુ રહ્યો. કથાનો મંડપ તૂટી ગયો. કથાશ્રવણ કરવા આવેલ વૈષ્ણવો માટે બનાવેલ રસોડામાં પાણી ભરાઇ ગયાં. સવારે કોઇને ચા-કોફી મળી શક્યાં નહિ.

કથાના આયોજકો વિમાસણમાં પડી ગયા. અચાનક પેલા મનોરથી વૈષ્ણવને ખ્યાલ આવ્યો કે શ્રીગિરિરાજજીને તેમના સ્થાન ઉપરથી પધરાવ્યા છે. તો તેમનો આ કોપ તો નહિ થયો હોય? તરત જ દોડ્યા. શ્રીગિરિરાજજીના એ શિલાખંડને જ્યાંથી પધરાવી લાવ્યા હતા ત્યાં યથાસ્થાને પધરાવી દીધા. ૧૧ લીટર દૂધથી સ્નાન કરાવી, અત્તર સમર્પી, પૂજન કરી, ભોગ ધર્યો. ભૂલ બદલ ખૂબ ખૂબ ક્ષમા માગી.

તરત જ વરસાદ-પવનનું તોફાન બધું શાંત થઇ ગયું. ઉઘાડ નીકળી ગયો. કથાશ્રવણ કરવા આવેલ વૈષ્ણવો શ્રીગિરિરાજજીનો આ પ્રગટ પ્રતાપ જોઇ ભાવવિભોર બની ગયા. પછીના સાત દિવસ નિર્વિઘ્ને કથાનું આયોજન પૂર્ણ થયું. સૌ શ્રગિરિરાજજીના મહાત્મ્યને માણતાં વતનમાં ગયાં.

શ્રીગિરિરાજબાવાના પ્રગટ પ્રતાપના અનુભવ ઘણાંને થાય છે.

સૂરતના જરીવાલા કુટુંબમાં મણિબેન નામનાં એક વૈષ્ણવ. ઘણાં વર્ષોથી કુટુંબ સાથે કાશીમાં રહે. પૂ. ગો. શ્રીઇંદિરાબેટીજી જ્યારે વિદ્યાભ્યાસ માટે કાશી પધારેલાં ત્યારે મણિબેન ત્યાં તેમની ટહેલમાં રહ્યાં હતાં. ત્યારથી તેઓ આપની સાથે જ આજીવન રહ્યાં.

ગો.વા. પ.ભ. હરિદાસ વસનજી મજીઠીયા તથા પરિવાર (ખપોલી)ના જયશ્રીકૃષ્ણ.

પૂ. બેટીજીના સેવ્ય-સ્વરૂપ શ્રીગિરિરાજજી ઉપર તેમનો અનહદ ભાવ. તેઓ રાતદિવસ શ્રીગિરિરાજજીની સેવામાં જ તત્પર રહે, અને દૂધઘરની સુંદર સામગ્રીઓ સિદ્ધ કરે.

તેઓ પૂ. બેટીજીને પણ હમેશાં દીનતાપૂર્વક વિનંતી કરે : 'આપ શ્રીગિરિરાજબાવાને સાચા શૃંગાર જ અંગીકાર કરાવો.' તેઓ આપની ચરણભેટ લઈ, પોતાની પાસે સાચવી રાખે અને જરૂર પ્રમાણે શ્રીગિરિરાજબાવાના નવા, સાચા શૃંગાર તૈયાર કરાવવા માટે આપને આપે.

કોઈ દુ:ખી વૈષ્ણવ તેમની પાસે આવે ત્યારે તેઓ તેનું દુ:ખ જોઈ ન શકે. શ્રીગિરિરાજબાવાનું સ્મરણ કરી, તેમની પ્રસાદી પુષ્પમાળાનો પ્રસાદી દોરો લઈ તે વૈષ્ણવને આપે અને પ્રેમથી સમજાવે : 'તું શ્રીગિરિરાજબાવાનો આ પ્રસાદી દોરો તારા ગળામાં પહેરી રાખ. તેઓ કૃપાસાગર છે, તારાં સર્વ વિઘ્નો તેમની કૃપાથી દૂર થશે. તું તેમનામાં શ્રધ્ધા રાખ.' તેમનું વચન શ્રીગિરિરાજબાવાની કૃપાથી સિદ્ધ પણ થાય. આમ, અનેકનાં દુ:ખ તેમની આડીથી શ્રીગિરિરાજબાવાએ નિવૃત કર્યાના અનેક પ્રસંગો આજે પણ વડોદરામાં વૈષ્ણવો સંભારે છે.

જન્માષ્ટમીનો દિવસ હતો. ઉત્સવ માટે ખૂબ ઉત્સાહથી તેમણે દૂધઘરની સર્વ સામગ્રીઓ સિદ્ધ કરી હતી. શૃંગાર સમયે શ્રીગિરિરાજબાવાએ તેમને પોતાની નિકુંજમાં બોલાવી લેવા માટે જાણે પોતાનો શ્રીહસ્ત લંબાવ્યો! દંડવત્ કરતાં તેઓ ઢળી પડયાં. પરંતુ હજી તેમનો શ્વાસ ચાલુ હતો. તેમને બહારના ખંડમાં લઈ જઈ સુવાડયાં. પૂ. બેટીજીએ શ્રીગિરિરાજબાવાના પ્રસાદી કંકુનો તેમના કપાળમાં ચાંલ્લો કરી, પોતાના કંઠની તુલસીમાળા તેમને પહેરાવી કે તરત જ તેમની આંખો સદાને માટે મીંચાઈ ગઈ.

શ્રીગિરિરાજબાવાની આજીવન સેવા કર્યાનું આવું ઉત્તમ ફળ તેમને પ્રાપ્ત થયું.

પૂ. ગો. શ્રી ઈંદિરાબેટીજીએ શ્રીગિરિરાજબાવાનો તેમને થયેલ અનુભવ સ્વમુખે નીચે પ્રમાણે વર્ણવ્યો હતો :

'અમારા પૂ. શ્રીદાદાજી મહારાજે વ્રજ-પરિક્રમાનું આયોજન કર્યું ત્યારે હું ખૂબ નાની હતી. પરિક્રમામાં જ્યારે શ્રીગિરિરાજજીની તળેટીમાં મુકામ હતો ત્યારે અમે બાળકો ખેલવા માટે શ્રીગિરિરાજજીના નાના નાના શિલાખંડો વીણી લાવી, તેનાથી ખેલતાં હતાં. તેમાં અમને ખૂબ આનંદ આવવાથી કેટલાક સુંદર નાના શિલાખંડો રમવા માટે મેં મારા ફ્રોકના ખિસ્સામાં મૂકી દીધા.

અ.સૌ. નિકેતા યોગેશ શાહ. વિ. ધાત્રિી પરિવાર (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ.

ત્યાં તો સ્વચ્છ આકાશમાં ચારે બાજુથી કાળાં વાદળો દોડી આવ્યાં. અને વાવાઝોડું થયું. બધે નાસભાગ થઈ ગઈ. વરસાદના મોટા મોટા કરા પડવા લાગ્યા. અમારા પૂ. શ્રીદાદાજી મહારાજે હેલો પડાવ્યો કે 'જો કોઈએ ભૂલથી પણ શ્રીગિરિરાજજી પધરાવ્યા હોય તો પાછા પધરાવી દો.' આ સાંભળી મને પણ ભય લાગ્યો. મેં અમારાં પૂજય શ્રીમાતૃચરણને કહ્યું કે 'મારી પાસે શ્રીગિરિરાજજીનાં થોડાં સ્વરૂપો છે.' અમારાં પૂ. શ્રીમાતૃચરણે તે સ્વરૂપોને શ્રીગિરિરાજજીમાં પધરાવી, મારી પાસે દૂધથી સ્નાન કરાવી, ભોગ ધરાવી, ક્ષમા મંગાવી. તરત જ સર્વ તોફાન શાંત થઈ ગયું. ત્યારથી મને શ્રીગિરિરાજબાવા ઉપર ખૂબ શ્રધ્ધા થઈ. શ્રીગિરિરાજજીમાં મારો ભાવ આ પ્રસંગથી જ વધ્યો.

આજે પણ દરેક વ્રજયાત્રા વખતે સૌને શ્રીગિરિરાજજીના પ્રગટ પ્રતાપના અનુભવો થાય છે.

સૌરાષ્ટ્રના એક વૈષ્ણવનો અનુભવ જાણવા જેવો છે.

સૌરાષ્ટ્રના એક ગોસ્વામી બાળકની વ્રજ-પરિક્રમાની કમિટીના તેઓ પ્રમુખ હતા. પૂ. મહારાજશ્રીનો મનોરથ શ્રીગિરિરાજજીને ૧૦૧ ડબા ઘીની સામગ્રીનો કુનવારો આરોગાવવાનો હતો, પરંતુ આ વૈષ્ણવ પોતાની વ્યવહારુ બુદ્ધિથી ૫૧ ડબાનો જ આગ્રહ રાખતા હતા. ઘણી જ ચર્ચાવિચારણાને અંતે તેઓ ૭૧ ડબા માટે સંમત થયા, પરંતુ ૧૦૧ ડબા માટે તેઓ હરગીજ તૈયાર ન હતા.

જાત્રાનો પડાવ જતિપુરામાં હતો ત્યારે કુનવારાના મનોરથને ચાર જ દિવસની વાર હતી. અનાયાસે સાંજે ઝભ્ભો ઉતારતાં તે વૈષ્ણવના ડાબા શરીરને લકવાની અસર થઈ. પરિણામે સૌની દોડાદોડ વધી ગઈ. ડૉકટરોની સારવારનું કોઈ તાત્કાલિક પરિણામ જણાયું નહીં. ત્યાં પૂ. મહારાજશ્રીની આજ્ઞાથી એક વૈષ્ણવે તેમની પાસે આવીને કહ્યું : 'પૂ. મહારાજશ્રી તમારી બગડેલી તબિયતથી ચિંતિત છે. તેમણે શ્રીગિરિરાજબાવાને ૩૦ ડબા વધુ અંગીકાર કરાવવાનો સંકલ્પ કર્યો છે, જેથી તમારી તબિયત સ્વસ્થ બને.'

વ્રજ વિહાર મહિલા મંડળ વાઘોડીયા રોડ હસ્તે. જમનાબેન કે. પરીખ (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ.

આ સાંભળી પેલા વૈષ્ણવની આંખમાં આંસુ આવી ગયાં. તેમણે લથડતી જીભે કહ્યું : 'આપ મારા માટે આટલો પરિશ્રમ લો તે બરાબર નથી. આ સામગ્રી મારા તરફથી અંગીકાર થાય તેવી વિનંતી કરો.' પેલા વૈષ્ણવે ફરીથી સંદેશો આપ્યો : 'આ વખતે તો તમારી ઈચ્છા પ્રમાણે નહીં બને, પણ વ્રજયાત્રા કમિટી તરફથી ભલે બીજા ૩૦ ડબાની સામગ્રી અંગીકાર થાય.' તે વૈષ્ણવે સંમતિ આપતાંની સાથે જ તેમનું શરીર હતું તેવું તંદુરસ્ત થઈ ગયું. તેઓ તરત જ પથારીમાંથી ઊઠી, વધુ સામગ્રી સિદ્ધ કરાવવાની વ્યવસ્થામાં જાતે લાગી ગયા.

આમ, શ્રીગિરિરાજજી પોતાના ભક્તોએ કરેલ સંકલ્પને જરાય ઓછો સ્વીકારતા નથી. આવા તેમના પ્રતાપબળના અનેક અનુભવો, અનેક વૈષ્ણવોને, આજે પણ થાય છે.

શ્રીગિરિરાજજીના પ્રગટ પ્રતાપની એક સત્ય ઘટના જોઈએ. અનિલ અને સુકેશા અમદાવાદમાં રહે. (નામો બદલ્યાં છે.) અનિલ એક મોટી કંપનીના જનરલ મેનેજરપદે કામ કરે. સુકેશાને ભારે ડાયાબિટીસ. તેને કારણે તેને આંખોની તકલીફ થઈ. ડૉક્ટરે મોતિયાનું ઓપેરશન કરતાં પહેલાં બ્લડ સુગર ઘટાડવાનું કહ્યું.

ઘરમાં આવી સોફામાં બેસતાં, સાડીના પાલવનો છેડો મોં પર બાઝેલાં પ્રસ્વેદબિંદુઓ પર દબાવતાં, ચાલીસી વટાવેલી સુકેશાએ સામેની સોફાચેરમાં બેઠેલા એના પતિ અનિલ સામે જોઈ પૂછયુ : 'શા વિચારમાં પડી ગયા?'

દીવાલ પરથી નજર હટાવી, અનિલે સુકેશા સામે જોયું, કંઈ જવાબ ન આપ્યો.

'ડૉકટરની વાત સાંભળી ગભરાઈ ગયા? તમે તો મોદી ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝના જનરલ મેનેજર. રોજ અનેક પ્રોબ્લેમ્સ ચપટી વગાડતાંમાં ઉકેલનારા. આજે નાની અમથી વાતમાં આટલા મૂંઝાઈ ગયા?'

છતાં પણ અનિલ કંઈ જ ન બોલ્યો. એના મોં પર ઉદાસીનતા હતી, ઉચાટ હતો. એની આંખોમાં આવતી કાલની ચિંતાનાં પાણી ભરેલાં કાળાંડિબાંગ વાદળો વરસું વરસું થતાં હતાં.

સુકેશા અનિલની બાજુમાં આવીને બેઠી. એના ખભે હાથ મૂકીને બોલી : 'જો, અનિલ! મને કંઈ જ થવાનું નથી. માની લે કે કંઈ થવાનું છે, તો આમ ઢીલા થઈ જવાથી ઉપાધિ ટળી જશે?'

ગુલાબબેન લાલજીભાઈ પટેલ, હ. અશ્વિનભાઈ પટેલ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

'સુશુ, આ તો આંખોનો મામલો છે.'

'મારી આંખો ગઈ, તો તારે તો ચાર આંખો છે ને? બે મને આપી દેજે. તારી આંખે જોઈશ. બંધ આંખે જોવાનો અનુભવ થશે...'

'ડૉકટરે કહ્યું, આંખો નબળી પડી ગઈ છે. ડાયાબિટિસની અસર છે. અમદાવાદના ડૉકટર અભય વસાવડાને બતાવો... એ પ્રથમ કક્ષાના ડૉકટર છે. તેમને પણ બતાવ્યું.'

'અને આજે તેમણે તને કહ્યું - સુકેશાબહેનનું બ્લડસુગર લેવલ ૩૫૦ રહે છે. તે પણ ઈન્સ્યુલિનનું રોજ ઈન્જેકશન લીધા પછી. એ સ્થિતિમાં તેમના મોતિયાનું ઓપરેશન કરવાનું સાહસ હું તો ના જ કરું. બાકી તો બેય આંખે મોતિયો આવી ગયો છે. કાલે જ આપરેશન થઈ જવું જોઈએ.'

'સુશુ, મને ચિંતા છે, બલ્ડસુગર કેમ કરતાં ઘટે! ન ઘટે તો? આંખો જાય તો? તારા વિના મારી દેખતી દુનિયામાંય અંધારું છવાઈ જાય!'

'અનિલ, બીજાને તો એમ પણ કહેવાય કે ભગવાન પર વિશ્વાસ રાખો, પણ તારે મન તો ભગવાન પણ...'

'કાલે, આપણે ટાયાબિટિસ માટે ડૉ. સુમન શાહને બતાવીએ. પછી પડશે તેવા દેવાશે. બરાબર?'

બીજા દિવસે અનિલ-સુકેશા ડૉ. સુમન શાહ પાસે ગયાં. ડૉકટરે મીઠાશ અને હળવાશથી કહ્યું, 'સુકેશાબહેન, શ્રીઠાકોરજી દરેક માણસ માટે દરેક વસ્તુનો જિંદગીનો ક્વોટા નક્કી કરે છે. જૂના વખતમાં બ્રાહ્મણો ચાર ટંકના લાડુ એક ટંકે ઝાપટી જતા. તેમ તમેય પ્રસાદના નામે પંચોતેર વર્ષમાં ખાવાની ખાંડ, પીસ્તાલીસ વર્ષમાં ખાઈ લીધી. પછી શું થાય? પણ એનો ઉકેલ ચિંતા નથી. આજથી વિશેષ ઉપચાર તો શરૂ કરીશું, પરંતુ એક વાત કહી દઉં. અમારા ડૉકટરો પાસે રોગ મટાડવાનો કોઈ જાદુ હોતો નથી. અમે દવા લખીએ છીએ, ત્યારે શ્રીઠાકોરજીને યાદ કરી, તેમના નામે જ લખીએ છીએ. જાદુ શ્રીઠાકોરજી કરી શકે છે. તમારા કેસમાં દવા કરતાં દુવા વિશેષ જરૂરી છે.'

મધુબેન મનુભાઈ માંડવીયા (મહેસાણા)ના જયશ્રીકૃષ્ણ.

સુકેશાની ટાયાબિટિસની ટ્રીટમેન્ટ નવેસરથી શરૂ થઈ. બાર કલાકના દિવસમાં ત્રણ વખત ઈન્સ્યુલિનનાં ઈન્જેકશન, કાચાં સલાડ અને ગોળ વિનાના મોળા મગ-મગની દાળ. સુકેશાને કયાંક વાંચેલા શબ્દો યાદ આવી જતા - 'ખૂબ પાપ કરનારને મૃત્યુ પછી એવા નરકમાં જવું પડે છે, જયાં તેના શરીરમાં તીક્ષ્ણ અણીદાર હજારો સોયો રોજ ખોસવામાં આવે છે. 'ઈન્સ્યુલીનનાં ઈન્જેકશનોની સોયોનો આવો જ પીડાજનક અનુભવ એને પણ રોજરોજ થતો હતો.'

સુકેશાને એનાં દાદીમા યાદ આવ્યાં. તેમની પાસે શ્રીગિરિરાજજીની સેવા. તેઓ વારંવાર સૌને એક જ વાત કહેતાં - 'શ્રીગિરિરાજબાવાની કરુણાનો પાર નથી. એમનામાં શ્રધ્ધા રાખો. એમનું સ્મરણ રાખો.' એને યાદ આવ્યું - દાદીમાના કહેવાથી તે રોજ શ્રીગિરિરાજજીનાં મંત્રની પાંચ માળા કરતી હતી. લગ્ન પછી પણ કરેલી. કયારથી એ ટેવ છૂટી ગઈ, તે તેને યાદ ન આવ્યું પણ દાદીમા સૌને કહેતાં, 'અમારી સુકેશાને સાસરિયે રાજપાટ મળ્યું છે, કારણ કે શ્રીગિરિરાજબાવાની ઘણી માળા કરી છે.'

સુકેશાને આખી રાત ડૉકટર સુમનભાઈની વાત મગજમાં ઘુમરાતી રહી. દવા કરતાં દુવા વિશેષ જરૂરી છે. તેણે બીજા દિવસથી શ્રીગિરિરાજજીનો મંત્રજાપ શરૂ કર્યો.

પંદર દિવસ થયા. બ્લડ-સુગર ટેસ્ટ કરાવ્યો. ૩૫૦ પરથી ઘટીને આંકડો ૩૨૦ ઉપર આવ્યો. આંખનું તેજ પંદર દિવસમાં વધારે ઝાંખું થયું. અનિલ મનમાં હિંમત હારી ગયો. બીજા પંદર દિવસ વીત્યા. આંકડો ૩૦૦ ઉપર ગયો, પણ આંખો લગભગ જોવાની શક્તિ ગુમાવી ચૂકી હતી.

રાતે સુકેશાએ અનિલને કહ્યું, 'આંખો માટે કોઈ આશા નથી. દવા અને દુવા બેયની અસર થઈ નથી. હવે બહુ થોડા દિવસ કદાચ આંખો આટલું ઝાંખુંય જોઈ શકશે. મારી એક છેલ્લી ઈચ્છા છે. પૂરી કરશો?'

'જરૂર. તું બેધડક કહે.'

'મને એક વાર વ્રજમાં લઈ જાઓ. શ્રીગિરિરાજજીનાં દર્શન કરાવો. મેં કદી એમનાં દર્શન કર્યાં નથી.'

'ભલે, વ્યવસ્થા કરું છું. બે ત્રણ દિવસમાં નીકળીશું.'

સરીત જયંતીલાલ મોરજરીયા (યુ.કે.)ના જયશ્રીકૃષ્ણ.

'પરંતુ તમને તો શ્રદ્ધા નથી...'

'એની ચિંતા તું ન કર. તને શ્રદ્ધા છે ને? તારી શ્રદ્ધા ને હું ઠેસ નહીં પહોંચાડું.'

સુકેશા અને અનિલ જતિપુરા ગયાં. સ્નાન કરી, તૈયાર થયા. સુકેશાએ નવોઢાનો સાજ સજવા માંડયો. એને બાળપણ યાદ આવી ગયું. છ-સાત વર્ષની એની ઉંમર. એની બહેનપણીઓ ગોરમાનું વ્રત કરે. એણે પણ હઠ લીધી. માતાવિહોણી દીકરીને દાદીમાએ સમજાવી, 'જો આપણાં ગોરમા તો આપણા ઘરમાં જ છે.'

દાદીમાએ એને નવડાવી, નવાં ઘાઘરી-કબજો પહોરાવી, એની પાસે શ્રીગિરિરાજબાવાને દૂધથી સ્નાન કરાવડાવ્યું. દાદીમા રોજ કહેતાં, 'સાચા સગા તો શ્રીગિરિરાજજી, બીજું સગું સૌ મુખથી કહેવાનું. દુઃખમાં નહીં આવે કોઈ સાથ જી.' એટલે તો આજે સાચા અલૌકિક સ્વામીને પહેલી વાર મળવા જવા તે તૈયાર થઈ હતી.

સુકેશા શ્રીગિરિરાજજીનું પૂજન કરતી હતી, ત્યારે અનિલ બે હાથથી અદબ ભીડી, સામે ઊભો હતો. બાજુમાં ઊભેલા બે જુવાનોની વાત તેના કાને પડી.

એક કહેતો હતો, 'બધું હમ્બગ, ધતિંગ! પથ્થર પર દૂધ રેડયે શો ફાયદો? આવું ગાંડપણ આ દેશમાં જ ચાલે. ગરીબોના કૂબામાં તેલનું ટીંપુંય નથી અને શ્રીમંતોની કબર ઉપર ઘીના દીવા બળે છે!'

બીજાએ કહ્યું, 'એવું નથી. શ્રદ્ધા છે ત્યાં ભગવાન છે. કવિ સુંદરમ્‌ને યાદ કર. તેઓ મંદિરની મૂર્તિને પૂછે છે, 'તને પથ્થરને નમું?' દિમાગના આ પ્રશ્નનો જવાબ દિલ આપે છે, 'ના, ના શ્રધ્ધા તણા આસનને નમું હું નમું.' નિરાકારવાદી મુસ્લિમોને કાબાના પથ્થરમાં ખુદાની અનુભૂતિ થાય, ખ્રિસ્તીઓને ક્રોસમાં 'ગોડ' જણાય, તો વૈષ્ણવોને શ્રીગિરિરાજજીમાં ભગવાન અનુભવાય, એમાં ધતિંગ શું? દોસ્ત, આ તો શ્રધ્ધાનો વિષય છે.'

સુકેશા બે હાથની હથેળીઓ અત્તરથી ભીંજવી, શ્રીગિરિરાજજીના શ્રીઅંગે લગાવી રહી હતી. શ્રીગિરિરાજજીના સાંવરા સ્વરૂપની કોમળતા બે હાથનાં આંગળાંનાં ટેરવાંથી માણવાનો પ્રયત્ન કરતી હતી. આંખો

વિમળાબેન જયંતીલાલ પટેલ (યુ.કે.)ના જયશ્રીકૃષ્ણ.

આંસુથી અને ઘટેલા તેજથી સાવ ધુંધળી થઈ ગઈ હતી. ત્યાં એને અનાયાસ વિવિધરંગી તેજકિરણો ચમકતાં દેખાવા લાગ્યાં. એણે આંખો ચોળી-સ્વપ્ન ન હતું. શ્રીગિરિરાજજી શ્યામ ન હતા. સ્ફટિક-શા શ્વેત હતા. હીરા, માણેક, નીલમખચિત હતા. તે હરખઘેલી બની શ્રીગિરિરાજજીના કંઠે બાઝી પડી.

પૂજન પૂર્ણ થતાં જ તે બોલી, ‘અનિલ, મારે શ્રીગિરિરાજજીની પરિક્રમા કરવી છે.’

‘પણ સુશુ, તારાથી ચલાશે કેમ? બેય પગનાં તળિયાં તો ડાયાબિટિસને લઈને થોડાં ડગલાં માંડ ચાલી શકે છે. મને વાંધો નથી. મને તો ચાલવું ગમે છે. હું તો તને કંપની આપીશ.’

‘આભાર... જેટલાં ડગલાં ચલાશે તેટલાં ચાલીશ.’

ચોબાજીએ કહ્યું, ‘સાથે ટાંગો રાખી લઈએ. ન ચલાય તો બેસાય.’

વહેલી સવારે પરિક્રમા કરવા નીકળ્યાં. સુકેશા અનિલનો હાથ પકડીને ચાલી રહી છે. મનમાં શ્રીગિરિરાજજીનો મંત્ર ગૂંજે છે. પાંચ કોસને બદલે નવ કોસની પરિક્રમા પૂરી કરી, સાંજે બંને પાછાં આવ્યાં. અનિલ આશ્ચર્યથી સુકેશાને જોઈ રહ્યો. તેના મોં અને શરીર પર સ્ફૂર્તિ અને સુરખી હતાં. સુકેશાએ શ્રીગિરિરાજજીને યથાશક્તિ સામગ્રી આરોગાવી. મુકામ પર પહોંચીને તે બોલી, ‘અનિલ, આજ તો શ્રીગિરિરાજબાવાનો મહાપ્રસાદ તનક તનક નહીં, તબક તબક ખાઈશ. હવે અંધાપા કે મૃત્યુનો મને ડર નથી.’

‘સુશુ, તારું મન રાજી રહે તેમ કર.’

બંને પાછાં આવ્યાં. સુકેશાની તબિયત સુધરી હતી. આંખની ઝાંખપ ઘટી હતી. ટેસ્ટ કરાવ્યા. ડૉકટરે કહ્યું, ‘તમારી બ્લડ-સુગર ૧૫૦ ઉપર આવી ગઈ છે.’

ડૉ. વસાવડાએ આંખો ચેક કરીને કહ્યું, ‘મોતિયો ઉતારવાની જરૂર જ રહી નથી.’

‘મોતિયો લગભગ ગાયબ છે.’

અનિલને આશ્ચર્ય થયું. સુકેશા મનોમન શ્રીગિરિરાજજીને નમી પડી.

‘સુશુ, તારા શ્રીગિરિરાજજી સાચા. ચાલ ફરી જતિપુરા જવા તૈયાર થઈ જા.’

‘ફરી કેમ?’

‘એમને ‘આભાર’ કહેવા. મારે એમની ક્ષમા માગવાની છે.’

સુકેશા રોમરોમ રાજી થઈ ગઈ.

‘અને તારાં દાદીમાના શ્રીગિરિરાજજી ક્યાં છે?’

‘ગીતા માસીને ત્યાં.’

‘એમને આપણા ઘેર પધરાવી લાવ. આપણે બેય તેમની સેવા કરીશું.’

‘સાચ્ચે...?

‘હા, મને નાસ્તિકને આસ્તિક બનાવવા જ શ્રીગિરિરાજજીએ આ નાટક ગોઠવ્યું!’

‘નાટક નહીં, લીલા કહો, લીલા.’

શ્રી રમેશભાઈ પરીખનો એક અનુભવ જોઈએ - તેમના જ શબ્દોમાં.

જતિપુરામાં શ્રીગિરિરાજ ગુણગાન મહોત્સવ. એક દિવસ બપોરની ભગવદ્વાર્તા પૂરી થઈ. પહેલી નજરે બહેનો લાગે તેવી બે યુવતીઓ મારી પાસે આવી. ડ્રેસ મોર્ડન. મોં પર ગરવી દીનતા. બહુ જ સંકોચ સાથે વાત શરૂ કરી : ‘અમે બે માદીકરી છીએ. શ્રીગિરિરાજબાવાની કૃપાથી અને આશીર્વાદથી અમારા બંનેથી ગઈકાલે શ્રીગિરિરાજબાવાની સતત ત્રણ પરિક્રમા થઈ. તમારી કથાના શ્રવણથી પ્રેરણા થઈ. ચૌદ કલાક લાગ્યા.’

‘કંઈ અનુભવ થયો?’

બંને નિરુત્તર. તેમનાં સ્વજનોને દૂર જવા મેં કહ્યું. ત્યારે દીકરી બોલી: ‘છેલ્લી પરિક્રમામાં સુરભિકુંડ પાસે અમે અત્યંત થાકી ગયાં. પગ ન ઉપડે. સામેથી એક સંન્યાસી આવ્યા. પાસે આવી મૌન ઊભા રહ્યા. અમારી નજર એમના ચરણ પર. તેઓ આગળ વધ્યા. મારાથી બોલાઈ ગયું : ‘હે શ્રીજીબાવા! હે શ્રીજીબાવા!’ અમે પાછળ ફરીને જોયું. તે સંન્યાસીએ પણ અમારી તરફ પાછળ વળીને જોયું. આશીર્વાદની મુદ્રામાં તેમણે જમણો હાથ ઊંચો કર્યો. તે જ ક્ષણે અમારો સઘળો થાક ગાયબ!’

આટલું કહેતાં મા-દીકરીની આંખો દીનતાથી વરસી ગઈ.

શ્રીગિરિરાજ ગુણગાન

આવા અતુલ પ્રતાપવાળા શ્રી ગિરિરાજજીના ભગવદીયોએ ખૂબ ગુણગાન ગાયાં છે. આપણે પણ તેમની સાથે થોડાં ગુણગાન ગાઈ લઈએ. પહેલાં જોઈએ શ્રી ગોવિંદસ્વામીની રચના.

ધન્ય ધન્ય હરિદાસ રાઈ,
સાન્નિધ્ય સેવા કરત સકલ અંગ,
તાતેં મોહન જિય ભાઈ. ૧
કંદમૂલ ફલફૂલ ભેટ ધરિ,
સિલા સિંઘાસન રુચિર બનાઈ,
કોમલ તૃન ગાયન ચરવેકોં
સીતલ જલકે ઝરના બહાઈ. ૨
બિબિધ કેલિ ક્રીડત સખાસંગ,
છિનુ ઉતરત છિનુ ચઢત હૈં ધાઈ,
રામકૃષ્ણકે ચરન પરસ કરિ,
પુલકિત રહત સદાઈ. ૩
ઈનકો ભાગિ કહાઁ લગિ બરનૌં,
કોમલ કરપેં લિયો હૈં ઉઠાઈ,
પ્રમમુદિત હ્વૈ કહતિ ગોપિકા,
'ગોવિંદ' બલિ બલિ જાઈ. ૪

આ પદમાં પ્રેમ-પુલકિત ગોપિકાઓ કહે છે : હરિદાસોના રાજા-શિરોમણિ શ્રીગિરિગોવર્ધનને ધન્ય છે. તેમને શ્રીકૃષ્ણનું સાન્નિધ્ય મળ્યું છે, તો તેઓ સર્વ અંગોથી શ્રીકૃષ્ણની સેવા કરે છે, એટલે શ્રીમોહનને અતિ વહાલા છે. (૧)

તેઓ શ્રીપ્રભુને આરોગવા કંદમૂળ, ફલફૂલ ભેટ ધરે છે. બિરાજવા પોતાની શિલાનું સુંદર સિંહાસન સજાવે છે. શ્રીગોપાલલાલની ગાયોને ચરવા કોમળ ઘાસ ઉગાડે છે અને પીવા શીતળ જળનાં ઝરણાં વહાવે છે. (૨)

તેમના શ્રીઅંગ ઉપર સખાઓ સાથે શ્રીઠાકોરજી અનેક ક્રીડા કરે છે. ઘડીકમાં દોડતા ઊતરે છે, તો ઘડીકમાં દોડતા ચઢે છે. શ્રીકૃષ્ણ-બલરામનાં ચરણારવિંદના સ્પર્શથી, તેઓ સદા રોમાંચ અનુભવે છે. (૩)

ગો.વા. માણેકબેન દેવજીભાઈ(મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

તેમના ભાગ્યની તો શી વાત કરવી? શ્રીકૃષ્ણે તેમને પોતાના કોમળ કરકમલ પર ઉઠાવી લીધા છે. ગોવિંદ સ્વામી તેમનાં ઓવરણાં લે છે. (૪)

શ્રીગિરિરાજજી હરિદાસવર્ય છે, કારણ કે શ્રીઠાકોરજી, ગાયો અને સૌ વ્રજભક્તોની સેવામાં સદા સાનંદ તત્પર છે. જે ભગવદ્-સેવા, ભગવદીય સેવા અને ગૌસેવા પ્રેમથી, નિષ્કામ ભાવે કરે, તે હરિદાસ.

તરહટી શ્રીગોવર્ધનકી રહીયે

શ્રી હરિરાય મહાપ્રભુએ ગાયેલું શ્રીગિરિરાજજીનાં ગુણગાનનું કીર્તન જોઈએ.

તરહટી શ્રીગોવર્ધનકી રહિયે,
નિતપ્રતિ મદનગોપાલલાલકે
ચરણકમલ ચિત્ત લહિયે. ૧
તનપુલકિત બ્રજરજમેં લોટત
ગોવિંદકુંડમેં નહિયે,
'રસિકપ્રીતમ' હિત ચિતકી બાતેં
શ્રીગિરિધારીજીસોં કહિયે. ૨

શ્રીગોલોકધામમાં શ્રીરાધિકાજીની ઈચ્છાથી શ્રીકૃષ્ણના હૃદય-સ્થળમાંથી સો શિખરવાળા અને વિવિધ રત્નમય શ્રીગોવર્ધન ગિરિરાજજીનું પ્રાકટ્ય થયું. સારસ્વત કલ્પમાં શ્રીયુગલ-સ્વરૂપે પૃથ્વી પર પધારી, લીલા પ્રકટ કરવાનું નક્કી કર્યું. ત્યારે શ્રીઠાકોરજીની આજ્ઞાથી શ્રીગિરિરાજજી પણ પૃથ્વી ઉપર પધાર્યા. ઉતરાખંડમાં દ્રોણાચલ પર્વત પર ત્રણ શિખરવાળા શ્રીગોવર્ધન પર્વત સ્વરૂપે તેઓ પ્રગટ થયા. પુલત્સ્ય ઋષિને નિમિત્ત બનાવીને વ્રજમંડળમાં શ્રીયમુનાજીની નજીક આદિ વૃંદાવન ચંદ્રસરોવર પાસે કાયમ માટે સ્થિર થઈને બિરાજમાન થયા. તેમના વચલા ભાઈ કાન્તાનાથ પર્વત

કપિલાબેન ધીરૂભાઈ મહેતા (ધનસુરા)ના જયશ્રીકૃષ્ણ.

ચિત્રકૂટ ધામમાં પ્રગટ બિરાજે છે. તેમના સૌથી નાના ભાઈ ચરણાટ ક્ષેત્રમાં ચરણાદ્રિ પર્વત તરીકે પ્રસિદ્ધ છે.

સારસ્વત કલ્પમાં ભગવાન શ્રીકૃષ્ણે વ્રજવાસીઓ પાસે શ્રીગોવર્ધન પર્વતનું પૂજન કરાવ્યું, ત્યારે વ્રજવાસીઓએ ધરેલો અન્નકુટનો ભોગ આરોગવા સહસ્ર ભુજા ધારણ કરી, સાક્ષાત્ ભગવદ્-સ્વરૂપે તેઓ વ્રજવાસીઓ સામે પ્રકટ થયા અને ઈન્દ્રના કોપથી અસહાય બનેલા વ્રજવાસીઓની સાત દિવસ સુધી રક્ષા પણ કરી. આથી વ્રજવાસીઓ તેમને પોતાના કુળદેવતા કહે છે, 'હમારો કુલદેવ શ્રીગોવર્ધનરાનો.' તેઓ વ્રજમંડળના મુકુટમણિ અને સંરક્ષક પણ છે.

શ્રીભાગવતમાં 'વેણુગીત'ના પ્રસંગમાં નિર્ગુણ ગોપીજનોએ શ્રીગિરિરાજજીનું સ્વરૂપ બતાવતાં એમ કહ્યું કે 'હે સખીઓ! આ પથ્થરોનો પર્વત નથી. તે જડ નથી. શ્રીગોવર્ધન તો સાક્ષાત્ હરિદાસવર્ય છે.' પ્રહ્લાદ, યુધિષ્ઠિર, ઉદ્ધવજી જેવા અનેક હરિદાસ થઈ ગયા, તે બધાથીયે શ્રીગિરિરાજજી શ્રેષ્ઠ છે, કારણ કે અધમ યોનિમાં જન્મેલ જીવોને પણ સેવાનું સુખ આપીને તેઓ ઉત્તમોત્તમ બનાવે છે. ભગવાનનાં ચરણકમળ ભક્તિનું સ્વરૂપ છે. ભગવાનના ચરણ-સ્પર્શથી શ્રીગિરિરાજજી પ્રસન્ન અને પુલકિત થાય છે. તેઓ નિર્ગુણ ભક્તવર્ય છે. તેમની ભીતર છ ઋતુઓ, બાર નિકુંજો, સોળ કંદરા,અગિયાર મુખ્ય શિલાઓ અને આઠ દ્વાર છે. તેઓ જેમના પર કૃપા કરે છે તેમને ભગવદ્-સ્વરૂપે, ભક્ત-સ્વરૂપે, ગ્વાલ-સ્વરૂપે, સિંહ-સ્વરૂપે, ગાય-સ્વરૂપે કે શ્વેત સર્પ-સ્વરૂપે દર્શન આપે છે. પર્વત-સ્વરૂપે તો સૌને દર્શન આપે છે, પરંતુ જેમને તેઓ દિવ્ય દૃષ્ટિ આપે તેમને રત્નજટિત ધાતુમય પર્વત-સ્વરૂપે પણ દર્શન આપે છે.

આવા શ્રીગિરિરાજજીની તળેટીમાં સદા નિવાસ કરવાની અભિલાષા પુષ્ટિભક્તો રાખે છે. માટે કહ્યું : 'તરહટિ શ્રીગોવર્ધનકી રહિયે!'

'ગોવર્ધન' શબ્દનો અર્થ જોઈએ તો ગો એટલે ગાયો, ઈન્દ્રિયો, પૃથ્વી, વાણી, રસ વગેરે. જે વ્રજભૂમિ અને વ્રજની ગાયોનું વર્ધન-પોષણ કરે તે શ્રીગોવર્ધન. જે આપણી ઈન્દ્રિયોને પ્રભુ સાથે વધારે જોડે, આપણી વાણીને પ્રભુના ગુણગાનમાં વધારે પ્રવૃત્ત કરે અને સેવારસનું દાન કરે તે શ્રીગોવર્ધન.

રક્ષા પટવારી (કોલકત્તા)ના જયશ્રીકૃષ્ણ.

શ્રીગોવર્ધન ગિરિરાજજી આપણી ભક્તિ વધારે છે. માટે તેમના ચરણકમળમાં રહેવા ભક્તો ઈચ્છે છે.

શ્રીગિરિરાજજીની તળેટીમાં એટલે તેમનાં ચરણકમળ. તેમની તળેટીમાં રહેવું એટલે તેમના શરણાગત થઈને રહેવું. અહંતા-મમતા છોડીને શ્રીગિરિરાજજીનો સંગ કરવો. હવે બીજી પંક્તિમાં શ્રીહરિરાયજી શ્રી ગિરિરાજજીની તળેટીમાં કેવી રીતે રહેવું, તે બતાવે છે.

'નિતપ્રતિ મદનગોપાલલાલકે
ચરણકમલ ચિત્ત લહિયે.'

દરરોજ દિવસ-રાત શ્રીમદનગોપાલલાલનાં ચરણકમળમાં એવી રીતે મનને જોડીને ત્યાં રહેવું કે જેથી એ ચરણકમળ સદા આપણા ચિત્તમાં બિરાજે.

ભક્તિમાર્ગમાં ભગવાનમાં ચિત્તનો નિરોધ થવો તે ભક્તિયોગનું લક્ષણ છે, માટે અહીં ભગવાનનાં ચરણ કમળમાં મનનો નિરોધ કરવાની આજ્ઞા કરી છે. શ્રીસુબોધિનીજીમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે ભક્તિમાર્ગમાં ભગવાનનાં બંને ચરણકમળ મુખ્ય છે. હરિદાસવર્ય શ્રીગિરિરાજજીએ ભગવાનનાં ચરણકમળમાં તેમના મનનો નિરોધ કરેલો છે. તેમનાં ચરણોમાં રહેવાથી, તેમની કૃપાથી આપણે પણ સંસારની આસક્તિ છોડીને ભગવચ્ચરણારવિંદોમાં મનનો નિરોધ કરી શકીએ.

અહીં શ્રીઠાકોરજી માટે 'મદનગોપાલ' શબ્દ વપરાયો છે. તેનું કારણ એ છે કે 'મદન' એટલે કામદેવ. શ્રીઠાકોરજી મદનમોહન છે, કામદેવના પણ કામદેવ છે. તેઓ શ્રીમદનમોહન-સ્વરૂપે શ્રીગિરિરાજજીની તળેટીમાં ચંદ્રસરોવર પર નિત્યરાસ કરે છે. વળી દિવસે શ્રીગોપાલલાલ સ્વરૂપે આ તળેટીમાં નિત્ય ગોચારણ કરે છે. રાસલીલા ગોપીજનોને સંયોગનું સુખ આપે છે. ગૌચારણલીલા તેમને વિપ્રયોગનું દાન કરે છે. આમ, અહીં રાતદિવસ ભક્તોને પ્રભુના સંયોગ અને વિપ્રયોગનું સુખ પ્રાપ્ત થાય છે. એ સુખ આપનાર પ્રભુનાં ચરણકમળમાં ચિત્ત ચોંટેલું રહે, તો નિરોધ સિદ્ધ થાય. નિરોધ સિદ્ધ થતાં સર્વ લીલાનો અનુભવ ચિત્તચક્ષુથી થાય. માટે કહ્યું કે શ્રીગોવર્ધન તળેટીમાં રહીને રાતદિવસ શ્રીપ્રભુનાં ચરણકમલનું ધ્યાન કરવું.

પૂ. માતુશ્રી મણિબાઇ તથા પૂ. પિતાશ્રી વલ્લભદાસ ચત્રભૂજ (પુના)ના જયશ્રીકૃષ્ણ.

હવે ત્રીજી પંક્તિમાં શરીરનો વ્યવહાર કેવી રીતે કરવો, તેની આજ્ઞા કરે છે.

'તનપુલકિત બ્રજરજમેં લોટત ગોવિંદકુંડમેં નહિયે.'

જ્યાં સુધી આપણો દેહ પંચમહાભૂતોનો બનેલો છે, ઈન્દ્રિયો લૌકિક છે, અંતઃકરણ લૌકિક વિકારોથી ભરેલું છે, ત્યાં સુધી બહારનાં કે અંદરનાં ચક્ષુઓથી ભગવદ્-અનુભવ થતો નથી. આ અનુભવ માટે તનુનવત્વ આવશ્યક છે. શ્રીયમુનાજળમાં શ્રીઠાકોરજીના સ્મરશ્રમ-જલના કણો મિશ્રિત થયા હોઈને, શ્રીયમુનાજલના સેવનથી તનુનવત્વની પ્રાપ્તિ થાય છે. એવી જ રીતે શ્રીગિરિરાજજીની તળેટીમાં આવેલી વ્રજરજમાં શ્રીઠાકોરજીનાં ચરણારવિંદનો સ્પર્શ થવાથી તે વ્રજરજ ભગવદ્-સ્વરૂપ છે. આવી ભગવદ્-સ્વરૂપાત્મક વ્રજરજમાં આપણું શરીર લોટતું રહે, તો તેથી શરીર અને બાહ્ય ઈન્દ્રિયો શુધ્ધ અને પવિત્ર બને છે. જે કુંડમાં શ્રીઠાકોરજીએ સ્નાન કર્યું છે એ ગોવિંદ કુંડમાં નિત્ય સ્નાન કરવાથી આપણું શરીર પવિત્ર થાય છે. 'પદ્મપુરાણ'માં કહ્યું છે કે વૃંદાવનની રજમાં વિષ્ણુ ભગવાન પણ લક્ષ્મીજી સાથે લોટયા છે. બ્રહ્માજી વગેરે પણ વ્રજરજની પ્રાપ્તિ માટે અભિલાષા રાખે છે. આવી વ્રજરજ અને આવું ગોવિંદકુંડનું જળ બંને સ્થૂળ અને સૂક્ષ્મ દેહને તનુનવત્વ આપનારાં છે. માટે વ્રજરજમાં લોટવાની અને ગોવિંદકુંડમાં સ્નાન કરવાની શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે.

છેલ્લી પંક્તિમાં શ્રીગિરિરાજજીની તળેટીમાં આવી રીતે વાસ કરવાથી મળનારું ફળ બતાવ્યું છે. અહીં તળેટીમાં રહીને બીજાં મનુષ્યો સાથે લૌકિક વાતો ન કરવી. મનમાં લૌકિક વિચારોના ઘોડા ન દોડાવવા. શ્રીઠાકોરજીના સુખનો મનમાં વિચાર કરવો. ભગવદીયો સાથે બેસી શ્રીઠાકોરજીના સુખની વાતો કરવી. આપણા હૃદયમાં શ્રીગોવર્ધનનાથજી સાથે શ્રીગિરિરાજજી સ્વરૂપે પણ તેઓ બિરાજમાન છે. એવા ભાવથી તેમની સાથે પ્રેમભરી વાતો કરવી, તેમનાં ગુણગાન ગાવાં, એથી આપણી વાણીનો નિરોધ થશે, એ જ ગોવર્ધનવાસનું ફળ છે.

બીજી પંક્તિમાં શ્રીહરિરાયજીએ માનસિક નિરોધ, ત્રીજી પંક્તિમાં કાયિક નિરોધ અને ચોથી પંક્તિમાં વાચિક નિરોધ કરવાની રીત બતાવી.

રુપાબેન નિતિનભાઈ સોરઠીયા (ન્યૂ જર્સી)ના જયશ્રીકૃષ્ણ.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે આ ત્રણેય પ્રકારનો નિરોધ એ જ મહાફળ છે. આવો નિરોધ સિદ્ધ થાય તે હેતુથી શ્રીગિરિરાજજીની તળેટીમાં રહેવાનું છે.

શ્રીમહાપ્રભુજીનું એક નામ છે : 'ગોવર્ધનસ્થિત્યુત્સાહાય નમઃ' - તેઓ શ્રીગોવર્ધનમાં બિરાજવાના ઉત્સાહવાળા અને તેના લીલા-પ્રેમમાં મગ્ન રહેનારા છે. શ્રીગુસાંઈજીનું એક નામ છે : તેઓ શ્રીગોવર્ધનના સખા છે. માટે શ્રીવલ્લભ અને શ્રીવિઠ્ઠલની કૃપાથી ગોવર્ધનવાસ શક્ય બને. આવા ગોવર્ધનવાસની કામના અને ભાવના રાખવી.

શ્રીગિરિરાજ સ્તુતિ

શ્રીમહાપ્રભુજીએ શ્રીનાથજીને ગિરિકંદરામાંથી બહાર પધરાવવા, શ્રીગિરિરાજજી ઉપર પધારતી વખતે આ સ્તોત્રથી તેમની સ્તુતિ કરી હતી.

ભક્તાભિલાષાચરિતાનુસારી,
દુગ્ધાદિચૌર્યેણ યશોવિસારી.
કુમારિતાનન્દિત ઘોષનારી,
મમ પ્રભુઃ શ્રીગિરિરાજધારી ॥૧॥

આ સ્તોત્રનું નામ છે **'શ્રીગિરિરાજધાર્યષ્ટકમ્'** (શ્રીગિરિરાજધારી એટલે શ્રીગિરિરાજને ધારણ કરનાર શ્રીકૃષ્ણ પ્રભુ -- અષ્ટકમ્' એટલે આઠ શ્લોકનો સમૂહ). આમ, શ્રીકૃષ્ણ પ્રભુની સ્તુતિના આઠ શ્લોકો આ અષ્ટકમાં આવેલા છે. આ અષ્ટક શ્રીમદાચાર્યચરણ શ્રીવલ્લભાચાર્યે રચેલું છે. શ્રીગિરિરાજજી તેમજ શ્રી યમુનાજીની આજુબાજુના પ્રસંગો, લીલાઓ, સ્થળો વગેરેનું વર્ણન આ અષ્ટકમાં કરવામાં આવ્યું છે.

શ્લોકનો અર્થ છે : નિજ ભક્તોની ઈચ્છાનાં ચરિત્રોને અનુસરનારા, બાળલીલામાં દૂધ વગેરેની ચોરી કરીને સ્વયશનો વિસ્તાર કરનારા, વ્રજવનિતાઓને આનંદ આપનારા એવા શ્રીગિરિરાજપર્વતને ધારણ કરનાર શ્રીકૃષ્ણ એ મારા પ્રભુ છે.

હવે બીજા શ્લોકમાં અજ્ઞાનરૂપ અંધકારને હરનારા શ્રીપ્રભુનું વર્ણન કરે છે.

ગં. સ્વ. નિર્મળાબેન કુમુદચંદ્ર દેસાઈ (ન્યૂ જર્સી)ના જયશ્રીકૃષ્ણ.

વ્રજાંગના વૃન્દસદાવિહારી,
અંગૈર્ગૃહાગારતમોપહારી.
ક્રીડારસાવેશ તમોભિસારી,
મમ પ્રભુઃ શ્રીગિરિરાજધારી ॥૨॥

આ બીજા શ્લોકનો અર્થ છે : વ્રજની સ્ત્રીઓનાં ટોળાંમાં સદા ફરનારા, શ્રીઅંગના તેજ વડે ઘરના આંગણાના અંધકારને દૂર કરનારા, રાસક્રીડાના રસના આવેશથી અજ્ઞાનને હરનારા શ્રીગિરિરાજધારી કૃષ્ણ, એ જ મારા પ્રભુ છે.

ત્રીજા શ્લોકમાં વેણુનાદ અને નૃત્ય કરનાર શ્રીપ્રભુનું વર્ણન કરે છે.

વેણુસ્વનાનન્દિત પન્નગારી,
રસાતલાનૃત્યપદપ્રચારી
ક્રીડન્ વયસ્યાકૃતિદૈત્યમારી,
મમ પ્રભુઃ શ્રીગિરિરાજધારી ॥૩॥

આ ત્રીજા શ્લોકનો અર્થ છે : વેણુનાદથી મયૂરોને આનંદ પમાડનાર, રસાતલ સુધી નૃત્યપદનો પ્રચાર કરનારા, રમતમાત્રમાં વત્સાસુર દૈત્યને મારનારા, એવા શ્રીગિરિરાજધારી કૃષ્ણ, એ જ મારા પ્રભુ છે.

ચોથા શ્લોકમાં સદા ઉદાર અને કંદફલોપહારી શ્રીપ્રભુનું વર્ણન કરે છે.

પુલિન્દદારાહિતશમ્બરારિ,
રમાસદોદારદયાપ્રકારી.
ગોવર્ધને કન્દફલોપહારી,
મમ પ્રભુઃ શ્રીગિરિરાજધારી ॥૪॥

આ ચોથા શ્લોકનો અર્થ છે : પુલિંદીઓના હિતાર્થે શંબર દૈત્યને મારનારા, લક્ષ્મીજી પર સદા પરમ દયા કરનારા, ગોવર્ધન પર્વતમાં કંદ ફળોનો ઉપહાર કરનારા, એવા શ્રીગિરિરાજને ધારણ કરનારા કૃષ્ણ, એ જ મારા પ્રભુ છે.

પાંચમા શ્લોકમાં શ્રીયમુનાજીના કિનારે અને વૃંદાવનમાં ફરનાર શ્રીપ્રભુનું વર્ણન કરે છે.

ગો. વા. મંજુલાબેન સુમનચંદ્ર શાહ (વિલેપાર્લા-મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

કલિન્દજાકૂલદુકૂલહારી,
કુમારિકાકામકલાવિતારી.
વૃન્દાવને ગોધનવૃન્દચારી
મમ પ્રભુઃ શ્રીગિરિરાજધારી ॥૫॥

આ પાંચમા શ્લોકનો અર્થ છે : શ્રીયમુનાજીના કિનારે કુમારિકાઓનાં ચીરનું હરણ કરનારા, કામકલાપૂર્વક તેમને સર્વ મનોરથોનું દાન કરનારા, વૃંદાવનમાં ગાયોનાં જૂથને ચરાવનારા શ્રીગિરિરાજધારી કૃષ્ણ જ મારા પ્રભુ છે.

છઠ્ઠા શ્લોકમાં ઈન્દ્રનો ગર્વ ઉતારનાર શ્રીપ્રભુનું વર્ણન કરે છે.

વ્રજેન્દ્રસર્વાધિકશર્મકારી,
મહેન્દ્રગર્વાધિકગર્વહારી.
વૃન્દાવને કન્દફલોપહારી,
મમ પ્રભુઃ શ્રીગિરિરાજધારી ॥૬॥

આ છઠ્ઠા શ્લોકનો અર્થ છે : શ્રીનંદરાયજીનું સર્વથી અધિક કલ્યાણ કરનારા, ઈન્દ્રના મહાગર્વને ઉતારનારા અને વૃંદાવનમાં કંદમૂળ અને ફળોને આરોગનારા, એવા શ્રીગિરિરાજધારી કૃષ્ણ, એ જ મારા પ્રભુ છે.

સાતમા શ્લોકમાં રાસક્રીડા-રસમાં વિહાર કરનારા શ્રીપ્રભુનું વર્ણન કરે છે.

મનઃ કલાનાથતમોવિદારી,
વંશીરવાકારિત તત્કુમારી.
રાસોત્સવોદ્વેલ્લ રસાબ્ધિસારી,
મમ પ્રભુઃ શ્રીગિરિરાજધારી ॥૭॥

આ સાતમા શ્લોકનો અર્થ છે : મનમાં રહેલા અજ્ઞાનરૂપ અંધકારને દૂર કરનાર ચંદ્ર જેવા, બંસીના નાદથી વ્રજકુમારિકાઓને બોલાવનારા, રાસમહોત્સવમાં ઊછળી રહેલા રસના સાગરમાં વિહાર કરતા એવા શ્રીગિરિરાજધારી કૃષ્ણ મારા પ્રભુ છે.

આઠમા શ્લોકમાં હાથી સરખી ચાલ ચાલનારા અને દિવ્ય ફૂલોના હારવાળા શ્રીપ્રભુનું વણન કરે છે.

એક વૈષ્ણવના જયશ્રીકૃષ્ણ.

મત્તદ્વિપોદામગતાનુકારી,
લુંઠત્પ્રસૂના પ્રપદીનહારી.
રામોરસસ્પર્શ કરપ્રસારી,
મમ પ્રભુઃ શ્રીગિરિરાજધારી ॥૮॥

આ આઠમા શ્લોકનો અર્થ છે : ઉન્મત્ત હાથી જેવી સરખી ચાલવાળા, નીચે સુધી ઝૂકી રહેલ ફૂલના દિવ્ય હારવાળા, લક્ષ્મીના વક્ષઃસ્થલ ઉપર સ્પર્શ કરવા માટે હાથ લંબાવી રહેલ એવા શ્રીગિરિરાજધારી શ્રીકૃષ્ણ, એ મારા પ્રભુ છે.

હવે આપણે ગો. શ્રી દ્વારકેશજી મહારાજ રચિત **શ્રીગોવર્ધનાષ્ટકમ્**થી શ્રીગિરિરાજબાવાની સ્તુતિ કરીશું.

શ્રીમદ્ વલ્લભદીક્ષિતં વ્રજવધૂભાવેન સમ્પૂરિતમ્ ।
શ્રીમદ્ વિઠ્ઠલદીક્ષિતં ગિરિધરં દામોદરં તત્સુતમ્ ॥
શ્રીમદ્ વિઠ્ઠલરાયમચ્યુતતનું પુત્રૌશ્ચતુર્ભિર્યુતં ।
નામંનામમહં કરોમિ સરસં ગોવર્ધનાષ્ટકમ્ ॥૧॥

શ્રીવ્રજવધૂઓના ભાવથી સમ્પૂરિત 'તત્સારભૂતરાસસ્રીભાવપૂરિત-વિગ્રહઃ' એ શ્રીસર્વોત્તમોક્ત નામાનુસાર શ્રીમદ્ વલ્લભદીક્ષિત શ્રી મહાપ્રભુજી, શ્રીમદ્ વિઠ્ઠલદીક્ષિત શ્રીગુસાંઈજી, શ્રીગિરિધરજી, તેમના પુત્ર શ્રીદામોદરજી, તેમના પુત્ર શ્રી વિઠ્ઠલરાયજી અને તેમના પુત્ર ચાર પુત્રોથી યુક્ત એવા શ્રી અચ્યુતરાયજીને નમી નમીને શ્રીગોવર્ધન ગિરિરાજના સરસ અષ્ટકને હું કહું છું. (૧)

શોણશ્યામ પિશંગગૌર શબલૈર્નાનાશ્મભિઃ સંયુતં ।
નાના ગુલ્મલતાંકિતૈઃ કુસુમિતૈર્નાના ફલૈઃ શાખાભિઃ ॥
નાનાકુંજ કદમ્બખંડનિકરૈર્નાના ગુહાભિવૃતં ।
શ્રીગોવર્ધનમદ્રિરાજમનિશં સંસેવયામો વયમ્ ॥૨॥

લાલ, પીળા,શ્યામ, ગૌર અને કાબરા રંગના નોખા નાખા પથ્થરોથી સંયુક્ત, ભિન્ન-ભિન્ન ગુલ્મ(છોડ) અને લતાઓથી અંકિત, કુસુમવાળા, નોખાં નોખાં ફળવાળાં વૃક્ષોથી યુક્ત વિવિધ પ્રકારનાં લતાગૃહો, કદંબવનો અને

વિવિધ પ્રકારની ગુફાઓથી વીંટાયેલા એવા પર્વતોના રાજા શ્રીગોવર્ધનગિરિને અમે સદા સેવીએ છીએ. (૨)

નાના ઘોષ નિતમ્બિની ગણશતૈર્નાના વિભૂષામ્બરૈઃ ।
નાના ભક્ત મનોજ્ઞ ગાન નિપુણૈર્નાના સુમૈર્ભુષિતૈઃ ॥
નાના નૃત્ય કલા વિભેદ રસિકૈઃ પ્રીતૈ સદા સંવૃતં ।
શ્રીગોવર્ધનમદ્રિરાજમનિશં સંસેવયામો વયમ્ ॥૩॥

ભિન્ન ભિન્ન પ્રકારનાં આભૂષણો અને વસ્રોવાળા, વિવિધ પ્રકારના ભક્તોના મનને પ્રિય લાગે તેવા, સંગીતમાં નિપુણ, નાના પ્રકારનાં પુષ્પોથી વિભૂષિત, ભિન્ન ભિન્ન પ્રકારની નૃત્ય અને કળાના ભેદમાં રસિક, સદા પ્રસન્ન, વિવિધ પ્રકારના વ્રજ પ્રદેશોની વ્રજાંગનાઓના ગણોના સેંકડો યૂથોથી સારી રીતે વીંટાયેલા એવા શ્રીગિરિરાજ શ્રી ગોવર્ધન પર્વતનું અમે રૂડી રીતે સદા સેવન કરીએ છીએ. (૩)

નાના ગોપગણૈરલં પ્રમુદિતૈર્ગોચારણે તત્પરૈઃ ।
નાના કલ્પ વિભૂષિતૈર્મુરલિકાનાદેન સમ્મોહિતૈઃ ॥
નાના ક્રીડન્ સાધનેર્હરિગુણે સંજાત ભાવાન્વિતૈઃ ।
યુક્તં શ્રી ગિરિરાજમદ્ભુતતમં સંસેવયામો વયમ્ ॥૪॥

અત્યંત પ્રસન્ન, ગાયો ચારવામાં તત્પર, વિવિધ પ્રકારનાં આભૂષણોથી શણગારેલ શ્રી પ્રભુની મુરલીના નાદથી મોહ પામેલ, ભિન્ન ભિન્ન ક્રીડાનાં સાધનોવાળા, હરિ ભગવાનના ગુણોથી જેમને સારી રીતે પ્રેમ ઉત્પન્ન થયેલ છે, એવા વિવિધ પ્રકારના ગોપના સમૂહોથી સદા યુક્ત, અતિ અદ્ભુત શ્રી ગિરિરાજની અમે સારી રીતે સેવા કરીએ છીએ. (૪)

નાનામત્તમયુરનૃત્યરુચિરં જુષ્ટં મયૂરીગણૈઃ ।
કૂજત્કોકિલસારસંમધુકરૈઃ સંપીયમાનં મુદા ॥
દાત્યૂહૌ શુકસારિકા કલરવૈ ર્હંસૈશ્ચકોરૈર્બકૈઃ ।
શ્રીગોવર્ધનમદ્રિનાયકમણિં સંસેવયામો વયમ્ ॥૫॥

વિવિધ પ્રકારના મત્ત મયૂરોનાં નૃત્યોથી સુંદર, મયૂરી(ઢેલ)ના જૂથોથી સેવિત, કોયલ અને સારસો જેમાં શબ્દ કરે છે, જેની અંદરના ભાગો ભ્રમરોથી

સારી રીતે ગવાઈ રહેલા છે, બપૈયા, પોપટ, સારિકાના મધુર શબ્દોથી, હંસો, ચકોર અને બક પક્ષીઓથી યુક્ત, પર્વતોના નાયકોમાં મણિતુલ્ય એવા શ્રીગોવર્ધન પર્વતને અમે સ્નેહથી સેવીએ છીએ. (૫)

સિકતં માનસગંગયા વિમલયા શ્રીબ્રહ્મકુંડેન ચ ।
રાધાકૃષ્ણ સુપુષ્પ ગોપ સુરભી ગોવિન્દ ગન્ધર્વકૈ: ॥
કુંડેનાપ્સરસાં હરૈ: પશુપતેર્દન્તાવલસ્યાપિ ચ ।
શ્રીગોવર્ધનમદ્રિનાયકમણિં સંસેવયામો વયમ્ ॥૬॥

નિર્મળ એવાં શ્રી માનસીગંગા, બ્રહ્મકુંડ, રાધાકૃષ્ણકુંડ, કુસુમોખર કુંડ, ગોપકુંડ, સુરભિકુંડ, ગોવિંદકુંડ, ગંધર્વકુંડ, અપ્સરાકુંડ, ઈન્દ્રકુંડ અને ઐરાવતકુંડ : આ કુંડોના જળોથી સિંચાયેલ પર્વતનાયકોના મણિ, શ્રીગોવર્ધન પર્વતને અમે પ્રેમથી સેવીએ છીએ. (૬)

શ્લિષ્ટૈર્હેમલતાભિરદ્ ભુતતમૈ:શ્યામૈસ્તમાલૈધવૈ: ।
નીપૈરિન્દ્રયવૈ: પલાશવરુણૈર્ન્ય ગ્રોધજંબદ્રુમૈ: ॥
નિમ્બૈર્ગુગ્ગુલુગોક્ષુરૈસ્તુલસિકા દેવ્યાદિભિચ્છાદિતં ।
શ્રીગોવર્ધનમદ્રિનાથમતુલં સંસેવયામો વયમ્ ॥૭॥

કનકકલતાઓથી ભેટાયેલ, અતિ અદ્ભુત, સુંદર તાલનાં વૃક્ષો, ધવવૃક્ષો, કદંબો, ઈન્દ્રયવો, ખાખરાઓ, વરુણવૃક્ષો, વડો, પીંપળાઓ, લીમડાઓ, ગુગ્ગુલ, ગોખરુનાં વૃક્ષો, તુલસી, ખજૂર વગેરેનાં વૃક્ષોથી ઢંકાયેલ, અતુલ, પર્વતોના નાથ શ્રીગોવર્ધન પર્વતની અમે સારી રીતે સેવા કરીએ છીએ. (૭)

શ્રીકૃષ્ણેન કરે અંગુલીષુ ચ ધૃતં બંસીસ્વરે રોપિતં ।
ગોપૈર્યષ્ટિરાભિરાભૃતં વ્રજજનૈ ગોપગોપીશ્રિતમ્ ॥
શક્રસ્યાખિલ ગર્વભેદનપરં નન્દાદિભિ: સંસ્તુતં ।
શ્રીગોવર્ધનમદ્રિમદ્ભુતતમં સંસેવયામો વયમ્ ॥૮॥

શ્રીકૃષ્ણ ભગવાને શ્રીહસ્તની આંગળીઓ પર બંસીના સ્વરમાં ધારણ કરેલ, ગોપોએ અને વ્રજવાસીઓએ લાકડીઓથી ધારણ કરેલ, ગોવૃન્દ, ગોપો અને ગોપીજનોથી આશ્રિત, ઈન્દ્રના સંપૂર્ણ ગર્વનો નાશ કરનાર,

નન્દાદિ ગોપાલોથી સારી રીતે સ્તુતિ કરાયેલ અતિ અદ્ભુત એવા શ્રીગોવર્ધન પર્વતને અમે સારી રીતે સેવીએ છીએ. (૮)

શ્રીગોવર્ધનનાથ સદ્મવિલસત્સપ્તધ્વજૈર્મંડિતં ।
શ્રીગોવર્ધનનાથ હસ્તલિખિતૈરવ્યક્તવર્ણૈર્યુતમ્ ॥
શ્રીગોવર્ધનનાથ હસ્તચરણાદ્યવ્યક્ત ચિન્હાંકિતં ।
શ્રીગોવર્ધનમદ્રિનાથમનિશં સંસેવયામો વયમ્ ॥૯॥

શ્રીગોવર્ધનનાથજીના મંદિરો ઉપર શોભિત એવી સપ્ત ધ્વજાઓથી મંડિત, શ્રીગોવર્ધનનાથજીનાં શ્રીહસ્તથી લખેલ અપ્રસિદ્ધિ અક્ષરોથી યુક્ત, શ્રીગોવર્ધનનાથજીના શ્રીહસ્ત તથા શ્રીચરણારવિંદનાં અપ્રસિદ્ધ ચિહ્નોથી સુશોભિત એવા પર્વતોના નાથ શ્રીગોવર્ધન ગિરિરાજજીને અમે સદા ભલીભાંતિ સેવીએ છીએ. (૯)

યો નિત્યંપ્રપઠેદિદં નિયમતો ગોવર્ધનસ્યાષ્ટકં ।
તસ્ય શ્રીગિરિરાજપર્વતધરસ્તુષ્યેત્ સદાઽસંશયમ્ ॥
શ્રીમદ્વલ્લભ વિઠ્ઠલેશ ગિરિભૃત્પાદારવિંદાશ્રયાત્ ।
શ્રીગોવર્ધનસન્નિધૌ નિવસતિર્નિત્યં ભવેત્સૌખ્યત: ॥૧૦॥

નિયમપુર:સર શ્રીગોવર્ધનપર્વતના આ અષ્ટકનો કોઈ નિત્ય પાઠ કરે, તેના ઉપર શ્રીગોવર્ધનનાથજી સદા પ્રસન્ન થાય, તેમાં સંશય નથી. એટલું જ નહિ પણ, શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી અને શ્રીગિરિધરજીના ચરણકમળના આશ્રયથી શ્રીગિરિરાજજીના સન્નિધાનમાં નિરંતર સુખપૂર્વક વાસ થાય. (૧૦)

ઈતિ શ્રી ગોવર્ધનાદ્રિરાજ સેવૈકપરાયણ
શ્રી દ્વારકેશજી મહારાજ વિરચિતં ગોવર્ધનાષ્ટકં સંપૂર્ણમ્ ।

■

શ્રીગિરિરાજ નામાવલી

ગો. શ્રી દ્વારકેશજી મહારાજ વિરચિત શ્રીગિરિરાજ - નામાવલિ દ્વારા શ્રીગિરિરાજજીને નમન કરીશું.

નત્વા શ્રીવલ્લભાચાર્યાન્, પ્રભુન્ શ્રીવિઠ્ઠલેશ્વરાન્,
નામાવલિ પ્રવક્ષ્યામિ, શ્રીમદ્ગોવર્ધનપ્રિયામ્.

શ્રીવલ્લભાચાર્યજીને તથા શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણને નમન કરી, પ્રિય શ્રીમદ્ ગોવર્ધનની નામાવલિ કહું છું.

૧. **શ્રીગોવર્ધનરાયાય નમઃ ।**
શ્રી ગોવર્ધનરાયને નમન.

૨. **શ્રીગિરિવરાય નમઃ ।**
શ્રી ગિરિવરને નમન.

૩. **શ્રીગિરિરાજાય નમઃ ।**
શ્રી ગિરિરાજને નમન.

૪. **ગોગોપગોપીરક્ષકાય નમઃ ।**
ગાયો, ગોપીઓ, ગોપોના રક્ષકને નમન.

૫. **શ્રીકૃષ્ણાતપત્રાય નમઃ ।**
શ્રીકૃષ્ણે જેમનો તાપ નિવાર્યો તેમને નમન.

૬. **નંદાદિકૃતપ્રદક્ષિણાય નમઃ ।**
શ્રીનંદરાયજી વગેરેએ જેમની પ્રદક્ષિણા કરી તેમને નમન.

૭. **શ્રીમન્નવનીતપ્રિયપૂજિતાય નમઃ ।**
શ્રી નવનીતપ્રિયજીએ જેમનું પૂજન કર્યું તેમને નમન.

૮. **માનસીગંગાજલસ્નાપિતાય નમઃ ।**
માનસીગંગાના જળથી સ્નાન કરનારને નમન.

૯. **શ્વેતગોદુગ્ધસ્નાપિતાય નમઃ ।**
ધોળી ગાયના દૂધથી સ્નાન કરનારને નમન.

સ્વ. નરસિંહદાસ ડાહ્યાભાઈ, સ્વ. કમલાબેન નરસિંહદાસ, શ્રી ચંદ્રકાંત નરસિંહદાસ, સૌ. ઉષાબેન નરસિંહદાસ, શ્રી નંદલાલ મગનલાલ, સૌ. જશોદાબેન નંદલાલ (ચેન્નઈ)ના જયશ્રીકૃષ્ણ.

૧૦. **પુનર્ગંગાજલપ્રક્ષાલિતાય નમઃ ।**
ફરી ગંગાજળથી સ્નાન કરનારને નમન.

૧૧. **ચંદનચર્ચિતાય નમઃ ।**
જેમને શ્રીઅંગે ચંદન ધરાવ્યું છે તેમને નમન.

૧૨. **કૃતકુંકુમતિલકાય નમઃ ।**
જેમને કુંકુમનું તિલક કર્યું છે તેમને નમન.

૧૩. **પીતાક્ષતશોભિતભાલાય નમઃ ।**
જેમના લલાટ પર પીળા ચોખા શોભે છે તેમને નમન.

૧૪. **શોભિતપીતાંબરવપુષે નમઃ ।**
જેમનું શ્રીઅંગ પીતાંબરથી શોભે છે તેમને નમન.

૧૫. **ધૃતનાનાકુસુમસ્ત્રજે નમઃ ।**
વિવિધ પુષ્પોની માળાઓ ધારણ કરનારને નમન.

૧૬. **હરિદ્રાક્તહસ્તાંકિતાય નમઃ ।**
અબીલ-ગુલાલથી જેમને ખેલાવ્યા છે તેમને નમન.

૧૭. **અંગીકૃતધૂપદીપાય નમઃ ।**
ધૂપદીપ અંગીકાર કરનારને નમન.

૧૮. **ચતુર્દિગ્ધૂપદીપસમૂહાય નમઃ ।**
જેમની ચારે દિશામાં ધૂપદીપનો સમૂહ છે તેમને નમન.

૧૯. **પકવાન્નભોજનપરાય નમઃ ।**
પકવાનોનું ભોજન જેમને ધરાવાયું છે તેમને નમન.

૨૦. **ધન્યાર્પિતાંધ્રિતુલસીનવદામ્ને નમઃ ।**
જેમને તુલસીદળ સમર્પવામાં આવ્યાં છે તેમને નમન.

૨૧. **કૃતશંખોદકપ્રોક્ષણાય નમઃ ।**
શંખોદકનું પ્રોક્ષણ જેમને થયું છે તેમને નમન.

ગો.વા. કિરીટભાઈ મુકુંદભાઈ શાહ. હસ્તે. મુકુંદલાલ મો. શાહ.
અ.સૌ. સવિતાબેન, જયાબેન, પૌલોમી, રાહુલ પરિવાર (સંઢાસાલ) (ગાંધીનગર)ના જયશ્રીકૃષ્ણ.

૨૨. **પીત શ્રીયમુનાજલાય નમઃ ।**
શ્રીયમુનાજળની ઝારી આરોગનારને નમન.

૨૩. **કૃતશ્રીયમુનાજલાચમનાય નમઃ ।**
શ્રીયમુનાજળનાં આચમન કરનારને નમન.

૨૪. **વસ્ત્રપ્રોંછિતમુખાંબુજાય નમઃ ।**
વસ્ત્રથી જેમનું મુખારવિંદ લૂછવામાં આવ્યું છે તેમને નમન.

૨૫. **ચર્વિતતાંબૂલયુગલાય નમઃ ।**
પાનનાં બે બીડાં આરોગનારને નમન.

૨૬. **ઉત્તારિતારાત્રિકાય નમઃ ।**
જેમની આરતી ઉતારવામાં આવી છે તેમને નમન.

૨૭. **દત્તગોપાલભાલતિલકાય નમઃ ।**
જેમણે શ્રીગોપાલકૃષ્ણના લલાટમાં તિલક કર્યું છે તેમને નમન.

૨૮. **સર્વેભ્યોદત્તપકવાન્નભોજનાય નમઃ ।**
ભોજનનો મહાપ્રસાદ જેમણે બધાંને આપ્યો છે તેમને નમન.

૨૯. **ગોપાલશિરોબદ્ધવસનાય નમઃ ।**
જેમણે ગ્વાલોને મસ્તકે વસ્ત્ર બાંધ્યાં છે તેમને નમન.

૩૦. **ગોપાલપૃષ્ઠકુંકુમારક્તહસ્તાંકનાય નમઃ ।**
જેમણે ગ્વાલોની પીઠ ઉપર કુંકુમના થાપા દીધા છે, તેમને નમન.

૩૧. **કારિતગોક્રીડનાય નમઃ ।**
જેમણે ગાયોને ખેલાવી છે તેમને નમન.

૩૨. **શ્રી કૃષ્ણાન્યતમરૂપાય નમઃ ।**
શ્રીકૃષ્ણનું જે અન્ય રૂપ છે, તેમને નમન.

૩૩. **ગોપવિશ્રંભણગતાય નમઃ ।**
જેમણે ગ્વાલોને વિશ્રામ માટે મોકલ્યા છે, તેમને નમન.

૩૪. **પૂરિતાન્નકૂટાય નમઃ ।**
જેમના માટે અન્નકૂટ પૂરવામાં આવ્યો છે તેમને નમન.

મણીબેન ગોકળદાસ રાજાણી. હસ્તે. ગોકળદાસ લાલજી રાજાણી, નરેન્દ્ર ગોકળદાસ રાજાણી, હરીશ ગોકળદાસ રાજાણી (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ.

૩૫. **બૃહદ્વપુષે નમઃ ।**
અતિ વિશાળ સ્વરૂપ ધારણ કરનારને નમન.

૩૬. **પ્રકટિતસહસ્ત્રભુજાય નમઃ ।**
હજાર ભૂજાઓ પ્રગટ કરનારને નમન.

૩૭. **અંગીકૃતવિવિધવ્યંજનાય નમઃ ।**
વિવિધ સામગ્રીઓ અંગીકાર કરનારને નમન.

૩૮. **જક્ષિતભૂરિબલયે નમઃ ।**
અતિશય નૈવેદ્ય આરોગનારને નમન.

૩૯. **પ્રસારિતબાહવે નમઃ ।**
નૈવેદ્ય માટે પોતાનો બાહુ લંબાવનારને નમન.

૪૦. **ગૃહીતદૂરસ્થિતબલયે નમઃ ।**
દૂર રહેલ નૈવેદ્ય સ્વીકાર કરનારને નમન.

૪૧. **પીતપાનકાય નમઃ ।**
જલપાન કરનારને નમન.

૪૨. **ધૌતમખહસ્તાંબુજાય નમઃ ।**
વરસાદ દ્વારા હસ્તકમળ ધોનારને નમન.

૪૩. **મુખવસનપ્રોંછિતાર્દ્રાંગાય નમઃ ।**
વસ્ત્રથી મુખારવિંદ લૂછનારને નમન.

૪૪. **ગૃહીતતાંબુલવૃન્દાય નમઃ ।**
પાનનાં અનેક બીડાં આરોગનારને નમન.

૪૫. **સર્વદ્રષ્ટાન્નકૂટભુજે નમઃ ।**
બધાંના દેખતાં અન્નકૂટ આરોગનારને નમન.

૪૬. **શિરોધૃતપીતદુકૂલાય નમઃ ।**
મસ્તકે પીત વસ્ત્ર ધારણ કરનારને નમન.

૪૭. **કંઠશોભિત મૌક્તિકમાલાસમૂહાય નમઃ ।**
જેમના કંઠમાં મોતીની માળાઓનો સમૂહ શોભે છે તેમને નમન.

સ્વ. માતુશ્રી મોતીબેનની પુણ્યતિથિ નિમિત્તે.
હસ્તે. જમનાદાસ રાઘવભાઈ કથીરીયા (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

૪૮. **ધૃતગુંજાપુંજાય નમઃ।**

ગુંજામાળા ધારણ કરનારને નમન.

૪૯. **મયૂરપિચ્છધારિણે નમઃ।**

મયૂરપિચ્છ ધારણ કરનારને નમન.

૫૦. **લલિતાદર્શિતાય નમઃ।**

લલિતાએ જેમનું સ્વરૂપ બતાવ્યું તેમને નમન.

૫૧. **વ્રજવાસિસંસ્તુતાય નમઃ।**

વ્રજવાસીઓ વડે જેમની સ્તુતિ થઈ તેમને નમન.

૫૨. **શ્રીકૃષ્ણકૃતપ્રદક્ષિણાય નમઃ।**

શ્રીકૃષ્ણે જેમની પ્રદક્ષિણા કરી તેમને નમન.

૫૩. **કૃતાનુગ્રહાય નમઃ।**

જેમણે વ્રજવાસીઓ ઉપર કૃપા કરી તેમને નમન.

૫૪. **કામરૂપિણે નમઃ।**

ઈચ્છા પ્રમાણે રૂપ ધારણ કરનારને નમન.

૫૫. **કૃતાવજ્ઞજનહંત્રે નમઃ।**

તેમની અવજ્ઞા કરનારને દંડ આપનારને નમન.

૫૬. **સુન્દરસુભગશરીરાય નમઃ।**

સુંદર સુભગ શરીરવાળાને નમન.

૫૭. **વિશાલ નયનાય નમઃ।**

વિશાળ નેત્રોવાળાને નમન.

૫૮. **ઈન્દ્રયાગભોક્ત્રે નમઃ।**

ઈન્દ્રયાગ આરોગનારને નમન.

૫૯. **આત્મગોશર્મણે નમઃ।**

વ્રજ અને ગાયોનું કલ્યાણ કરનારને નમન.

૬૦. **કોપિત મહેન્દ્રાય નમઃ।**

જેમને કારણે ઈન્દ્ર ગુસ્સે થયા તેમને નમન.

૬૧. **તુચ્છીકૃતપુરંદરાય નમઃ।**

જેમણે ઈન્દ્રનો તિરસ્કાર કર્યો તેમને નમન.

ગો. વા. જગદીશભાઈ હરમાનભાઈ પટેલ પરિવાર (આણંદ)ના જયશ્રીકૃષ્ણ.

૬૨. **શક્રપ્રેષિતસાંવર્તકમેઘપશ્યકાય નમઃ।**

ઈન્દ્રે મોકલેલા સાંવર્તક મેઘને જોનારને નમન.

૬૩. **જલૌઘપ્લાવિતભૂમૌસ્થિતાય નમઃ।**

જળથી ભીંજાયેલી ભૂમિ પર બિરાજનારને નમન.

૬૪. **નાકશાસનપીડિત શરણાગતનંદાય નમઃ।**

ઈન્દ્રના શાસનથી પીડાઈને શરણે આવેલાને આનંદ આપનારને નમન.

૬૫. **શરણાગતગોપાદિકૃતાનુકંપાય નમઃ।**

શરણાગત ગોપો વગેરે ઉપર દયા કરનારને નમન.

૬૬. **શ્રીકૃષ્ણેચ્છયા-વર્તલીકૃતાત્મને નમઃ।**

શ્રીકૃષ્ણની ઈચ્છાથી ઊંચે ઊઠેલાને નમન.

૬૭. **શ્રીકૃષ્ણકરપલ્લવોપરિનૃત્યમાનાય નમઃ।**

શ્રીકૃષ્ણના કરપલ્લવ ઉપર નૃત્ય કરનારને નમન.

૬૮. **શ્રીકૃષ્ણાંગુલિષુકૃતવિલાસાય નમઃ।**

શ્રીકૃષ્ણની આંગળીઓ પર બિરાજનારને નમન.

૬૯. **શ્રીકૃષ્ણમુરલીસ્વરસ્થિતાય નમઃ।**

શ્રીકૃષ્ણની મુરલીના સ્વર પર સ્થિર રહેનારને નમન.

૭૦. **ગોકુલત્રાણકારકાય નમઃ।**

ગોકુલનું રક્ષણ કરનારને નમન.

૭૧. **કૃષ્ણબાહુકૃતચ્છાયાય નમઃ।**

કૃષ્ણના બાહુ ઉપર બિરાજી છાયા કરનારને નમન.

૭૨. **સુદર્શનાતપત્રાય નમઃ।**

સુદર્શનનો તાપ બતાવનારને નમન.

૭૩. **સ્વતલવાસિતવ્રજૌકસે નમઃ।**

પોતાની તળેટીમાં વ્રજજનોને આશરો આપનારને નમન.

૭૪. **ત્રાતસ્વસ્થિતપશુમૃગપક્ષિણે નમઃ।**

તળેટીમાં રહેલાં પશુ-પંખી વગેરેનું રક્ષણ કરનારને નમન.

૭૫. **રસિકજનસંસ્તુતાય નમઃ।**

રસિક ભક્તજનોએ જેમની સ્તુતિ કરી છે તેમને નમન.

મિસ્ત્રી બંસીલાલ દયાળજીભાઈ (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

૭૬. **પીતવૃષ્ટ્યુદકાય નમઃ ।**

વરસાદનું જળ પી જનારને નમન.

૭૭. **કોકિલકૂજિતકુંજપુંજાય નમઃ ।**

કોયલોથી કૂજિત અનેક કુંજોવાળાને નમન.

૭૮. **ભૃંગાચ્છાદિતપુષ્પિતદ્રુમાય નમઃ ।**

જેમના ઉપર ભમરા ઘૂમે છે, એવાં પુષ્પોવાળાં વૃક્ષોથી જે સભર છે તેમને નમન.

૭૯. **બર્હિનૃત્યશોભિતાય નમઃ ।**

મયૂરોનાં નૃત્યોથી જે શોભાયમાન છે તેમને નમન.

૮૦. **પદ્માચ્છાદિત સરોવરવેષ્ટિતાય નમઃ ।**

કમળોથી આચ્છાદિત સરોવરોથી જે વીંટળાયેલા છે, તેમને નમન.

૮૧. **સુનિર્ઝરદરીયુતાય નમઃ ।**

જેમનામાંથી સુંદર ઝરણાં ઝરે છે તેમને નમન.

૮૨. **રત્નધાતુમયાય નમઃ ।**

જેઓ રત્નધાતુમય છે તેમને નમન.

૮૩. **શ્રીમતે નમઃ ।**

શ્રી એટલે સંપત્તિથી જેઓ ભરપૂર છે તેમને નમન.

૮૪. **સુપક્ષિગણસંકુલાય નમઃ ।**

સુંદર પક્ષીઓના સમૂહને જેઓ વીંટળાયેલા છે તેમને નમન.

૮૫. **સપ્તાહમચ્યુતકરસ્થિતાય નમઃ ।**

એક અઠવાડિયા સુધી જેઓ શ્રીકૃષ્ણના હસ્ત ઉપર હવામાં સ્થિર રહ્યા તેમને નમન.

૮૬. **ધર્ષિતશક્રસૈન્યાય નમઃ ।**

ઈન્દ્રના સૈન્યનો સામનો કરનારને નમન.

૮૭. **પલાયિતસાનુગેન્દ્રનાગાય નમઃ ।**

જેમણે ઈન્દ્રને ઐરાવત હાથી સહિત કચડી મૂકયો, તેમને નમન.

૮૮. **બહિઃસ્થાપિતવ્રજજનાય નમઃ ।**

વ્રજજનોને બહાર સ્થાપિત કરનારને નમન.

૮૯. **શ્રીકૃષ્ણવક્ષઃસ્થલોદ્ભવાય નમઃ ।**

શ્રીકૃષ્ણના વક્ષઃસ્થળમાંથી પ્રગટ થયેલાને નમન.

૯૦. **નંદાદિસંસ્તુતાય નમઃ ।**

શ્રીનંદરાયજી વગેરેએ જેમની સ્તુતિ કરી તેમને નમન.

૯૧. **શક્રખર્વગર્વભિદે નમઃ ।**

ઈન્દ્રનું અભિમાન તોડનારને નમન.

૯૨. **સુરભીંદ્રાદિકૃતાભિષેકાય નમઃ ।**

સુરભિ ગાય અને ઈન્દ્ર વગેરે દ્વારા જેમનો અભિષેક કરવામાં આવ્યો, તેમને નમન.

૯૩. **ગોવિંદનામાંકિતાય નમઃ ।**

ગોવિંદ નામ જેમને પ્રાપ્ત થયું તેમને નમન.

૯૪. **સ્થાપિતશ્રીકૃષ્ણહસ્તાંકિતાય નમઃ ।**

શ્રીકૃષ્ણના હસ્તે જેમને ફરી વ્રજમાં પધરાવવામાં આવ્યા તેમને નમન.

૯૫. **શ્રીકૃષ્ણચરણાંકિત સર્વશરીરાય નમઃ ।**

શ્રીકૃષ્ણનાં ચરણારવિંદ જેમનાં સર્વ અંગો પર અંકિત થયાં છે તેમને નમન.

૯૬. **હરિદાસવર્યાય નમઃ ।**

હરિદાસવર્યને નમન.

૯૭. **સકલવિધિસાનુગશ્રીકૃષ્ણસેવાકૃતયે નમઃ ।**

સકલ વિધિ અને પ્રેમપૂર્વક શ્રીકૃષ્ણની સેવા કરનારને નમન.

૯૮. **બલમોહનહૃદુચિતાય નમઃ ।**

શ્રીબલરામ-કૃષ્ણને પ્રસન્ન રાખનારને નમન.

૯૯. **હર્યર્પિતકંદમૂલફલાય નમઃ ।**

પ્રભુને કંદમૂળ તથા ફળ અર્પણ કરનારને નમન.

૧૦૦. **શિલામયસિંહાસનકૃતયે નમઃ ।**
શિલારૂપી સિંહાસન તૈયાર રાખનારને નમન.

૧૦૧. **પશવ્યતૃણાચ્છાદિત દેહાય નમઃ ।**
પશુઓ માટે જરૂરી ઘાસથી પોતાના દેહને આચ્છાદિત રાખનારને નમન.

૧૦૨. **શીતલશિવસલિલવાહિતનિર્ઝરણાય નમઃ ।**
શીતળ, મધુર જળનાં ઝરણાં જેમનામાંથી વહે છે તેમને નમન.

૧૦૩. **રામકૃષ્ણચરણસ્પર્શપુલકિતકુસુમિતદ્રુમાય નમઃ ।**
શ્રીબલરામ-કૃષ્ણનાં ચરણસ્પર્શથી પુલકિત બનેલાં ફૂલોવાળાં વૃક્ષોવાળાને નમન.

૧૦૪. **ગોવિન્દદાસાદિગીતકીર્તયે નમઃ ।**
ગોવિંદ સ્વામી વગેરેએ જેમની કીર્તિ ગાઈ છે તેમને નમન.

૧૦૫. **સંપૃષ્ટનંદાદિનામ્ને નમઃ ।**
જેમણે નંદરાયજી વગેરે સાથે વાર્તાલાપ કર્યો છે તેમને નમન.

૧૦૬. **શૈલોસ્મીતિબ્રુવાણાય નમઃ ।**
‘હું પર્વત છું’ એમ કહેનારને નમન.

૧૦૭. **મહદ્ ભાગ્યવતે નમઃ ।**
મહાભાગ્યવાનને નમન.

૧૦૮. **કોમલકરોત્થાપિતાય નમઃ ।**
કોમળ કરથી ઉઠાવાયેલાને નમન.

૧૦૯. **પ્રેમમુદિતગોપિકાવર્ણિતચરિત્રાય નમઃ ।**
પ્રેમથી આનંદિત ગોપીજનોએ જેમનું વર્ણન કર્યું છે તેમને નમન.

ઈતિ શ્રીદ્વારિકેશ્વરવિરચિતા શ્રીગિરિરાજસ્ય નામાવલી સંપૂર્ણા.

◆

ગો.વા. સોની સુશીલાબેન ગોરધનભાઈ રાજપરા. હસ્તે. ગોરધનભાઈ જેચંદદાસ રાજપરા તથા પુત્રો- સુરેશભાઈ, મહેન્દ્રભાઈ, જયેશભાઈ, હિતેનભાઈ, પુત્રવધુઓ- માલતીબેન, અલ્પાબેન, નીતાબેન, અને રાધાબેન, રાજપરા પરિવાર (વડાલ, સોરઠ, જૂનાગઢ) ના જયશ્રીકૃષ્ણ.

હરિદાસવર્ય શ્રી ગિરિરાજજી ચાલીસા સ્તુતિ

[દોહા]

પાવક શ્રી બ્રજભૂમિ મેં, કણ કણ હૈ, સુખધામ ।
ચૌરાશી શુચિ કોસ મેં, શ્રીયમુના જલ શુચિ પાન ॥
બરસાના નંદગાંવ હૈ, ગોકુલ મથુરા સ્થાન ।
જતિપુરા મેં બિરાજતે, શ્રીગોવર્ધન ગિરિરાજ ॥

[ચોપાઈ]

જય હરિદાસવર્ય સુખસાગર, પુષ્ટિજનોં કે ભાગ્ય ઉજાગર ॥૧॥
વંદન કરું, ગિરિરાજજી બાવા, ભાવસે કરું મૈં આપકી સેવા ॥૨॥
દ્રોણ ગિરિ કે પુત્ર હો પાવક, પુલસ્ત્ય મુનિકે યે મનભાવક ॥૩॥
કાશીમેં પધરાને કે લિયે, માગા મુનિને દ્રોણ ગિરિ સે ॥૪॥
શર્ત રખ્ખી થી આપને તબ યે, બિચમેં નહીં બૈઠાના કહીં પે ॥૫॥
જો બેઠાઓગે, ફિર ન ઉઠુંગા, વહીં સદા મૈં અચલ રહુંગા ॥૬॥
શર્ત કબૂલ કી, પુલસ્ત્ય મુનિને, કાશી તરફ ચલે, આપકો લે કે ॥૭॥
બીચમેં જબ બ્રજભૂમિ શુચિ આઈ, આપકે મનમેં બહુત યહ ભાઈ ॥૮॥
સારસ્વત શુચિ કલ્પમેં હોગા, ભૂતલ પર અવતાર શ્રીકૃષ્ણ કા ॥૯॥
આપકો જબ યહ સ્મરન મેં આયા, નિજ કા ભાર બહુત હી બઢાયા ॥૧૦॥
શ્રમસે પીડિત, પુલસ્ત્ય મુનિને, શર્ત ભૂલી ઔર બ્રીજમેં બિઠાયે ॥૧૧॥
‘અબ ન ઉઠુંગા, યહીં બસુંગા, શર્ત હમારી હૈ, મુનિરાયા’ ॥૧૨॥
યહ સૂન મુનિકો ગુસ્સા આયા, શાપ વહીં તુમકો દે ડાલા ॥૧૩॥
તિલ ભર પ્રતિદિન ક્ષીણ બનોગે, શાપ મેરા મિથ્યા નહીં જાયે ॥૧૪॥
તબસે બ્રીજમેં આપ બિરાજતે, મનવાંછિત નિજ સ્થાન શુચિ મેં ॥૧૫॥
દ્વાપર યુગ ફિર ભૂતલ પ્રગટે, શ્રી કૃષ્ણચંદ્ર ગોલોકધામ સે ॥૧૬॥
બ્રીજભૂમિકી ફિર બઢ ગઈ સુષમા, લક્ષ્મીકા વહાં નિવાસ સુખદા ॥૧૭॥
વન ઉપવન કુંડ સરોવર, વ્રજ નિકુંજ સોહત જમુનાજલ ॥૧૮॥
મૃગ વિહંગ સબ ગોદમેં ખેલે, માનસીગંગા વહાં બહતી હૈ ॥૧૯॥
શ્રીકૃષ્ણ પ્રભુકી દિવ્ય લીલા કે, સાક્ષી રહે ગિરિરાજજી બ્રજમેં ॥૨૦॥
ઈંદ્ર દેવ કો પ્રસન્ન કરને, અન્નકૂટ બ્રીજવાસી બનાતે ॥૨૧॥

મનોરમા હસમુખલાલ ધારીયા (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

તબ શ્રીકૃષ્ણ સભીકો કહતે, નગ ગિરિરાજ હિ હમરે પ્રભુ હૈં ॥૨૨॥
મઘવા આખિર કૌન બેચારા?, અન્નકૂટ ગિરિરાજ કો ધરના ॥૨૩॥
શ્રીકૃષ્ણ બચન સબને શિર ધારા, ગિરિ સન્મુખ અન્નકૂટ ધરાયા ॥૨૪॥
સ્વયં કૃષ્ણને ગિરિરૂપ લિયા, શ્રીહસ્ત તે ભોગ અરોગા ॥૨૫॥
ઝાંખીસે પ્રસન્ન બ્રીજબાસી, જય જય શ્રી ગિરિરાજ ઉચારી ॥૨૬॥
કુપિત સ્વર્ગ મેં મઘવા હુઆ, બારહ મેઘકો બ્રીજ પર છોડા ॥૨૭॥
હાહાકાર મચા તબ બ્રીજમેં, સબ આયે શ્રીકૃષ્ણ શરન મેં ॥૨૮॥
લાલાને લીલા કી અદ્ભુત, વામ હસ્ત નિજ ધરા ગિરિવર ॥૨૯॥
આ જાઓ સબ છત્ર તલે યહ, ગોધનકો નિજ સાથમેં લે કર ॥૩૦॥
સપ્ત રાત-દિન મેઘ બરસાયા, કિંતુ ન કિસીને, કષ્ટ વહાં પાયા ॥૩૧॥
ઈંદ્રને તબ હરિકો પહચાના, છૂટ ગયા અભિમાન ઉસીકા ॥૩૨॥
સુરભી-ઐરાવત સંગ લેકર, શ્રીકૃષ્ણ ચરનમેં લેટા જાકર ॥૩૩॥
અપરાધી મૈં નાથ આપકા, ભૂલ ગયા થા પ્રતાપ પ્રભુકા ॥૩૪॥
'ગોવિંદ' હો પ્રભુ ગિરિવરધારી!, 'ઈન્દ્રદમન' તબ બને મુરારિ ॥૩૫॥
કલિયુગ મેં ફિર ગિરિકંદરા સે, પ્રગટ ભયે શ્રીનાથજી રૂપ મેં ॥૩૬॥
ગોવર્ધનધારી કી છટા હે, ઈન્દ્ર-નાગ ઔર દેવદમન હે ॥૩૭॥
કોટિ-કુસુમાયુધ તેજસ્વી, શ્યામસુંદર યહ સ્વરૂપ હે શ્રીજી ॥૩૮॥
ગિરિમંદિર પર પ્રથમ બિરાજે, બાદમેં શ્રીજી મેવાડ પધારે ॥૩૯॥
ચરિત કહા ગિરિરાજ પ્રભુકા, હરિદાસવર્ય હે પરમ પુનિતા ॥૪૦॥

[દોહા]

શ્રીગિરિરાજ ચાલીસા, જો પઢતે જન નિત્ય ।
મનવાંછિત ફલ દેત હે, શ્રી હરિદાસજી વર્ય ॥
પુષ્ટિમાર્ગ કે પૂજય યહ, સેવ્ય સદા ગિરિરાજ ।
ઉનકે ચરન સરોજ મેં દંડવત્ હે સાષ્ટાંગ ॥

॥ ઈતિ હરિદાસવર્ય શ્રી ગિરિરાજજી ચાલીસા ॥

- રચયિતા : દાસાનુદાસ જયંત જી. ગાંધી 'કુસુમાયુધ'
૨૧, સરદારનગર, જૂનાગઢ-૩૬૨૦૦૧

એક વૈષ્ણવના જયશ્રીકૃષ્ણ.

Registered News Paper
VAISHNAV PARIVAR (Monthly)
January-2006
Date of Posting :
01-01-2006 - RMS(MEHSANA)

R.N.I. No. 38428 / 1983
POSTAL REG. NO. L2/14/GJ-MEH/224/06-08
(Valid upto Dec.'2008)
Licence to Post Without Prepayment No. :
G/MEH/LPWP/08 (Valid upto Dec.'2008)

If not delivered Please Return to -
Shri Harsaniji Public Charitable Trust,
Post Box No. 16, MEHSANA - 384 002 (Gujarat, India)

લલિત વ્રજદેશ ગિરિરાજ રાજે

લલિત વ્રજદેશ ગિરિરાજ રાજે ।
ઘોષસિમંતિની સંગ ગિરિવરધરન,
કરત કેલિ તહાં કામ લાજે ॥૧॥
ત્રિવિધ પવન સંચરે, સુખદ ઝરનાં ઝરે
લલિત સૌરભ સરસ મધુપ ગાજે ।
લલિત તરુ ફૂલ ફલ ફલિત ખટઋતુ
સદા ચતુર્ભુજદાસ ગિરિધર સમાજે ॥૨॥

શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ વતી તંત્રી અને પ્રકાશક : વસંતબેન રમેશભાઈ પરીખ, "વ્રજરજ", ૩૧, શિવ સોસાયટી નં.૨, બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા - ૩૮૪ ૦૦૨. [ફોન :(૦૨૭૬૨)૨૫૧૨૯૮]
મુદ્રક : અમિત રમેશભાઈ પરીખ, પુષ્ટિ પ્રિન્ટ્સ, ૧૩, જી.આઈ.ડી.સી., દેદિયાસણ, મહેસાણા - ૩૮૪ ૦૦૨.

આ અંકની કિંમત રૂા. ૩૦/-